૭૮૬

સતપંથ શાસ્ત્ર.

(ભાગ પહેલો)

આગાખાની મતના લોકો માટે, તેમના પીરોએ
જે ધર્મ પુસ્તકો કાવ્યમાં લખ્યાં છે અને
જેને તેઓ અથરવેદ કરી કહે છે તે
ગુજરાતી અક્ષરોમાં છપાવ્યાં છે.

મુળ સીંધી લીપિ ઉપરથી ગુજરાતી લીપિમાં.

છપાવી પ્રગટ કરનાર,

એદલજી ધનજી કાબા.

અમરેલી-કાઠીયાવાડ.

ઈ. સ. ૧૯૧૮ આવૃત્તિ પહેલી નકલ ૫૦૦

ધી અમરસિંહજી પ્રિંન્ટિગ પ્રેસ-લાલ દરવાજા લાલકાકા
લૉજવાળા મકાનમાં પઠાણ તુરખાન અમીરખાને છાપ્યું.

કિંમત ૨-૦-૦

૭૮૬

સતપંથ શાસ્ત્ર.

(ભાગ પહેલો)

આગાખાની મતના લોકો માટે, તેમના પીરોએ
જે ધર્મ પુસ્તકો કાવ્યમાં લખ્યાં છે અને
જેને તેઓ અથરવેદ કરી કહે છે તે
ગુજરાતી અક્ષરોમાં છપાવ્યાં છે.

મુળ સીંધી લીપિ ઉપરથી ગુજરાતી લીપિમાં.

છપાવી પ્રગટ કરનાર,

એદલજી ધનજી કાબા.

અમરેલી-કાઠીયાવાડ.

ઈ. સ. ૧૯૧૮ આવૃત્તિ પહેલી નકલ ૫૦૦

ધી અમરસિંહજી પ્રિંન્ટિગ પ્રેસ-લાલ દરવાજા લાલકાકા
લૅાનવાળા મકાનમાં પઠાણ નુરખાન' અમીરખાને છાપ્યું.

કિંમત ૨--૦--૦

અર્પણ પત્રિકા

ઇસ્લામના મીશન જંગ બહાદર દાઇઓ પીર નુરૂદ્દીન
પીર શમ્શુદ્દીન, પીર સદરૂદ્દીન, પીર ઇમામુદ્દીન
વીગેરે વીગેરેના પવિત્ર આત્માઓ જોગ

આપ
મહાત્માઓએ
પવિત્ર ઇસ્લામની દાઝ
હૈડે ધરી, અમો ખોજા કોમની ન-
જાત માટે અસાધારણ પ્રયાસ કરી કુફરનો અંધકાર
મય માર્ગ છોડાવી, પવિત્ર ઇસ્લામનો માર્ગ દેખાડયો. તથા તેમ
કરતાં તન, મન, ધનના ભોગે જે હેરત ભર્યા મીશનરી પ્રયાસો કીધા, તે
સઘળા ઝળકીત બનાવોની યાદમાં, આ આપ મહાત્માઓના મુ-
બારક નામ સાથે અંગત નીસ્બત ધરાવતું પુસ્તક
આપ મહાત્માઓના પવિત્ર આત્માઓને
સહ માન અર્પણ
કરૂં છું.

હું છું.

આપનો અદનો સેવક

એદલજી ધનજી કાબા.

પ્રસ્તાવના.

એ બાબતની અમારી લાંબા વખતની શીકાયત છે કે, બીજી સઘળી કોમો કરતાં ખોજા કોમ પોતાની તવારીખથી વધુને વધુ અજ્ઞાન રહી છે. અલબત્તા તે વેપાર રોજગાર તથા કેળવણીમાં આગળ વધવા માંડી છે; પરંતુ પોતાની તવારીખની શોધખોળમાં તેણે હજુ કાંઇ પણ સંતોષકારક પ્રયાસ કરી દેખાડ્યો નથી. તે મુસલમાન છે; છતાં પણ મુસલમાન ઇતિહાસ તથા તેના ધર્મ પ્રત્યે તેણે જ્ઞાન સંપાદન કરવામાં નિષ્કાળજીજ બતાવી છે. ખોજા કોમમાં જુદી જુદી ત્રણ પારટીઓ પડી ગઈ છે. એક સુન્ની, બીજી ઇસનાઅશરી અને ત્રીજી ઇસમાઇલી. એ ત્રણ પારટીઓ પોતાનો અસલ ધર્મ અનુક્રમે સુન્ની, ઇસનાઅશરી તથા ઇસમાઇલી સમજે છે; પરંતુ તેનો અસલ ધર્મ કયો તે માટે તેણે ઉંડી શોધખોળ કીધી નથી.

સુન્ની તથા ઇસનાઅશરી ખોજાઓ જો કે, શુદ્ધ ઇસલામના ક્ષેત્રમાં દાખલ થઇ ચુકયા છે; પરંતુ કોમની ઉત્પત્તીથી લઇ હમણાં સુધીની કોમી તથા મઝહબી સ્થિતિ વિષેની શોધખોળ પ્રત્યે તેમનો પ્રયાસ બહુજ ધીમો છે. ખોજા ધર્મશાસ્ત્ર યાને ખોજાઓને હીન્દુમાંથી વટલાવનાર પીરોના પ્રયાસો વિષે, તથા તેઓએ જે જ્ઞાનશાસ્ત્ર રચી આપેલાં છે તેથી તેઓ અજાણ્યા છે અને જ્ઞાનશાસ્ત્રમાં જે હીન્દુ ધર્મની વાતો લખવામાં આવી છે તે જોઇ તેઓ તે જ્ઞાનશાસ્ત્રને ઇસલામ વિરૂદ્ધના ગણી ધુતકારી કાઢે છે અને જે વિચિત્ર મીશન પદ્ધતિને લઇ માત્ર યુકિતને ખાતર તેમાં હીન્દુ ધર્મની બાબતો દાખલ કરાઇ છે તે મીશન પદ્ધતિ તથા યુક્તિઓના પ્રયાસના કોકડાંને ઉકેલવાને તેઓ પ્રયાસ કરતા નથી અને પોતાને ઇમામી ઇસમાઇલી નામથી ઓળખાવતી પારટી પોતાના ધર્મના જે પીરોએ રચી આપેલાં શાસ્ત્રો ધરાવે છે તથા તેની રૂએ જે આચાર વિચાર ધરાવે છે તેને તેઓ શીર્ક તથા કુફ્રની ઉપમાંથી યાદ કરે છે.

પોતાને ઇમામી ઇસમાઇલી જણાવતી પારટી, પીરોએ રચી આપેલાં જે જ્ઞાનશાસ્ત્રના પુસ્તકો પોતાની પાસે ધરાવે છે તેમાંથી જે સાર તેમણે ખેંચવો જોઇએ તે ખેંચતા નથી અને તે ખેંચવા માટે કશો પણ પ્રયાસ કરતા નથી. આ પીરોના રચેલાં જ્ઞાનશાસ્ત્રમાં એવી બાબત પણ છે કે, જે શુદ્ધ ઇસલામ પ્રમાણેની છે. તે સાથે તેમાં એવી બાબત પણ છે કે, જે ઇસલામના આચાર વિચારથી ઉલટી છે અને તે બંને બાબતો સાથે એવી પણ બાબતો છે કે જે સંશયમાં પણ નાંખી આપે છે કે, તેના રચનારે આ કોમને નહિ હીન્દુ કે નહિ મુસલમાનમાં; બલ્કે એક તદ્દન નવીન પંથ ઉતપંન કરી આપી તેમાં દાખલ કરવાને યોજના કરેલી છે.

ઉપર પ્રમાણેની કોમની સ્થિતિ હોવાને લઇ તે પોતાના ખરા ઇતિહાસનું કોઇપણ સંપૂર્ણ પુસ્તક ધરાવતી નથી. તેની તવારીખના જે પુસ્તકો બહાર પડયાં છે તેમાં અપૂર્ણતા જોવામાં આવે છે. આવી અપૂર્ણતા ત્યાં સુધી દુર નજ થઇ શકે કે, તેના ઇતિહાસને લગતો જ્યાં સુધી સઘળો મસાલો એકઠો ન કરી લેવામાં આવે ! આ મસાલો તે બીજો કોઇ નહિ પણ તેના ઇતિહાસને લગતી ખરી કે ખોટી જે કાંઇ બાબત જ્યાં જ્યાં છુટે છવાયે પડી [illegible] છે.

એક જથે કરવી અને જ્યારે તેવો સઘળો મસાલો એકઠો થઇ જાય ત્યારે તેમાંની ખરી ખોટી બાબતને પરખની કસોટીપર ચડાવી જુદી જુદી તારવી કાઢવી અને તેમ કર્યા પછી તેના ઇતિહાસનું પુસ્તક લખવાને મથવું.

આટલું કીધા પછી પણ આ કામ બહુજ સરળ થઇ શકતું નથી. અમોએ ઇ. સ. ૧૯૧૨ ની સાલમાં "ખોજા કોમની તવારીખ" નામે જે પુસ્તક લખ્યું છે, તેની પ્રસ્તાવનામાં અમોએ સાફ જણાવી આપ્યું છે કે, "એક પરીપૂર્ણ પુસ્તક તૈયાર કરવામાં કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મુંબઇ, સીંધ, પંજાબ, ઇરાન, અર્બસ્તાન તથા મીસરની એક મુસાફરી કરવાની ખાસ જરૂર" છે. ઉપરના પ્રયાસ સાથે આ મુસાફરી કરી જે મસાલો મેળવવામાં આવે તે સઘળાની સામગ્રી પછીજ એક ખરા ઇતિહાસની ગરજ સારતું પુસ્તક તૈયાર થઇ શકે એમ અમારૂં માનવું છે.

માટે હાલ તુરત ખોજા ઇતિહાસનું પુસ્તક નવું લખવાનું માથે લેતાં, પ્રથમ તે માટેનો મસાલો એકઠો કરવો એ બહુજ જરૂરનું કામ છે અને તેથી તે કામ જેટલા પ્રમાણમાં થઇ શકે તે કરવાને અમોએ નિર્ણય કીધો છે નિર્ણય કીધો છે. એટલુંજ નહિ પણ તે માટેનો પ્રયાસ પણ શરૂ કરી આપી કેટલાંક નાનાં નાનાં પુસ્તકો તે માટેના પ્રગટ કીધાં છે અને જેમાં ઉમેરો કરવાનું ચાલુ છે.

પીર નુરૂદ્દીન, પીર શમ્શુદ્દીન, પીર સદરૂદ્દીન, પીર કબીરૂદ્દીન, પીર ઇમામુદ્દીન વીગેરે પીરોએ જે જ્ઞાનશાસ્ત્ર રચ્યાં છે તેમાંનાં કેટલાકોને મુંબઇવાલા મુખી લાલજીભાઇ દેવરાજે સીંધી લીપીમાં છપાવ્યાં છે; તે લીપિ ખોજા કોમના ઘણાજ થોડા લોકો જાણે છે અને તેથી તે શાસ્ત્રમાં શું શું જણાવવામાં આવ્યું છે તેથી કોમ બિન માહિતગાર છે. આ જ્ઞાનશાસ્ત્રમાં ખોજા કોમની દીની તથા દુન્યવી તવારીખ વિષે કેટલોક બહુજ અગત્યનો પ્રકાશ પાડવામાં આવ્યો છે તેથી ખોજા તવારીખના મસાલા તરીકે તેને ગુજરાતી લીપિમાંજ છપાવી બહાર પાડવાની અમોને પુરેપુરી આવશ્યકતા જણાતાં, અમોએ તેને સીંધી લેબાસમાંથી ગુજરાતી લેબાસમાં ફેરવવાનું કાર્ય હાથ ધરી, આ પુસ્તક બહાર પાડવાની હીમ્મત કીધી છે.

આ પુસ્તકમાં મુમન ચેતામણી, ચંદ્રભાણ, સુરભાણ, ગોપીચંદ આખ્યાન, કાનીપ જોગી તથા પીર હસન કબીરૂદ્દીનનો સંવાદ, જન્નતપુરી, પીર શાહની ગરબીઓ તથા મોટો દસ અવતાર એટલાં શાસ્ત્રો આપવામાં આવ્યાં છે અને અમોને ખાત્રી છે કે, ખોજા તવારીખના સંશોધકો તથા સામાન્ય સત્યાભિલાષિ વર્ગ તેને આવકાર દાયક લેખી તેનાથી લાભ મેળવશે અને જો અમારા આ પ્રયાસને ઉપયોગી ગણીને તેને ટેકો આપવામાં આવશે તો, તેનો બીજો ભાગ પણ તુરતજ છપાવીને બહાર પાડવાને તજવીજ કરીશું.

આ જ્ઞાનશાસ્ત્રની ભાષા ગુજરાતી મિશ્ર કચ્છી સીંધી વીગેરે છે અને તે ઘણીજ અશુદ્ધ પણ છે. જો કે તે કાવ્યમાં છે પણ ઘણે ભાગે કાવ્યના નિયમો સંબંધેની તેમાં મોટી ખામી નજરે પડે છે ઉપરાંત તે તથા તેના વિષયનું વાંચન વાંચક વર્ગને કાંઇક કંટાળો આપનારૂં પણ જણાશે, પરંતુ તેમાં ખોજા કોમની દીની તથા દુન્યવી તવારીખની અનેક ઉપયોગી બાબતો ભરેલી હોવાથી તે ખામીઓ દરગુજર કરવા જેવી જણાશે. અને તેથી વાંચકવર્ગ

આવી બાબતથી કંટાળો નહિ રાખતાં, હંસ બની કાંકરામાં વેરાયલાં મોતીઓ ચણી લેશે એવી અમો ભલામણ કરવાને ભુલી શકતા નથી.

મુખી લાલજીભાઈ દેવરાજ કે જેણે તથા બીજાઓએ જેમણે જ્ઞાનશાસ્ત્રોને મેળવીને તથા તેને છપાવીને જે અમુલ્ય વસ્તુને જાળવી રાખી છે અને તેમના તેવા સ્તુતિપાત્ર પ્રયાસને લઇનેજ અમોને પણ તે વસ્તુ પ્રાપ્ત થઇ છે તેથી અમો તે મહાશયોનો અંતઃકરણ પૂર્વકનો ઉપકાર માનીએ છીએ અને અમો આશા રાખીએ છીએ કે, તેમનો તેવો ઉપકાર સમગ્ર ખોજાકોમ ઉપરનો સદા માટેનો જળવાયલો રહેશે અને તે માટે તેમના મુબારક નામો ખોજા તવારીખમાં સદાને માટે જળવાયલાં રહેશે.

જે જ્ઞાનશાસ્ત્રો આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે તે મુખી લાલજીભાઈ દેવરાજે તેને સીંધી લીપીમાં છપાવ્યાં છે. તે ઉપરથીજ આપવામાં આવ્યાં છે અને મુખી લાલજીભાઇ દેવરાજે તે સો તથા તેની અંદરની મુદતના જુના ચોપડાઓ જ્યાંથી મળી શકયા અને જેવા મળી શકયા તેવાજ છપાવ્યા છે તેથી તેમાં ઉપરના દોષો તદ્દન સંભવિત છે પણ જ્યારે તે કઇ સાલમાં મુળ રચાયા છે તે સાલ જ્યારે જણાઇ આવશે ત્યારે તે દોષો ઉપર ઘટતો વાટાઘાટ થઈ તે ઉપર ઘણોજ ઉપયોગી પ્રકાશ પડશે. માટે વાંચક વર્ગને વિનંતી કરવાની કે જેટ જેટલાં જ્ઞાનશાસ્ત્રો આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે તેની કોઇની પાસે જુનામાં જુની હસ્તલિખિત કાપી હોય તેમણે તે રચાયાની સાલ તથા લખાણમાં કાંઇ ભુલભાલ જણાય તો અમોને લખી જણાવવાને તસ્દી લેવી, કે જેથી તેની બીજી આવૃત્તિમાં સુધારો કરવામાં આવે અને થઇ જતી ભુલને સુધારી લેવાય.

પ્રથમ જણાવી ગયા તેમાં અમારો આ પ્રયાસ ઉપર જણવ્યા પ્રમાણેના પવિત્ર હેતુઓને પાર પાડવાનો છે. તે સિવાયની બીજી કોઇ બાબત અમારા વ્હેમો ગુમાનમાં નથી માટે વાંચક વર્ગ અમોને માત્ર એક વસ્તુ જેવી મળી શકી તેવી રજુ કરનાર ગણી સંતોષ પામશે અને તેમાં જે જે ખોજા કોમની દીની તથા દુન્યવી તવારીખની બાબતો રજુ થઈ છે તેને અભ્યાસમાં લઇ પોતાના જ્ઞાનની હદને વધારશે.

આવું પુસ્તક કોમી શ્રીમંતોના આશ્રય વિના બહાર પડી શકે નહિ; પરંતુ તેવા આશ્રયની રાહ જોવામાં એક ઉપયોગી કામને ઢીલમાં રાખવાનું અમોને કોઇપણ રીતે મુનાસબ નહિ લાગતાં, અમોએ અમારી શક્તિ પ્રમાણે તેના ખર્ચનો બોજો ઉપાડયો છે; પરંતુ જ્યારે અમો આવી ઉમદા વસ્તુ કોમના મુબારક હાથમાં રજુ કરીએ છીએ ત્યારે અમો એવી આશામાં સ્વાભાવિક તલ્લીન થઇ શકીએ કે, કોમ તેની સંખ્યાબંધ કાપીઓ ખરીદી અમારા ઉપાડેલા ખર્ચના બોજાને હલકો કરી નાખશે અને તે માટે અમો કોમી બેરાદરોને ભાર આપીને વિનંતી કરીએ છીએ કે, આ પુસ્તકની વધુમાં વધુ કાપીઓ ખરીદી અમોને ટેકો આપવો કે, જેથી તેના બીજા ભાગો પણ અમો જલદીથી બહાર પાડવાને શક્તિવાન થઇએ.

ઓદ્દલજી ધનજી કાબા.

સાંકળીયુ.

૧ મુમન ચેતામણી (પીર ઇમામશાહ કૃત.)	૧–૩૯
૨ ચંદ્રભાણ (પીર શમ્શ કૃત.)	૩૯–૫૦
૩ વેલ ચંદ્રભાણની (પીર શમ્શ કૃત.)	૫૧–૫૩
૪ સુરભાણ (પીર શમ્શ કૃત.)	૫૪–૬૫
૫ વેલ સુરભાણની (પીર શમ્શ કૃત.)	૬૫–૬૭
૬ રાજા ગોવરચંદ આખ્યાન (પીર શમ્શ કૃત.)	૬૮–૮૫
૭ રાજા ગોવરચંદની બેનનો આખ્યાન (પીર શમ્શ કૃત.)	૮૬–૯૧
૮ ગુર હસન કબીર દીનને કાનીપા જોગીનો સંવાદ.	૯૨–૧૦૨
૯ કનીપા અને ગોરખનો સંવાદ.	૧૦૨–૧૦૫
૧૦ પીર શમ્શની ગરબીઓ (પીર શમ્સ કૃત.)	૧૦૫–૧૧૯
૧૧ જન્નતપુરી (પીર ઈમામશાહ કૃત.)	૧૨૦–૧૨૮
૧૨ દસ અવતાર મોટો (પીર ઈમામશાહ કૃત)	૧૨૯–૨૦૮

realpatidar.com

એદલજી ધનજી કાબાનાં લખેલાં પુસ્તકો.

રાધાકૃષ્ણના પુસ્તકોનાં ખંડનો.

આગાખાની ખુદાઇનો જવાબ	૧—૮—૦
પચીસ સવાલોના જવાબો	૦—૩—૦
ખુલ્લી ચીઠીનો જવાબ	૦—૫—૦

હાશમ બોધાના પુસ્તકોના જવાબો.

તોહફે ઇસમાઇલીઆ	૦—૮—૦
અસલિયાતે ખોજાનું ખંડન	૦—૮—૦
ખોજા પંથ દર્પણ ભા. ૧ થી ૮	૪—૦—૦

આર્ય પ્રકાશના ખંડનો.

આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન ભા. ૧—૨—૩	૧—૨—૦
દયાનંદ પંથ દર્પણ	૦—૬—૦

વરતેજીની પોલના પુસ્તકો.

દાવતે ઇમાન	૦—૩—૦
કીલવાના સવાલ જવાબ	૦—૪—૦
ઇમામ કેવો જોઇએ ?	૦—૪—૦

કાસમઅલી લધાભાઇને જવાબ.

ઇસમાઇલીમાંથી બાબી	૦—૧—૦
અસલ ખોજા ઇસનાઅશરીજ	૦—૧—૦

ખોજા કોમના પુસ્તકો.

આગાખાન કેસનો ફેસલો	૦—૮—૦
નુરબાઇનો કેસ ભા. ૧—૨—૩—૪	૬—૮—૦

ખોજા ઉતપત્તીના પુસ્તકો.

સતપંથ શાસ્ત્ર ભા. ૧ લો	૨—૦—૦
આગા જંગીશાહનો રીસાલો.	૦—૪—૦
ખોજા કોમની તવારીખ	૨—૮—૦
ખોજા ઉતપત્તી	૦—૩—૦
ગુપત પંથકા શુજરા	૦—૩—૦
દરૂઝ કોમના અકાયદ	૦—૩—૦
ખોજા સર્વ સંગ્રહ ભા. ૧ લો	૧—૦—૦
ખોજા સર્વ સંગ્રહ ભા. ૨ જો	૧—૦—૦

બાતીત્યા મતના પુસ્તકો.

હસન બિન સબ્બાહ	૦—૧૦—૦
ફીરદોસે બરી	૧—૮—૦

પરચુરણ ખોજા પુસ્તકો.

નુસેરીની હકીકત	૦—૪—૦
કરમાલીનું કીસમત	૧—૦—૦
ખોજા ખુન આરોપ	૦—૪—૦
ખોજા કોમને સુધારો	૦—૨—૦
હીદાયત પ્રકાશ	૧—૦—૦

ઇસ્લામી સુધારાના પુસ્તકો.

સર સૈયદ એહમદના લેખો ભા. ૧—૨	૨—૦—૦
સર સૈયદ એહમદ	૦—૬—૦
મુસદસે હાલી	૧—૪—૦
ઇસલામીઓનો હીન્દને ઠપકો	૦—૪—૦
ઉમ્મતનો વિલાપ	૦—૨—૦
અલ્લાહની ઓળખાણ	૦—૨—૦
ઓલાદના હકો	૦—૪—૦
ઇસલામી હકો	૦—૨—૦
મોહરમની ખુબીઓ	૦—૬—૦
મુસલિત સદવર્તન ભા. ૧—૨—૩—૪	૦—૮—૦
જસ્ટીસ અમીરઅલી	૦—૨—૦
નવાબ મોહસીનુલ મુલ્ક	૦—૨—૦
કેળવણીની હદીસો	૦—૨—૩
ઓરંગઝેબનું લેકચર	૦—૦—૩
આદાતે રસુલ	૦—૦—૩
હજરત મોહંમદ	૦—૮—૦
મેરાતલ ઓરૂસ	૦—૨—૦
મીરજા દબીર અનીસ	૦—૨—૦
નુરે હીદાયત	૫—૦—૦
નુરે હીદાયત (ચાલુ)	૧—૮—૦

ઇસનાઅશરી મતના પુસ્તકો.

ચેરાગે ઇસનાઅશરી	૧—૦—૦
ઇસનાઅશરી આરસી	૧—૮—૦
ઇસનાઅશરી તવારીખ	૧—૦—૦
ઇસનાઅશરી મઝહબની ખુબીઓ	૧—૦—૦
ઇસલામી સીતારો	૦—૩—૦

લખો—એદલજી ધનજી કાબા,
અમરેલી—કાઠીયાવાડ.

સતપંથ શાસ્ત્ર.

(ભાગ પહેલો.)

સુમન ચેતામણી.

(પીર ઈમામશાહ કૃત.)

એજી આદ નીરીન્જન અવતરેઆ, તેનું થાનક છે એરાક ખંડ માંએ
સતગુરે સોહી દેખાડીઆ, તે છે બ્યાપક નવ ખંડ માંએ
ચેતો રીખીસરો ગુરૂ કહે સાચા સતગુરે એમ કહેઆ. ૧

એજી આલ અલીજીની તે કહીએ, નબી મહમદ પીર મુસલ્લે છે ત્યાંએ.
ઈસરે આલથી જે ભુલશે, તેતો જાએશે દોજક માંએ–ચેતો૦ ૨

એજી ઈસિરે આલથી આલ ચાલીઆ, તેતો આવેઆ કહેક નગરી માંએ,
વીરચા અંગુઆ થાનક કહીએ, શ્રી ઈસિલામશા બેઠા છે ત્યાંએ–ચેતો૦ ૩

એજી જેમાં જેમાં માંએ એ નરજી કહીએ, તેની સાંખીયો છે એલમ માંએ.
ચાલીસ સીપારા કુરાનના, તે માંએ ત્રીશ છે દુનીઆ માંએ–ચેતો૦ ૪

એજી દસ સીપારા બાકી રેહ્યા, તે છે એ ઘર માંએ
અથરવેદ તેને કહીએ, તેની વાણી સતગુર મુખજ માંએ–ચેતો૦ ૫

એજી આલ નબીજીની જુગમાંહે આવેઆ, તેણે તે કીધાએ ધરમ ઉપાએ,
સતગુર ઇમામશાહ એમ કહે, તેતો આલ મહમદની કહેવાએ–ચેતો૦ ૬

એજી નુરથી નુરજ પરગટીઆ, તેનું વાસ છે નુરજ માંહે,
તેણે આ સતપંથ પેદા કીધા, ખોજી કાઢીઓ કુરાન માંહે–ચેતો૦ ૭

એજી ચાર વેદ ચાર કીતાબ ખોજેઆ સતગુર સરવે ત્યાંએ,
ઇલમ અલ્લાહજીએ ભેજીઆ, ફરદ ફરમાવીઆ ફુરકાન માંહે–ચેતો૦ ૮

એજી ફરદ ફુરકાનેથી ઉપના, તેતો પરવરીઆ પીરોથમી માંહે,
શરીયત, તરીકત, હકીકત તેની, માલુમ છે મારફત માંએ–ચેતો૦ ૯

એજી મારફત માંહેથી કાઢી કરી, તેતો આણીઓ ઇસ પંથ માંહે,
ત્યાં રહેણી રાખો નીસ્ટેં કરી, આપણા જીવને ત્યાંએ–ચેતો૦ ૧૦

એજી ઇસરે રેહેણીથી જે ભુલશે, તેનું ઠામ નહિરે કીયાંએ
તેતો ફેરા ફરે લખ ચોર્યાશી તણા, તેતો મોખ ન પામે કીયાંએ–ચેતો૦ ૧૧

એજી લખ ચોરાશી તો છુટીએ, જો રહીએ આપણા સતગુરકે ફરમાન માંહે,
દસોંદ દીજે સતગુરૂ મુખે, તો વાસો હોવે અમરાપુરી માંહે—ચેતો૦ ૧૨
એજી અમરાપુરી છે આગળે, તેના સુખ કહેઆ નવ જાએ,
સતગુરે દીઠી તેવી કહી, ત્યાં હુર મલાએક માંહે—ચેતો૦ ૧૩
એજી અનંત મેવા છે તે મહેલમાં, તે ઘરની શોભા છે ત્યાંએ,
મોમન રીખીસર તે મેહેલમાં, લીણાં લાડ કરશે ત્યાંએ—ચેતો૦ ૧૪
એજી એવા ઘર તે જીવ પામશે, જે ચાલશે આપણા સતપંથ માંએ.
ખરા દસોંદી સુકરીત વંતા, તેની સાંખ છે એલમ માંએ—ચેતો૦ ૧૫
એજી તે એલમ આલથી પરગટેઆ, તેની સાખ છે કુરાન માંહે,
કુરાન કુદરત માંહેથી ઉતરીઆ, તેની સાંખ છે એ ઘર માંહે—ચેતો૦ ૧૬
એજી એ ઘર દેખી જે ભુલશે, તેતો જાશે દોજક માંહે,
આદ ઉણીઆદેથી એ ઘર કહીએ, તેને સીરેવતાં વીલંબ ન કીજે કાંઇ—ચેતો૦ ૧૭
એજી ભીરમાને વીશનું મહેશર કહીએ, તેતો સરવે છે એ ઘર માંએ,
એ ઘરથી આલજ ચાલીઆ, તેતો પરવરીઆ પીરોથમી માંએ—ચેતો૦ ૧૮
એજી તારે વીશનું વર દાતાર થએયા, કીરપા કીધી ભીરમાજી ઉપરે ત્યાંએ,
તમે જાઓ જુગ માંહે વાણી કરો, અમે સાથે આવશું ત્યાંએ—ચેતો૦ ૧૯
એજી તેને ફરમાને ભીરમાજી જુગમાંહે આવીઆ, વાણી કીધી ત્યાં જુગમાંએ,
પ્રબોધી પીરોથમી ભીરમાજીએ, ધરમ મારગ ચલાવીઆ ત્યાંએ—ચેતો૦ ૨૦
એજી અનંત કલપ એવા વહી ગયા, પછે આવીઆં તે ચાર કલપ ત્યાંએ,
તે માંહે ત્રન કલપ વરતીઆ, ભરમાજીને ફરમાને રહીઆ ત્યાંએ—ચેતો૦ ૨૧
એજી કલપ માંહે પરવરીઆ, ચાર જુગ તે કીધા છે માંહે,
આદ ઉણીઆદે ભેલા હતા, સતગુર શામીજીની સેવાએ—ચેતો૦ ૨૨
એજી ત્યાંથી સતગુર પરગટેઆ, અને આવીઆ તે ચાર જુગ માંહે,
તે માંહે ત્રન જુગ વહી ગએયા, તેના જીવડાં પોતા થાનક માંહે—ચેતો૦ ૨૩
એજી તે અવતારે અવતાર વહી ગએયા, રચના કીધી વીશનું ભરમાજી ત્યાંએ,
આજ છેલી સંધ કલજુગ સંધે, મુરતજા અલી અવતરીઆ મક્કા માંએ—ચેતો૦ ૨૪
એજી ત્યાંથી આલજ ચાલીઆ, તેતો આવીઆ કેહેક નગરી માંહે,
શ્રી ઇસલામ શાહા ત્યાં નર કહીએ, શાહા ગરીબનું તેજજ માંહે—ચેતો૦ ૨૫
એજી એ ઘર સરેવે તે સતસું, તેના પાતક સરવે જાએ,
અવતારે અવતાર ઓળખે, તેને પએલે મોક્ષ મુગતજ થાએ—ચેતો૦ ૨૬
એજી એ ઘર દસોંદજ દીજીએ, તે માંહે આળસ ન કરીએ લગાર,
અનેક જીવ આગે ઉધરેઆ, તેણે ઓળખીઓ પોતાનો ભરથાર—ચેતો૦ ૨૭
એજી દસોંદ વિના નહિ છુટશો, સાંભળો મુનીવરો કહું છું વારોવાર,
છેલો અખાડો આ જુગતણો, તે માંહે હાથસું કરી લીઓ સંભાર—ચેતો૦ ૨૮

એજી દસોંદ દસમી પાંતી કહીએ, તેતો આલો એ નરજીસું આહાર,
ચાલીઓ તે પીર મુખે આલીએ, મોમન તણો એ છે વેવાર–ચેતો૦ ૨૯
એજી દસોંદ દેતાં જે જીવ દુલાવશે, તેનું હાલ માલ નહિરે પરીવાર,
ક્રીયાના હીણા કોઇ જીવ નહિ તરે, સતગુર કહે છે પુકાર–ચેતો ૩૦.
એજી આખર જમાનું આવીઓ, આવી છેલી કલજુગની વાર,
અવતાર સરવે પુરા થઇઆ, હવે શામી રાજો થાએશે અસવાર–ચેતો૦ ૩૧
એજી દળરે ચાલશે નકળંક તણો, તારે થાએશે તે હલહલકાર,
તે માંહે સતી જીવ જીતશે, કાયર ખાશેરે ઘણ કેરી માર–ચેતો૦ ૩૨
એજી કાએર મ થાજોરે મુનીવરો, આગળ છે દોહેલુંરે પાર,
શામી રાજો લેખાં માગશે, નીષ્ટે જાણો નીરધાર–ચેતો૦ ૩૩
એજી કલજુગની સંધ છે દોહેલી, એ મુમનભાઇ તમે રહેજો હુશીઆર,
દસોંદ દેજો આ સતગુર મુખે, તેથી ઉતરો પએલે પાર–ચેતો૦ ૩૪
એજી જે દસોંદ નહિ દેશે સતગુરૂ મુખે, તેતો કાયર થાશે ને ખાશેરે માર,
તેના હઇડાં માંહેથી અગ્ની ઉઠશે, તારે જીવડો તે કરશે પુકાર–ચેતો૦ ૩૫
એજી સતગુરૂ સરવે સંભળાવીઆ, મુમનભાઈ તમે કરજો વિચાર,
આદ ઉણીઆદેથી એ ધર ચાલીઆં, તે શામી રાજો કરશે સંભાર–ચેતો૦ ૩૬
એજી લેખાં લેશે ગુરૂનર સાંહીઆ, ત્યાં સૌ કોઈ પુછાયેશે નરને નાર,
ઉત્તમ મધ્યમ ત્યાં કોઇ નહી, કોઈ કેહની વાર ન કરશે લગાર–ચેતો૦ ૩૭
એજી ઉત્તમ આચારે ઉત્તમ જાણજો, મધ્યમ જાણજો મધ્યમ આચાર,
તમે સહુ કોઇ ગીનાન સાંભળો, આગળ કોઇ કેહેનું નહિ નરને નાર–ચેતો૦ ૩૮
એજી બાપ બેટો કેનું નહિ, નહિ કેનું કુટુંમ પરીવાર,
એવી વેળા જ્યારે આવશે, ત્યારે નહિ કોઇ સાસરો મોસાર–ચેતો૦ ૩૯
એજી જે જીવ સેવાએથી ચુકશે, રદે ધર્મ નહિ આણુશે લગાર.
તે માયાના મોહો માંહે બુડશે, સહુ કોઇ સ્વાર્થે જાએશે સંસાર–ચેતો૦ ૪૦
એક કલજુગ જમાનું કઠણ જારે આવશે, તારે સહુને દીલે વાપરશે કાહાર,
તે માંહે જે જીવ નહિ ચેતશે, તે જીવને પડશે જંજાલ–ચેતો૦ ૪૧
એજી સંસાર સર્વે સાંભળો, સાંભળી મ થાજો ગેમાર,
સતગુરૂ જુગાજુગ આવેઆ, તેની વાણીનું તમે રાખો વીચાર–ચેતો૦ ૪૨
એજી માંહોમાંહે બંધવ લડશે, તેતો નહિ ગણુશે માતપીતાનું પરીવાર
કઠણ વચન કહેશે આપમાં, એવો તે આવશે સંસાર–ચેતો૦ ૪૩
એજી કોઇ કેહેને ઘરે નહિ આવશે, મને આણુશે તે રોષ અપાર,
અહંકારી અજરા આણુશે ઘણું, તેથી જાએશે તે નરગ દુવાર–ચેતો૦ ૪૪
એજી મનેરે માયાથી ભુલશે, નહિ કોઇ કરશે જ્ઞાનનું વિચાર,
તે બુધીએંથી કાર ન ઉતરે, અધરમી ઉતપાતું કરશે અપાર–ચેતો૦ ૪૫

એજી ગતનો મેળો તેથી ભાંગશે, તારે નહિ કોઇ આવશે તે ધરમ દુઆર,
અધરમ એવો ચાલશે, તેથી વણસશે નરને નાર–ચેતો૦ ૪૬

એજી તે માના મળ માંએથી ઉપજશે, તેના થાએશે પુત્રને પરીવાર,
ધરમ ન આવે તેને રદેહે, સૌના રદેહે માંહે વાપરશે કાહાર–ચેતો૦ ૪૭

એજી એરે એંધાણ આખર તણા, તમે સહુ કોઇ કરજો વિચાર,
સ્વાર્થે સોંસાર વણસશે, સહુ કોઇ મેલશે ધરમ આચાર–ચેતો૦ ૪૮

એજી તેરમી સદી આખર જારે આવશે, તારે ધરમ રેહેશે લગાર,
સતીઆના સત તારે તુટશે, હોએશે તે હો હો કાર–ચેતો૦ ૪૯

એજી તારે ગતમાંહે ભુતખાના વાપરશે, મોમનના મન કઠણ અપાર,
તે માસ છ માસે ખાના માંહે આવશે, ધરમસરાએ આવેથી પાપ જાઅશે લગાર–ચેતો૦ ૫૦

એજી એવા અધર્મ જારે આવશે, તારે ધોરી છાંડે ધરતીનું ભાર.
તારે થરથર ધરતી ધ્રુજશે, પાપ કરમનું નહિ કોએ શુમાર–ચેતો૦ ૫૧

એજી ગત સત તીરથ કરી નહિ કોએ જાણશે, જાણણહાર કોએ વીરલો સંસાર.
આ હું હું કરી સૌ કોઈ હારશે, તેણેથી ગતનો મેલો ભાગશે સાર–ચેતો૦ ૫૨

એજી તારે સત ગુરજીના વચન ઉથાપશે, સૌ કોઇ ચાલશે આપણે મનને:વિચાર.
તે દસોદ ન દેશે સતગુરૂ મુખે, કોઇ મેલશે ધરમ આચાર–ચેતો૦ ૫૩

એજી અધરમે અન નહિ ઉપજશે, વિણસશે કણ કણના ભંડાર.
માગ્યા તે મેંહે નહિ આવશે, અલ્પ કણ ઉપજશે તેહેણી વાર–ચેતો૦ ૫૪

એજી આસમાની મેહુલા આવશે, અડપ સડપ તે વરસશે સાર.
તે તો હાથ સરવે શામીજીને, જેણે સીરજ્યા તે સરવે સંસાર–ચેતો૦ ૫૫

એજી સંસાર સીરજ્યાં શામીજીએ, તે તો સૌની રોજીનું પુરણહાર,
તે માંહે અથર જીવ આ જુગ તણા, તેના નેચો નહિરે લગાર–ચેતો૦ ૫૬

એજી તે તો નેચો નહિ રાખે નિસ્ટે કરી, નહિ રાખે તે સાહેબ શું પ્યાર,
ભીખ્યા ભીખ્યા સઉ આગળ કરે, એ તો પ્રાલભે આવી મીલશે આહાર–ચેતો૦ ૫૭

એજી આહાર ઉપર સંતોક રાખીએ, નત્ર કરીએ તે ઓહોત પુકાર,
જેણે આ જુગ પએદા કરે આ, તે તો શામી છે રોજીનું પુરણહાર–ચેતો૦ ૫૮

એજી સેવા કીજે સાહેબ તણી, તો ટળે તે જીવને જંજાલ,
માતાના ઉદરમાં જેણે પુરેઆ, ગીર્ભવાસમાં કીધી સંભાર–ચેતો૦ ૫૯

એજી તે શામીજી ઉપર વિશ્વાસ નહિ, સૌ કોઇ ચાલશે તે પોતાને આચાર,
ઓહોત બુધીએ સૌ કોઈ ચાલશે, તેના મનનું નહિ મટેરે જંજાળ–ચેતો૦ ૬૦

એજી સંસાર સગલો એમ થયો, સત ગુરૂજી કહે તે કેટલીક વાર,
મુરખ માયાની જાળમાં, સૌ કોઈ બુડ મુએરે ગેમાર–ચેતો૦ ૬૧

એજી સતગુરની સેવાએથી ચુકશે, તેનો બીડ પડીઓરે અવતાર
ચેતણહારા તમે ચેતજો, માનખો નહિ આવે બીજી વાર–ચેતો૦ ૬૨
એજી માહારે પદારથ સરીખો આ માનખો, તેને સદગુરૂજીએ ધરમ દીધો સંભાળ,
તે માંહે સાચા મુનીવર આપણા, તેને શામી રાજો લેશે ઉગાર–ચેતો૦ ૬૩
એજી તે માંહે ખરા દસોંદી જે સુકરીતવંતા, તેણે તે બાંધી પુરની પાર,
તે ગીનાન વીચારીને ચાલશે, તેને કલજુગ નહિ લુપશે લગાર–ચેતો૦ ૬૪
એજી તે ચાર જુગ આવીને પુરા થયા, હવે નહિ કોએ અગ્યારસું અવતાર,
તે સેંસો મટે સાચા સદગુરૂ થકી, તેની શરણે તે રહો નીરધાર–ચેતો૦ ૬૫
એજી ગત સગલી તમે હેતે મીલો, રખીસર કેની ખેદ મ કરશો લગાર,
સેવા કરો સાચા સદગુર તણી, તેથી પામશો મોખ મુગત દીદાર–ચેતો૦ ૬૫
એજી જેણે આ જીવ પીંઢ સીરજીઆં, તેની સમર્થનું નહિરે પાર,
ખરી દસોંદ તેને આલીએ, એ તો ખટેઆની રે સંભાર–ચેતો૦ ૬૭
એજી તે સતગુરની પાંતી અળગી કરો, અને બીજું કરો પોતાનું આહાર,
તે માંહે તે થાહેશે બરકત ઘણી, તેનું સેંસો મઆણશો લગાર–ચેતો૦ ૬૮
એજી તે આપણને દીધા વિના નહિ ચાલશે, એ ગુરનર લોભી નહિરે લગાર.
માનખા જનમ માથે ઠેરાવીએ, એ સૌ સૌને માથે છે ભાર–ચેતો૦ ૬૯
એજી જેટલા ધરમે પએદા કીધા, તે સૌ માંહે ચાલીઆ એરે વેવાર,
હીન્દુ મુસલમાન પોતાની નાત માંહે, સૌ કોઈ દીએ છે પોતાને ગુર મુખે આહાર–ચેતો૦ ૭૦
એજી સીરજણહારો સાંહીઆં એક છે, તેણે કીધ છે પંથ અપાર,
તે માંહે સઉ સઉ પોતાને થાનકે, અપણાં ધર્મ માંહે રહે હુશીઆર–ચેતો૦ ૭૧
એજી અધુરો ઓછો ત્યાં નહિ, સર્વસ્થાને તે એક સીરજણ હાર.
તેતો સેવાને કારણે સીરજીઆં, ગુરૂ બ્રહ્માજી નબી મહમદનું અવતાર–ચેતો૦ ૭૨
એજી નબી મહમ્મદ મુસતફા ઉપાવીઓ, તેનો ચાલીઓ છે પરીવાર.
સતગુરૂ બીરમા મહમ્મદ એક છે, તેનું કર્તા તે વિશનુંવર દાતાર–ચેતો૦ ૭૩
એજી સતગુરૂ બીરમાજીનો વારો તે વહી ગયો. તેના વેદ રહીઆ છે સાર
હિન્દુ માને છે તે વેદને, તે ઉપર દાન દીએ છે સંસાર–ચેતો૦ ૭૪
એજી તે વેદની વાણી ઉપર ધર્મ દીએ, તેના [illegible] તે લેવણહાર,
બ્રહ્માજીના સુત તે કેહેવાએ છે, તે પોતા [illegible] લીએ છે સૌનુ ભાર–ચેતો૦ ૭૫
એજી બ્રહ્માજીના સુત તેને કહીએ, જે કોઈ પાલે એ ધર્મ આચાર,
દાન લીએ તેતો સુફળ [illegible], તેને માથે નહિ [illegible] ભાર–ચેતો૦ ૭૬
એજી ભરમાજીનું [illegible] તે મહમ્મદ મુસ્તુફા, સતગુરૂ નુર તેનું પરીવાર.
સતગુરૂ નુર [illegible]થી ઉતરેઆ, તેણે બોધીઆ તે સર્વે સંસાર–ચેતો ૭૭
એજી તે [illegible] નુરથી આલજ [illegible], પીર શમશ તેનું પરીવાર
[illegible] [illegible] તેણે દેખાડેઆ, મુરતજા અલીનું પરીવાર–ચેતો ૭૮

એજી તે મુરતજાઅલી અવતરેઆ, અબુ તાલેબને ઘેર અવતાર.
તે બેયતલ્લા માંહે પએદા થએયા. તે શેહેર મક્કા મીંજાર–ચેતો૦ ૭૯

એજી માતાજી ગએયાતા બૈતમાંહે, તાઅત કરવાને સાર.
એ બાબત કરીને જ્યારે ઉઠીયા, અલી પૈદાની સમે થઇ તેણીવાર–ચેતો૦ ૮૦

એજી તારે માતાજી પડીઆ વીચારમાં, હવે ઘેર ગએયાની નથી વાર,
તાં કેડે ઘર બીજો હતો, તેની ભીંત ફાટી બારી થઇ તેણીજ વાર–ચેતો૦ ૮૨

એજી તારે માતાજી ઉઠી તે માંહે ગએયા, હુરાં બે આવીયું તે ઘર મીંજાર,
તે સમે અલી પએદા થએયા, તે આદ નિરંજનનું અવતાર–ચેતો૦ ૮૩

એજી તેણે સાત દીવસ આંખીઉં નાહ ઉઘાડ્યું, મુખથી ખીર ન પીધો લગાર,
તારે નબી મહંમદને માલુમ થઈ, તેતો આવીઆ તેણીજ વાર–ચેતો૦ ૮૪

એજી તારે સલામ કીધા સરવરે, અલીએ આંખીયું ઉઘાડીયું તેણીજ વાર,
તારે દીદાર કીધા નબી મહમદ તણા, મુખથી સલામ વારેઓ અલી કીરતાર–ચેતો૦ ૮૫

એજી તારે મુખ ઉઘાડીઓ મોલા અલીજીએ, તેના મુખમાંહે જીભ દીધી સરદાર,
તાં ભેદ સઘળો સંભળાવીઓ, તે ચાર કીતાબજ સાર–ચેતો૦ ૮૬

એજી તારે પોતાની કુદરત રાખી પોતા કને, નબી મહંમદ સમજ્યા સરવે વિચાર,
ધનધન માત તાતને કહીએ, એ છે આદ નિરંજનનું અવતાર–ચેતો૦ ૮૭

એજી એણે પરથમ પએલો સહી કીધો, જારે દીઠા તે શાહાના દીદાર,
પછે તે મુરીદોને વતાવીઓ, તે માંહે જે ઓળખશે તે પામશે પાર–ચેતો૦ ૮૮

એજી તે સતગુર બ્રહ્માજીએ સેવા કરી, શુકરાના કીધા અતી અપાર,
અલીને તે અલ્લા ઓળખીઓ, તે માંહે શક ન આણેઓ લગાર–ચેતો૦ ૮૯

એજી તારે અરસ માંએથી મલાએક ઉતરીઆ, તે આવેઆ પેકાંમ્બર પાસે તેણીવાર,
તે પુછવા લાગા પેકામ્બરને, તમે શું શું દીઠો સરદાર–ચેતો૦ ૯૦

એજી તારે મુખ મુબારક માંહેથી બોલેઆ, નબી મહંમદ તેણીજ વાર,
અમે મોજીઝા દીઠા મુખ અલીજીને, આપણો ભેદ આલીઓ છે સંભાર–ચેતો૦ ૯૧

એજી તારે નબી મહંમદને મલાએકે કહ્યું, અમને દેખાડો અલીવર દાતાર,
અમે દીદાર કરીએ શાહા અલી તણા, તો ઉતરીએ પેલે પાર–ચેતો૦ ૯૨

એજી તારે નબી મહમ્મદને મલાએક ચાલેઆ, તે આવેઆ અબુતાલબને દુવાર,
ત્યાં નુર દીઠો નીરાકારનો, કીધીયું કુરનસું તેણી વાર–ચેતો૦ ૯૩

એજી તારે સલામ કરી તે તો પાછા વરેઆ, તે મલાએકને સરદાર,
તારે મલાએકે નબી મહમ્મદને કહેલો, એ તો છે અરશ કુરસનું કીરતાર–ચેતો૦ ૯૪

એજી અમને જેણે હુકમ કરેઓ, અને મુકીઆ તમ પાસે સરદાર,
સોહી અમે એને જાણુતાં, તે માંહે શક નહિરે લગાર–ચેતો૦ ૯૫

એજી તારે નબી મહંમદ એમ બોલેઆ, ભાઇ મલાએક તમને કહું વીચાર,
અમને પોતે ઉલખાવીઓ એ છે શેરટનો સીરજણહાર–ચેતો૦ ૯૬

એજી અલી તે તો સહી અલ્લા કહીએ, તેમાં ઓછો નહીરે લગાર,
અમે એને માનીઓ સીદકસું, એનું નામ છે જલશાનહું આકાર—ચેતો૦ ૯૭
એજી સીદક બરહક અલી કહીએ, તે આદ નિરંજનનું અવતાર,
તારે નબી મહમ્મદને સઉ સલામ કરી, મલાએક ગયા પોતાને દુઆર—ચેતો૦ ૯૮
એજી મલાએક ત્યાંથી માથે ગયા, પોહોતા હજુર પરવરદીગાર,
તારે કુરનસું કરી ઉભા રહેઆ, તારે દીઠો તે અલીજીનું આકાર—ચેતો૦ ૯૯
એજી મોલા મુરતજાઅલી દુનીઆ માંહે જાહેર થએયા તેની કુદરતનો નહિ કોયે પાર,
દીન ઇસ્લામ એથી પયેદા થયો, તે કારણે માથેથી ઉતરેઆ દુલદુલને જુલફીકાર—ચેતો૦ ૧૦૦
એજી તેણે મારી મુસલમાન કરીઆ, હીન્દુ હતો તેનો નહિ કોએ શુમાર,
દીન પોતાનો જાહેર કરીઓ, તેનું નબી મહમ્મદને કીધા સરદાર—ચેતો૦ ૧૦૧
એજી નબી;મહમ્મદ સત બ્રહ્મા કહીએ, તેનું ફરજંદ બીબી ફાતમા સાર,
તારે નબી મહમ્મદને ચીન્તા ઉપની, એનું કોણ તે થાશે ભરથાર—ચેતો૦ ૧૦૨
એજી નબી મહંમદને શાહે મએરાજ તેડાવીઆ, ત્યાં દીઠી તે કુદરત અપાર,
તારે ફરમાન આવીઓ આલી જનાબથી, તમે ચિંતા મ કરો લગાર—ચેતો૦ ૧૦૩
એજી તમ ઘર ફરજંદ બીબી ફાતમા, તેનું અમ પાસે છે ભરથાર,
તે કુળ તમારી માએ અવતરીઆ, તે અબુ તાલબને ઘેર અવતાર—ચેતો૦ ૧૦૪
એજી તે રૂપ અમારા જાણજો, તે મોલા મુરતુજા અલી અવતાર,
અલી અલ્લા એક કરી જાણજો, તે માંહે શક મ આણુશો લગાર—ચેતો૦ ૧૦૫
એજી જારે એવો ફરમાનઆવીઓ હજુરથી,તારેનબીમહંમદનેઆવીઓએતબાર,
ત્યાં દીઠી કુદરત કાદર તણી, બોલેઆ નબી મહંમદ તેણી વાર—ચેતો૦ ૧૦૬
એ જી તારે અરજ કીધી આલી જનાબમાં, તમે સાંભળો પરવરદીગાર,
અલી અલ્લા એક ફરમાવીઆ, તેનું તે કોણ કરશે એતબાર—ચેતો૦ ૧૦૭
એજીતારે દરગાહમાંહેથી ફરમાન આવીઓ,તમે સાંભળો મહમ્મદ મોરા પીઆર
તમ ઘર ફરજંદ બીબી ફાતમા, તેનું અલી છે ભરથાર—ચેતો૦ ૧૦૮
એજી તમ ઘર ફરજંદ નાર છે, અમ ઘર ફરજંદ છે ભરથાર,
તમે મહંમદ અમે જલશાનહુ, આપણ દોનુંનો એ છે વેવાર—ચેતો૦ ૧૦૯
એજી જારે એ ફરજંદ મોટા થાયશે, ત્યારે કરશું તે દુનીઆનું આચાર,
અમે તમે દોનું એક છઇએં, તેનુ કાંઇ મ કરશો વીચાર—ચેતો૦ ૧૧૦
એ જી બીબી ફાતમા વોરાવજો, તે હજરત અલી ઘેર નાર,
તેને તમે ત્યાં આલજો, દેજો દેજમાં એ ખોજા ચાર—ચેતો૦ ૧૧૧
એજી તે ખોજા રહેશે હજુરમાં, તે ઉપરે બીબી ફાતમા ધરશે પીઆર.
તેની દુઆએ તેતો વીજશે, તેના થાએશે બહુ પરીવાર—ચેતો૦ ૧૧૨
એજી તેતો માનશે મોલા અલીને, સેવા કરશે ધરી ધરી પીઆર,
તેનું અલ્લાહ તે અલી કહાએ, જે કોએ આણશે ઇતબાર—ચેતો૦ ૧૧૩

એજી અલી અલ્લાહ જે કોએ માનશે, તેનું પીર તે નબી મહમ્મદ અવતાર
જે નબીજીની આલ માંહેથી ઉપજશે, તે પીર મુસલ્લે સાર–ચેતો૦ ૧૧૪

એજી આલ અલીજીની સહી કરી માનશે, જે થાશે તે ખોજાનું પરીવાર,
સાચે સીદકે તે ચાલશે, અલી મહમ્મદની આલ ઉપર રાખશે પીઆર–ચેતો૦ ૧૧૫

એજી તેના ઇમાન અમે રાખશું જારે વરતશે કલજુગ કલીકાર,
તેને પોતાની કરી રાખશું, આગળ માહાદન માંહે ઉતારશું પાર–ચેતો૦ ૧૧૬

એજી તારે નબી મહમ્મદ બોલેઆ, તમે સાંભળો પરવરદીગાર.
તમારે ફરમાને અમે ચાલશું, તમે મેહર કરો સીરજણહાર–ચેતો૦ ૧૧૭

એજી તે અલી મહમ્મદ એક છે તેના નામના જુઆ જુઆ વિચાર,
અલી કીરતાર વિષ્નું કહીએ, નબી મહમ્મદ બ્રહ્માજીનું અવતાર–ચેતો ૧૧૮

એજી તારે સીરજણહાર એમ બોલેઆ, જેનું નામ પરવરદીગાર,
મએશર (મહીપ) સુરત તે માંહે મીલી, તે આદમ સફીઅલ્લાનું અવતાર–ચેતો૦ ૧૧૯

એજી તારે મએરાજ માંએથી મહમ્મદઉતરેઆ,તેઆવીઆજયાંહતોપોતાનોપરીવાર,
આસણે આવી પરવરેઆ, ત્યાં ભેટીઆ અલીવર દાતાર–ચેતો૦ ૧૨૦

એજી બીબી ફાતમા જારે મોટા થયા, ત્યારે વલી હુકમ હુઓ પરવરદીગાર,
હજરત અલીને પરણાવજો, અને દેજમાંહે દેજો ખોજા ચાર-ચેતો૦ ૧૨૧

એજી તારે ફરમાન માની નબી મહમ્મદ ઉભા રહેઆ જાઇ અલીશું કરીઓ વીચાર
બીબી ફાતમા તમે હક કરો, એ છે તમારી નાર–ચેતો૦ ૧૨૨

એજી જારે હઝરત અલીએ હક કરેઆ, બીબી ફાતમત દીકરી નબી મહંમદની સાર,
તારે નબી મહંમદ મુસતફા, આલેઆ દેજમાંહે ખોજા ચાર–ચેતો૦ ૧૨૩

એજી તે ખોજા ખીજમત માંહે આલેઆ તેઓના નામના સાંભલો વીચાર,
અરબી ભાખ્યામાંએ તે હતા, તે તો ગુજરાતી માંએ કીધા નીસ્તાર–ચેતો૦ ૧૨૪

એજી ખાલક ખુદાબક્ષ એ બે જણા, ત્રીજો તે સાદક સાર,
અબ્દ રસુલ એ ચાર જણા, બીબી ફાતમાને આલેઆ સરદાર–ચેતો૦ ૧૨૫

એજી તેઉએ ખીજમત કીધી ખાવંદ તણી તે ઉમરો સારી સાર,
તેની આખર વેલા જારે આવી, તારે બીબી ફાતમાએ ધરીઆ પીઆર–ચેતો૦ ૧૨૬

એજી બીબી ફાતમત તારે બોલેઆ, તમે સાંભલો હએદર કરાર,
સારી ઉમરો એઉએ સેવા કરી, તેનું આપણા ઉપર રહીઓ છે ભાર–ચેતો૦ ૧૨૭

એજી તારે હજરત અલી ફરમાવેઆ તમે સાંભળો બીબી ફાતમત સાર,
જે કહો તે એઉને આલીએ એમ બોલીઆ તે હએદર કરાર–ચેતો૦ ૧૨૮

એજી તારે બીબી ફાતમત બોલેઆ, તમે સાંભળો અલી ભરથાર,
એઉને તમે દુઆ કરજો, જે એઉને થાએ કુટુંબ પરીવાર –ચેતો૦ ૧૨૯

એજી તારે હજરત અલીએ ખોજા તેડાવેઆ, તેઓને પુછીઆ તે સર્વે વિચાર
આજ જે જોઇએ તે તમે માગજો, તમને તુઠા તે અલીવર દાતાર–ચેતો૦ ૧૩૦
એજી તારે ખોજે ખાલક એમ બોલીઆ, તમે સાંભળો પરવરદીગાર
તમ તુઠે અમને સરવે થાએશે, તમે કાયમ છો કુદરતના દાતાર–ચેતો ૧૩૧
એજી અમારો ઇમાન સાબત રાખજો, જેથી ઉતરીએ પેઅલે પાર
બીજો એટલો અમો માગીએ, જે વારોવાર હોવે તમારો દીદાર–ચેતો૦ ૧૩૨
એજી સેવા તમારીથી નવ ચુકીએ, એવી મહેર કરજો અલીવર કીરતાર
આલ અમારી કાંઇ નથી, જેથી કેડે ચાલે અમારો પરીવાર–ચેતો૦ ૧૩૩
એજી અમે ચાર જણા ઇસ જુગ માંહે આવીઆ, તેની શાંખ ન રહેશે ગાંએ સોં સાર
અમારો પીંઢ પોતા તણો, સાહેબ તમે છો અમારા આધાર–ચેતો૦ ૧૩૪
એજી એમ કહીને ખોજા રોએયા, તેને નઇણે આવેઆં નીર અપાર,
તારે માતાજી ફાતમત એમ બોલેઆ, તમે ચીંતા મ કરો લગાર–ચેતો૦ ૧૩૫
એજી તારે ફરી ફાતમત એમ બોલેઆ, તમે સાંભળો હઝરત અલી ભરથાર,
તમે દુઆ કરો એઉને મેહેરસું, જેમ થાએ એઉને પુત્ર ને પરીવાર–ચેતો૦ ૧૩૬
એજી ભાગા તે નર સાજા થએયા, એમ દુઆ કીધી અલી દાતાર,
તેને લઇને પરણાવીઆ, ઉત્તમ વરણ માએ સાર–ચેતો૦ ૧૩૭
એજી તે ચારેઇ ખોજાને પરણાવીઆ, માંએ એકનું નહિ પરીવાર,
તેણે તે કાંઇક ઓછું કરી જાણીઉં, અલી જનાબ પરવરદીગાર–ચેતો૦ ૧૩૮
એજી ચારે ખોજાને પરણાવી કરી, આલેઆ તેઉને ધરમ આચાર,
તે ચારેઇને આઝાદ કરેઆ, એમ હુકમ કીધો અલીવર દાતાર–ચેતો૦ ૧૩૯
એજી હવે અમે તમને આઝાદ કરેઆ, તમે જાઓ તે પાસે સરદાર,
તેને ફરમાને તમે ચાલજો, તો પામશો મોખ મુગત દીદાર–ચેતો૦ ૧૪૦
એજી તારે ચારે ખોજા નબીજી પાસે ગએયા, અમને તુઠાતે અલીવર દાતાર,
હવે અમને લઇ તમને સોંપેઆ, હવે તમથી ઉતરીએ પાર–ચેતો૦ ૧૪૧
એજી તારે નબી મહંમદ બોધી તેઉને મુરીદ કરીઆ, તેને દેખાડીઆ સત ધરમના આચાર
અલીને માનજો અલ્લાહ કરી, તે મુખ ખરી દસોંદ દેજો સાર.–ચેતો૦ ૧૪૨
એજી દસોંદ દસમી પતી કહીએ, તે દેજો નર અલીજીને આહાર
ચાલીઓ અમારો આલજો, પીર મુરીદનું એ છે વેવાર.–ચેતો૦ ૧૪૩
એજી અલી તે અલ્લા કરી માનજો, પીર તે નબી મહંમદ સરદાર,
અમારે ફરમાને તમે ચાલજો, તો તમારા વાધશે પુત્ર ને પરીવાર–ચેતો૦ ૧૪૪
એજી તેની એંધાણી તમને દઉં, તેનું તમને કહું છું વિચાર
આલ તમારી જે થાએશે, પુત્રી પુત્રને પરીવાર.–ચેતો૦ ૧૪૫
એજી તેને તમે લઇ કરી ચાલજો, તે પરબત ઉપરે સાર,
તેને ત્યાંથી તમે મેલજો, અલી અલ્લા કહી તેને આધાર.–ચેતો૦ ૧૪૬

એજી તે અલી અલ્લા સહી હશે, તો તમારાં ઉગરશે પુત્ર ને પરીવાર
તો એ નરને સીરેવજો સત સું, દસોંદ દેજો એ નરજીને સાર.—ચેતો૦ ૧૪૭
એજી નર અલીજીને દસોંદ જો તમે આલશો, તો તમારા વાધશે રીદ્ધી સિદ્ધી (નાણું) પુત્રને પરીવાર,
ઇમાન સલામત તેના રાખશે, આપણો નર અલી છે સીરજણહાર—ચેતો૦ ૧૪૮
એજી ત્યાંથી આલ તમારી જુગમાંહે ચાલશે, તેને સેંસો નહિરે લગાર,
જે જીવ સતપંથ ધરમ પીછાણશે; જ્યાં સુધી આવશે કીયામત રોજની સંભાર—ચેતો૦ ૧૪૯
એજી તમારી આલ જે થાએશે, તેનું સતપંથ સું રહેશે વેહેવાર,
નર અલીજીને તે સહી કરી માનશે, પીર નબી મહંમદ તે મુસ્લે સાર—ચેતો૦ ૧૫૦
એજી કલજુગ સંદે બીજાને બોધશે, જે થાએશે અમારો પરીવાર,
તે માંએ થર થર કોઇ કોઇ રહેશે, એવો કલજુગનું કઠણ થાએશે વેવાર—ચેતો૦ ૧૫૧
એજી તારે ક્રીયાના હીણા જીવ હુલશે, જે મેલશે સતપંથ ધરમનું આચાર,
આ સતપંથ મેલી બાહેરે જાએશે, અને કરશે જુઠ નીંદાને કુડા ચડાવશે આળ—ચેતો ૧૫૨
એજી તે દરે દીવાને વાતું કરશે, આપણા ધરમ મારગનું વીસ્તાર,
તેતો દસોંદ દેતા ઓછું આણશે, તેના જીવ તે થર નહિ રહેશે લગાર—ચેતો૦ ૧૫૩
એજી ત્યાં તે તમારી આલના જે હશે, તેની નર અલીજી કરશે વાર,
ઇમાન સાબત તેના રાખશે, જારે આવશે કલજુગ સંદનીવાર—ચેતો૦ ૧૫૪
એજી કરી સલામ તારે ઉઠીયા, નબી મહંમદ પાસેથી ખોજા ચાર,
તેણે જઇ પોતાનું ધરમ કરેઓ, દેતા દસોંદ ખટીઆની સાર—ચેતો૦ ૧૫૫
એજી સતગુર નબીજી અલીજીને ફરમાને ધરમ આલીઓ, તેનો વાધીઓ તે રીદ્ધી સિદ્ધીને પરીવાર,
તેના બાળક જારે ઉપજે તારે, પરબતથી હેઠે મેલે સાર—ચેતો૦ ૧૫૬
એજી એરે આચાર આજદીન લગી, તે ભુખ્યા તરેશ્યા નહીરે લગાર,
તેની આલ આજદીન લગી, તે નબી મહંમદ બોધેઆ ખોજા ચાર—ચેતો૦ ૧૫૭
એજી તે તો અસલ ધરમસું સાબત રહેઆ, નહિ મેલીઓ તે ધરમ આચાર,
તેઉએ આ સતપંથ ગુપ્ત આરાધીઓ, તે પંથનો પડદો ફાસ ન કીધો લગાર—ચેતો૦ ૧૫૮
એજી તે દસોંદ સુકરીતે પુરા રહેઆ, જુઠ નીંદા ન કીધી લગાર,
તેને તે દોએલું કેમ હોવે, જે આલે દસોંદ સતગુર મુખે આહાર—ચેતો૦ ૧૫૯
એજી એરે ખોજા સતપંથ માએ આવીઆ, જારે હતી નબી મંહમ્મદની વાર,
ત્યાંથી સતપંથ ચાલીઓ, તેતો જાહેર કીધો નબી મહંમદને પરીવાર—ચેતો૦ ૧૬૦
એજી અલી નબીજીની કલામાંએથી ઉપના, ઇમામ હસન હુસેન પરીવાર,
તેના કુળ માંહેથી ઉપના હજરત ઝએનુલ આબદીન અવતાર—ચેતો૦ ૧૬૧
એજી ત્યાંથી આલજ ચાલીઆ, તે તો અવતારે અવતાર,
તેને સીરેવંતા જે ભુલશે, તે તો જાએશે નરગ દુવાર—ચેતો૦ ૧૬૨
એજી અલી નબીથી એ સતપંથ ચાલેઆ, તેને સીરેવીએ ગુપ્ત અપાર,
અથરવેદી આ પંથ કહીએ, તે તો ખોજીઆ કુરાન મીંજાર—ચેતો૦ ૧૬૩

એજી દસ સીપારા કુરાનના, તેનું આ અથરવેદજ સાર,
તે ગુપ્ત સતપંથ રાખીએ, આરાધીઓ તે તો પામેઆ મોક્ષ મુગત દીદાર–ચેતો૦ ૧૬૪
એજી અનંત કલપ અનંત જુગ વહી ગએયા, તેમાંએ જીવ ઉધરીઆ અપાર,
આ કલજુગ માંહે અલી નબીજી આવીઆ, તેં પણ કરવા જીવુંની સંભાર–ચેતો૦ ૧૬૫
એજી તેને ફરમાને જે જીવ ચાલશે, તે જીવ પામશે મોખ દીદાર,
ચારા ચરબટ જે જીવ શીખશે, તે તો જાએશે નરગ દુઆર–ચેતો૦ ૧૬૬
એજી આદ ઉણીઆદેથી એ સત ધરમ છે, ચાર કલપ ને ચાર જુગમાંએ,
જખ નવાણું કરોડ પહેલા કલપ માંએ, તે તો પામીઆ મોખ મુગત દીદાર–ચેતો૦ ૧૬૭
એજી બીજા કલપમાંએ ઉધરીઆ, છપન કરોડ મેઘમાલા સાર,
આદ સતગુરૂ બરમાજીની સેવાએ તે રહીઆ, તેણે ઓળખીયો પોતાનો ભરથાર–ચેતો૦ ૧૬૮
એજી બત્રીશ કરોડ કીનર કહીએ, તેણે તો સતગુર સું રાખીઓ પુરો લેવાર,
એ જીવ આગળ ઉધરીઆ ત્રીજા કલપ માંહે નીરધાર–ચેતો૦ ૧૬૯
એજી ત્રીસ કરોડ ધરમી પુરા થયા, તે તો ચોથા કલપ માંએ સાર,
તે સતગુરની સેવાએથી નહિ ચુકેઆ, તે તો પોતા અમરાપુરી મીંજાર–ચેતો૦ ૧૭૦
એજી તે ચોથા કલપ માંએથી ચાર જુગ થએયા, તેનું કર્તા તે નર અલી દાતાર,
કરતા, ત્રેતા, દુઆપુર જુગ કરેઆ, અને ચોથો તે કલજુગ સાર–ચેતો૦ ૧૭૧
એજી કરતા જુગે રાજા પએલાજ ઉપના, તેણે સતગુર બ્રહ્માજીની સેવા કીધી સાર,
હરણાકંસ ઘર અવતેરઆ, તેણે તે બાપસું ન રાખીઓ વેવાર–ચેતો૦ ૧૭૨
એજી પિતાએ તેને પરહરીઓ, તે તો જનમીઓ વન મીંજાર,
તેની સેવા દીઠી શામીજીએં, તારે થંભ માંહેથી પરગટેઆ દેવ મોરાર–ચેતો૦ ૧૭૩
એજી પએલાજની વારે શ્રી નરસિહ આવીઆ, જારે કરીણી તે દીઠી સાર,
માગ માગ પએલાજ શ્રી નરસિહ ભણે, તમને તુઠો તે વર દાતાર–ચેતો૦ ૧૭૪
એજી તારે પએલાજ હરી પ્રત્યે બોલીઆ, શામી ધનધન સતગુરૂજી અવતાર,
તેને પરતાપે તમે પધારેઆ, તે સતગુર ઉપરે જાઉં બલહાર–ચેતો૦ ૧૭૫
એજી જેરે સતગુર થકી અમે સેવા કરી, અને પામેઆ તે તમારો દીદાર,
તે સતગુરને પરતાપે કરી, અમને છુટાવો લખ ચોરાશીના અવતાર–ચેતો૦ ૧૭૬
એજી સતગુર પ્રતાપે શ્રી નરસિહજી તુઠા, કરોડ પાંચેસું ઉતારીઓ પાર,
તેતો :જીવ અમારાપુરી ગયા, તેને સંસો નહિરે લગાર–ચેતો૦ ૧૭૭
એજી જુગ ત્રેતા માંહે હરીચંદ થએયા, તે ઘર તારા રાણી નાર,
કુંવર રોહીદાસ તેનું પુત્ર કહીએ, તેણે સેવીઆં તે વીષ્નું કીરતાર–ચેતો૦ ૧૭૮
એજી તે માંહે સતી તારા રાણીએ સેવા કરી, તે શામીજીની રખીયાથી ઉતરેઆ પાર,
તેણે સંગતેથી સતગુરૂ પામેઆ, તેથી ધરમ માંહે આવીઓ હરીચંદ ભરથાર–ચેતો૦ ૧૭૯
એજી તે રાજા હરીચંદ સતગુરૂ સેવાએ રહીઆ, તેનું પુત્રને ઘરની નાર,
તેણે રાજપાટ સર્વે મેલી કરી, અને ધીયાઇઆને સત ધરમ સાર.–ચેતો૦ ૧૮૦

એજી તેણે હાલમાલ સર્વે દીધો સતગુરનામે, અને પોતે વેચાણાં ઝાંપડાને દુવાર,
તેને ત્યાં સતગુર જાઇ મીલેઆ, જારે દીઠી તે કસણી અપાર.—ચેતો૦ ૧૮૧
એજી તારે વારો હતો શ્રી રામચંદ્રજીનું, ત્યાં સતગુર બ્રહ્મા વીજેસઠણુ સાર.
જેણે એ અવતાર જાણી સેવા કરી, તે ઉધરીઆ નરને નાર.—ચેતો૦ ૧૮૨
એજીસાત કરોડસું અમરાપુરી ગએયા, તેને તો સતગુર વીજેસઠણુ ઉતારેઆ પાર,
એવા થઇને ચાલજો રખીસરો, તમને કહુછું સર્વ વિચાર.—ચેતો૦ ૧૮૩
એજી સતગુર જુગાજુગે આવેઆ, તેણે તો સૌને ધર્મ વતાવીઓ છે સાર,
ચેતણુહારા તમે ચેતજો, આ માનખા અવતાર નહિ આવે બીજી વાર.—ચેતો૦ ૧૮૪
એજી દુઆપુર જુગે પાંઢવ ઉધરેઆ, તેણે તે રાખીઓ શ્રી કૃષ્નજી સું અંતી પ્યાર,
માતા કુન્તાજીના તે સુત કહીએ, સતી દ્રુપતીજીના ભરથાર.—ચેતો૦ ૧૮૫
એજી ધરમ, ભીમ, અરજણ કહીએ, સોહોદેવ નીકુળ જોધા અપાર,
તેણે કુરૂ ખેત્રમાંએ જુધ કરેઆ, કોરવાને પાંઢવે દીધી ઘણી માર.—ચેતો૦ ૧૮૬
એજી અઢાર ખોડ ત્યાં આવટી, તે માંએ એઉને આંચ ન આવી લગાર,
એવા જોધાને મહા બળવંત હુઆ, તેનું રખીસરો તમે સાંભળો વિચાર—ચેતો૦ ૧૮૭
એજી તેને સતગુર વીદર વ્યાસ જારે મલેઆ, તારે મેલાવીઓ સરવે સંસાર,
હસનાપુરી નગરીના તે રાજા હતા, તેતો સતગુર વચને મેલી ગયા વન મીંજાર—ચેતો૦ ૧૮૮
એજી માતા કુન્તા સતી, દ્રોપતી, જોધા પાંચેઈ પાંઢવ સાર,
તેણે સેવા કીધી સાચા સતગુર તણી, તારે તે રીતે ઉતરીઆ પાર—ચેતો૦ ૧૮૯
એજી તેણે ઉધરેઆ કારણ કરીઓ એટલું, મેલેઆ રાજપાટ સરવે સોંસાર,
તેઓને સતગુર વીધરવ્યાસે વાણી કહી, તે ઉપરે ચાલેઆ પુરે વેવાર—ચેતો૦ ૧૯૦
એજી તારે સતગુર વીધર વ્યાસ પરસન થયા, જુજેસઠળ ઉપરે રાખીઓ અંતી પીયાર,
તારે નવ કરોડ જીવની મયા કરી, જે સતગુરની સેવાએ હતા નીરધાર—ચેતો૦ ૧૯૧
એજી તે સેવા જાણી રખીસરો તણી, તેનું મુખી રાજા જુજેસઠળ સાર,
તે નવ કરોડ જીવ અમરાપુરી ગયા, સતગુર વચને પાંઢવ પોતાવઇકુંઠ મીંજાર—ચેતો૦ ૧૯૨
એજી એવો જાણીને ચાલજો રીખીસરો, આગળ છે દોએલો પાર,
તે સતગુર ભરમાજી જુગાજુગે આવેઆ. તેની વાણીથી સૌ કોઇ ઉતરેઆ પાર—ચેતો૦ ૧૯૩
એજી અનંત કલપ આગે વહી ગયા બીજા જુગનું નહિ કોએ શુમાર,
તે માંએ જે જીવ સતગુર ફરમાને ચાલેઆ, તે જાઇ પોતા સરગ દુઆર—ચેતો૦ ૧૯૪
એજી ત્રન જુગ આવી પુરા થએયા, હવે આવીતે ચોથા કલજુગની વાર,
આગે જેણે જીવે નહિ ચેતેઆ, તેણે તે લીધો આ જુગમાંએ અવતાર—ચેતો૦ ૧૯૫
એજી આદ નીરીજન અલી કહીએ, સતગુર બ્રહ્મા તે નબી મહમ્મદનું અવતાર
તેને ફરમાને જે જીવ ચાલશે, તે જીવ ઉતરશે પેલે પાર.—ચેતો૦ ૧૯૬
એજી તેનુ પરીવાર ગુપત ચાલીઓ, અમારે તે સાથે પ્રીત અપાર,
અલી નરવર તારે અમે પામેઆ, જારે સેવા તે કીધી અપાર.—ચેતો૦ ૧૯૭

એજી નુર સતગુર પ્રથમ જાહેર થએયા, તે પણ પામેઆ એ ઘર મીંજાર,
તેણે સેવા કીધી નર અલી તણી, તારે આલીઓ સતપંથ સાર–ચેતો૦ ૧૯૮
એજી તારે સતગુર નુર પરબોધ કરી, તેણે આપીઓ ધરમ સંભાર,
એ વીરા મારા ભાઇ તમે સાંભળો, સતગુરજી કહે છે પુકાર.–ચેતો૦ ૧૯૯
એજી તેણે બોધીને ખોજા કરેઆ, અને આપીઓ તે ધરમ આચાર,
ત્યાંથી સતપંથ ચાલીઓ, દસોંદ તણુ વેવાર.–ચેતો૦ ૨૦૦
એજી પીર સતગુર નુર ત્યાંથી ચાલેઆ, નબી મહમ્મદતણું પરીવાર.
તે નુર સતગુર અરશ માંએથી ઉતરેઆ, તેતો ઉતરીઆ પાટણ મીંજાર.–ચેતો૦ ૨૦૧
એજી ખેલ રમત તેણે અતી કરી, બોધીઆ રાજા પ્રજા સાર,
રાણી પાલણદે પરણેઆ, તે તો નબી મહમ્મદનું પરીવાર–ચેતો૦ ૨૦૨
એજી નુરેથી નુરજ ચાલીઆ, પીર સલાહદીન તેનું અવતાર,
તેણે પીરશાહાનું જાપ જપાવેઆ, હાજર જોમું તે દેખાડીઓ નીરધાર,–ચેતો ૨૦૩
એજી તે પીર સલાહદીન પરબોધેઆ, દાન લેતા તે ખાટેઆની સાર,
સતગુરને વાચેકે જે સુધા ચાલેઆ, તેણેથી વાધેઓ ધરમ આચાર–ચેતો૦ ૨૦૪
એજી પીર સલાહદીનના શમશદીન ઉપના તેતો ચાલીઆ તબરેજ મુલક મીંજાર,
તે જે પીર શમશદીન ધરમ ચલાવેઆ, તે રખીસર પાસેથી લીધો આહાર.–ચેતો૦ ૨૦૫
એજી તે તબરેજ મુલકમાંએથી સીધારીઆ, પીર શમશ ચોટ વર દાતાર,
તેતો ફીરીઆ મુલક ચોવીશ માંહે, ત્યાં બોધેઆ મુરીદ અપાર–ચેતો૦ ૨૦૬
એજી તે ફરતા ફરતા ગયા માહા ચીણમાં, ત્યાં બોધેઆ સુરજા રાણી નાર,
કમલા કુંવર તેનું સુત કહીએ દેંત કાલીંગો તેનું ભરથાર–ચેતો૦ ૨૦૭
એજી સતગુર શમશદીન પરબોધેઆ, અને વતાવીઓ તે ધરમ આચાર,
ખાટી કરી તે માંએથી આપજો, અને દસોંદ તે ગુર મુખે આહાર–ચેતો૦ ૨૦૮
એજી હક કમાણી કરી જો આપશો, તો પોંચશે સતગુર મુખે આહાર,
ગેર હકનું જો ગુરને આપશો, તેનું તમ માથે રેહેશે ભાર–ચેતો૦ ૨૦૯
એજી ચાર પોહોર દીનનું ધંધો કીજીએ, તે માંએથી ખાટીઆની ગુર મુખે દીજે સાર,
સંતોખ કરીને બેશીએં, બાકી રાતના પોહોરજ દીજે સાર–ચેતો૦ ૨૧૦
એજી તે માંએ ખટ ઘડી પાછલી, તેતો કહીએં બંદગીની સાર,
એટલો ફરજ તમે પારજો, તો ઉતરશો પેલે પાર–ચેતો૦ ૨૧૧
એજી રાત દીવસનો હીસાબ ગુરે કરી આપીઓ, તે માંએ શક મ આણુશો લગાર,
આ દીનનું ધંધો તેનું ધન ઠરીઓ, રાતની ખટ ઘડી કહીએ બંદગી વેવાર–ચેતો૦ ૨૧૨
એજી જાં જાઓ તાં કરેઓ એટલું, તો પોહોંચે સતગુર મુખે આહાર,
એ માંએ ઓછું કરશે એટલું, તેનું તમપર રેહેશે ભાર–ચેતો૦ ૨૧૩
એજી એટલું ફરજ સતગુરે કહીઉં, નીદા જુઠ મ કરજો લગાર,
વાદ વિરોધ કે સાથે મ કરજો, નમતા ખમતાનું રાખજો વેવાર–ચેતો૦ ૨૧૪

એજી સતગુરનું ફરમાન માની કરી, ધરમ લીધો તે સરવે સોંસાર,
ત્યાં સાડીસાત કરોડ ધરમી પુરા થયા, તેનું કમલા કુંવરને કીધો સરદાર—ચેતો૦ ૨૧૫
એજી સતગુર શમશ ત્યાંથી ચાલીઆ, તે તો આવીઆ ઉંચ મુલક મીંજાર,
ત્યાં સતગુરને કેણે નહિ ઉળખીઆ, ત્યાં બાવદીને માને સરવે સોંસાર—ચેતો૦ ૨૧૬
એજી લોક મુરીદ સરવે બાવદી તણાં, અને સતગુરને તો ઉતારાનું નાહ ત્યાં ઠાર,
ત્યાં ફીરતા ફીરતા ગયા એક મેતમાં (મસજીદમાં) ત્યાં જાઈનીમાજ કીધી તેણીવાર—ચેતો૦ ૨૧૭
એજી ત્યાં એક બાલક આવેઓ, તેણે તે સતગુરસું રાખીઓ પીયાર,
રાતને દીવસ સતગુર સાથે રહે, તે તો પાતશાનું પુત્રજ સાર—ચેતો૦ ૨૧૮
એજી એકદીન સતગુરજી નીસરેઆ, અને શેલ કરવાને સતગુર બહાર,
તે રમતા રમતા આવેઆ, જ્યાં હતો તે દરીઆનું કીનાર—ચેતો૦ ૨૧૯
એજી ત્યાં સતગુરને મને એમ ઉપનું, દીઠો દરીઆનું નીરજ સાર,
તારે કાગળ કાઢીઓ દુસ્તાર માંહેથી, તેની માતમી કીધી છે તેણી વાર—ચેતો૦ ૨૨૦
એજી તે માતમી લઇ પાણીમાં મેલી, તે માંહે સતગુરજી તે પોતે થયા અસવાર,
સેહેલ કીધો તે શાહેર તણું, તે માંહે બેઠા તે કેટલીક વાર—ચેતો૦ ૨૨૧
એજી તારે બાવદી બેઠો માળીએ, તેણે ગોખથી જોઇયું તેણી વાર,
માહા સમુદ્ર માંહે દીઠી માતમી, અને દીઠો તે કાગળનું આકાર—ચેતો૦ ૨૨૨
એજી તારે બાવદીને વીમાસણ ઉપની, આ માતમીમાં કોણ છે સાર.
આ કાગળ બેડીએ કોણ સેલ કરે એવો પુરૂષ ન સુજે સોંસાર—ચેતો૦ ૨૨૩
એજી તારે બેડીતે લાગી ભીંજવા, સતગુર નીરખીઓ તેણી વાર,
તારે બેડી તે રહી ગઇ ભીંજતાં, સતગુરે તે મનમાંએ કીધો વિચાર—ચેતો૦ ૨૨૪
એજી કોણ અધરમી આણે સમે, અને જોઈ મારી માતમી સાર,
તાંતો મુસ્તક ઉંચો કરી જોઇયું, તાંતો દીઠો બાવદી ગોખથી બાહાર—ચેતો૦ ૨૨૫
એજી તેનું ધડમાંહે, ને માથો બાહાર હતો, તેને પીરે તે દીધો શ્રાપ તેણીવાર
શીંગડાનું શરાપજ આપીઓ, તે તો થયા તેણીવાર—ચેતો૦ ૨૨૬
એજી તેનો માથો તે માંહે નહિ ધરે, તે તો રહીઓ છે ગોખથી બહાર,
તારે તે બાવદી ધ્રુજેઆ, આતો કોઇ દીસે છે કીરતાર—ચેતો૦ ૨૨૭
એજી સેલ કરીને જારે ઉતરીઆ, તારે માતમી મેલી સાહેરથી બહાર,
ત્યાંથી સતગુર ચાલીઆ, તે તો આવીઆ નગર મીંજાર—ચેતો૦ ૨૨૮
એજી તારે બાવદીને વીમાસણ ઉપની, જેનું માથો રીઓ ગોખથી બાહાર,
તેણે તે પુછા કીધી શેહેરમાં, કોઇ પુરૂષ આવીઓ આપણા શહેર મીંજાર—ચેતો૦ ૨૨૯
એજી તારે ખોજી ખોજીની કાઢીઓ, આવી પુછીયું મેતને બાહાર,
ઇયાં કોઇ મુસાફર ઉતરીઓ, તેનું દશ કોઇ દીએ યાર—ચેતો૦ ૨૩૦
એજી તારે એ મેત માંએથી આવીઓ છોકરો, તેનું પીરસું અંતી પીઆર,
તેણે આવીને એમ કહીયું, એક પુરૂષ બેઠો મએત મીંજાર—ચેતો૦ ૨૩૧

એજી તારે તે માણસ માંએ આવીઓ, તેણે આવીને કીધો પીરસું દીદાર,
તારે સલામ કરીને ઉભો રહીઓ, જ્યારે દીઠો તે સાહેબ સીરજણહાર–ચેતો૦ ૨૩૨
એજી કરી સલામ તે તો પાછો વળીઓ, ગયો બાવદી તણે દુઆર,
તે જેટલી દીઠી તેટલી જાઈ કહી, પુરૂષ એક આવીઓ તે બેઠો મએત મીન્જાર–ચેતો૦ ૨૩૩
એજી તારે બાવદીએ પુત્રને તેડાવીઓ, સાંભલો કહું છું વાતનું વિચાર,
એવો હેવાલ અમારો થીઓ, ધડ માંહે ને માથું છે બહાર–ચેતો૦ ૨૩૪
એજી પુરૂષ એક આવીઓ શહેરમાં, તેનું ઉતારો છે તે મએત મીંન્જાર,
અરદાસ કરો તે જઈ આગલે, અમારી તકસીરનું નહિ કોઈ પાર–ચેતો૦ ૨૩૫
એજી શેખ સદર તે પુછીયું, પીતા બાવદીને વલી વીચાર,
તમ માથે શીંગડા કેમ થએયાં, તેનું ભેદ કહો નીરધાર–ચેતો૦ ૨૩૬
એજી તારે બાવદી મુખમાંએથી બોલીઆ, સાંભલો કહું એ વાતનું વિચાર,
એ પુરશ માતમીએ બેશી કરી, કરતા દરીઆનું સેલજ સાર–ચેતો૦ ૨૩૭
એજી તે માતમી બનાવી કાગળ તણી, તે માંએ પાણી ન પેસે લગાર,
તે સામું અમે જોઇયું, તારે ભીની થઇ હશે સાર.–ચેતો૦ ૨૩૮
એજી તારે પુરૂષના મનમાંએ એ ઉપની, તેણેથી એરે થઇઓ ઇસરાર,
માથું તે માડી માંએ નહિ ગડે, તેતો રહીઓ છે ગોખથી બાહાર–ચેતો૦ ૨૩૯
એજી હવે તે જાઓ એ પુરશ કને, જાઇ સાંભલો સરવે વાતનું વીચાર,
એની દુઆએ ૨જલ થાએશે, અને માથું આવશે ગોખ મીંન્જાર–ચેતો૦ ૨૪૦
એજી શેખ સદર તારે ચાલીઆ, તે હતો બાવદીનો પરીવાર,
તેણે એક માણસ ભેળો લીધો, તેતો આવીઆ મએત મીંન્જાર–ચેતો ૨૪૧
એજી તારે સતગુરજી સામા બેઠા હતા, તેનું શેખ સદરે તે દીઠો દીદાર,
તારે સલામ કીધો સતગુરજીને, નમી હાથ બાંધીને કીધી પુકાર–ચેતો૦ ૨૪૨
એજી તારે શ્રી સતગુરે એમ પુછેઆ, શું કામ છે તેનું કહોને વીચાર,
આ ક્યાંથી તમે આવીઆ, કોણ તાત તમારો સાર–ચેતો૦ ૨૪૩
એજી તારે શેખ સદર એમ બોલેઆ, અમે રહીએ એ નગર મીંન્જાર,
તાત અમારો છે બાવદી, અમે બે ભાઈ તેનું પરીવાર.–ચેતો૦ ૨૩૪
એજી તારે સતગુરજી બોલેઆ, પીર શમશ વર દાતાર,
આ શું તમે બે ભાઇઓનું નામ છે, અને કોણ તમારૂં છે પરીવાર.–ચેતો૦ ૨૪૫
એજી તારે શેખ સદર એમ બોલેઆ, તમે સાંભળો સરદાર,
શેખ સદર અમને કહે છે, બીજો રૂકન અમથી નાનેરો સાર.–ચેતો૦ ૨૪૬
એજી હવે તમ કીરપાએ અમે છુટીએ, બાવદીનું મુસ્તક રહીઓ છે ગોખથી બાહાર,
તેની ઉપરે તમે કીરપા કરો, તમે છો ગુનાહાના બક્ષણહાર.–ચેતો૦ ૨૪૭
એજી તારે સતગુરે સહી કરી પુછીઆ, અમને તે વાતનું કહોને વીચાર,
આ કેણી રીતે તારા તાતનું, મુસ્તક રહીઓ છે ગોખથી બાર.–ચેતો૦ ૨૪૮

એજી તારે અરજ કરીને શેખ સદર બોલીઆ, સાહેબ તમે સેલે ગયા દરીયાને પાર,
તારે બાવદી બેઠો હતો ગોખમાં, તેની નજર પડી ગઈ તેણીવાર.—ચેતો૦ ૨૪૯
એજી તારે ગરે તો માંહે ગરાએ નહિ, અને માથો રહીઓ ગોખથી બાહાર,
તેની અરજ અમે લાવીઆ, તમે મેહેર કરોને દાતાર—ચેતો૦ ૨૫૦
એજી તારે સતગુર શમશ બોલીઆ, અમને હતી તે રીશ અપાર,
માતમી મારી માંએ પાણી આણેઉ, તારે મેં શીંગડાં કીધાં તત્કાર—ચેતો૦ ૨૫૧
એજી હવે શેખ સદર તમે આવીઆ, તારે હવે મુસ્તક આવશે ગોખ મીંજાર,
શીંગડાં છે તે સમાઇ જાશે, પણ મટશે નહિ તે ભવાભવનું આકાર—ચેતો૦ ૨૫૨
એજી તમારી આલનું જે હશે, તેને માથાં માંહે હશે શીંગડાનું આકાર,
એટલી એંધાણી છે અમતણી, હશે તે બાવદી તણે પરીવાર—ચેતો૦ ૨૫૩
એજી સલામ કરીને શેખ સદર ચાલીઆ, તેતો આવેઆ પોતાને દુવાર,
તારે બાવદી માડી માંહેથી ઉતરેઆ, તેણે પુછીયું તે સરવે વીચાર—ચેતો૦ ૨૫૪
એજી તારે બાવદીને ચીંતા ઉપની, તેને સંસોતે આવીઓ અપાર,
એનું ને અમારૂં કેમ ચાલશે, શેહેર તે ઉંચ મીંજાર—ચેતો૦ ૨૫૫
એજી શેખ સદરને તેણે કહીયું, મનમાં તે કરી વીચાર,
એને આપણે કેમ ચાલશે, આ મુલક તે ઉંચ મીંજાર—ચેતો૦ ૨૫૬
એજી આ વાટકો ભરી આપું ખીરનો, તેતો જઇ આપો સઇયદને સાર,
તેતો વાટકો દેઇ પાછા આવજો, કાંઇ વાત મ કરજો લગાર—ચેતો૦ ૨૫૭
એજી દુધનો વાટકો તે બરાબર ભરીઓ, તે માંએ ખાલી તે નાહરે લગાર,
શેખ સદરે તે ઉપાડીઓ, તે આણી આલીઓ સતગુરજીને સાર—ચેતો૦ ૨૫૮
એજી તેતો આણી ઉભો અરજ કરી, સતગુર સામું તે તેણીજ વાર,
અમારે પીતાએ તમને મુકીઓ, તમે લીઓ તે સાહેબ દાતાર—ચેતો૦ ૨૫૯
એજી તારે સતગુરે સામું જોઈ કરી, ઉભો રાખીઓ તેણેજ હાર,
અરશમાં હાથ ઉંચો કરી ફૂલ મંગાવીઆ તેણીજ વાર—ચેતો૦ ૨૬૦
એજી તે લઈ નાંખીઆં દુધમાં, મુખથી કહીઓ એહરે વિચાર,
જાઇ દેજો તારા બાપને, કેજો સંસો મ કરજો લગાર.—ચેતો૦ ૨૬૧
એજી બીજી વારે હાથ ઉંચો કરીઓ, તે માંએ ખાક આણી તેણી વાર
તેના ત્રન ભાગ સતગુરે કરેઆ, સઉ સઉને નામે કરી દીધો તેણીવાર.—ચેતો૦ ૨૬૨
એજી શેખ સદર ત્યાંથી ચાલીઆ, સતગુરને હજુરથી બાહાર,
દુધ ખાક ત્યાંથી લઇ ચાલીઆ, તેતો જઇ આપી પીતા બાવદીને સાર.—ચેતો૦ ૨૬૩
એજી તે બાવદીએ લઇ ભોંય ધરેઆ, દુધ ફૂલ ખાક તેણીરે વાર,
તારે તે શેખ સદરે પુછીયું, અમને પીતાજી કેહોને વિચાર—ચેતો૦ ૨૬૪
એજી કેવી રીતે તમે દુધ મેલીઉં, સઇયદનેરે દુઆર,
તે માથે લઇને ફુલ ધરીઆ, મુખસું કહીયું કે સંસો મ કરજો લગાર—ચેતો ૨૬૫

એજી તારે તે બાવદી બોલીઓ, એ માંએ તમે સમજીઆ નહિરે લગાર,
અમે એને એમ કહી મુકીઉં, ઉંચ માંએ ઓલીઆ છે બોહોત અપાર—ચેતો૦ ૨૬૬
એજી તારે એણે એમ કહી મુકીઉં, દુધ માથે ફુલનું કાંહે ભાર,
એવી રીતે અમે ઇયાં રેહેશું, તેનો સંસો મ ધરજો લગાર.—ચેતો૦ ૨૬૭
એજી શેખ સદર વલી પુછીયું, આ ખાકનું તે શો વિચાર,
તેની વાત તે બાહાર નહિ કરી, બાવદીના મનમાંએ તે ઉપનુ કાહાર—ચેતો૦ ૨૬૮
એજી સઉ સઉને થાનકે બેશી રહેઆ, બાવદીને સંસો નહિ મટે લગાર,
તેતો અંતરે અદેખાઈ આણે ધણી, તેતો આપણા મજહબનું ઇસરાર.—ચેતો૦ ૨૬૯
એજી તેતો ત્રન યારને માને નહિ, તેતો અલી નબીનું પરીવાર,
તે દીનથી છેટા પડેઆ, જે દીન અલી નબીજીની વાર.—ચેતો૦ ૨૭૦
એજી તે માંહે અંધા ન જાણે એટલું, જે પંજતન સરીખા કેમ થાશે તન યાર,
જેને કુદરત માંએથી કીતાબ ઉતરેઆ, બીજું આવીઓ દુલ દુલને જુલફીકાર—ચેતો૦ ૨૭૧
એજી ચાદર અરશ માંએથી ઉતરી, તેણે ઢાંકીઆ પાંચેઇ પંજતન સાર,
હુરાંઉ અરશથી ઉતરીઉં, તેતો બીબી ફાતમાના ઘર માંજાર—ચેતો૦ ૨૭૨
એજી જાહેર કરામતું દેખાડતા, તેતો દીઠીયું કેટલીક વાર,
મુશરક તોએ માને નહિ, મોઢે કહે દીન અંતરે ન આણે ઇતબાર.—ચેતો૦ ૨૭૩
એજી પીર શમશ બેઠા મએતમાં, ત્યાં એક બાલક તેડે ધરીઓ પીઆર,
આવી કજા તેને એમ થઇ, તે પોહોતો સાહેબને દરબાર—ચેતો૦ ૨૭૪
એજી તેતો પુત્ર પાતશા તણો, તેતો રહેતા ઉંચ નગરી મીંજાર,
તારે પાતશાને સંશો ઉપનું, તેણે કીધો તે મનમાંહે વીચાર.—ચેતો૦ ૨૭૫
એજી આગે અમે એમ સાંભળીયું, જે માણસ મુઉં જીવાડે પએકાંબરનું પરીવાર,
તેણે તે મુઉં માણસ ધરમાં મેલી કરી, તેડાવીઆ કાજી મુફતી તેણીવાર.—ચેતો૦ ૨૭૬
એજી તે કાજી મુફતીને તેડી કરી, અને કહેયું એરે વિચાર,
અમે તમને રોજ ખવરાવતા, તમે અમ પાસે પડતા તે એલમ સાર.—ચેતો૦ ૨૭૭
એજી તે માંએ તમે એમ કેહેતા, જે મુઉં માણસ જીવાડે પએકાંબરનું પરીવાર
તે માટે હવે તેને એમ કરો, મુઉં માણસ પડીઓ છે અમારે દુવાર.—ચેતો૦ ૨૭૮
એજી તેને તમે જાઇ જીવતા કરો, નહીતો હું પીડીશ તમને ને તમારા પરીવાર,
તારે કાજી મુફતી અરજ કરે, પડો નાંખે તે નગર મીંજાર—ચેતો૦ ૨૭૯
એજી તારે પડો ફેરાવીઓ શેહેરમાં, તે કોઈ આવે પએકાંબરનું પરીવાર,
તારે શેહેર સગલો ભેળો થયો, કેણેથી નવ ઉઠીઓ એ બાલ.—ચેતો૦ ૨૮૦
એજી તારે માંહોમાંહે બેઠા વાતું કરે, તેને મને તે બહુરે જંજાલ,
આપણને પાતશા પીડશે, સઉની કાઢશે તે નખોદજ સાર,—ચેતો૦ ૨૮૧
એજી તારે સરવે શેહેરને સંસો પડીઓ, તે માંહે એકને તે ઉપનું વીચાર,
એક મરદ બેઠો છે મએતમાં, તેને તેડી લાવો પાતશાને દુઆર.—ચેતો૦ ૨૮૨

એજી તારે સરવે કચારી ઉઠી કરી, તે તો આવીઆ મએત મીંજાર,
સતગુર શમશ ત્યાં બેઠા હતા, તાસું કરેઓ તે સરવે વિચાર–ચેતો૦ ૨૮૩
એજી સતગુર આગળ સૌ વિનંતી કરે, પાતશા પીડશે અમને અમારાં પરીવાર,
તે માટે સાહેબ તમે કીરપા કરો, અને ઉઠાડો તે પાતશાનું બાલ–ચેતો૦ ૨૮૪
એજી સતગુર શમશ તારે પુછીઉં, આ શહેરમાંએ નહિ કોઇ પએકાંબરનું પરીવાર,
જેણેથી એ બાલક ઉઠે, જે છે પાતશાનું પરીવાર–ચેતો૦ ૨૮૫
એજી અમેરે ગુલામ નબી મહંમદ તણા, શીયો છે અમારો ભાર,
જે ઓલીઆ ઇસ નગર તણા, તેને પુછીને કરો તકરાર–ચેતો૦ ૨૮૬
એજી જેટલા હતા તેટલા બોલેઆ, સાહેબ અમે પુછીયું તે શહેર અપાર,
હવે માત તાત તમે થાઓ, તો ઉગરીએ અમે ને અમારાં પરીવાર,–ચેતો૦ ૨૮૭
એજી તારે મેહેર કરીને મુરશીદ ઉઠેઆ, તે તો આવીઆ પાતશાને દુઆર,
બાંહાં ગ્રહીને બાળક ઉઠાડીઓ, તે ઉઠાડીઉં તેણીજ વાર–ચેતો૦ ૨૮૮
એજી તેને ઉઠાંડીઓ પોતાને હુકમે કરી, નવ લીધો નામ સાહેબ કીરતાર,
તે બાલક ઉઠીઓ તારે ઉલખીઓ, તેને લઇ ચાલીઆ તેણીજ વાર–ચેતો૦ ૨૮૯
એજી તારે મુનાફકુંના મન દુલેઆ, ઇઆંતો આપે થયો કીરતાર,
એને માથે તાજીર આવીઓ, ટોલે ટોલાં મીલીને કરે છે વિચાર–ચેતો૦ ૨૯૦
એજી તારે પીર શમશ પાસે કોઇ જાય નહિ, પણ પુઠે તે કરે ગીબત અપાર,
ત્યાં બે ઇમાની જીવ દુલીઆ, તે માંએ કોએ નહિ પોહોતા પાર–ચેતો૦ ૨૯૧
એજી તારે સતગુરજી બાલકને તેડી કરી, અને ગએયા તે નગરથી બાહાર,
તેણે તે ખાધો પીધો કાંઈ નાહિ, માથે દાડો તે ચડે અપાર–ચેતો૦ ૨૯૨
એજી તારે સતગુરજી છાંયડે પોઢેઆ, ફુટી દીઠી સરાની પાર,
તારે માથેથી ખાલ ઉતારીઆ, પોતાને હાથે સું કીરતાર–ચેતો૦ ૨૯૩
એજી તે તો લહી દીધી બાલકને, અને પાછા આવીઆ તે નગર મીંજાર.
તે તો બાલક લઇને તેડને દીધી; તે દીધી ખાલ તેણીજ વાર–ચેતો૦ ૨૯૪
એજી આરે ખાલ :તમે લીઓ, તેને સતગુરે કહીઓ તેણીજ વાર;
આ બંદાને અમે ઉઠાડેઓ, તેની અમ સીર શરા આવી છે સાર–ચેતો૦ ૨૯૫
એજી તારે સઉના મન તે થર ન રહેઆ, તેણે તો નહિ ઓળખીઓ દાતાર;
તારે સતગુર શમશને ખુદીઆ વાપરી, તેતો ગયા કસાઇને દુઆર–ચેતો૦ ૨૯૬
એજી શેહેર સારે એમ ઢેરાવીયું, એને કોઈ ખાવા મ દેજ્યો લગાર;
એણે પોતાનું હુકમ ચલાવીયું, તે માથે આવીઓ છે શરાનું ભાર–ચેતો૦ ૨૯૭
એજી શરાનું ભાર તારે ઉતરે, જારે કાયાથી ચામડો ઉતારે સાર;
તાં સુધી તેને કોએ મ આપજ્યે, એવો ૫ડો ફેરાવીઓ શેહેર મીંજાર–ચેતો૦ ૨૯૮
એજી તે સતગુર શમશને માલુમ થઇ, તારે ગયા તે કસાઇને ધુઆર;
તારે પઇસા છોડી દીધા હાથમાં, અમને આપો તે તામ તઇયાર–ચેતો૦ ૨૯૯

એજી તારે કસાઇએ મનમાંહે વીચારીઓ, આને કેમ દઇએ સેદો સાર;
પડો ફરીઓ છે શેહેરમાં, એને કોઇ ખાવા મ દેજો લગાર—ચેતો૦ ૩૦૦
એજી તારે કસાઇને મનમાંહી ઝાંખો થીઓ, તે તો ઉભો કરે છે વિચાર;
કહો તો કાચો માંસ આપીએ, બીજું નહિ તામ તઇયાર—ચેતો૦ ૩૦૧
એજી તારે પીર શમશ હા કહી, કસાઇએ માંસ આપીઓ તેણી વાર;
તે તો લઇને આગેરા ચાલીઆ, ત્યાં કને માગીઆ દેવતા સાર.—ચેતો૦ ૩૦૨
એજી તાંતો ખુધીયા લાગી ઘણી, બાકી દાડો રહેઓ ઘડી ચાર,
તારે લઈ સુરજને સાદ કરીઓ, તે તો હાજર થઇઓ તેણીજ વાર.—ચેતો૦ ૩૦૩
એજી તારે સુરજ આવીને હાજર થયા, કહોને સાહેબ શું છે વિચાર,
હુકમ તમારા માંહે હાજર છઉં, તમે ફરમાવો તે કરૂં તઇયાર.—ચેતો૦ ૩૦૪
એજી તારે પીર શમશે ફરમાવીઓ, માંસ પકાવી કરો તઇયાર.
તો અમો બેઇ જણા આરોગીએ, અમને ખુધીયા લાગી અપાર.—ચેતો૦ ૩૦૫
એજી તારે માંસ લઇને નેજા ઉપર ધરીઓ, સતગુરે પકાવાનું કરીઓ આકાર,
તો સુરજ આવી ઉપર થઇઓ, તાંતો ખલકને થઇઓ છે આજાર.—ચેતો૦ ૩૦૬
એજી તારે આમ ખલકતો બલવા લાગી, અને નગર માંએ પડી પુકાર,
દીન કીઆમતનું આવી ઉભો રહીઓ, તેથી કેમ પામીએ પાર.—ચેતો૦ ૩૦૭
એજી તારે રાજા પરજા સરવે બળવા લાગા, પશુ પંખી તડફડે અપાર,
તોબા તોબા સઉ કોઇ કરે, કેનું જોર ન ચાલે લગાર.—ચેતો૦ ૩૦૮
એજી તારે કોઇ ત્યાં આવી નહિ સગે, થઇ પડીઓ સૌને જંજાર,
તારે સહુ સહુ વીમાસણમાં પડેઆ, આનું કોણુ છે કરનહાર.—ચેતો૦ ૩૦૯
એજી તારે માંસ પકાવી સુરજ ઉંચો ગયો, ત્યાં સતગુરે બાલકને પુછ્યો વિચાર,
કહોરે બેટા કયાં જાઇએ, તમે ભુખ્યા હશો અપાર.—ચેતો૦ ૩૧૦
એજી તારે બાલકે સતગુરને કહીયું, જે સાહેબ તમારો છે અખ્તેયાર,
અમને તો ખુધીયા કાંહી નથી, અમને તો આવીઓ એક વિચાર—ચેતો ૩૧૧
એજી સાહેબ તમે સુરજ મંગાવીઓ, તેણેથી માંસ પકાવીઓ સાર,
ત્યાં આમ ખલકત શહેરની, તેતો બલવા લાગી બહુ અપાર.—ચેતો૦ ૩૧૨
એજી એતો તમે કીલતાર થયા, તેનું ખલકતને નથી વિચાર,
એ અચરત માંએ અમે છઇએ, તમે સાહેબ કરામતના દાતાર.—ચેતો૦ ૩૧૩
એજી તાંતો ખલક આવી મીલી, તેનું તો કોઈ નહિ શુમાર,
ત્યાં કાજી મુફતી આવીઆ, આવીઆ ઉલીઆ અંબીઆ અપાર.—ચેતો૦ ૩૧૪
એજી ત્યાં સૌ કોઇ આવી પાયે પડે, તે સરવે નરને નાર,
તોબા તોબા સૌ કોઇ કરે, બીજો કાંઇ નહિ વિચાર—ચેતો૦ ૩૧૫
એજી ત્યાં રાજાને રાજાના હરમ આવીઆ, તેતો તોબા કરીઆ અપાર,
તે તો સતગુરને આવી પાગે પડીઆ, અને પુછે તે બાલકને વીચાર—ચેતો૦ ૩૧૬

એજી તે બાલકના માત તાત કહીએ, પણ બાળકનું પીરસું અતી પીઆર,
તેણે બાળકને બહુ વીધે પુછીયું, જે પીરે સુરજ મંગાવીએ તેનું કહો વિચાર—ચેતો૦ ૩૧૭

એજી તારે બાલક બેશી વાતું કહે, તમે સાંભલો વાત માત તાત સહુ સાર,
અમને આખો દીન વહી ગયો, તો એ કયાંથી ખાવાનું નાહ મલીઓ લગાર—ચેતો૦ ૩૧૮

એજી તારે સતગુરને અમે બે હતા, તે પાછા આવીઆ શહેર મીંજાર,
તે આવી અમે શહેરમાં પુછીઉં, તાં તો ખાવાની કોએ ન કરે હાકાર—ચેતો૦ ૩૧૯

એજી તારે તે પીરે કસાઇને કહેઆ, અમને તામતે આપો તઇયાર,
તેને પૈસા છોડી દીધા હાથમાં, તો પણ કસાઇએ કીધી નાકાર—ચેતો૦ ૩૨૦

એજી તારે કસાઇએ તે ત્યાં વીચારીયું, કાચો માંસ આલીઓ સવાશેર ભાર,
તે તો અમે લઇ ફીરીઆ ઘણો, તાં તો પકાવાનું નહિ કીઆં કાર—ચેતો૦ ૩૨૧

એજી તારે દીન સારો અમે ભુખેઆ રહીઆ, બાકી દાડો રહીઓ ઘડીઉ ચાર,
તારે સતગુરે સુરજને સાદ કરેઓ, તે તો હાજર થઇઓ તેણીજ વાર—ચેતો૦ ૩૨૨

એજી તે નેજા ઉપર સુરજ આવીઓ, તાંતો માંસ પાકી થયો તઇયાર,
તે માંસ પકાવીઓ સુરજ તાપે, એ સતગુર છે કરામતનું દાતાર—ચેતો૦ ૩૨૩

એજી એવી કરામત સતગુરે કરી, તો એ દુનીઆં ન માને લગાર,
મુઉં માણુસ સતગુરે ઉઠાડીઓ, કાગળની બેડીમાં બેશી ઉતરીઆ શાએરથી પાર—ચેતો૦ ૩૨૪

એજી પુસ્ત ઉતારી પોતાની, સતગુરે સુરજ મંગાવીઓ સાર,
એવીયું કરામતું સતગુરે કરીયું, તોએ અંધી દુનીઆ ન આણે એતબાર.—ચેતો૦ ૩૨૫

એજી જાહેર કરામતું કહું તો દુનીઆ છેડો, એ બાતુનનું નહિ આવે પાર,
કરામતું એનીઉં સરવે દીઠીયું, એથી કોઇ બીજો નહિ કીરતાર.—ચેતો૦ ૩૨૬

એજી માત તાત સરવે એ ગુરને પાય પડો, સરવે ઓળખી લીઓ નર ને નાર.
પાય પડી પડી એ ગુરને મનાવો, એ સતગુર છે સહુનું તારણહાર. ચેતો૦ ૩૨૭

એજી તારે રાજાના હરમ ઉઠેઆ, તે તો સતગુરને ચરણે પડીઆ તેણીજ વાર,
ઉઠી સાહેબ તમે કીરપા કરી, અને ચાલો અમારે દુઆર—ચેતો૦ ૩૨૮

એજી તારે સતગુર શમશ એમ બોલેઆ, તમે કોણ તે લોક સોંસાર,
અમારે તમારે તો નહિ બને, અમને બેસવું તે મસેત મીંજાર.—ચેતો૦ ૩૨૯

એજી તારે રાજા બાલકને કહીઉં, જે હતો પોતાનો પરીવાર,
તમે સતગુરને સમજાવી કરી, લઇ ચાલો તે આપણે દુઆર—ચેતો૦ ૩૩૦

એજી ત્યાં રાજા પ્રજા સૌ ઉભા, સૌ કોઇ ધ્રુજે તેણી વાર,
શેખ સઇયદ ત્યાં ઉભા ઘણા, અને ઉભો તે બાવદીનું પરીવાર.—ચેતો૦ ૩૩૧

એજી તારે બાવદી ઉભો મેડીએ, તે તો મનમાંએ કરે વિચાર.
એવો પુરૂષ કયાં દીઠો નહિ, અમે તે જોઇઓ સરવે સોંસાર.—ચેતો૦ ૩૩૨

એજી તારે બાવદી મેડીએથી ઉતર્યો, તે આવીઓ જ્યાં ઉભો હતો તે સર્વે સોંસાર,
ત્યાં ઉભો દીઠો સતગુર શમશને, જાઈ પાએ પડીઓ તેણી વાર.—ચેતો૦ ૩૩૩

એજી તારે સહુએ મીલી સતગુરને કહીયું, જે સાહેબ અમારી ભુલ છે અપાર,
હવે સરવે ગુનાહ બકશજો, સાહેબ તમથી ઉતરીએ પાર.—ચેતો૦ ૩૩૪

એજી તારે સતગુર શમશ એમ બોલેઆ, અમે આવીઆ એ નગર મીંજાર.
તે મુસાફર થઇ બએઠા મસ્જીતમાં, કેની છેડ ન કરતા લગાર.—ચેતો૦ ૩૩૫

એજી તારે મુઉં માણસ તમારા શહેરમાં, તેનું હતો તમ સીર ભાર,
અમારે આગળ આવી કરગરીઆ, જે અમે તમથી ઉતરીએ પાર—ચેતો૦ ૩૩૬

એજી તારે અમે તેને જાઈ ઉઠાડીઓ, તે હતો રાજાનું પરીવાર,
તારે તમારા મન દુલીઆં, તારે અમ સીર તાજીર આણીઓ તેણીજવાર.—ચેતો૦ ૩૩૭

એજી તારે અમે અમારી પુસ્ત ઉતારી ડીલની, તેતો દીડી સરવે સોંસાર,
તોએ પડો ફેરાવીઓ શહેરમાં, જે એને ખાવાનું મ દેજો લગાર.—ચેતો ૩૩૮

એજી તારે દીન સારો ભુખેયા રહેઆ, બાકી દાડો રહીઓ ઘડીયું ચાર.
તારે શેહેર સાજો અમે ફીરીઆ, તો પણ કને મેહેર ન આવી લગાર—ચેતો૦ ૩૩૯

એજી તારે કસાઇ હતો એક શહેરમાં, તેણે કાચો માંસ દીધો સવાશેર ભાર,
તેતો લહી ફીરીઆ શહેરમાં, તો કેણે દેવતા ન દીધો લગાર.—ચેતો૦ ૩૪૦

એજી તારે લહી સુરજને સાદ કરીઓ, તે આવીઓ તેણીજ વાર,
તેથી માંસ પકાવીઓ, હવે જાએશું તે મસ્જીત મીંજાર.—ચેતો૦ ૩૪૧

એજી તારે તે રાજા બોલેઆ, જે હતો ઉંચનું સરદાર,
હવે સતગુરજી અમને ધરમ દીઓ, તો છુટીએં સરવે જંજાર.—ચેતો૦ ૩૪૨

એજી તમે સતગુરને અમે સેવક સદાએ, તમે કીરપા કરો સતગુરજી દાતાર.
તમે માત તાત થઇને બકશજો, અમારા ગુનાહ તણા નહિ કોઈ પાર.—ચેતો૦ ૩૪૩

એજી અમે ગુનેગાર બહુ બંદા, તેની સાહેબ તમે કરો સંભાર,
ભલે આવીઆ અમારા દેશમાં, અમે તમથી ઉતરીએં પાર—ચેતો૦ ૩૪૪

એજી હવે સતગુરજી અમને ધરમ દીઓ, અને ચાલો તે અમારે દુઆર
કીરપા કરીને પધારજો, તમે રીશ મ ધરજો લગાર—ચેતો૦ ૩૪૫

એજી તારે સતગુર શમશ એમ બોલેઆ, તમે અમારો ધરમ લેશો સાર,
તે કઠણ ધરમ છે અમતણો, તેની પરેજનું નહિ કોએ પાર—ચેતો૦ ૩૪૬

એજી તારે રાજા સરવે કબુલીઆ, જે કાંઈ ફરમાવીઓ સતગુરજી દાતાર.
અમેરે બાના સતગુરજી તમ તણા, તેનું કાંઇ મ ધરશો વીચાર—ચેતો૦ ૩૪૭

એજી તારે સતગુરજીએ કીરપા કરી, અને પધારેઆ તે રાજાને દુવાર,
ત્યાં જાઇ સતગુરજી આરામસું, ભોજન જમીઆ સાર—ચેતો૦ ૩૪૮

એજી ત્યાં સતગુરજી પોઢેઆ, તે રાજા તણો દુઆર,

ત્યાં ચંદર સુરજ આવીઆ હુજુરમાં, તે આવી અરજ કરે અપાર—ચેતો૦ ૩૪૯

એજી સતગુરજી અમને ફરમાવજો, અમે છઇએ ખીજમતદાર,
અમે તમારા બંદા કહીએ, તમે સતગુર છો બક્ષણહાર—ચેતો૦ ૩૫૦

એજી તે તુરતું તેજ અરશે ગએયું, તે દીઠો રાજા રાણી સાર,
તારે તેને મનમાંહે જાણીઉં, એ સાહેબ છે સીરજણહાર—ચેતો૦ ૩૫૧

એજી મધરાતનું સમે હતો, તારે સતગુરે એવો તે કીધો ઇસરાર,
ચંદ્ર સુરજ ઉભા હજુરમાં, વેદની વાણી ચલાવી તેણીજ વાર—ચેતો૦ ૩૫૨

એજી ત્યો ચંદ્ર સુરજ ઉભા સાંભળે, સતગુરની વાણી તે મીઠી સાર,
સાંભળીને રાજી થઇઆ, તાંતો સુરજ ઉગીયાનો સમો થઇઓ સાર—ચેતો૦ ૩૫૩

એજી જારે સુરજ ઉગીયાનો સમો થયો, તારે સુરજે સતગુરને કહીઓ વીચાર,
હુકુમ કરો સતગુરજી તો અમે જાઇએ, હવે તે રેહણી તે નથી લગાર—ચેતો૦ ૩૫૪

એજી તારે સતગુરના હુકમે ચંદ્ર સુરજ ચાલીઆ, તેતો પોતા સૌસૌને થાનકે સાર,
તારે સતગુરે વેદની વાણી ચલાવેઆ, તે માંહે મોહયા તે સરવે સોંસાર—ચેતો૦ ૩૫૫

એજી તારે રાજા રાણીએ ધરમ લીધો, સતગુરે પાવલ કાઢી પાઈ તેણીજવાર,
તેને સતગુરે સતપંથ દેખાડીઓ, જે પંથ સરવે પંથમાંથી ઉતમજ સાર—ચેતો૦ ૩૫૬

એજી ત્યાં રાજા પ્રજા સઉ કોઇ નમીઆ, સઉ રાખે સતગુરસું પીઆર,
ત્યાં પરબોધ પીરે ચલાવીઓ, મુરીદ કીધા તે ઉંચ મીંજાર—ચેતો૦ ૩૫૭

એજી ત્યાં સતપંથ ગુપત દેખાડીઓ, અને વતાવીઓ તે ધરમ આચાર,
રાજા રાણી આવીઆ ધરમમાં, અને એક તેનું પુત્રજ સાર—ચેતો૦ ૩૫૮

એજી જેને સતગુરે જીવાડીઓ, મુઓ જીવાડીઓ તે સતગુર વર દાતાર,
એ ત્રણ જણાને ધરમ આલીઓ, બીજે બોલીઓ તે સરવે સોંસાર—ચેતો૦ ૩૫૯

એજી તેને સતગુરે વાણી કહી, મુરીદ કીધા મુલક ઉંચ મીંજાર
સતગુરના ફરમાને જો ચાલશો, તો આગલ પામશો મોખ દીદાર.—ચેતો૦ ૩૬૦

એજી સતગુરના વાયકે તે સુધા ચાલજો, દેજો સતગુર મુખે દસોંદનું આહાર,
ચાલીઓ તે પીર મુખે આપજો, અને કરજો તે સુકરીત અપાર.—ચેતો૦ ૩૬૧

એજી ખરા દસોંદી સુકરીતવંતા તે તો આવશે અમારે દુઆર,
આખરની વેલા જારે આવશે, તારે તે ઉતરશે પેહેલે પાર.—ચેતો૦ ૩૭૨

એજી તેને હાજરજોમું દેખાડીઓ, શાહા કાસમનું અવતાર,
એને તે અલ્લાહ કરીને માનજો, તેમાં શક મ આણજો લગાર.—ચેતો૦ ૩૬૩

એજી એને જે જીવ ઓછુ કરી માનશે, તે નહિ સતપંથી તે પાખંડી સાર,
જેના પરથમના પુન સાચા નહિ, તે જીવ નહિ ઓળખશે હાજરજોમું પાત્ર અવતાર.—ચેતો. ૩૬૪

એજી અલખનીરીંજન એ નરજી કહીએ, તેની કલાનું નહિ કોએ પાર,
આદ ઉણીઆદથી એ નરજી કહીએ, તેની ખેલ રમતસે જુગાજુગ સાર.—ચેતો૦ ૩૬૫

એજી એ ઘર જે ધરમજ આલશે, તેને આવા ગમણ નહિ રે સોંસાર.
આ કલજુગ સંધે જે થર રહેશે, તે જીવ પામે મોખ્ય મુગત દીદાર.—ચેતો૦ ૩૬૬
એજી કલજુગ સંધ કઠણ જારે આવશે, ત્યારે વ્યાપશે તે કુડકપટ નીંદાનું વેવાર,
વાહરે ઉદંગ તારે વાએશે, તેથી રખીશરોના જરશે કીપાર.—ચેતો૦ ૩૬૭
એજી તારે ધરમી તે અધરમી થાએશે, તેને મેહેર નહિ આવશે લગાર,
તેને કરી દુનિઆ સરવે દુલશે, તેનું રકીસર માથે રેહેશે ભાર.—ચેતો૦ ૩૬૮
એજી જારે ધરમી તે અધરમી થાશે, તારે સહુને દીસે તે વાપશે કાહાર,
તેણેથી સંસાર વીણસશે, તે માંએથી કોઇ ન પામે પાર.—ચેતો૦ ૩૬૯
એજી તે સોંસાર વીણસશે, સતગુર વિન્યા, તેને ધરમ મારગ નહિ સુજે લગાર,
તે અવતાર પાત્રનો ઘર ભુલીઆ, તેનું ત્રન વેદસુ છે. વેવાર.—ચેતો૦ ૩૭૦
એજી તેતો ત્રન વેદ ત્રન જુગમાંએ હતા, હવે આવી ચોથા કલજુગની વાર,
તેનું સતગુરે કહીયું રકીસરને, તે કહેઓ તે સરવે વીચાર—ચેતો૦ ૩૭૧
એજી તેમાં એ જાણ જે અજાણ થાએશે, તે સીર રહેશે સહુનું ભાર.
તે રકીશરોને પાપે પીરોથમી પીડાએશે, જે જાણતાં કરશે વીક્રમ આચાર—ચેતો૦ ૩૭૨
એજી જે ધરમ કરતા ઝઘડો માંડશે, અને ચાલશે તે આપણા મનને વિચાર,
તે ઘર દયા નહિ ઉપજે, તે જાએશે નરગ દુઆર—ચેતો૦ ૩૭૩
એજી સતગુર મુખે દેતાં ધીર નહિ, પાખંડે રાખશે તે પુરો વેવાર.
તેને ગુરનર પોતાનું નહિ કરે, ભક પડીઓ તેનું અવતાર.—ચેતો ૩૭૪
એજી સુપાત્રે દાન દેતાં ઓછું આણશે, અને બીજે પાખંડે રાખશે વેવાર.
તેને શ્રી સતગુરજી પોતાનો નહિ કરે, તેતો જાએશે નરગ દુઆર—ચેતો૦ ૩૭૫
એજી તે સુપાત્રે દાન દેતાં ઓછું આણશે, અને ચારે ચરબટે તે રેહેશે હુશીઆર,
પણ સતપંથ વિન્યા ધરમ છે જેટલા, તેતો સરવે મીથ્યા સાર—ચેતો૦ ૩૭૬
એજી જેણે સતગુરે ધરમ દેઇને સાહેબ દેખાડીઆ પરગટ હાજર જેસું પાત્ર અવતાર.
બીજા સોંસારથી ગુપતજ રહીઓ, એક સતગુર મુખે રાખીઓ વિચાર.—ચેતો૦ ૩૭૭
એજી તેણે સતગુરે રકીશરને સંભળાવીઓ, જાહેર દેખાડીઓ નરકલંકીનું અવતાર
એ નર દેખી જે જીવ ભુલશે, તેનુ ઠામ નહિ ઉરાર ન પાર—ચેતો૦ ૩૭૮
એજી એવી વાણી સતગુરે કહી, તેનું મોમન ભાઈ તમે રાખજો વિચાર,
આ સંસારની માયા છે મીઠડી તેણેથી મન થર નહિ રહેશે લગાર.—ચેતો૦ ૩૭૯
એજી તે માંએ જે જીવ ચેતશે, અને મેલશે મોહો માયાનું જંજાલ,
જે ખરા દસોંદી સુકરીત વંતા, તે હાજર જેસું સહી કરી માનશે નીરધાર.—ચેતો૦ ૩૮૦
એજી તે જીવ અમધર આવશે, તેને કલજુગ નહિ છુપશે લગાર,
આ અન પુત્ર માયા સરવે કારમી, તેને જાતાં ન લાગે વાર.—ચેતો૦
એજી એવી વાણી સતગુરે કહી, મુરીદ કીધા મુલક ઉંચ મીંઝાર,
સતપંથ ગુરે ગુપત ચલાવીઓ, તેનું રકીસરોને કહેઓ સરવે વીચાર—ચેતો૦ ૩૮૧

એજી તે સતગુર શમશના પીર નસીરદીન ઉપના, તેતો સતગુર શમશના પરીવાર,
તેણે સતગુરે બહુ જીવ બોધેઆ, તે તો વસે છે ઉંચ મીંજાર—ચેતો૦ ૩૮૨
એજી પીર નસીરદીન તે નુર નબી મહંમદ તણા, તેનું પીર સાહેબ દીન પરીવાર,
આલ અલી નબીજીની તે કહીએ, આદ ઉણીઆદેથી ચાલીઓ એ પરીવાર—ચેતો૦ ૩૮૩
એજી પીર સાહેબદીનના નુરમાંએથી સીરજીઆ, સતગુર પીર સદરદીન કરોડ બારના તારણહાર,
તેતો શ્રી ઇસલામશાહા પાસેથી બકશાવેઆ, તેતો પામેઆ મોખ મુગત દીદાર—ચેતો૦ ૩૮૪
એજી પીર સદરદીન એ નરની સેવા કરી, અને જાણીઓ ચેહ નકળંકીનું અવતાર,
જુગાજુગ એ નરની સેવામાંએ રહેઆ, ઉળખીઓ અવતારે અવતાર—ચેતો૦ ૩૮૫
એજી સતગુરએ પોતે પીઆર કીધો પીરેમનું, અને સરેવા તે કીધી શામજીની સાર,
તારે નર શ્રી ઇસલામ શાહા નવાજેઆ, ને નુરા તે વર દાતાર—ચેતો૦ ૩૮૬
એજી ચોરાએશી આસણે પીરે તપ સાધીઆ, અને શામીજી ઉપરે ધરી અતી પીઆર,
આસણે આસણે તપ સાધીઓ, અને ગીરીયા કીધી તે બહુ અપાર—ચેતો૦ ૩૮૭
એજી છત્રીશ જુગને ચોરાએશી ચોકડીરું, સતગુરે તપ સાવેઆ સાર,
ત્યાં અનેક અનેક તપ આદરેઆ, તેનું કાંએ ન થાએ વીસ્તાર—ચેતો૦ ૩૮૮
એજી આઠ લાખ કરણ આગે તપશા કરી, ચાર કલપ ચાર જુગજ સાર,
તે તો અલી રૂપે નર નકલંકી ઓળખીઓ, તેતો સતગુર ભરમાં નબી મહમદનું અવતાર—ચેતો૦ ૩૮૯
એજી ખેલ રમત એની આદ ઉણઆદથી ત્યાં થકી સીરજ્યો સરવે સોંસાર,
આદ નીરીજન તે નર અલી કહીએ, તે નબી મોહ મદે ઓળખીયો પોતાનું ભરથાર—ચેતો૦ ૩૯૦
એજી નામે દામે એ નર અલી કહીએ, પંથાપંથમાંએ એની સરેવા થાય છે સાર,
જેટલા વરણ છે આ સોંસારમાં, તે સરવે નામ અલીનું જપે છે નીરધાર.—ચેતો૦ ૩૯૧
એજી તે વરણાવરણમાંએ ઠેરાવીયું, અલી પોતાનું નામ કીરતાર
આ જમી આસમાન તેથી થર રહેઆ, તેના નામથી સરવે સોંસાર.—ચેતો૦ ૩૯૨
એજી તે રૂપ શ્રી ઈસલામશાહનું કહીએ, અને નબી મહમ્મદ તે સતગુર પીર સદરદીન સાર,
જુગાજુગ એ નરની સેવામાંએ રહેઆ, તે સદગુર સત ભરમાનું અવતાર.—ચેતો૦ ૩૯૩
એજી તેહેરે વર અમે પામેઆ, તે શ્રી એસલામશાહા દાતાર,
અમે તે અમારો વર ઓળખીઓ, મુનીવરો તમને કહું છું પુકાર.—ચેતો૦ ૩૯૪
એજી એ નર શ્રી ઇસલામશાહા અમે ઓળખીઓ, તારે ફરમાન આવેઓ સતગુરજીનો સાર,
તારે છત્રીસ કરોડની મયા કરી, તમે પરબોધ કરો તે દુનીઆ મીંજાર.—ચેતો૦ ૩૯૫
એજી તારે ફરમાન લઇને સતગુરજી ચાલીઆ, તેણે વાણી કીધી ઇસ જુગ મીંજાર,
તે તો ફરમાની બંદા શ્રી એસલામશાહ તણા, તેણે છત્રીશ કરોડ બોધઆ દુનિયા મીંજાર—ચેતો. ૩૯૬
એજી ત્યાં નીઅમ ધરમ સહુને આલીઓ, જેટલા આવી મળેઆ નરને નાર,
તેને તે સતગુર એ વતાવીઓ, ભાઇ કરજો તે હક કમાઈ સાર.—ચેતો૦ ૩૯૭
એજી જુઠ નીંદા કેની મ કરશો, જેણેથી પડીએ દોએલે પાર,
મતી જીવ તમે સતે ચાલજો, તો તમે ઉતરશો પેહેલે પાર.—ચેતો૦ ૩૯૮

એજી જે સતગુરનું તમો ધરમ લીધો, તે સતગુરના વાણીનું કરજો વિચાર,
તે સતગુરને અમે એક છઇએ, આપણા સહુનું શામીજી છે સીરજણહાર.—ચેતો૦ ૩૯૯

એજી જે નરની સેવા અમે તમને વતાવી, જે છે અમારો તમારો સીરજણહાર,
તે નર નકલંકી શ્રી એસલામશાહા, તેનું થાનક છે એરાક ખંડ મીંજાર.—ચેતો૦ ૪૦૦

એજી એરે આસણુ નરજી તણાં, અને સતગુરજી બેઠા તે જંપુ દીપ માંજાર,
તેને ફરમાને ચાલજો મોમનો, હક કમાઇ કરજો સાર —ચેતો૦ ૪૦૧

એજી હવે સઉને થાનકે પરવરો, જાઇ તે કરજો ઉધમ આચાર,
તે માંએથી કાઢજો મુનીવરો, નરની પાંતી તે પુરે વિચાર—ચેતો૦ ૪૦૨

એજી તમે ધરમ દેજો હેતસું, તે માંએ ખંડત મ કરશો લગાર,
ખાટી કરીને તે માંએથી આલજો, આપણા સતગુર મુખે દસોંદનું આહાર—ચેતો૦ ૪૦૩

એજી દસોંદ આપણા નરશ્રી ઇસલામશાહને આપજો, જે છે આજ કલજુગ સંધે,
નર નકલંકીનું અવતાર,
ત્યાં ચાલીઓ સતગુર ભરમાજીનું આપજો, અને કરજો તે સુકરીત અપાર—ચેતો૦ ૪૦૪

એજી મલજો નીતાનીત ગતમાંએ, અને ગત મુખી સાથે કરજો વીચાર,
તો પાપ તમારાં સરવે જાએશે, દીનનાં ધંધાનું મટસે સરવે જંજાર—ચેતો૦ ૪૦૫

એજી ગત મુખી સાથે દુઆ કરાવીએ, કોદી દમડી પુજાની દઇએ સાર,
બીજો ધરમ તો દસોંદ છે, તે ધંધામાંએથી આલીએ પાંતી પુરે વીચાર—ચેતો૦ ૪૦૬

એજી નીતો નીત ગુરની ગતમાંએ જઇએ, કરીએ તે એવો ધરમ આચાર,
હાલ વાએકે આલીએ મુનીવરો, આપણા સતગુર મુખે પુરે વેવાર—ચેતો૦ ૪૦૭

એજી એવો પરબોધ પીરે ચલાવીઓ, અને નીમેયા તે છત્રીશ કરોડ સાર,
તેરે નર શ્રી ઇસલામશાહાને ભેટીઆ, તે છત્રીશ માંએથી પાકચું કરોડ બાર—ચેતો૦ ૪૦૮

એજી તે બાર કરોડ ધરમી પુરા થએયા, તેણે તો ઓળખીયો પોતાનું ભરથાર,
દસોંદ સુકરીતે પુરા હતા, તે તો પામેઆ મોખ મુગત દીદાર—ચેતો૦ ૪૦૯

એજી ત્યાં ચોવીશે કરોડ ચીત ડુલાવીયું, નહિ રાખીઓ શ્રી સુતગુરસું વેવાર
બાર કરોડથી તે જુઆ પડીઆ, તેતો ચાલીઆ ચોવીશ કરોડ ઘોર અંધાર—ચેતો૦ ૪૧૦

એજી દસોંદ કારણે જીવ ડુલાવેઆ, માયાસું રાખીઓ અંતી પીઆર,
તેણેથી કીરીયામાંએ ભંગ પડીઆ, હાજર જોમું નવ ઓળખીઓ નીરધાર.—ચેતો૦ ૪૧૧

એજી દસોંદ ખંડત નવ કીજીએ, જે આદ ઉણીઆદથી ચાલીઓ ધરમઆચાર,
તેમાં દસોંદ સતગુર મુખે આલીએ, તેમાંએ શંક ન આણીએ લગાર.—ચેતો૦ ૪૧૨

એજી દસોંદ ખંઢત નવ કીજીએ, જે થકી આપણા જીવને પડશે જંજાર,
ચોવીશ કરોડે જીવ ડુલાવીઓ, તેણે કાંઈ નવ રાખીઓ વીચાર.—ચેતો૦ ૪૧૩

એજી તે તો સતગુરના વાએકે નવ ચાલેઆ, તારે દાનપુન તીરથનું ફલ નવ થયો લગાર,
તે માટે તમને કહું છું રકીસરો, જે સતગુરની વાણીનું કરજો વિચાર.—ચેતો૦ ૪૧૪

એજી જેણે જીવે આ જુગમાંએ નહિ ચેતેઆ, તેણે પોતાના જીવને પાડીઓ જંજાર,
જારે સતગુરના શરણેથી ચુકેઆ, તારે ચોવીશ કરોડ ચાલેઆ ઘોર અંધાર.—ચેતો૦ ૪૧૫
એજી તેણે આપણા સતગુરને લજાવેઆ, અને પોતે ગએયા તે ઘોર અંધાર,
તેતો તેત્રીસ કરોડમાંએથી જુઆ પડેઆ, તેણે નહિઓળખીઓહાજરજોમુંપાત્રઅવતાર.—ચેતો. ૪૧૬
એજી પરથમ પીરે ચલત્ર કહેઆ, તારે તેએના મન થર નહિ રહેઆ લગાર,
હુકમ હુઆ નુરશ્રી એસલામશાહા તણા,છત્રીશમાંએથી અમ ધર આવશે કરોડ બાર.—ચેતો. ૪૧૭
એજી તે માંઢીઓ અસલ તેઓના અંગમાં, જેટલો હુકમ કીધો કીરતાર,
જે માંઢીઆમાં પાછો વરે નહિ, તેમાં કેનું ન ચાલે લગાર.—ચેતો૦ ૪૧૮
એજી તેણેથી તે જીવ સરવે દુલેઆ, તેણે નવ ઓળખીઓ પોતાનું ભરથાર,
તેની નાવ ભાંગી સાહેર વચ્ચે, તેનું કોએ ન આવે પાર.—ચેતો૦ ૪૧૯
એજી સોંસાર સમુદ્ર માહા ઉંડો જાણજો, તેમાં લોભ લાલચનું પાણી ભરેઓ અપાર,
તે જલમાં જે જીવ ખુડશે, તેની નાવ નહિ થાંએશે ઉરાર ન પાર.—ચેતો૦ ૪૨૦
એજી તેની નાવ ડુબાવી નાખુદે, જેણે ગુર થઇને લીધો છે આહાર,
તે ખેવણહારો ખોટા થએઓ, તેના ભુંડા ભોંરેઆ અપાર.—ચેતો૦ ૪૨૧
એજી ત્યાં નીચો જોઇઓ નાખુદે, ભોરેઆનું મન થીર નહિ રહેઓરે લગાર,
તેણે નાવ ભાંગી તે નીસ્ત લોકાની, તેણે તે કાંઈ નવ રાખીઓ વિચાર—ચેતો૦ ૪૨૨
એજી તે સતગુરની શીખે નવ ચાલેઆ, તેણે તે રાખીઓ ખોટા ખેવણહાર.
તે માંએ માલમ મુરખ બેસાડીઓ, તે માંએ ભરીઓ તે અનહદ ભાર.—ચેતો૦ ૪૨૩
એજી તેની ખોટી નાવ અસતની, તે માંહે અસતી લોક બેસણહાર,
જુઠા ગુર તેના દાન લીએ, તેતો સરવે નહિ પામે પાર.—ચેતો૦ ૪૨૪
એજી સઢ તે અસતની નાવનું, માંએ કુબુદ્ધિનું વાહા વાએછે અપાર,
તેણેથી તે નાવ ડુબી ગઇ, સતગુર કહે તે ગયા ઘોર અંધાર.—ચેતો૦ ૪૨૫
એજી તે સતગુરના વાએકેથી ઓતડેઆ, તારે તે નાવ ડુબાઇ ગેમાર.
હાજર જોમાનું ફળ તેણે ગુમાવીયું, તે ચાલીઆ ચોવીશ કરોડ ઘોર અંધાર—ચેતો૦ ૪૨૬
એજી તેણે દસોંદ દેતાં જીવ ડુલાવીયું, અને માયાના મોહો માંએ ભુલા ગેમાર.
જુઠા ગુરને તે જાઈ મીલીઆ, જેને પોતાની પુંઠ ન સુજે લગાર.—ચેતો૦ ૪૨૭
એજી તે ગુર અવરાને કેમ તારશે, જેનું આ જુગ માંએ ભુતખાનું અવતાર.
તેણેથી દુનીઆ ગફલતે મોહી રહી, તે માંએથી કોએ ન ઉતરશે પાર.—ચેતો૦ ૪૨૮
એજી સતપંથ વીનેઆ ધરમ છે જેટલા, તેતો સરવે મીથેઆ સાર.
તેતો સરગ ભોગવીને હેઠે ઉતરશે, અને નહિ જાશે તે અમરાપુરી મીંજાર—ચેતો૦ ૪૨૯
એજી બાર કરોડ પુરા ગુર મુખે, તેતો મુનીવર જાઇ પોતા પેહેલે પાર.
તે હાલ વાહેકે દસોંદી પુરા, તેણે દીધો સતગુર મુખે દસોંદનું આહાર.—ચેતો૦ ૪૩૦
એજી તેણે તો સતગુર મુખમાંએ વાવીયું, અને ઓળખીયો તે હાજર જોમું પાત્ર અવતાર
હાજર જોમાંનું ફલ તેને સુફલ થએયો, તેણે બીજે કીયાં નવ રાખીઓ વેવાર—ચેતો૦ ૪૩૧

એજી તેતો સતપંથની શીખે ચાલીઆ, સતગુર પીર સદરદીન ઉપરે રાખીએ અંતી પીયાર
તેતો સતગુરના પ્રતાપે ઉધરીઆ, તેને મટીઆ તે લખ ચોરાશીના અવતાર—ચેતો૦ ૪૩૨
એજી સાચી નાવ છે સતગુર તણી, તેમાં ખુબ છે ખેવણુહાર.
તેમાં નાખુદો નર શ્રી ઇસિલામશાહા, તેમાં સલામતી પીર સદરદીન સાર—ચેતો૦ ૪૩૩
એજી શીદ્દતો સતગુરના નાવનું, ખુઓ પરમાણ રાખેઆ ધરમજ સાર.
નંગર નારૂં એના નામનીઉં, માંએ ગ્નાન ગોરા ચડાવેઆ ભાર—ચેતો૦ ૪૩૪
એજી સતગુરજી શડ પુરીને ચાલેઆ, તારે વીશાલનું વાહા વાએયો સાર.
માલમ ભેરીઆ તે આલ અલી નબીજીની, જે આદ ઉણીઆદથી ચાલીઓ એ પરીવાર—ચેતો ૪૩૫
એજી આદ બ્રહ્મા તે પીર સદરદીન, જેણે બાર કરોડ તારીઉં પેહેલે પાર,
તે નર શ્રી ઇસિલાંમશાહાના નામેથી ઉધરેઆ, તેમાં પીર સદરદીન ખેવણુહાર—ચેતો૦ ૪૩૬
એજી તે નાવ ઉતારી નર શ્રી ઇસિલામશાહા, કલજુગ સંધે નર નકલંકનું અવતાર
તેણે બાર કરોડ જીવ ઉધારેઆ, સુખી પીર સદરદીન સાથે પોતા પેહેલે પાર—ચેતો૦ ૪૩૭
એજી પીર સદરદીનનાં નુર માંએથી ઉપના, પીર હસન કબીરદીનના અવતાર.
તેણે સેવા કીધી સાચા શામી તણી, નારી થઇને ઓળખીઓ પોતાનું ભરથાર—ચેતો૦ ૪૩૮
એજી તે નારી થઇને નરને ઓળખીઓ, અને બીજો કાંહી નવ રાખેઓ વીચાર.
કસણી કીધી એના નામની, તારે પામેઆ તે એવા ભરથાર.—ચેતો૦ ૪૩૯
એજી તારે નર શ્રી ઇસલામશાહા નીવાજેયા, તે શામીએ સેવા તે દીઠી સાર,
તારે હેત ધરીઓ પીર હસન કબીરદીન ઉપરે, શામીજીએ કીધી તે મેહેર અપાર.—ચેતો. ૪૪૦
એજી તે મેહેર કીધી શામી રાજે, સતગુરને સેવક જાણીને કીધી સંભાર,
તારે સતગુરે એવા તપ સાધીઆ, જેથી પરશન થએયા દેવ મોરાર.—ચેતો૦ ૪૪૧
એજી તારે સેવા દીઠી શામી રાજે, ગુરની કીધી જુગાજુગ સંભાર,
તે ગુર આદ ઉણેઆદથી શામીજીના વચને રહેઆ, તારે સતગુરને આપીઓ માન અપાર.—ચે. ૪૪૨
એજી આદ ઉણીઆદેથી ગુરે તપ કરેઆ, તેના તપનું નહિ આવે પાર,
જુગાજુગ વેનતી કીધી ઘણી, અને ઓળખીઓ તે પાત્ર અવતાર.—ચેતો૦ ૪૪૩
એજી આદ ઉણીયાદેથી સહુ ભેળા હતા, બીરમા વિષ્નુ મએશર સાર,
એ ત્રન સુરેત એક છે, તે માંહે વિષ્નુ તે સીરજણહાર.—ચેતો૦ ૪૪૪
એજી સેવાને કારણે સીરજીઆ, ભરમા મએશર અવતાર,
તેને પોતાના નુર માંહેથી નીપાવેઆ, અને મુકેઆ તે દુનીઆ મીંજાર.—ચેતો૦ ૪૪૫
એજી તમે જાઓ ભીરમાજી જુગમાંએ વાણી કરો, અને ઓળખાવો તે અમારો અવતાર,
એમ કરતાં વહી ગયા, અનંત કલપ અનંત કલપ સાર.—ચેતો૦ ૪૪૬
એજી તે સતગુર આ જુગ સંધે અવતરેઆ, તે સતગુર નબી મહંમદનું અવતાર,
તે અવતારે સહી સતગુર જાણીએ, પીર હસનશાહા પીર સદરદીનના પરીવાર.—ચેતો૦ ૪૪૭
એજી એણે સતગુરે આગે અનેક જીવ ઉગારેઆ, તે જીવ સતગુરની સેવાએ, રહેઆ નિરધાર,
તેણે જીવેં સતગુરને તે સહી કહી માનીઓ, અને ઓળખીઓ પાત્ર અવતાર.—ચેતો૦ ૪૪૮

એજી તે અવતાર પાત્રં આ જુગ સંધે આવેઆ, તે બેઠા છે મીલછા મીંજાર,
અલીજીનું અવતાર તે કહીએ, તે માંહે શંક મ આણુશો લગાર.–ચેતો૦ ૪૪૯

એજી અલીને તે અલ્લાહ કરી માનીએ, સતગુરે સેવા કીધી તે જુગાજુગ સાર,
તારે નરશ્રી ઇસલામશાહા નીવાજેઆ, જે બેઠા છે કહેક નગરી મીંજાર.–ચેતો૦ ૪૫૦

એજી તેણે મયા કરીને બોલાવીઆ, સતગુરને પોતાના જાણીને કીધી સંભાર,
તારે સતગુર બીરમા હસનશાહા, તે બેઠા હતા મુલક ઉંચ મીંજાર.–ચેતો૦ ૪૫૧

એજી તારે સતગુર હસનશાહા શામીજીને ઓળખેઆ, નરશ્રી ઇસલામશાહા સરીખો ભરથાર,
તેણે સતગુરે તેમ તેમ તપ અદકા કરેઆ, તારે શામીજીએ ધરેઆ અતી પીઆર.–ચેતો. ૪૫૨

એજી ઉંચથી સતગુર હસનશાહા ચાલેઆ, શાહાની દરગાહે ના રાખીઓ વિચાર,
હવે તે નર નકલંકીને ભેટીએ, જ્યાંથી ટલે તે જીવુંને જંજાર.–ચેતો૦ ૪૫૩

એજી ત્યાં મારગ માંએ સતગુરજી આવીઆ, ત્યાં મનમાંએ તે ઉપતું એ વિચાર,
મારા શામીને કાજે શું લઇ ચાલીએ, કંઈક તોફો જોઇએ સંભાર.–ચેતો૦ ૪૫૪

એજી તારે સતગુર હસનશાહા પડેઆ વિચારમાં, આ શી રીતે રીઝે અમારો ભરથાર,
હવે કાંઈક તોફો બનાવીએ, મારા શામી રાજાને કાજે સંભાર.–ચેતો૦ ૪૫૫

એજી તાંતો આકડા દીઠા મારગમાંએ ઘણા, તે માંએથી ડેડા તોડેઆ તેણીજ વાર,
તે માંએથી રૂઇ નીકાલી, તે તો કાઢીને કીધી તયાર.–ચેતો૦ ૪૫૬

એજી મારગ ચાલતાં તેતો કાંતેઓ, અને જીણું કાંતીઉં તે સુતર અપાર.,
તેનું તે તોફો બનાવીઓ, પીરે પાઘઢી તે કીધી તયાર.–ચેતો૦ ૪૫૭

એજી તેતો પાઘડી પીરે પોતાને હાથે કરી, તેનું પાંચસો ગજ વીસ્તાર
તે ગજ ગજ ઉપર શફાએત લખી, સતગુરે અરજ વેનતી તે કરી અપાર.–ચેતો૦ ૪૫૮

એજી તે પાઘઢી સતગુરે તયાર કરી, તે નવ છુગા બાંધીને પીરે કીધા તયાર,
તે છુગા છુગા માંએ અરજ વેનતી લખી, તે વેનતીનું નહીં આવે પાર–ચેતો૦ ૪૫૯

એજી ત્યાં અરજ વેનતી પીરે ઘણી કીધી, નારી થઈને દેખાડીઓ પોતાનું આકાર.
માતમ નવ રાખીઓ મોટપતણો, જેણેથી વાધે મનનું અહુંકાર–ચેતો૦ ૪૬૦

જી નારી થઇને શ્રી ઇસલામશાહાને જીતેઆ, સતગુર ભરમા પીર હસન કબીરદીન સાર.
તેણેથી શામીજીએ કીરપા કીધી, અને તેડાવીઓ પોતાને દુવાર.–ચેતો૦ ૪૬૧

એજી તે સતગુર હસનશાહા શામીને દરગે જાઈ પોતા, ત્યાં નુર દીઠો નકલંકનું તેણીજવાર.
તારે નુરેનુર સમાઇ રહેઆ, સતગુરે તે ઓળખીઓ પોતાનું ભરથાર–ચેતો૦ ૪૬૨

એજી તારે શામીજીએ સત ભરમા કહીને બોલાવેઆ, અને રદેહશું રાખીઓ અતી પીઆર
તારે સતગુર હસનશાહા વેનતી કરી, તમે સાંભળો પરવરદીગાર.–ચેતો૦ ૪૬૩

એજી હેલ ભરીને અમે આવેઆ, શામીજી અમે નારી તમારે દુઆર,
દુઆગણુના દુખ સરવે ટાલો કરી, સુઆગણ કરો મુજને ભરથાર–ચેતો૦ ૪૬૪

એજી અમે નારી તમે નર સદા, અમે સેવક તમે છો શામ અવતાર.
આ તોરો તમારે કાજે લાવેઆ, તેતો કબુલ કરેને દેવ મુરાર—ચેતો૦ ૪૬૫
એજી હુંરે નારી સદાઈ તમતણી, મારા અવગુણનું નહિરે પાર,
તમારે શરણે અમે આવીઆ, શામી તમે છો ગુનાહા બકશણહાર—ચેતો૦ ૪૬૬
એજી તારે સતગુર હસનશાહ સીર નામી કરી, અને કીધી તે અરજ અપાર.
તે પાઘડી લઇ પીરે આગળ ધરી, જે મારગ માંએ કીધી હતી તૈયાર—ચેતો૦ ૪૬૭
એજી તારે શામીજીએ છેડો તેમાંહેથી કાઢીઓ, તે પોતાને હાથે બાંધવા લાગા દુસ્તાર,
જારે સીરબંધ શામીજીએ બાંએઆ, તારે રાજી હુઆતે વર દાતાર.—ચેતો૦ ૪૬૮
એજી તારે નરજી બોલેઆ મુખથી, તમે સાંભળો સત ભરમાજી કહું વિચાર,
સતગુરજી સીરબંદ જે તમે લાવીઆ, તેનું કાંઇ નહિ મુલ શુમાર.—ચેતો૦ ૪૬૯
એજી તારે સતગુર હસનશાહા બોલેઆ, તમે સાંભળો નર કીરતાર
અમે નારી તમ આગળ અવગુણ ભરી, તમે કીરતાર અમારા ભરથાર.—ચેતો૦ ૪૭૦
એજી અમ નારીથી નર રીજે નહિ, જેના અવગુણનું નહિ પાર,
શામીજી તારે આ તોરો બનાવીઓ, નવ છુગાની વેનતી કરી અપાર.—ચેતો૦ ૪૭૧
એજી તારે શામીજી સીરબંધ બાંધી કરી, પરસન હુઆ શામીજી દેવ મુરાર,
માગો માગો સતગુરજી એમ શામીજી કહે, ધન ધન તમારા અવતાર.—ચેતો૦ ૪૭૨
એજી તમારો અમારો તન એક છે, તે માંએ અંતરો નહિ લગાર.
તમને સતગુર ભરમા કરીને સીરજેઆ, તમારી સેવાનું અંત ન પાર.—ચેતો૦ ૪૭૩
એજી કીરપા કીધી નર કાયમજીએ, સતગુર હસનશાહાસું કીધો વિચાર,
આજ જે માગો તે તમને આલીએ, તમને ત્રુઠાતે દેવ મુરાર.—ચેતો૦ ૪૭૪
એજી તારે સતગુર હસનશાહા બોલેઆ, તમે સાંભળો તે સીરજણ હાર.
શામીજી તમારે ત્રુઠે સરવે આનંદ થએયા, જો દીઠો તમારો દીદાર.—ચેતો૦ ૪૭૫
એજી અમે શરણ લીધી શામીજી તમ તણી, જેનું નામ છે સીરજણહાર.
આ હુંરે નારી તમારા નામની, મુને સોહાગણ કીધી મારે ભરથાર—ચેતો૦ ૪૭૬
એજી નરજી આગળ નારીનું ચાલે નહિ, એમ બોલેઆં સતગુર હસનશાહા તેણીજવાર,
તમારા બીરદ સામું તમે જોઇ કરી, પાવન કીધી તે અબલા નાર—ચેતો૦ ૪૭૭
એજી માત તાત તમે બંધવા, અમારા શામ સદાઇ છો ભરથાર.
અમે બંદી સદાઇ તમ તણી, તમે પુરૂપ છો નીરીજન અવતાર—ચેતો૦ ૪૭૮
એજી બાંહીં ગીરહીને અમને ઉગારેઆ, જાતી કાઢી તે શાહેર મીંજાર.
અમારા અવગુણ સામું તમે નવ જુઓ, જેનું નહિ લાભે અંત ન પાર—ચેતો૦ ૪૭૯
એજી મુજ નારીથી બહુ અવગુણ થયા, તે શામીજી લઈ આવી છું તમારે દુવાર.
તે અમારા અવગુણ સામું નવ જોયું, અમને લહી રાખી પોતાને દુવાર.—ચેતો૦ ૪૮૦
એજી શામી અમે ઉણીયા ચાહી બંદા, મારો જોર ન ચાલે લગાર.
તે ગુનેગાર નારીને શામી તમે પાવન કરી, તે શામી તમારા ગુણનું ન લભે પાર.—ચેતો૦ ૪૮૧

એજી દેવ દુવારે અમે આવેઆ, જ્યાં છુટે તે સરવે જીવુંને જંજાર.
ત્યાં હીણા ખીણા આગે કંહી જીવ ઉધરેઆ, ત્યાં શામી અમારો જીવ છે ઉમેદવાર.—ચેતો૦ ૪૮૨

એજી તંને પરતાપે શામી અમને બકશજો, અમારા એબ છે અપાર.
કાંહી ગુણ નહિ અમારો રતી જેટલો, જેથી રીઝે અમારો ભરથાર—ચેતો૦ ૪૮૩

એજી તારે નર નકલંકીએ મયા કરી બોલેઆ, શામી સહુના સીરજણહાર.
અનંત કરોડ જીવુંની મયા કરી, ત્રુઠા તે હસનશાહાને નર અવતાર—ચેતો૦ ૪૮૪

એજી અણુંતનું વર તમને આપીયું, તમે જાઈ દુનીઆમાં બોધ કરજો સાર
તમ ભરમાને અમે બકશેયા, અનંત કરોડ જીવુંને સાથે આવશે, અમારે દુવાર—ચેતો૦ ૪૮૫

એજી જે જીવ તમે ઇઆં લાવશો, તેને આવાગમણ ફેરો નહિરે સોંસાર
તમ કારણ જેણે જીવુંને અમે બકશેયા, તેનું તમ સીર ભરમાજી ભાર.—ચેતો૦ ૪૮૬

એજી તારે ગુર હસનશાહા શામીજીને પાંહે પડેઆ, અને વેનતી કરી તેનું અંત ન પાર
આ ધન ધન શામીજી તમને કહીએ, અમ નારીનું શું છે ભાર—ચેતો૦ ૪૮૭

એજી એ જીવ અમથી ન ઉધરે, શામીજી તમે કીરપા કરો આપ કીરતાર.
અમેરે ગુનેગાર બહુ બંદા, તમે તો છો સાહેબ બકશણહાર.—ચેતો૦ ૪૮૮

એજી એવડો ભાર શામીજી અમ સીર ધરીઓ, તે અમથી શામીશું થાએ સીરજણહાર,
તમે મેહેર કરો મોરા સાંહીઆ, અમ સીરથી ઉતારો કલજુગના જીવનું ભાર.—ચેતો૦ ૪૮૯

એજી તારે સતગુર શામીજીના ચરણેથી, સીર ઉંચી નવ કરે લગાર,
અનંત કરોડ જીવુંની વેનતી સતગુર કહે, તારે કાયમ દેવ મુખથી બોલેઆ તેણીજવાર.—ચે. ૪૯૦

એજી અણુંત માંએ તે જીવ આવશે, જે જીવ ઓળખશે આપણા અવતાર,
આ તમને સતગુર ભરમા સહી કરી માનશે, અને હાજર જોમું તે સહી કરી માનશે
નીરધાર.—ચેતો૦ ૪૯૧

એજી આદ ઉણીઆદના સતગુરજી તમે, તમે છો સતગુર ભરમાજીના અવતાર,
અમે વીષ્નુંવર દાતાર છઇએ, તેનું કલજુગ સંદે મીલછા માંહે અવતાર.—ચેતો૦ ૪૯૨

એજીએ અવતાર પાત્ર જે જીવ ઓળખશે, તેની શરણ છે સતગુરજી તમારે હાથે સાર,
તારે હાથ દેઇને મુસ્તક ઉંચો કરીઓ, વિષ્નુજી તે દુવા વર દાતાર.—ચેતો૦ ૪૯૩

એજી સતગુર શામીજીને કહે, આ મુસ્તક ઉંચો કીધો જેણીવાર,
શામીજી ત્રન ભવનનું ભાર લહી સીર ધરીઓ, તે અમ કીડીનું શીયું છે ભાર.—ચેતો૦ ૪૯૪

એજી અમ કીડીથી કેમ ઉપડે, શામીજી ત્રન ભવનનું ભાર,
અમે ગુનેહગાર ઉણીઆંચારી, તેનું શામીજી તમને કહું વીચાર.—ચેતો૦ ૪૯૫

એજી અણુંતનું વર શામી અમને આલીઉં, આગળ કલજુગ કઠણ છે સોંસાર,
તે માંહે કોણ જીવ અમ પાસે આવશે, કોણ દાન દેશે પુરે વેવાર.—ચેતો૦ ૪૯૬

એજી કોણ જીવ અવતાર પાત્રને માનશે, અને કોણ જીવ સતગુરની કરશે સંભાર.
કોણ જીવ કીરીયાંના પુરા રહેશે, કોણ જીવ નીંદા જાુઠથી રહેશે નીરધાર—ચેતો૦ ૪૯૭

એજી કલજુગના જીવ સરવે થાનકે પોતા, અમારા બાપદાદા સાથે રાખેઓ વેવાર.
આ જુગમાંએ તે કોણ જીવ બાકી રહેઆ, જેનું અમ સીર રાખેઓ ભાર—ચેતો૦ ૪૯૮

એજી અમ ગુનેગારથી કાંહી નવ ઉપડે, શામીજી આ કલજુગના જીવું તણો ભાર,
જે અઃસતી જીવને ઉણીઆ ચારી, જેના મન થર ન રહેવે લગાર—ચેતો૦ ૪૯૯

એજી જુહારે આ કલજુગ કહીએં, તેના જીવ તે જુદા અપાર.
તે જુગમાંએ અમને સુકતા, તેમાં કેમ કરી ઉધરશે સોંસાર—ચેતો૦ ૫૦૦

એજી બાકી ઉણીયાચારી જીવ ઉતરેઆ, સતી જીવતો સધાવીઆ સરગ દુવાર.
તે જીવુંને પરબોધ કેવું લાગશે, જેના મનમાં રેહેમ નહિ લગાર—ચેતો૦ ૫૦૧

એજી આ કલજુગ સંધે જે જીવ રહેઆ, તેતો કુબુદ્ધિનું કરશે આચાર,
તે જીવ ધરમ બુદ્ધિએ નહિ ચાલશે, તે નીંદા જુઠસું રાખશે વેવાર.—ચેતો૦ ૫૦૨

એજી જ્યાં પાછા ઓગણીશ વેસુઆ પાપના, અને અરધો વેસુઓ સત ધરમનો સાર
આ કલજુગ કઠણ એવો પાપનું, તે કોણ ચાલશે ધરમ આચાર—ચેતો૦ ૫૦૩

એજી સોંસાર સગલો ભમે જુઠમાં, તેની જુઠી કીરીયા ને જુઠો આહાર,
તે જુઠા જુઠીએ મીજલસે જાઇ બેસશે, તેતો આપ મુરાદી મન હઠી અપાર.—ચેતો૦ ૫૦૪

એજી ત્યાં સહુ મીલીને ધરમ ખંડત કરશે, આ કલજુગ સંધે જીવુંનું એવો છે આચાર.
આ જીવુંને ધરમ કેવું લાગશે, જે સીધો બોલતાં કરે અહુંકાર.—ચેતો૦ ૫૦૫

એજી એવો સોંસાર બાકી રહીઓ, શામી તેનું તે અમ સીર રાખીઓ ભાર.
સોંસાર સઘલો પાખંડતણું, તેતો ભુત ભક્તિસું રાખે પીઆર—ચેતો૦ ૫૦૬

એજી સતની વાતમાં સમજે નહિ, અને ભુત ભક્તિસું રાખે અતી પીઆર.
તેમાં જે ઉપર તમે કીરપા કરો, શામી તે જીવ આ[illegible] તે તમારે દુઆર—ચેતો૦ ૫૦૭

એજી તારે સતગુર હસનશાહાને શામીજીએ એમ કેહયું, તમે સેંસો મ ધરશો લગાર.
અમે અમારા જીવ ઓળખી લેશું સોંસારમાં, તેનું તમ સીર બાકી નહિ ભાર—ચેતો૦ ૫૦૮

એજી એવો કઠણ પોહોરો તેમાંએ જે જીવ ચેતશે, અને રાતદીન રાખશે પોતાના મન વીચાર,
આ સત ધરમ તેને સુજશે, તે જીવ નહિ મેલશે ધરમ આચાર.—ચેતો૦ ૫૦૯

એજી તે જીવ તમ શરણે આવશે, તે સતગુરની ગતમાંએ મીલશે સાર.
તે જીવ હક હરામ ઓળખીને ચાલશે, અને ખાટી કરશે તે ધરમ આચાર.—ચેતો૦ ૫૧૦

એજી જેને આકોઇ પોહોર ચીન્તા આપણા જીવની, રાખશે તે આપણા મનમાં વિચાર,
આ સત ધરમ તેને સુજશે, તે નહિ મેલશે ધરમ આચાર.—ચેતો૦ ૫૧૧

એજી હલાલ કમાઇ તેને સુજશે, તે નહિ કરશે જુઠ નીંદાનું આહાર,
આ કઠણ વેલા કળજુગ તણી, તેમાં મન થર નહિ રહેશે લગાર.—ચેતો૦ ૫૧૨

એજી કલજુગે જમાનું કઠણ ઉપનું, તે માંએ કુડ કપટ નીંદાનું ચાલશે વેવાર,
તેમાં સતી જીવ ચેતશે, તે જીવ આવશે તે આપણે દુઆર.—ચેતો૦ ૫૧૩

એજી તે જીવ ગુરની ગતમાંએ જાઈ મીલશે, દુખ સુખનું નવ રાખશે દીલમાંએ વિચાર,
દુખ સુખ દેહી સાથે માંડીઆ, જેમ જીવ પીંઢીને અન પાણીનું આહાર.ચેતો૦ ૫૧૪

એજી ત્યાં સતી જીવને દરસણી ધણી, આ કલજુગનો એવો આચાર.
તે હલાલ હરામ ઓળખીને ચાલશે, પારકી આશા ન કરશે લગાર.—ચેતો૦ ૫૧૫

એજી તે જીવ પાખંડેશું પ્રીત નવ રાખશે, અને જુઠી મજલસનું નવ રાખશે વેવાર,
અરી પરી કેની કરશે નહિ, આપણા ધંધામાંહે રેહેશે હુશીઆર.—ચેતો૦ ૫૧૬

એજી જે જીવ દીનનું ધંધો કરશે પેટનું, નામ જપશે તે દમોદમ સીરજણહાર,
હક કમાઇ કરી તે માંએથી આપશે, આપણા ગુર નર સુખે દસોંદનું આહાર.—ચેતો૦૫૧૭

એજી તે કેની નીંદા ખદ ગુઆઇ કરશે નહિ,આપણા ગુર નરસું રહેશે પુરે વેવાર
તે જીવ અમ ઘરે આવશે, તેની નીંદા તે કરશે બીજો સોંસાર.—ચેતો૦ ૫૧૮

એજી તેના એકોતેર પુરીઆ માઈ બાપના, અને સાત પેડીયું સાસરાનીઉં સાર,
તે લઇ કરી અમરાપુરી માંએ ચાલશે, તે ખરા દસોંદી સુકરીતવંતા સાર.—ચેતો૦ ૫૧૯

એજી સતનું ધરમ આ જુગમાંએ જે કોઇ કરશે, તે એક કણના સવાલાખ લેશે સંભાર
એજી દાન દેતાં જે જીવ કલપશે, તેનું આપણા માથે કાંઇ નહિ ભાર—ચેતો૦ ૫૨૦

એજી જે જીવ સતી દેશે સંત ધરમસું, તેનું એક તીલભાર નવ જાએશે લગાર.
આ સુપાત્રે દાનતો બહુ ફળે, એક કણના સવા લાખ લેશે સંભાર—ચેતો૦ ૫૨૧

એજી અમરાપુરીમાં તેના ઘર ચુણાવેઆ,તેમાં જડતર હીરા માણક પદારથ સાર.
સોવન ઇંટે તેના ઘર ચુણાવેઆ, તેમાં નાખીઆ છે અંબર કસ્તુરીના ગાર—ચેતો૦ ૫૨૨

એજી હુરાંઉ પચાસ તે ઘરમાં રાખશું, તેનું એક તે થાએશે ભરથાર.
પાંચશો પુત્ર તે જીવના થાએશે, તેતો ફરમાની રમશે તે ઘર મીંજાર—ચેતો૦ ૫૨૩

એજી પાંચસો મલાએક તેના હુજુરમાં રેહેશે, તેતો ફરમાની રેહેશે એ ઘર મીંજાર,
તેતો અશ્વ ઝાલીને ઉભા રહેશે, અને તે સેહેલ કરાવશે સરગ મીંજાર—ચેતો૦ ૫૨૪

એજી તમને અમને જે જીવ ઓળખશે,તે જીવ આવા ઘર અમરાપુરીના પામશે સાર
આ દસોંદ સુકરીતે પુરા સતગુર સુખે, તેને કલજુગ નહિ લુપશે લગાર—ચેતો૦ ૫૨૫

એજી એવે સત ધરમે જે જીવ ચાલશે, તેને આવા ગમણુ નહિ સોંસાર.
તમ ભરમાને સતગુર કરી માનશે, અને ઓળખશે હાજર જોસું પાત્ર અવતાર—ચેતો૦ ૫૨૬

એજી એવાં સુખ અમરાપુરીના આલશું, વળી આપશું આખરત દાદેદીદાર.
એવા સુખ જે જીવને નહિ ગમે, તેનું આપણા સાથે નહિ કાંઇ વેવાર—ચેતો૦ ૫૨૭

એજી સુપાત્રે દાન જે જીવ આલશે, સાંભલો સતગુરજી તેનું કહુ વીચાર,
તેતો એકવીશ સરગ માંએ જાગ્યા પામશે, જે રાખીઆ છે મેર પરબત મીંજાર—ચેતો૦ ૫૨૮

એજી તે સરગમાંએ જે જીવ જાઇ ઉતરશે, જેણે સતગુર વીન્યા દીધા છે દાન અપાર,
તેતો સરગ ભોગવીને હેઠા ઉતરશે, અને લેશે તે દુનીઆ માંહે અવતાર—ચેતો૦ ૫૨૯

એજી જેણે જીવે જેવા ધરમ દુનીઆ માંહે કરેઆ, તે જીવ તેવાતે લેશે અવતાર.
તેતો જાઇ પડશે લખ ચોરાશીમાં, તેના દુખનું નહિ આવે પાર—ચેતો૦ ૫૩૦

એજી મધમ અવતાર તેના આવશે, અને ચારેઇ ખાણમાંહે તે લેશે અવતાર,
એકવીશ લાખ અવતાર એક એક ખાણમાં, અને ભોગવશે તે દુનીઆં મીંજાર.—ચેતો. ૫૩૧

એજી ત્યાં તોબા તોબા તે જીવ બહુ કરશે, તેને ત્યાં નહિ કોઇ છોડાવણહાર,
તે ફેરા ફરશે લખ ચોરાશી તણા, તે ઓળખ્યા વિના જાએશે તે ઘોર અંધાર.—ચેતો૦ ૫૩૨

એજી એવા અવતારને કોણ જીવ પરામશે, તેનું સતગુર હસનશાહા શામીજીને પુછીયું વિચાર,
શામીજી અમે ગુનેગાર બંદા તમ તણા, તમારી કુદરતનું નહિ લભે પાર.—ચેતો૦ ૫૩૩

એજી તારે સતગુર હસનશાહા લાગા મુંજવા, અને ગીરીયા કીધી તેનું નહિ આવે શમાર,
શામી અનંત કરોડ જીવ કેમ ઉધરે, એવો કલજુગ જમાનું સાર.—ચેતો૦ ૫૩૪

એજી લખ ચોરાશીમાં તે કોણ જીવ આવશે, તેનું સતગુર હસનશાહા તે શામીજીને પુછે વિચાર,
એ સેસ્ટ સર્વે શામીજી તમ તણી, તે સર્વેના શામી તમે છો સીરજણહાર.—ચેતો૦ ૫૩૫

એજી શામી માત તાત જનમે બાલકને, તે માંહે વાહાલો વેરી નહિ સહુ એનું પરીવાર,
શામીજી અદકું ઓછું એમાં કોઇ નહિ, તે માત પીતાને વહાલું પોતાનું પરીવાર.—ચેતો૦ ૫૩૬

એજી સેસ્ટતો સીરજણહાર તમે, તમે છો માત તાત બંધવ મોરાર,
ઓ કુટમ કબીલો શામીજી તમે, તમ વિન્યા નહિ કોઇ સોંસારમાં સાર.—ચેતો૦ ૫૩૭

એજી મયા તમારીથી છુટીએ, શામી ટલે તે જીવું ને જંજાલ,
તમે તમારા બીરદ સામું જુઓ, મ જુઓ અમારા અવગણ સામું સીરજણહાર.—ચેતો૦ ૫૩૮
એજી શામી હીંદુ મુસલમાન સોંસારમાં, તે સઉના તમે છો સીરજણહાર,
આ વાહાલો વેરી તે માંહે તમારો કોઇ નહિ, વળી સઉના રોજી પુરણહાર કીરતાર.—ચેતો૦ ૫૩૯
એજી સહુના અવતાર શામીજી તમ થકી તેમાં ઉત્તમ મધમ નહિ કોઇ સીરજ્યો સોંસાર,
તે જીવુંની રખેઆ શામીજી તમ થકી, તમ કીરપાએ શામીજી સહુ નરને નાર.—ચેતો૦ ૫૪૦
એજી શામીજી તમે નરજી આદ અંતના, અને મારીઉં તમારીઉં સરવે સોંસાર,
તમ શામીથી સોહાગજ પીરામીએ, દુઆગણ નારી તે સરવે સોંસાર.—ચેતો૦ ૫૪૧
એજી ઉત્તમ સતગુરજી તેને કહીએ, જેના ધરમ ઉત્તમ ને ઉત્તમ આચાર,
જાુઠ નીંદા જેણે જીવે પરહરી, સરવથી નમી ખમી ચાલે તે દુનીઆ મીંજાર.—ચેતો૦ ૫૪૨
એજી નમણી ખમણી તે સરવેને પીઆરી, જેણેથી રીઝે તે સરવે સોંસાર,
તેનું જશ બોલીએ નાત પર નાતમાં, કોઇ કંથણી નવ કરે તે દુનીઆ મીંજાર.—ચેતો૦ ૫૪૩
એજી જેની વાણી મીઠી દુનિઆ માંએ, અને હોએશે વલી તેને ધરમ આચાર,
તેને દુનિઆ તો ભુંઢો વાંચે નહિ, તે ઉપર રાજી હોવે તે આપ સીરજણહાર.—ચેતો૦ ૫૪૪
એજી જે જીવ શીલ સંતોષી દયા ખમીયાવંતા, નીચી દ્રષ્ટે ચાલે તે દુનીઆ મીંજાર,
એણે આચારે ઉત્તમજ જાણીએ, સરવે કુટમકો ખેંચે ભાર.—ચેતો૦ ૫૪૫
એજી કીરીયા આચાર તે જીવના પુરા કહીએ, તેણે જીવે અપણા ધરમ મારગ
માંએ રાખીઓ અંત પીઆર,
તેના રદે કમળ નહિ દુલશે, આવો કલજુગ તે વીખડો ઉતરશે પેહેલે પાર.—ચેતો૦ ૫૪૬
એજી એણે આચારે મીત્ર થાએશે આપણું, તેને દોએલો નહિ ખાએશે લગાર.
અમરાપુરીના ઘર તે પીરામશે, જે જીવ ઓળખશે હાજર જેમું પાત્ર અવતાર.—ચેતો. ૫૪૭
એજી જે જીવ ભુંડે કામે જીભ ચલાવશે, નવ પાળશે તે કીરીઆ આચાર,

તે જીવ પોતે ડુબ્યા ને બીજાને ડુબાવશે, અને પામશે મધમ અવતાર.—ચેતો૦ ૫૪૮

એજી એણે આચારે મધમજ જાણીએ, તેનું કુડ કપટ નીંદાસું વેવાર,
તેને ધરમ આચાર તો સુજે નહિ, તે જુઠ નીંદાસું જાએશે નરગ દુઆર.—ચેતો૦ ૫૪૯

એજી તે ધરમ દેતાં ઝઘડો માંડશે, ભઠ પડીઓ તેનું અવતાર,
એક પોતાને પુને પુરા નહિ, અને કરવા જાએ બીજાની વાર.—ચેતો૦ ૫૫૦

એક એક પોતાનું પીંઢ પારે નહિ, અને બીજા જીવનું માથે લીએ છે ભાર,
તેને આખર વેલા જારે આવશે, તારે તે જીવને બાંધી દેશે માર.—ચેતો૦ ૫૫૧

એજી તેને મારતા મારતા કીઆમત જાએશે, ત્યાં તે જીવ બહુ કરશે પુકાર,
તેને આડો તો કોઈ નાહ આવશે, માહી બાપ નહિ કોઇ કુટમ પરીવાર.—ચેતો૦ ૫૫૨

એજી સગા સાવગા સરવે સોંસારના, ત્યાં કેનું જોર નવ ચાલશે લગાર.
અજાણ થઇને પોતાના કરેઆ, તે સહુનું પોતા માથે લીધો છે ભાર—ચેતો૦ ૫૫૩

એજી દુનીઆમાં જે પોતાનું કરી રાચશે, આગળ કઠણ છે સાહેબને દરબાર.
સતગુરજી તે સાચ વીનેયા નવ છુટશે, આખર જાએશે તે ઘોર અંધાર—ચેતો૦ ૫૫૪

એજી એણે આચારે શત્રુ થાએશે આપણો, સતગુર હસનશાહા તમને કહુ છુ નિરધાર,
દુનીઆં માંએ જે જીવ સત ધરમ ભાંગશે, તેની કોએ ન કરશે સાર—ચેતો૦ ૫૫૫

એજી શત્રુ તેજે સતગુરને જાણે નહિ, અને ચાલશે તે અધરમેં આચાર.
ગુર લુપી તે માહા પાપી કહીએ, જેના રદા માંહે ઉપજે કાર—ચેતો૦ ૫૫૬

એજી મધમ ચંડાલ કરી તેને જાણીએ, તેનું મુખ દીઠે થાએશે દોષ અપાર,
તેણે જીવે માત તાત સરવે દુબાવેઆ, જેણે જીવે નવ ઓળખીઓ હાજર જોસું
પાત્ર અવતાર—ચેતો૦ ૫૫૭

એજી જે જીવ અવતાર પાત્રને ઓછું કરી માનશે, અને મન માંએ તે રાખશે એવો વીચાર,
એ તો માણસરૂપે થઇ બેઠો મીલછા માંએ, તે કેમ હોવે કીરતાર.—ચેતો૦ ૫૫૮

એજી તેને કીરતાર કરી જે માનશે નહિ, તે ધર દાન દેતાં આણશે રોશ અપાર,
જે દાન લીએ તેને અલ્લાહ કેવો કહીએ, અલ્લાહ તો સહુનું રોજી પુરણહાર.—ચેતો૦ ૫૫૯

એજી એવે આચારે મધમજ થાએશે, તેના મનપર નહિ રહેશે લગાર.
આ માયા મીઠી કલજુગ તણી, તે પોતાની કરી બેસશે ગેમાર—ચેતો૦ ૫૬૦

એજી અસલ ધરમ જેના પુરા નહિ, તે જીવ ખંડશે હાજર જોસુ પાત્ર અવતાર
એને ખંડે તે નરજી નહિ ખંડાએ, તેણે જીવેં ખોએઓ પોતે પોતાનું અવતાર.—ચેતો૦ ૫૬૧

એજી માહા પદારથ સરીખો માનખો, તે નહિ આવે વારોવાર
લાખ ચોરાશી અવતાર મધમના ભોગવી ઉતરે, તારે એક તે આવે માનખા અવતાર.—ચેતો૦ ૫૬૨

એજીતે માંહે આઠ અવતાર આજુગ માંએ માનખા તણા, તેમાં કરણીથી આવે ઉત્તમ મધમ અવતાર
હવે તેમાંએ જે જીવ અવતાર પાત્રને નવ ઓલખશે, તે જીવ જાએશે નરગ દુવાર.—ચેતો૦ ૫૬૩

એજી સોંસાર સગલો થાએશે પાખંડી, ધરમ વેલાએ કરશે જુઠ નીંદા અપાર.
તેનું ધરમતો સતગુર મુખે પોંચે નહિ, તે તો જાએશે અવરા મુખે કાર.—ચેતો૦ ૫૬૪

એજી જેનું ધરમ સતગુર સુણે નહિ, તેને તેવી બરકત થાએશે સાર,
જેના પુર્વના પુન સાચા નહિ, તેણે નવ ઓળખીયા તે પાત્ર અવતાર.—ચેતો૦ ૫૬૫

એજી માનખાનું અવતાર તો ઉત્તમજ કહીએં, જેણે રૂપે બ્રહ્મા વિષ્નુ મહેશરનું અવતાર,
તે માનખો લહી દીધો આ સોંસારને, તેનું ગાફલ દુનીઆ નવ કરશે વીચાર.—ચેતો૦ ૫૬૬

એજી પશુ પંખી છે આ સોંસારમાં, તેને પોતાને કારણથી આવીઓ તેવો અવતાર,
જેને ખાધા પીધાની સુધયા નહિ, તેના માથે કેવો ભાર.—ચેતો૦ ૫૬૭

એજી સતગુર હસનશાહા તમે જાઇ જુગ માંહે વાણી કરો, અનંત કરોડ
જીવુંને આલજો ધરમ આચાર,
તેમાં તમને અમને જે જીવ ઓલખીને ચાલશે, તે જીવતો આવશે અનંતના હીસાબ મીંજાર.
ચેતો૦ ૫૬૮

એજી સતગુર હસનશાહા તારે બોલેઆ, તમે સાંભળો શામી સીરજણહાર.
આ કલજુગ કઠણ એવો પરવરીઓ, તેમાં શામી તમ વિનેઆ બોધ નવ ચાલે લગાર—ચેતો૦ ૫૬૯

એજી તારે કીરપા કરીને શામીજી બોલેઆ, સાંભળો સતગુરજી તમને કહું છું વિચાર,
અમે તમે બેહી એક છઇએ, તેનું સંસો મ ધરશો લગાર—ચેતો૦ ૫૭૦

એજી અનંત કરોડ જીવની મયા તમ ઉપર થઇ, તેમાંથી અડતાલીસ કરોડ
આવશે આપણે દુઆર.
તેનાં સુખી સતગુરજી તમે, શામીજી કહે તમારી કરણીનું નવ લભે પાર—ચેતો૦ ૫૭૧

એજી માહ દનનું દીન જારે થાએશે, તારે સરવે પીર પેકામ્બર માંહે તમે થાએશો સરદાર
તારે આરખી રૂપ થાએશે અમ તણો, તારે સાચ જુઠનું થાએશે નીસ્તાર—ચેતો૦ ૫૭૨

એજી પીર પેકામ્બર ખડા ધ્રુજશે, ત્યાં કોઈ કેનું અરજ નહિ કરશે લગાર.
તમ સતગુર બ્રહ્મા વિના નહિ કોઈ છુટશે, તેનું કોલ આલું તે નીસ્ટે જાણજો નીરધાર—ચેતો૦ ૫૭૩

એજી કોલ લઇને સતગુરજી પધારેઆ, તેણે સતગુરજી બોધ કીધી તે દુનીઆ મીંજાર
તે સતગુર પરથમ પધારેઆ ઉચમાં, ત્યાં તે બોધેઆ સરવે સોંસાર—ચેતો૦ ૫૭૪

એજી ત્યાં જાઇ નરજીના વચન સંભલાવેઆ, અને પોતાનું પરબોધ નવ
ચલાવીઓ લગાર,
શાહાની દરગાએ દીઠો જેટલો, તેની સતગુર હસનશાહા કરી પુકાર—ચેતો૦ ૫૭૫

એજી અમને એ નરજીએ પોતે ઓળખાવીઓ, અમે નારી થઇને રહેઆ એ નરને દુઆર
એને અમ જેવીઉં નારીયું અનેક છે, ઇ શામીજી છે સહુનું ભરથાર—ચેતો૦ ૫૭૬

એજી એ નર નકલંકી અમે ભેટીને આવેઆ, ત્યાં દીઠી તે કુદરત અપાર.
તે સરવને કહી સંભલાવેઆ, એ ધર વિન્યા તે ભુલશે સરવે સોંસાર,—ચેતો૦ ૫૭૭

એજી એ ધર દાન દીજેં હેતસું, તેમાં કાંહી શંક ન આણીએ લગાર.
જે નરના દીદાર અમે પામેઆ, તે નર છે સરવ શીસ્ટનું સરજણહાર—ચેતો૦ ૫૭૮

એજી અમ દુઆગણને લઇ સુહાગણ કરી, અનંત કરોડનું અમને પેહેરાવીઓ શણગાર
તે કારણ અમને મુકેઆ સોંસારમાં, શામીજીએ કીરપા તે કીધી અપાર.—ચેતો ૫૭૯

એજી તે શામીજીના વચન અમે તમને કહું, જે અમે સાંભળેઆં છે શામીજીને દરબાર,
તે શામીજીના વચને જે જીવ ચાલશે, તેના તે ટલશે જંજાર—ચેતો૦ ૫૮૦

એજી પરથમ પહેલું એમ કહીયું, સાંભળો રખીસરો તેનું તમને કહું વીચાર
આદ નીરીજન તે નર અલી કહીએ, જે મુજ દુહાગણ નારીને પહેરાવીઓ
શણગાર—ચેતો૦ ૫૮૧

એજી જાઓ હસનશાહા સોંસારમાં વાણી કરો, આલજો તે ધરમ આચાર.
જે પાંચ સાત નવ બાર કરોડ ઓસરેઆ, તેની તમે કાંઈ કરજો સંભાર—ચેતો૦ ૫૮૨

એજી બાકી અનંતનું વર અમને આલીઓ, તેમાં અડતાલીસ કરોડનું શામીજીએ
કરીઓ છે વીસ્તાર,
તેમાં સત ધરમે જે જીવ ચાલશે, તેને શામી રાજો પોતે લેશે ઉગાર.—ચેતો૦ ૫૮૩

એજી તેમાંએ સતી જીવ તમે ધરમે ચાલજો, જેથી ઉતરો તે પેલે પાર,
દશ અવતાર શામીજીના પુરા થએયા, હવે નથી કોઇ અગીયારસું અવતાર—ચેતો૦ ૫૮૪

એજી છેલો અખાડો આ કલજુગનો, તેમાં જેણે ઓળખીઓ તેતો પામેઓ પાર,
આ અમને તમને જેણે સીરજેઆ, તે શામીજીના ઓળખ્યા વિનેયા નહિ
જાએશે જીવુ ને જંજાર—ચેતો૦ ૫૮૫

એજી અમારો તમારો સીરજણુહાર કોણ છે, સાંભળો રખીસરો તેનું તમને કહું વીચાર,
આલ અલી તે શ્રી ઇસલામશાહા કહીએ, તે શામી શાહા ગરીબમીરજાનું અવતાર—ચેતો૦ ૫૮૬

એજી પરઘટ અવતાર શામીજીનું જુગ સંધે નહિ, એ નરનો ચાલીઓ છે ગુબત અવતાર,
તેને સોંસાર સરવે નહિ ઓળખશે, નહી માનશે કહીં પાત્ર અવતાર—ચેતો૦ ૫૮૭

એજી અમે તો તેને સહી કરી માનેઓ, તે છે આદ નીરીજનનું અવતાર.
આ નુરનાં પગલાં અમે નીરખેઆં, શ્રી ઇસલામશાહા છે તે અલ્લાહનું અવતાર—ચેતો૦ ૫૮૮

એજી અમારે વચને જે જીવ ચાલશે, તેતો ઘર મેલી નહિ જાએશે બાહાર,
તે નરશ્રી ઇસલામશાહાને અલ્લાહ કરી માનશે, એમાં શક ન આણુશે લગાર—ચેતો૦ ૫૮૯

એજી પછમ દીશ ને એરાક ખંડ માંહે, તે નરજી બએઠા ત્યાં એ નરે તે ધરીઓ ગુબત અવતાર,
હાજર જોસું એ ધરમાંહે જેટલો, તેને સહી કરી માનવું અલી શાહાનું અવતાર—ચેતો૦ ૫૯૦

એજી તે ઘર ધરમ દસોંદજ આલજો નહિતો જાએશો ઘોર અંધાર.
બીજા ધરમ સરવે પારજો, જુઠ નીંદા કેની જે કરશો લગાર.—ચેતો૦ ૫૯૧

એજી હક કમાઈ કરી ખાજો પેટમાં, આછો ધંધો કરજો નરને નાર,
અજપેઆ જાપ અહોનિશ જપજો, ઓળખજો તે હાજર જોસું પાત્ર અવતાર.—ચેતો૦ ૫૯૨

એજી એ પાત્ર અવતાર ઉળખીઆ વિન્યા નવ છુટશો, તેનો કોલ કીધો છે શ્રી
ઇસિલામશાહા કીરતાર.
સતગુરના વચને જે જીવ અમને ઓળખશે, તે જીવ આવશે અનંત કરોડના હીસાબ
મીંજાર—ચેતો૦ ૫૯૩

એજી તે અણુંતનું તારણહાર તે તો શ્રી ઇસલામશાહા, જેણે કોલ આલીઓ
અમને ને ઓળખાવીઓ પોતાનું અવતાર,
તે માંહે કલજુગ છેલી સંધ જારે આવશે, તારે એ નરની નીંદા તે કરશે સોંસાર—ચેતો૦ ૫૯૪

એજી તારે એક બીજાના વચન ઉથાપશે, એમ કહેશે જે માણસ રૂપે કેમ હોએશે સીરજણ હાર
તે તો ઘરોઘર જાઇ વાતું કરશે, તેના મન પર નહિ રેહેશે લગાર.—ચેતો૦ ૫૯૫

એજી ત્યાં કલજુગ સંધે એવા જીવ ઉપજસે, તે ડુબસે અને બીજાને ડુબાવસે અપાર.
તે તો મલી અરથનું અનરથ ઠેરાવશે, તે સતગુરના વચન ઉથાપશે તેણીજવાર.—ચેતો૦ ૫૯૬

એજી જેણે સતગુરે ધરમ દેહીને સાહેબ દેખાડેઆ, તે ગુરની ખંડણી તે કરસે અપાર,
જેના પુર્વના પુન સાચા નહિ, તે કેમ કરી ઓળખશે હાજર જોમુ પાત્ર અવતાર—ચેતો૦ ૫૯૭

એજી સોંસાર સરવે તે થાએશે પાખંડી, તે કાંઈ કથા ગીતા ઉપર ધરશે પીઆર,
અંધ દુનીઆં તેને કેડે પડશે, જેનો વારો હતો ત્રન જુગ મીંજાર—ચેતો૦ ૫૯૮

એજી તે જીવ કામી ક્રોધી લોભી લાલચી, તે પોતાને સપરાથે લુટશે સરવે સોંસાર
તેને પોતાની પુઠ સુજે નહિ, વતાવે બીજાને ધરમ આચાર.—ચેતો૦ ૫૯૯

એજી ત્યાં અંધી દુનીઆ એવી થાએશે, જે નહીં ઓળખશે ધરમ આચાર,
જે જુઠો લોભીને મીઠો થાએશે, તેને માનશે સરવે સોંસાર.—ચેતો૦ ૬૦૦

એજી એવે પાખંડે જે જીવ ચાલશે, આપણા ગુરનરની લાજ ન આણુશે લગાર,
તેનું સતગુર આગળ કેવો ચાલશે, જે પોતે થઇ બેસશે ગેમાર.—ચેતો૦ ૬૦૧

એજી એ સરવે પાખંડી ઇસ જુગ તણાં, તેમાંએ સાચ જુઠના તે થાએશે નીસતાર.
એવે અધરમેં કરી જુગ પુરો થાએશે, તારે ઇમામ મેહેદી તે થાએશે અસવાર.—ચેતો૦ ૬૦૨

એજી એવી વેલા માંહે જે જીવ ચેતીને ચાલશે, આપણા સતપંથ મારગ માંહે તે રાખશે પીયાર
કાંને કેની બદગોઇ સાંભળશે નહિ, જુઠ નીંદાસું નહિ રાખશે વેવાર—ચેતો૦ ૬૦૩

એજી હક કમાઇ કરીને જે ખાએશે પેટમાં, તેમાંથી આપણાં ગુરનર સુખે રાખશે દસોંદસું વેવાર,
તે જીવને ગુરનરપોતાનું કહી રાખશે, તે જીવ આવશે તે અણુંતના હીસાબ મીંજાર—ચેતો૦ ૬૦૪

એજી ચારા ચરબટ દેખીઆ જુગ તણા, તમે ભુલશો મ સરવે સોંસાર.
અલી નબી આ જુગમાંહે અવતાર પાત્ર છે. તેથી ઓતલીઆતે જાએશે નરગ દુવાર—ચેતો૦ ૬૦૫

એજી એ નર શ્રી ઇસલામશાહા અવતાર શાહા અલી તણા, સતગુર હસન
શાહા તે તો નબી મહંમદનું અવતાર.
એ અવતાર પાત્રને જે ઓછું કરી માનશે, તેનું હાલ તાલ ગયો ને ગયો
તેનો માનખા અવતાર—ચેતો૦ ૬૦૬

એજી એ ધરની ઉમેદ રાખજોરે મુનીવરો, જાં સુધી જીવો તાં સેવા કરજો સાર,
સતગુર હસનશાહા તમને એ ઘર વતાવેઆ, તેમાંએ સંસો મ ધરશો લગાર—ચેતો૦ ૬૦૭

એજી સતગુર હસનશાહા ભુલા તો તમે ભુલશો, જો તે નર જીતેઆ તો
તમને વધાઇયું અપાર,
બીજા ગુરૂ સોંસારનાં તે સતગુરથી હીણાં, તમે આ વાતનું રાખજો વીચાર—ચેતો૦ ૬૦૮

એજી અમારો નર તે કાયમ મેહેંદી શ્રી ઇસિલામશાહા, જેનુ આજ કલજુગ
સંધે છે નર નકલંકનું અવતાર,
તે નરને અમે ઓળખીને તમોને ઓળખાવીઓ, અમારે તમારે જાવું છે તે
નર નકલંકીને દુઆર.—ચેતો૦ ૬૦૯

નર નકલંકીને સુખ તો આપણે સુખી, જો તેને દુખતો આપણને કાં નહિ વીચાર,
તે માટે રકીસરો સતગુર કહે, એ નરને શરણે તે રેહેવું નીરધાર—ચેતો૦ ૬૧૦

એજી નીસ્ટેં કરી સીરેવો શામી આપણો, આપણા નરશ્રીઇસિલામશાહાનું અવતાર,
એણે આગે અનેક જીવ ઉધરીઆ, તે આપણો શામી કરશે તે આપણી સંભાર—ચેતો૦ ૬૧૧

એજી એ ધર મેલી બીજે સેવા કરશે, તેનું આગર માન ન રહેશે લગાર,
બીજી જુદી સેવા તે સતગુર વિન્યા, તેના જુદા ગુર જુદી કીરીયા હીણા આચાર—ચેતો૦ ૬૧૨

એજી તે ગુર તમને નહિ મીલેઆરે મુનીવરો, તમે ધરમ ખંડત મ કરશો લગાર.
તેના પારખાં પડશે આગળે, જારે માહા દન માંહે પુછાએશે નરને નાર.—ચેતો૦ ૬૧૩

એજી જે જીવ સત ધરમે પુરા હશે, દસોંદ સુકરીંતે ખંડત નહિ લગાર,
તે જીવ સરવે જાએશે સરગમાં, પછે જે કાંઈ કરશે અમારો ભરથાર.—ચેતો૦ ૬૧૪

એજી જારે દીનરે માહાદનનું મંઢાવશે, તારે હોએશે તે હલહલકાર,
તે વેળા થાએશે ઘણી દોહલી, ત્યાં જેના ગુર જુદા હશે તે માહાદન માંહે ખાએશે માર—ચેતો૦ ૬૧૫

એજી તારે તખતેં કાએમ શામી એસશે, જે છે અલી નકલંકનું અવતાર,
તેનું તેજ તપ ત્યાં વાધશે, આરખી રૂપે થાએશે અલીવર દાતાર.—ચેતો૦ ૬૧૬

એજી તારે થર થર ધરતી ધ્રુજશે, આસમાન કંપશે અપાર.
ત્યાં પીર પેકામ્બર સરવે ધ્રુજશે, સહુ કોઇ આપ આપણીમાં પડશે સોંસાર—ચેતો૦ ૬૧૭

એજી ગુનેગારને સીર હુકમજ થાએશે, લેખા:લેશે આપણો શામી રાજો સંભાર
સાચ જુઠનાં પડશે પારખાં, રકીસરો તમને કહું છું વારોઇવાર—ચેતો૦ ૬૧૮

એજી ધન ધન તે અવતાર પાત્રને, જેણે શામી રાજે તે આલેઓ પોતાનો દીદાર
તેની સેવાએથી મ ચુકોરે મુનીવરો, એ શામીના ચલત્રનું અંત ન પાર—ચેતો૦ ૬૧૯

એજી શામીજીના ચલત્ર સામું નવ જોઇએ, શ્રીં સતગુરને વચને સેવા કરીએ સાર
જેમ જેમ કલીકાર વાદશે મુનીવરો, તેમ શામી રાજો ચલત્ર કરશે અપાર.—ચેતો૦ ૬૨૦

એજી સતગુરે એમ કહી કહીને સંભલાવેઆ, તે તમે મુનીવરો રાખજો રદામાં વીચાર,
એમ કરતાં જે દોજકે જાએશે, તેનું સતગુર હસનશાહા માથે નહિ ભાર—ચેતો૦ ૬૨૧

એજી આવા વચન સુણી જે જીવ સતે નહિ ચાલશે, નહિ ઓળખશે આપણા
હાજર જોમાનું અવતાર.
જે પોતે પુસ્તાલીશમાં ભેળા થાએશે, તેની સતગુર હસનશાહા કીઆં કરશે સાર—ચેતો૦ ૬૨૨

એજી આગે પુસ્તાલીશે ધરમ લહીને ખંડન કરેઆ, તેતો ચાલીઆ સરવે જીવ ઘોર અંધાર
તેણે જીવેં દસોંદ દેતાં જીવ દુલાવેઓ, નવં ઓળખીઓ તે હાજર જોમાનું અવતાર—ચેતો ૬૨૩

એજી તે આપણા ગુરનરના ચલત દેખીને ભુલીઆ, આપણા ગુરનર
ઉપર નહિ આણીઓ એતબાર
તેણે મુરખે તેં માણસ રૂપે કરીને જાણીઓ, તે સતગુરને વચને થર નહિ
રહેઆ લગાર—ચેતો૦ ૭૨૪

એજી ધન ધન તે ગુર હસનશાહાને કહીએ, ધન ધન હાજર જોસું પાત્ર અવતાર
ધન ધન તે સતી જીવને કહીંએ, જે જીવ ઓળખીને ચાલીઆ આપણા
સતપંથ મીંજાર—ચેતો૦ ૬૨૫

એજી ધન ધન તે ગુરનરની આલને; અને ધન ધન ઇમામશાહા અવતાર,
સતગુર હસનશાહાના સુત તે ઇમામશાહા, જેણે તે બોધેઆ મુરીદ અપાર—ચેતો૦ ૬૨૬
એજી આ સતગુરના વેદ વચન તે સત કરી જાણજો, આ વેદના વચન માંહે
અસત નહિરે લગાર
એમ કરતાં જે જીવ સાંચોનહિ માનશે, તેની પોતાની કરત કમાઈ નહિરે સાર—ચેતો૦ ૬૨૭
એજી ધન ધન તે પીર સદરદીન સતગુર ભરમા, અને ધન ધન પીર હસન
કબીરદીન એના પરીવાર,
ધન ધન તે સતગુર ઇમામશાહને કહીએ, જેણે સતગુરે ગીનાન કંથીયુ વીચાર—ચેતો૦ ૬૨૮
એજી ગ્નાન કંથીઆ ગુર ઇમામશાહા, તે મોમન ચેતામણી ગીરથજ સાર,
આવા વચન વચને કહી મુનીવરને ચેતાવેઆ, મોમનભાઇ તેનું રદામાંહે રા-
ખજો વીચાર—ચેતો૦ ૬૨૯
એજી અમે તમે બંદા સરવે સાહેબ તણા, તે શામીની સમરથનું નહિ કોએ પાર
સતગુરે જેવું દીઠું તેવુ કહીયું, આપણે સહુને જાવું છે એ સાહેબને દુવાર,
ચેતો રીકીસરો ગુર કહે સાચા, સતગુરે ઇયું કહેઆ.—ચેતો૦ ૬૩૦

સમાપ્ત.

ચંદ્રભાણ.

(પીર શમસ કૃત)

પહેલા નામ અલ્લાકા લીજે—દુજા કલ્મા મહંમદકા કીજે.
અલ્લા મહંમદ એક ભણીએ—ગુરનર ગતમાં નીતો નીત મીલીએ.
ગીનાન ગુરનર તણા સુણીએ—પીરશાહા નામ નીતો નીત જપીએ.
સાચા નામ નબી કીલાવે—તબ શાહાકા દરશણ પાવે.
દીલ અપની શાહાસું લાવે—સાચા સાહેબસું નેહ આવે.
રે તું હી—સાચા સાંઇઆ પીયુજી.

શાહાસું નેહ લાઇએ-અને મહંમદ માનોં સાચરે.
ચીત્ત મન એક કરો-તો દરશન દેવે આપરે. ૧

દરશન શાહા આપે દેવે-જો નીત નામ સાહેબકા લેવે.
શાહાસું નેહ અંતર કરીએ-ગુરનરકા ગુણ ગણીએ.
નીત નીત ગતમાંહે મીલીએ-સાહેબકું દીલમાં ધરીએ.
ક્રીરીયા કરતવ કરણા-જીવી જીવીને આખરે મરણા.
એવા મુનીવર વરીએ-જુગમાંએ દોએ તડ તરીએ.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.
ગુરનરસું હેત ધરોરે મુનીવરો-તો સાહેબ હે હજુર રે.
પાક કરો દેહીકું-તો હોવે નુરે નુર હે. ૨

નુર પેહી હએ નીરવાણુ-નુરે રચીયો આસ્માન.
નુરેથી નીપના નુર-નુર નબી પાક પરવર.
નુરે અરશ કુરસી જાણુ-નુરે મોમન હએ પરમાણ.
નુરે તજલ્લા નુરમાંહે બેઠા-નુર નીરમલ મીંદર પેઠા.
નુર પરગટ નુર દીઠા-સાહેબ નામ સબથી મીઠા.
રે તું હી-સાચા સાહીઆ પીયુજી.
સાહેબ નામ સમરીએ-અંતર વરસે નુરરે.
પ્રેમ રસ ચાખીએ-તો આનંદ હોવે ભરપુરરે. ૩

પ્રેમ રસ ચાખી જોઇઆ-સારી રેહેણી સુખસું સોઇઆ.
પ્રેમ રસ પ્રેમે લીના-જેણે સાહેબસું નેહ કીના.
પીર શમ્શ સાહેબ ફીલાવે-ફીરતા ફીરતા ગત માંહે આવે.
પીરશાહા નામ આપ ભણાવે-ગુરનર પરતક પાવે.
દરશન કરે ગત સગલી-આવી બેઠી ગત મીલી કરી.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.
દરશન પાએયા શાહાકા-સૌ સંતોખીઆ વીરરે.
ગત ગુરનર મીલીઆ-આએયા શમશ પીરરે. ૪

પીર શમશ ગતમાં બેઠા-મુનીવરે નજરે દીઠા.
આપો આપ સાહેબ આએયા-ગુરનર દરશન શાહાકા પાએયા.
દરશન કરે દીનને રાત-માંહો માંએ કરે વાત.
સૌ સંતોખી સનમુખ રહેઆ-જો કુછ ગુરનર વાણી કહેઆ.
ગુરનરસું વેનતી કરે-પીર શમશ ચીતમાંહે ધરે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.
ચીંતમાએ ચીંતા કરો-અને બેઠા તમારે પાસરે.
અંતર આછા રહો-સો હરીકા દાસરે. ૫

દાસ હોવે તો દીલમાંહે રાખે-સાહેબસું વેનતી આંખે.

સહુ કરે પીરકી સેવા-અંબરત લાવે આછા મેવા.
શાહા શમશ ગુરનર ધણી-કરે કીરીઆ સાહેબ તણી,
સાહેબ છે તે સદા મેહેરબાન-તમે અમારાં કરજો કામ.
સાહેબ હએ સાચા દેવ-ગત સહુ કરે છે સેવ.
રે તુંહી-સાચા સાંહી આ પીયુજી.
સેવા કરે શાહાકી-પામવા વઇકુંઠ વાસરે.
ગુર રૂપે પીરકાસીઆ-વચન સુણો હમેરા દાસરે. ૬
પીર બોલીઆ પરતક દેવ-સઉ કોઈ કરે છે હમારી સેવ.
તમકું હોવે વઇકુંઠ વાસ-જો રહેશો અમારે દાસ.
વચન સુણો ગુરનર કહેવે-એક માણસ હમ લેવે.
ઉનકા માંસ લે પકાવે-એસા ખાણા હમ ખાવે.
જો આલો તો હમારે દાસ-હમકું દીલ હે માણસ માંસ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
ગત સઉ વીમાસીઆ-ગુર કેસી કહે છે વાતરે.
મેવા સરવે મેલીઆ- કરે માણસ ઘાતરે. ૭
મેવા સરવે મનથી મેલીઆ-જબ એસા વચન બોલેઆ.
વચન ઉપર સહુ વીમાસે-કોઇક આવે પીરકે પાસે.
પીર બેઠા આપે રહેવે-વાત વીગત કીસે ન કહેવે.
દુજા મનીખ કોઇ કોઇ કહેવે-દુખ સુખ આપે સેહેવે.
ગત સગલી ઘરૂં રહેવે-પીરકું કોઇ બાત ન કેહેવે.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
પીર આપે બેઠા રેહેવે-કોઇ ન આવે પાસરે.
હઇયણે હીરખીઆ-કેસી કરે દાસરે. ૮
એક દીન ઇયું કરતે ગએયા-તબ પીરે સુખીકું કહેઆ.
સુખી એક માણસ હમ લેવે-હમ બેઠે સાહેબકું સેહેવે.
ખાણા હમકું દુજા ન ભાવે-માંસ આવે તબજા ખાવે.
સુખી કેહેવે પીરકે પાસ-નહી મીલે માણસ માંસ.
માણસ માંસ કોઇ ન કરે-એસા માણસ કીસકે ઘરે.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
માણસ માંસ ન મીલે-આજ ઇસકે ગામરે.
પીર બાતાં જે કહે-તે ન આવે કામરે. ૯
પીરકી બાતાં કામ ન આવે-તબ સુખી એસા કેહવે.
સુખી ઉઠીઆ, પીરકે પાસ-તમ તો હએ અમારા દાસ.
તમકું હોવે વઇકુંઠ વાસ-હમ રહેવે તમારે પાસ.
હમકું આણી આલો માણસ માંસ-તો તમ હો સાચા દાસ.
આજ સુખી એક દીન હુઆ-માંસ માંગે અમારી રૂઆં.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

માંસ સુખી હમકુ દીયો-તો આનંદ હોવે આજરે.
પીર શાહાકુ પીછાણો-તો સરે તમારા કાજરે. ૧૦
પીર શાહાકું પીછાણોરે આજ-તો સરે તમારા કાજરે.
ગુરનર ગતમાંએ આએયા-જેણે પીછાણેયા તેણે પાયેઆ.
ગુર શંમશ પરતક દેવ-તમે કરો હમારી સેવ.
સાહેબ મીલનેકો યેહ ભેદ-દએયા ધરમ જુઓ વેદ.
દએયા ધરમ દીલમાંહે આણો-પીરશાહા રદેહ પીછાણો.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
પીર શાહાકુ પીછાણો-ભાઈ છોડો દુનીઆંની આશરે.
ગુર ગીનાને ઓળખો-શાહાં હએ તુજ પાસરે. ૧૧
સાચા સાહેબ હએ તુજ પાસ-ગુર જ્ઞાને દેખે દાસ.
દાસપણો દીલમાહે રાખો-દીલ પાકે દસોંદ આપો.
કીરીયા સાચી કરજે આજ-અમરાપુરીનો પામો રાજ.
રાજકાજ સરવે આવે-સાચે મને શાહાને ધેઆવે.
શાહા કરસે તમારા કામ-આપશે અમરાપુરી ઠામ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
અમરાપુરી તમકું-ગુરે દેખાડી વાટરે.
જે ઓલખે એક મના-તે ઉતરે વીસમી ધાટરે. ૧૨
સતપંથ વાટે સુધા આવે-સત વિના શાહા ન પાવે.
સાસ ઉસાસે અમર રહીએ-અંતર વાત હરીશું કહીએ.
હરી હએ શીરટકા કીલતાર-સાહેબ હએ જીવુંકા દાતાર.
કરણી કરે આપે નીસ્તાર-ધીયાન રાખો તો ઉતરો પાર.
અમુલક વસતુ આપે ખોલે-નહી કોઇ આવે ઇસિકે તોલે.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
સબ જુગ તોલે તોલેઆ-અને સતપંથ સુધી વાટરે.
સાસ ઉસાસે સમરો-હરીસું અંતર કરો વાતરે. ૧૩
અંતર આછા એહી રેહેવે-દુખ સુખ સાહેબસું કહેવે.
એક મને ધારણે રહેવે-આખર એક તુંહી તુંહી કેહેવે.
સદા ઉપવાસી સાચા હોવે-પાક નજરે સંસાર જોવે.
સંસાર સાગર ઇયું ઉતરણા-જીવી જીવી આખર મરણાં.
સાચા મરણા માંએકા કહીએ-યુંકર શાહા અપના લહીએ.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.
શાહા પાયા આપના-અને સરવે સુખ.
સંસાર સાગર ઉતરીએ-પામીએ પરમાનંદરે. ૧૪
પરમાનંદ પીયુકા નામ-હર હરજી તે અંતર ગીનાન.
ગુરનર એક કરી જાણો-પીર સાહેબ સહી પરમાણો.

બોલેઆ શમશ ગુર જ્ઞાન-રખીસર આલો સતસું દાન.
સત કીરીયા સુકરીત લીખાવે-ફલ અમુલ વઇકુંઠ પાએ,
પીર પાસે મુરીદ ન આવે-તબ પીર સુખીકું કાહાવે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

પીર પરતક બોલેઆ-સુણો રખીસર સારરે.
સંસાર સાગર માહા જળ હએ-સો કેમ ઉતરશો પારરે. ૧૫

મીલી બેઠા જણાં બે ચાર-મુખી પીરસું કરે વીચાર.
પીર સાહેબ કરો મૈયા-ગત ઉપર આણો દૈયા.
આજ દીન બે પુરા થઇઆ-માણસ માંસ તમકું કહેઆ.
માણસ માંસ કીયાંથી મલે-દુખ સગલાં ગતકું ટલે.
ગત સગલી આધીન રહેવે-મુખે સહુ પીર શાહા કેહેવે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

પીરશાહા પાર ઉતારો-અમે ઉણીઆ ચારી આજરે,
માવજી મેહેર કરો-તો પુગે સઉના કાજરે. ૧૬

મુખી પીરસું અરજ કરે-ગત સગલી પીયુ મન ધરે.
પીર સાહેબ બોલેઆ આપ-હમકું આલો માણસ માંસ.
માંસ આલો હમારા દાસ-તેને હોવે વઇકુંઠ વાસ.
વઇકુંઠ વાસ અમર ઠામ-તેના સીધા સરવે કામ.
ઠામ કરે ઉનકા અલ્લા-પીર વચન એસા બોલા.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

મુખી પાએ મત પડો-આજ ન મોલીયા તો કાલરે.
આપણે ઇલિલ્લા ભેજશે-તબ હોવેગા ફલરે. ૧૭

મીતુ મીલનેકા કીના ચાવા-જેણે છોડીઆ સબઇ સાવા.
સરવે સવાદ હએ દોજક કેરા-ફીરી ફીરી ફીરીઆ ફેરા,
જે કોઇ બાંધે સતકા સેરા-ઉનકું કીયું પડે ફેરા.
જે કોઇ સીર ઉગારી ચાવે-સો બોહતેરા ફેરા ખાવે.
જીને મોતુસું મીલના હોવે-સો સારી રેહેણી કીયું સુખસું સોવે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

ફેરા પડેઆ ઉનકુ-જેણે મીંદર કીયા દુરરે.
દીન ઉગમીઆને આથમીઆ-ઉપર આવેઆ સુરરે. ૧૮

ઇયું કર ઉઠી ગએયા-પીરકે પાસે કોએ ન રહેઆ.
સહુ અપને ધંધે લાગા-કોઇ ન કરે સીરકા સાટા.
સીર સાટે પીયુ મીલે,-દુનીઆ ધંધા સબ ટલે.
દુનીઆ ધંધા હો વેપારી-સો કીયું કરે શાહાસુ યારી.
સાહેબ હએ સદા પીઆર-દુનીઆ છોડે પડે પાર.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

દુનીઆ દુરીજન દુર કરો-માયામાં ન લાવો ચીતરે.
શીશ ધરણીએ ધરો-તો પામો આપણા મીતરે. ૧૯

દીન ઉગેઆ સો આથમેઆ-જે કોઈ આએયા સો ન રહેઆ.
મીતુ કસણી જગમાંએ આણી-પ્રીત પીયુની વીરલે જાણી.
જુઠા મનમાં કરે વિચાર-ફોકટ કીયું કર પાવે પાર.
સહુ કરે હરીસું ચાવા-દેખ દીખાવે અંતર નહિ ભાવા.
મુખે જપે હરીકા નામ-દીલથી ન ઉતરે દામ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

દામ દીલથી છોડીએ-અને લીજે હરીકા નામરે.
અવીચલ અમરાપુરી છે-પામે વઇકુંઠ ઠામરે. ૨૦

પએલા સીરકા સાટા કરણા-સીર ઉતારીને પગલા ભરણા.
હરદમ બંદગી હરકી કરે-સદા ધીયાન શાહાકા ધરે.
અંતર ઉદાસી આછા રેહેવે-રોમે રોમે શાહા કેહેવે.
એસા મીતુ મીલના કીજે-હરીરસ તબજા પીજે.
હરી નામ હરદમ લીજે-નામ સાહેબકે દેઆયા દીજે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

દેએયા ફલ સુફલ હએ-માયા મમતા મોટરે.
જેતી દુનિઆ ચાવે-તેતી આવે ખોટરે. ૨૧

જબ તીસરા દીન થએયા-ચંદ્રભાણુ પીરકું કહેઆ,
પીર સાહેબ સામુ જોએયા-સનમુખ શાહાકુ કહેઆ.
પીર પાસે ઉભા રહેઆ-કુરબાની અમારી દેહા.
દેહી કરૂં અમારી તાજ-હુકમ કરો હમકુ આજ.
તબ પીર થએયા રલીયાત-પરગટેઆ ફીરસ્તા સાત.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

સાત ફીરસ્તા આવેઆ-અપને પીરકે પાસરે.
ખુજરક બડા આવેઆ-ઉભા ચંદ્રભાણુ દાસરે. ૨૨

પીર આપે થએયા રળીયાત-પરગટેઆ ખુજરક સાત.
મીલી બેઠી ગત જમાએત-તબ પીર બોલેઆ આપ.
મુખી સાથે પીરે કીધી વાત-મુખી લાઓ મરદકા માંસ.
માંસ લઇ હમકો આલો-તીસરા રોજા હમકું ટાલો.
મુખી કેહવે પીરકે પાસ-કીયું લેવે પારકા માંસ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

માંસ ન મીલે ગુરજી-રોજા ખોલો આજરે.
ફીરસ્તા સરવે ઉભા રહેઆ-બીજી ગત જમાથરે. ૨૩

ચંદ્રભાણે ચીત વીચારી-સબ ગત મીલી છે સારી.
દુનીઆ લાલચ સહુને લાગી-કોઇ ન વીચારે પીરકી ગાલી

ગુરનરનું રૂપ પીછાણો–સતગુર શમશ તે જાણો.
ભગત હેત ધરીને બોલેઆ–સુખી સાથે પડદા ખોલેઆ.
સુખી લીઓ અમારા માંસ–હમકુ કરો હરકા દાસ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

સુખીને ઇયું બોલેઆ–આએયા પીરકે પાસરે.
હરી અરજ કરે– ઉભા ચંદ્રભાણ દાસરે. ૨૪

પીર કહે સુખી પએલા કરો–સીર કાઢી આગળ ધરો.
હમકું માંસ આણી આલો–બીસમીલ્લા ભણી કાતી નીકાલો.
તબતો સુખી મનમાં ડરેઆ–બાત લઇને દીલમાંએ ધરીઆ.
હાથ જોડી ઉભા રહેઆ–પીર આગળ કછુ ન કહેઆ.
ગુરજી કહે સબ તમામ–તબ બોલેઆ ચંદ્રભાણ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

ચંદ્રભાણ ચીત ધરી–મનમાં લાવી વાતરે.
પીરકું પાએ લાગી કરી–કાતી લીધી હાથરે. ૨૫

કાતી લઇને કરે સલામ–ગુરજી કહો સબ તમામ.
કાતી દોએ ધરીઆ હાથ–ફીરસ્તા ઉભા સાતો સાત.
સાતે ફીરસ્તા સનમુખ રહેઆ–છાબાશ ચદર ભાણકું કહેઆ.
આશીષ આપે અનંત અપાર–ગુરજી કહે હમારા દાસ.
માણસ સઉ હરી ગએયા–મન થીર કીસીકા ન રહેઆ.
રે તુહી–સાચા સાંહીઆ પીયુજી.

માયા છાંડી મનથી–અને કાતી વાએયા આપરે.
ચંદ્રભાણ સીર કાપેઆ–ઉભા પીરકે પાસરે. ૨૬

સાતે ફીરસ્તા કરે સલામ–વીમરસ પીરે ધરીઆ નામ.
વીમરસ તો આપે વીરોધીઆ–માયા મોહો નહિ કાળ ક્રોધ.
ચીત મન શાહાપર લાએયા–જેણે આપી અપણી કાએયા.
કસોટી પુરી ખરી આજ–મનથર રાખો તો સરે કાજ.
વીમરસ વાણી સઉ બોલે–ભગત નહિ કોઇ ઇસકે તોલે.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

ભગત ભાવ એસા કરો–જેસા વીમરસ તોલરે.
કાતી લઈ શીર કાપેઆ–પીરે આપેઆ બોલરે. ૨૭

વીમરસ હુઆ ચંદ્રભાણ–તીસકા હુવા સાચા ઇમાન.
ભગત સાચા એહ પરમાણો–જ્ઞાન ગુજ વીમરસ જાણો.
સુખ દુખ કીસે ના કેહેવે–એક નામ સાહેબકા લેવે.
વીમરસ એ એંધાણે ખાણો–દએયા ધરમ દીલમાં આણો.
સુરીજન અપના પાઓ–ચીંત સગલા ગુરપર લાઓ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

સુરીજન તો મીલે–અને સીર કરીએ તાજરે.
ગ્નાન હોવે દીલમાં–સરે તેના કાજરે. ૨૮
સુરીજાન અપના હે દાતાર–જીસથી પાહીંએ પેહેલે પાર.
ચીતમાંહે ચેતી વણુજ કમાઓ–જીસ વણુજથી નફા પાઓ.
વણુજ કરો એ વણુજાર–માનખા દેહી ન આવે વારોવાર.
વીમરસ આપે વીરોધીઆ–સીર અપના હાથે કાટેઆ.
ચંદ્રભાણે વીમરસ પાએયા–તબ શાહાકા દરસણ પાએયા.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
દરસણુ પાઇએં શાહાકા–આએયા અંત દીદારરે
વણુજ એસા કીજીએ–જે ટલે સોંસારકા સંતાપરે. ૨૯
સંસાર બીચ હએ વીસમી ઘાટ–જીનકું સુજી સુધી વાટ.
ઉતર ગએયા સો વીસમી ગાટ–સત પંથ હએ સુધી વાટ.
અંતર ચેતના એ ખંડા ધાર–ચલ ઉતરીઆ સો પેલે પાર.
પાર પામો હરીજન અપના–વીમરસ રાહા દેખો તપના.
એસી કોણુ કરે ગાલી–આખી કાયા ગુરકું આલી
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ગુર કહે વીમરસ કરો–અને કાયા કરો તાજરે.
વીમરસ વીગતે વરો–ભગત કરો આજરે. ૩૦
ફીરસતા હતા સાત–સાહેબ તણી સુણો વાત.
વાત વીગત તે દીલમાંહે આણી–સગલી વાત તે દીલમાં જાણી.
ફીરસ્તા આવીને અરજ કરે–પીરકી જીભીયા તોએ ન ફરે.
વીમરસ લે ઘરમાં જાવે–ચંદ્રભાણ કોઇ ન થાવે.
એસી બાત કરે છે આએ–એની કાયા અમર થાએ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
અમર કાયા એનકી–ગુરજી કરો કબુલ રે.
ગત સગલી જોઇ રહી–એસા બોલેઆ બોલ રે, ૩૧
લોક નીંદા કરે છે ઘણી–આશ પોતી પીર તણી.
ચંદ્રભાણુ ભગતી જાણી–ભગતી તણી બોલે વાણી.
આપણે નીંદા સહુ કરતા–ભગત સાચા દીલમાંહે હોતા.
કોઇ કે અપને મટેઆ દુખ–પીર સંતોખેઆ ઉપના સુખ.
ચંદ્રભાણુ કું ઉપની ગાત–પીર કહે સારી બાત.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ભગત બડા બોહોત થા–ઉનકું ઉપની ગાતરે.
પીરેં કરોધ કરેઆ–તાકુ મીલેઆ માંસરે. ૩૨
ફીરસ્તા તે રસોઇ કરી–પીરકે આગલ આણી ઘરી
ઘરી આપે અલગા રહેવે–જમાથ તેડી સુખીકું કહેવે.

ભગત આપણા મરી કેમ જાવે—ખાણા ખાવે જો ચંદ્રભાણ આવે.
અબતો મુખી મંગાવી દીઓ—નહીંકાં ખાણાં તમારા લીઓ.
હમ ખાણાં એસા નહિ ખાવે—ઉનકું લઈ વઇકુંઠમાં જાવે.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
મુખી મન વીમાસીઆ—ગત સું માગે શીખરે
એમ કહી ઉઠી ગએયા—જાણા દસ વીશરે ૩૩
કોઇ ન કરે પીરસું ગુજ—એસી ન આવે કીનકું બુધ.
ઉઠી ગએયા ગત જમાર્થ—આવી ઉભા ફીરસ્તા સાત.
પીરે તબ આખી બાત—ભગત ઉપર આણી ગાત.
અબ હીસે કરો તઇયાર—બાહેર ઉભી ઉનકી નાર.
નારી મન કરો રળીયાત—ફીરસ્તા ઉઠીયા સાતો સાત,
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
ફીરસ્તા તબ લાવેઆ—અને ચંદ્રભાણકા હાડ ચામરે.
લેકર પીરકે પાસ ધરેઆ—અબ કરો એસકા કામરે, ૩૪
પીર તબ આપે બેઠા—આપ ક્રષ્ટે એસા દીઠા.
નુરે વરસે અમીજલ ઉઠા—ચોરાશીકા ફેરા છુટા.
હુકમ એક અલ્લાને ભેજેઆ—સરગે ઉનકા ખુલા નેન.
અમરાપુરી ઉનકા વાસ—અબ હુઆ હમારા દાસ.
અરશથી ઉતરી હુર—વરસણ લાગા એહ નુર.
રે તુંહી—સાચા સાંહીઆ ;પીયુજી.
નુરે મીંદર સમારેઆ—નુરે રચીઆ આસમાનરે
નુરથી સતગુર નીપના—તેના ગુર શમશ નામરે. ૩૫
પીર શમશ આપે બોલે—નહીં કોઇ ઇસ ભગતકે તોલે.
ચંદ્રભાણ હુઆ સજાણ—વીમરસ પીરે ધરીઆ નામ.
ઉઠો ભાઇ આવાજ કરેઆ—તબ દેહી નુરાની ધરીઆ.
વર પાએયા વીમરસ આજ—ઉનકા પુગા સગલા કાજ.
વીમરસ તબ ઉભા રહેઆ—પીરશાહાકું સલામ કરેઆ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
સલામ કરે શાહાકું—અને પીરકું લાગે પાએરે..
ગુરે ઉનકું ઉઠાડેઆ—સબ મુખ દેખણ જાએરે. ૩૬
જો કોઈ દરસણ કરે એનકા—આજ ફેરા ટળે તીનકા-
ફીરી ફરી આવે પીરકે પાસ—એ છે હરીજન શાહાકા દાસ.
અપને સમજી જો એતી બાત—તો સીર ઉતારી દેતા હાત.
અબતો વેરા વહી ગઇ—અપના પીર બેઠા સહી.
સહાં સમરણી હાથે કીજે—મુખે નામ હરીકા લીજે.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.

હરી અપને પાસ હએ-કાંએ જાએશે દુરરે.
પાલવ ગીરહી રહીએ-તો વરસે તુરે તુરરે. ૩૭

પીર શમશ ખાણા ખાએયા-વીમરસકું તુર આએયા.
વરતાવે સઘલી જમાથ-ખડા હુઆ ફીરસ્તે સાત.
સાતે ફીરસ્તા ગએયા વેમાન-વીમરસ ગએયા આસમાન.
ખેલ ખેલાવી લાવીઆ વીર-સહુ : કોઈ આવીને પુછે પીર.
સરવે આવીને કરે સલામ વીમરસ ગએયા આસમાન.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

વેમાને બેશી કરી-પોતા આપ દુઆરરે.
પાસે આવી પરગટેઆ-જીયાં છે એની નારરે. ૩૮

સરવે એનકું કરે સલામ-વીમરસ પીર કેહેવે નામ.
ભગત આપે હુઆ વેમાન-ગુરથી પાયા વર દાન.
ત્રુઠા હરી આપો આપ-સરવે જુગના ગએયા પાપ.
સીર સાટે સાહેબ લીયા-હાથે કરી આપે સીર દીયા.
તબ જા અમીરસ પીયા-વેમાને બેસીને વર લીયા.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

ભગત વર પામેઆ-અને કસોટી કસી આપરે.
જાહેર જુગ દેખતા-સીર કરેઆ તાજરે. ૩૯

એસા મોમન સાચા કહીએ-માંહેકા ભેદ તબજા લહીએ.
ગુરનર આપે વણજારા-મઢીમાં બેઠા પીંઢત સારા.
પીંઢત તે જે પરખે ભેદ-કરે આપ કાયા છેદ.
નીંદા જુઠ કરોધ ન હોએ-પીંઢત સાચા કહીએં સોંએ.
સાચા ભેદ માંએકા કહીએ-શાહકા દરસણ તોજા લહીએ.
રે તુંહી-સાચા સાંહીકા પીયુજી.

પીંઢત પડેઆ બોંહોત કર-અને સાચા ન લીઆ શેરરે.
જે બોહેતેરા ઘોડેઆ-તે પડીઆ મોટે ફેરરે, ૪૦

માયા મમતા મનથી કાઢો-દએયા ધરમ દીલમાંહે આણો.
સરવે સુખ સંસાર વીચારો-ગીનાની તમે ગીનાન વીચારો.
ગુરકી સંગત પાર ઉતારે-જે કોઇ અપના શાહા ન વીસારે
જે સાચી ભગતી કરશે આજ-શાહા કરશે ઉસીકા કાજ.
ભગતી ભાવ દીલમાંએ ધરીએ-અવર નીંદા કીસકી ન કરીએ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

સાચા સાહેબ અપણા-સો હરી હએ તુજ પાસરે.
જુગ દેખે દામકુ-અંતર પીયુકા વાસરે. ૪૧

અંતર રેહેવે શાહાસું જુગતા-કસણી કરે તો પામે જુગતા.
સતગુર પરતક દેવ-સતસું કરો સાચી સેવ.

એક મન ગતમાં મીલીએ—પર ઇશત્રી માતા ગણીએ.
પાક દીલસું દાનજ દઇએ—જીકર ફીકર રેહેણી રહીએ.
દુનીઆસું દીલ ન ધરણા—સાબકુ આખર મરણા.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.

દુનીઆ લોભ કીજીએ—આખર પસ્તાયરે.
મરણે પેલા જે મરે—દરસણ શાહકા પાએરે. ૪૨

દરસણ શાહકા પાવે આપ—જાવે સરવે જુગના પાપ.
અમરાપુરી ઉનકું હોવે—સાતે સરગ વઇકુંઠ જોવે.
સરવે સુખ મારગ માણે—ભરમંઢની રદ આણે.
આણી ઉનકે ધરે ધરે—અવીચળ દુને વરે.
દુ કરે અવીચળ રાજ—સરવે સીધા ભગતના કાજ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.

ભગત વર પામેઆ —અવીચળ થાપી રાજરે.
શાહા દરસણ પાએઆ—સરીઆ સરવે કાજરે. ૪૩

કાજ સીધાં કસણી કરી—સાહેબ નામે ભગતી વરી.
એક મનેથી જપીઆ જાપ—હરી માલીઆ આપો હી આપ.
લોહો થંભ માંએથી ઉગારી લીઆ—નરસી રૂપે હાથ દીઆ.
પહેલાજ કસણી સહી આંચ—હરીએ હેતે દીધી વાચ.
સરીઆ સરવે તેના કાજ—આપેઆ છે અવીચલ રાજ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.

ભગત વર પામેઆ—કસ કરી સારરે.
પેલાજ પ્રીત બાંધી—ઉતરીઆ પેહેલે પારરે. ૪૪

ઉતરીઆ વીસમી ઘાટ—જીનકું સુજી સતકી વાટ.
હરીચંદ્ર કસણી કરી—રામચંદ્રની ભગતી વરી.
રામ રૂપે હુઆ રેહેમાન—હેતે કરી દીધા દાન.
તારા રાણી રોહીદાસ—અમરાપુરી લીઆ વાસ.
દાસપણું દીલમાં ધરી—ત્રને જણે ભગતી કરી.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.

કસણી સીર સહી—હરીચંદ જાસે હાથરે.
રામચંદ્રજી પરઘટેઆ—સતી તારા રાણી રોહીદાસરે. ૪૫

પંઢવે કસણી કરી ખરી—દુખ સુખ દીલ ન ધરી.
ભગત નામ એસા જાણો—નામ જપતાં ઇમાન આણો.
જુજે સટણે જાલેઆ આપ—ગએયા જુગા જુગના પાપ.
દ્રુપતીએ ધરેઆ નેહ—કરશનજી ન દીઆ છેહ.
સુખમાંથી ન વીસારે વીર—ત્રાગડે ત્રાગડે પુરીઆ ચીર.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.

પંઢવે કસ કરી—ભગત ધરીઆ નામરે.
વેમાને બેશી આવેઆ—ત્રુઠા કરશન કાનરે. ૪૬
પીરે સમરણ કીઆ આપ—પીરશાહા જોઆ જાપ.
ભગત શાહાકા એસા કહેઆ—બાર કરોડ લહી વહેઆ.
તારણ રૂપ આપે કરેઆ—શ્રી ઇસલામ શાહા નામ આપે ધરેઆ
શાહી સમરણ કરી આજ—સરીઆ સરવે તેના કાજ.
સીર સાટે સાહેબ પાએયા—તબ શાહાકે દરગે આએયા.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
દરગે આપ આએયા—ઉતરીઆ પેહેલે પારરે.
કસ બહુ કસેઆ—ભગતી કીધી સારરે. ૪૭
સીરકા સાટા પએલા કરણા—પાક પવીતર દીલ ધરણાં.
સંગ પીયાકે સબ દેણા—સુરત નીરત રેહેણી રેહેણાં.
પીર વચને પાર ઉતરણા—ચોખા દીલ અપણાં કરણા.
સતકી બાટે સદાઇ રેહેણા—દીલસું પીયુ પીયુ કરણા.
એસી ભગતી કરોરે ભાઇ—તબજા પાઇએ રોશનાઇ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
ઘટ કરો નીરમલા—તો સાહેબ હએ તેરે પાસરે.
દીલસું પીયુ પીયુ જપીએ—તે પુરે તમારી આસરે. ૪૮
સાચા સાહેબ નીશદીન સીરેવો—ઘટ ઘટ વેયાપક સભમાએ લેવો.
રોમે રોમે સાંહી પીઆરા—સબ દુનીઆકા કરે નીસ્તારા.
સુરીજન તબજા પાઇએ—મરી મરી ખાકજ થાઇએ.
માયા મમતા દીલસું છોડો—એક દીલ હોકર શાહાસું લેહેો.
શાહા કરશે અપના કાજ—આપશે અમરાપુરી રાજ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
નીશદીન સીરેવો શાહા—છોડો જુગની આસરે.
ઘટ અંધારાં દુર કરો—તો સાહેબ છે તુજ પાસરે. ૪૯
આશા પુરે સાચા સાહેબ—જે ચાલે ગુરનર કે વાએક.
ગુરનર પરતક જાણો—પીરશાહાકું સત પીછાણો.
સેવા કરો ઉનકી ભાઇ—પીર શમશ કહે કરો કમાઇ.
ગુરજી જંબુ દીપે જાણો—શાહા દેલમ દેશે પરમાણો.
ગુરનર છે પરતક દેવા—નીત કરો ઉનકી સેવા.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
નવખંડ સાત દીપમાં—સાહેબ હએ ભરપુરરે.
શાહા શમશ સીરેવીએ—તો વીગન હોવે દુરરે.

(ચંદ્રભાણ સમાપ્ત.)

વેલ ચંદ્રભાણની

સતગુર શાહા શમશ જાણુ–આવી બેઠા છે પીરભાણુ.
તબ અલ્લા આપ ફીલાવે–દરસણ શાહાકા પાવે.
રાત દીવસ કરે પીરકી સેવા–સહુ મોમન લાવે મેવા.
ગુરસું રાખે ઓત પીઆર–સહુ ગત મીલી છે સાર.
ગુરજી બોહત દેવે બાવ–પીર પાસે આવે અપાર.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
પીર પાસે સહુ મીલે–બોલે અંબરત વાણુરે.
આખર ઉભા રહેઆ–સેવક ચંદ્રભાણુરે. (૧)

ચંદ્રભાણુ ઉભા પીરકે પાસ–બડા બુજરક હતા સાત.
શાહા શમશ હુકમ કરેઆ–સાડી સાત કરોડ વરીઆ.
શાહા ઉતમ ચીણુબ નગરી–તીયાંથી બોધી આવો ફીરી.
પીર ફરમાન કરે એસા–ચંદ્રભાણુ ગએબા વિદેશા.
સુરજા રાણી હતી જીયાં–આવીઆ ચંદ્રભાણુ તીયાં.
રે તું હી–સાચા સાંહીયા પીયુજી.
પીર વચને ગએયા–આએયા અસુરકે દેશરે.
એલમ અનંત કહેઆ–લીઆ સુફેત વેશરે. (૨)

સુરજા રાણી હતી જીયાં–ચંદ્રભાણુ ગએયા તીયાં.
ભણે વેદ અનંત અપાર–સુરજા રાણી આએયા બાર.
કર જોડી ઉભા રહેઆ–ગુર તણા વચન કહેઆ.
કરે પરણામ ચંદ્રભાણુ–ગુરે દીઆ હે ફરમાન.
સુરજા રાણી સમજો આજ–તો સરસે તમારા કાજ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ગુરે ફરમાવેઆ–સાહેબ આપો આપરે.
બીનાની બોલેઆ–હમ ઉનુંકા દાસરે. (૩)

સુરજા રાણી સીર નામે,–ચંદ્રભાણુ કેડ થાપે.
નીમ ધરમ પીરકે નામ–આપેઆ ભેદ ચંદ્રભાણુ.
આઠ જણા ઘરમાંહે મીલીઆ–નીમ ધરમ તીયાં આપેઆ.
આપી દીધા કોલ અપના–સુરજા રાણી કરે તપના.
અમ પાસે આવી રહો–જ્ઞાન ગુર તણા કહો.
રે તુ હી–સાચા સાંહીઆ પીયુજી.
પીર પાસેથી આવીએ–રહીએ તમારે ગામરે.
અબ ઇયાં આવીઆ–સો પીરકે ફરમાનરે. (૪)

તબ આએયા પીરકે પાસ—પીરે આપી છે શાબાશ.
સરવે વાત પીરકું કેહેવે—સુરજા રાણી કે ઘણું રેહેવે,
ગુર કહે જાવો ઉનુંકે દેશ—રાખો ગરીબી સુક્રેત વેશ.
તબ બોલેઆ ચંદ્રભાણ—ખરા શાહાકા ફરમાન.
પીરે તબ આલેઆ કોલ—કોઇ ન આવે તારે તોલ.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી
કોલ કરાર આપેઆ—દીઆ પીરે દેશરે.
ચીણબ નગરે આવીઆ—બેઠા સુક્રેત વેશરે. ૫
સંવત બારસો હોતા જાણ—કોલ આપેઆ છે પીરમાણ,
છેલી સદે અવતરજો—જ્ઞાન ગોટ બોહોત કરજો.
જે કોઇ સાંભળશે જ્ઞાન—તે આપશે દસોંદ :દાન.
આગળ પામે પેહેલે પાર—કરે ક્રીરીયા ધરમ આચાર.
તે :રખીસર અપનાં ભાઇ—જે કરશે એસી કમાઇ.
રે તું હી સાચા સાંહીઆ પીયુજી.
દસોંદ દાન આપીએ—લીજે પીયુકા નામરે.
દુનીઆ દુર કરો—પામો અમર ઠામરે. ૬
બારમી સદી સુધી આવો—ફીરી ફીરી જ્ઞાન કહાવો.
જે કોઇ સમજે અપના ભાવા—અમીરસ ઉનકું પાવા.
અંતર જીસુકું સુજે વાત—સો ન કરશે તમસું ગાત.
જાતભાત ન જુઓ કાંહી—જો મીલે સો લાવો આંહી.
ચંદ્રભાણ હુઆ કણબી—કામ કરતા ચામ રંગી.
રે તુંહી સાચા સાંહીઆ પીયુજી.
ભગતી કરો ભાવસું—રાખો હરીસું હેતરે.
ચંદ્રભાણ ચીણ ગએ—તીસે વેશ સુક્રેતરે. ૭
ઇઆં ઉનકી દરગા બડી—સેવા કરે ચંદ્રભાણ તણી.
પીર પાક નબી કીલાવે—જે કોઇ મુસલ્મે નબીકે આવે.
અવર પીર બોહોત કીલાવે—તીસથી સેંસો કબી ન જાવે.
મુરશીદ સાચા જો હોવે—તો સુખસું વઇકુંઠ જોવે.
પીર પેકાંબર જે કીલાવે—તે સબ કરણીએ ફલ પાવે.
રે તુંહી સાચા સાંહીઆ પીયુજી.
જો કરણી કમાવો—તો જાવો જીનંત ઠામરે.
રેણી સુરજની કરો—છોડો દુનીઆ દામરે.
આલ ઇમામ જે કહીએ—દસોંદ દમડા તે દઇએ.
કમલા દમલા બે બેના—કમલા કુંઅર તણી નેના.
દોએ બેટી ઇનુંકી કહીએ—વાત વીગત તીસે લઇએ.
લોચન હુએ ઉનુંકી માતા—કરે સેવા સતપંથ રાતા.

દરગા તણી સેવા જાણી-દો બેટી માતા રાણી.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

સેવા કરો સંતતણી-લોક માને અનંતરે.
ગુર ફરમાને ચાલે-સાંભલે એસા મીંતરે. ૯
ગુરનર જુગમાં આએયા-પીરશાહા નામ જપાએઆ.
દરસણ સહુને સરખા-પીર શમશ કરે પરખા.
ગુર શમશ કહી સમજાએ-ભેદ કોઇક વીરલા પાએ.
આલ ઇમામ ઓળખો આજ-તો તમારાં સરસે કાજ.
પીર મુરશીદ જેતા કાહાવે-સો સબ શાહા દરગે આવે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

દરગે જાઈ કરી-લીજે હરીકા નામરે.
પીરશાહા પીછાણેઆ-તીનકા પુગા કામરે. ૧૦
ચંદ્રભાણ વીમરસ નામ-અબ કહેઆ એસા કલામ.
શાહા શમશ ફીરી ફરમાવે-કલ સંદે જુગમાં આવે.
આવી કેહેવે ગુરકી વાણી-ન સમજે દુનીઆ અજાણી.
સુતક પાતક ઓઈ ટાલે-જે કોઇ જાઇ ઉનુંકું મીલે.
ઉનકા નામ અલાહકા લાલ-આવેઆ બહુ કલીકાર.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

કલીકાર આવેઆ-આવી કરે પુકારરે.
કેવે ગીનાન ગુરકા-જે સમજે ઉતરે પારરે. ૧૧
કલજુગમાં અનંત દેવા-જે કો કરે ગુરકી સેવા.
સો સુરીજનકું જા મીલીઆ-તીસે દુખ સરવે ટલીઆ.
કલજુગમાં દેવ અનંતા-રહેહ જાનો ઉનકે ખમતા.
મુનીવર તેજ વારે મન-કરે કસોટી કાયા રતન.
પીર શમશ કંથી સુણાયા-ચંદ્રભાણ આપી આખી કાયા.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

કાયા આપી એકવાર-પાયા અનંત રૂપરે.
સોંસાર ઉતમ હએ-જીયું સીરપર ખુપરે. ૧૨

(ચંદ્રભાણની વેલ સમાપ્ત.)

સુરભાણ.

(પીર શમશ કૃત.)

સાચી વાટ સતકી કહાવે–સાચ વિનાકો પાર ન પાવે.
કસ કસોટી રખીસર સેહેવે–કસણી વિના પાર ન લેહેવે.
સાચી વાટે સુધા કહાવે–પીરશાહા વિના પાર ન પાવે.
સાચી વાટ જગમાં કહીએ–કસોટી વિના પાર ન લહીએ.
સાચા સુધા જગમાં રહીએ–વીખડા મારગ એમ લહીએ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
વીખડો મારગ દોહેલો–કસ કસોટી સાચરે.
ડર પીયુનો લાવીએ–છોડો બીરાની આશરે. ૧
જુગ ધુતારી એહી દેહા–એણે ખોઇઆ પીયુસું નેહા.
સાચા સુધા રખીસર કહાવે–ગુરનર વિના પાર ન પાવે.
તત્વ રેણી જુગમાં આણી–ભુલી મ જાઓ મુરખ અજાણી.
પીરીત કરો પીયુસું ધેઆન–ગુરનરસું રાખો ઇમાન,
તેને સાચા રખીસર કહીએ–મોહ માયાસું દુર રહીએ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
મો માયા બલી જાસે–કાં થાઓ નિરાશરે.
એક મના સીરેવીએં–જુગના ઉતરે પાપરે. ૨
કસણી કરે દોજક ન જાવે–વચન સીર ઉપર લાવે.
સાચા મારગ પીયુસું રહીએ–પ્રેમ પીરીત માંએ લહીએ.
અપની દેહી અગન બાહીએ–ખરી કસોટી પીયુસું લાહીએ.
ચીતમાં ચેતી વણુજ કમાઓ–વણુજ કરો ભેસતે જાઓ.
પ્રીતે દેહેડી આપ કસાવો–કસ કસોટે સુરીજન પાઓ
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
કસોટી કીજે જુગમાં–સરવે જાવે પાપરે.
આલ ઇમામ સીરેવીએ–સોહેલા હોવે આપરે. ૩
રાત અંધારી જેજે કરશે–અંધારે ફલ કેમ લેશે.
રખીસર કરણી કમાવો–સાંહી આપણાને તો જા પાવો.
સત સબુરી આપ રહીએ–માદનમાં બે મીલી સહીએ.
વીખડી વેલા પંથ દોએલા–શાહા નામેથી પંથ સોહેલા.
સાચી વાટે સુધા રહીએ–ખરી કસોટી પીયુની લહીએ
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
ખરી કસોટી સહીએ–તો ચઉદા પાવે સુલરે.
મુનીવર એસા લોડીએ–જેજે રદામાં ખોલરે.

ખરી કસોટી પીયુની કીજે–અમરાપુરીનો વાસો લીજે.
પીરીત પતંગીઆ એસી કરે–દીપક જોઇ આપે મરે.
દેહી ન રાખે આપ જલાવે–એસી પીરીત પતંગીઆ કાવે.
આપો આપે જનમ ગમાવે–સાચા સતીઆ સોહી કીલાવે.
આપું તેરે અવર તરાવે–સત કસણી વઇકુંઠ જાવે.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
અગન સહીએ પીયુની–કદી ન હોવે નીરાશરે.
સુલી ઉપર નાચણા–ખેલો ખેલણહારરે. ૫
આપે તરે અવરાને તરાવે–કાલ કરોધ માંઅથી મારે.
ખરી કસોટી આપ કસાવે–તો જા સુલ ચઢદા પાવે.
વીખડી વેલા ચીંત ન દુલાવે–જાણી જોઉ કાં જનમ હરાવે.
દએયા કેરો ધરમજ કીજે–ઇયું અપણા સાંહીઆ લીજે.
વઇકુંઠના વણુજ કમાવો–સતની અગન આપ જલાવો.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
આંચ ખમો પીયુની–વશીયેં પીયુને પાસરે.
વણુજ આવીઆ જુગમાં–કાં જાવો નીરાશરે. ૬
પરગટ દેખો સાચ કમાવો–જેવા જાણો તેવા ઘેઆવો.
ચીત સગલા શાહાપર લાવો–અપને શાહાકા દરશન પાવો.
કલમા તાળા કલમા કુંચી–સતકી બાહાં સબથી ઉંચી.
ખરી કસોટી શાહાની લેવે–ખરી દસોંદ દીલસું દેવે.
દુનીઆંસું પીરીત જે કરશે–કરણી કરે કાજ ન સરશે.
રે તું હી સાચા સાંહીઆ પીયુજી.
સાગણુ કીધા લોકમાં–ગઉનો છાણુ અડાએરે.
નરગ પાથરણું કરે–કેમ અમરાપુરી જાએરે. ૭
પારકી નારી મા બેન કહીએ–ખરી આંચ પીયુની લહીએ.
મરતક દુનીઆ માંએ રહીએ–જરા મરણકા ભે ખોઇએ.
એસી દુનીઆ દુરીજન કીજે–ઇયું અપના સુરીજન લીજે.
દુનીઆ લોકમાં જે ભલશે–તે તો આવા પાખંડ કરશે.
બીરામણ પાખંડ કરશે–દુનીઆ સારી પાખંડ કરશે.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ભીરામણ જોશી તેડેઆ–અરણુ નાદાને અલાએરે.
કાલે મોઢે કાઢેઆ–લોઢાના માર મરાએરે. ૮
સાચા મારગ સતકા કહીએ–અપના જીઅસું રેણી રહીએ.
એસા કીજે સુરીજન લોકા–સતસું કીજે સુરીજન ભોગા.
સુરભાણુ કેરી સુણીએ બાતાં–રાત દીવસ ગુરકે સાથા.
નેહ બંધાણા એસી બાતાં–સત મારગ ન કીજે ગાતાં.

પીરીત બંધાણી સાચા સાથે—સાચ વિના ન આવે હાથે.
રે તું હી સાચા સાંહીઆ પીયુજી.
ભગત કસણી સીર ધરી—ગુરવચન સીર ચડાએરે.
નાસ પરનાત ન શોધવી—રંગ રૂપે તો ન સોહાએરે. ૯
મુજે દુનીઆ કોઇ ન ભાવે—સાચ વીના પીયુ ન પાવે.
મુરશીદ બોલે એસી બાતાં—સુરીજન વરીએ સાથાં.
વરીઆ વિના ન આવે હાથાં—બાતાં કીજે સુરીજન સાથાં.
એસી બાતાં સુરીજન કેરી—હમ વરીએ સુરીજન શેરી.
એસા કરણા પીયુસું ચાવા—અમે ન જાઇએ દુનીઆ સાવા.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.
જાતાં મારગ જે મીલે—તેની કરજો આશરે.
મનમાં ચાવા કીજીએ—તેથી ઉતરીએ પારરે. ૧૦
સતગુર બોલેઆ તે સુણીએ—પરણે વિના દોજક પડીએ.
ખાસા બંદા ઉનકું કહીએ—વાત વીગત ઘરની લહીએ.
એવા ચાવા ભગત કેરા—વરશો નહિતો પડશે ફેરા.
સગલા કામ ઓરત કેરા—વાટ દેખાડે મરદ સવેરા.
મરદ નારીને વાટ દેખાડે—જો વરશો તો પંથ સમારે.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.
જો વરે સતસું—સતસું લોકા જાએરે.
સતે પાર લંગીએ—સતે ન ચાલો કાંએરે. ૧૧
જો વરશો તો પંથ ચડશો—સત વિના દોજક પડશો.
વચન સુણો સતગુર કેરા—ન વિચારો તો ફીરફીર ફેરા.
સતગુર સહી કહી માનો—સાચા વચન સહી પરમાણો.
સાચા મારગ સાંહીસું કીજે—સાચા વિના પીયુ ન લીજે.
અપના પીયુસું ચીંત દીજે—ઇયું કર અપણા સાંહી લીજે.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.
રાત સારી બંદગી કરે—સવારે ઉઠી જાએરે.
ખોલે દરવાજે જે મીલે—તેથી ચીંત લગાએરે. ૧૨
પોળ ઉગારી મારગ ચાલેઆ—દાતણ વારીએ લઇ બુલાવેઆ.
દાતણ લીઓ મરદ સોહાગી—સત સબુરી સતસું લાગી.
દાતણ આલો કીસકે ચાવે—ઘરમાં દીઓ તમારે ભાવે.
જો મન ભાવે તો બાતાં કીજે—નહિ તો ચાલતાં પુઠી દીજે.
મનમાં કીના ઓરત ચાવા—ઘર માંઢીએ અપને ભાવા.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
ઘર માંઢો મુનીવરો—સતગુર કહે પુકારરે.
ઘરમાં રહી કમાવીએ—સુનો મુનીવર સારરે. ૧૩

એસી બાતેં પીરીત બંધાણી–ઘર આણી કર ધણીઆણી.
સાચી વાટે પીયુ ઘર આવા–હરખ ઉમેદ લે પુર નાવા,
મરદ ઓરત એસા ચાવા–મઢીમાં બેસાડી અપને ભાવા.
ઓરત મેલી મરદ સધારા–સત સબુરી તોએ ન હારા.
ફીરી એસા ચાવા કહેઆ–સતગુર વિના ઘડી ન રહેઆ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

સતગુર સેવા કીજીએ–તો લંગીએ પારરે.
સતપંથ પુરા સરેવજો–દેહી ન આવે દુજી વારરે. ૧૪

પીયુ વિના ઘડી ન રહેના–ગુર વચને જીવડા દેના.
બોહોત બોહતેરી પ્રીત બંધાણી–ગુરનર વિના કોએ ન જાણી
એકદીન જોયા ઇસકા નેહ–કચુ ન કીયા શાહાસું છેહ.
પરણેઆ પણ ઘેર ન જાએ–ઘરની ફીકર તીલ ન થાએ.
ખાણા પીણા તીયાંથી જાએ–લે દુસરે હાથ મોકલાએ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

હાથ ન મેલીએ પીયુ તણા–પીયુ પર જીવ કેરી આશરે.
આજ કસણી સહી કરો–આગળ અમરાપુરી વાસરે. ૧૫

જઇ શીખામણ એસી દેતા–આપે નામ પીયુકા લેતા.
ગુરકે દીલમાં એસી આઇ–દીલ ન હરીએ બેની બાઈ.
સોહાગમાં વઇકુંઠ જાઇએ–ગફલતે કછુ ન પાઇએ.
ઇસત્રી કહે એસી બાતાં–અમે ન મેલીએ પીયુનો હાથા.
ઇતની બાત જઇને કેહેજો–તમે અમારી ચીંતામાં રહેજો.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

ઇસત્રીકા મન વલા–દેખાડેઆ અમને વાટરે.
ભુલણાંકું બતાવીએ–ચાલીએ અપને સાથરે. ૧૬

રખે વીસારી સોંસારમાં રેજો–આપના દુખ સુખ શાહાને કેજો.
ચાંદ્રણ મારગ અમને આપો–વેનતી અમારી પીયુ શું ભાખો.
બે જણાં મીલી પંથ કમાઇએ–ચાંદ્રણ મારગ ચલ જાઇએ.
દુધ વીલોવી ગીરથ ન પાવે–અપણે દો જણાં સુધા દાવે.
એસા ચાઉ હે ઓરત કેરા–ગુરજી પાવે સતપંથ કેરા.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

અમે આશા તમતણી–જપીએ સુરીજન હારરે.
ગુરના કહેઆ કીજીએ–તો ભવસાગર પાવે પારરે. ૧૭

જો અપને સતસું ધાઇએ–તો એ પંથમાં કાંઇ પોસાઇએ.
એસા ચાઉ એસત્રી કેરા–એસા દીલહે સતગુર મેરા.
કાંકણ બાંધો અમારે હાથ–અમે થાઇએ નીરમલ પાક.
સાચા નામ પીરશાહા આપો–શાહાકા નામ રદેહમાં જપો

તેણે દીલ કીધો સાચો આજ–પંથ પામેઆ અવીચલ રાજ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
ગુર વાચા દેહો તણા–મુનીવર રાખો ધીરરે.
વચને દેહડી આપીએ–સાર કરશે પીરરે. ૧૮

જપ તપ માંઢેઆ જઈ–એસી બંદગી કીધી સહી.
પીયુ વિના અવર ન આણે–સઘલી બંદગી પીયુકી જાણે.
નર નારીકા એસા ચાવા–સતગુર સેવા સાચા ભાવા.
ખાસા બંતા પીયુજી કેરા–જહમુળ જાએસી વેલા.
બાહેર જુઓ કેતી હે રાતા–ગુરજી પુછે એસી બાતાં.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
અવર પની ખોત પેની–સુણો મુનીવર એહરે.
સુર ભાણકું ગુર કહે–ચામ તમારી દેહરે. ૧૯

કરી સલામ સુરભાણ શોધણ ચાલેઆ–એસા હુકમ સતગુર આલેઆ.
હુકમ લઇને મારગ ચાલેઆ–બાહેર જાતા શંખ ન આણેઆ.
ઇસત્રી મીલી મારગ માંહે–તમે કીયાં જાવો છો શોધવાએ.
સતગુર કેમ મોકલીઆ તમને–સગલી વાત કહો તે અમને.
એસત્રી સુનોરે એસી બાતાં–સતગુર નહિ રહેઆ અપણે હાથા
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
શુરભાણ સતીને એમ કહે–સતગુર કહે છે એહરે.
તમારી તજાનીઉં પનીઉં–ભાઇ તમે લાવો તેહરે ૨૦

સતી સુરભાણને એમજ કહે–જો એક લાણ તું સતગુરની સહે.
તમે શું ખોળવા ચાલીઆ આજ–દેહડી તમારી શું આવશે કાજ.
તમે સતગુરને પુછો જઈ–નારી પનીઉં લાવું સહી.
નારી પનીઉં હોવે નરમ–તાહાં એવો સગલો કરીઓ મરમ.
ગુરજી બોલે સબ તમામ–નારી પનીઉં ન આવે કામ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
મરદ દીલમાંહે વીચાર કરે–તમે સુણો સતી એક ધીરરે.
હુકમે ખાલ કડાવીએ–જેમ રાજી હોવે પીરરે. ૨૧

તમારી દેહા કામ ન આવે–સારી દેહા શાહાપર લાવે.
આખરદેહા અગન માંહે દેશો–એક તીલ આગ માંહે સુખ ન સહેશો.
સતીકા દેખો એસા ચાવા–નીત નીત હોવે અદકા ભાવા.
અમારી દેહડી યુંકર લીજે–એક પલકમાં વાર ન કીજે.
તારે સુરભાણ સત વીચારે–યુંકર અપની ખાલ ઉતારે.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
દીલ ન હરો પંથે ચાલો–તીલ ન કરો વારરે.
શાહાસું એમ ખેલીએ– તો સતગુર કરશે સારરે. ૨૨

તારે સુરભાણુ સતીને એમજ આખે—કહોતો લાવું બીજી જાગે.
ફીટરે મહુર મોહોના મેલા—એ શું વાત કરો છો ગેલા.
એસે નેડે વાત બંધાણી—સતગુર વાચા પણ શુધ ન આણી.
પારકી દેહા કેમ લાવશો તાણી—તોએ દેહા શુધ લખાણી.
જો દેહડી હમારી આવે કાજ—તો ઘડી એકમાંહે કરીએ તાજ.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
પીયુ કારણ સીર ધરો—એ સતકી વાતરે.
એસત્રી પકાવે સતસું—તો સરે તેના કાજરે. ૨૩
સુરભાણ લજાણા સતીકે બાતે—સત કરીએ તો આવે હાથે
સુરભાણકી દેહા સારી—ચુંકર અપની ખાલ ઉતારી.
સતી ધોવે લે જાવે પાણી—પીયુંકે કારણ શંક ન આણી.
દેહા ધોઇને રંગ ચડાવે—રંગ કારણે પોથી લાવે.
દેહા રંગીને આપે લાવે—ઘર મોચીકે લેકર જાવે.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
મોચી જોડા શીવી દીઓ—અને સુણો કહું એક વાતરે.
જે માગો તે આપીએ—અમારી સાચી વાતરે. ૨૪
મોચી બોલે એસી બાતાં—એ ચામ ન જાલીએ અમે હાથા.
જો દ્રવ્ય ખરચો તોએ ન થાએ આજ—અમારી એવી સાચી વાત.
પરઠણ કીધી સાંહીસું ભોગા—સતીએ કીધા સત સંજોગા.
તારે મોચી બોલેઆ એસી બાતાં—રખે દેતા અમને ઘાતા.
સત મારગમાં ન દીજે ઘાતા—અમે આવશું સવાપોર રાતા.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
સતગુરની વાતજ જાણીએ—તો દીલમાંહે ધરીએ સાચરે.
પીયુસું ચાવા કીજીએ—તો વશીએ વઇકુંઠ વાસરે. ૨૫
પીછલે ચોગડીએ પનાઇઆ દીજે—પરઠણ એસી ચોખી કીજે.
કારીગર કરવા માંઢી આજ—પરઠણ કીધી સતીએ કાજ.
સતીએ કાજ કીધો વીચાર—વીલંબ ન કીધી મીલી જણ બે ચાર.
વાએદા પએલી તઇયાર કીધી—પાછલી છ ઘડીઆ પનાઇ દીધી.
પનીઆ લઇને સતી ચાલી—જાઇને અપણા ગુરને આલી.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
એ વસત લીઓ રે ગુરજી—લાવી તમારે કાજરે.
પરઠણ કીધી સતસું—હવે કીરપા કરો માહારાજરે. ૨૬
તાહાંથી લઇને સતી ચાલી—ફીરકર જુએ નઇણે નીહાલી.
રખે મેલો અમને વીસારી—સતી બોલી પણ સત ન હારી.
અમે આવશું સવાપોર ગાલી—તમે રહેજો સહુને ટાલી.
તારે સતી ગુરભણી ચાલી—હાથમાં પનીઉં દૂર દેખાણી.

તારે અડવાણે પગે સતગુરજી આવીઆ-તમે કેમ અમારા ચાવા જાણેઆ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
જેની દેહા લાવી હએ-તે મરદ બોલાવો પાસરે.
પીછા ફીરકર દેખીઆ-તો સુરભાણુ ઉભા પાસરે. ૨૭

દો જણા ઉભા પાસો પાસ-સતગુરજી બોલીઆ એસી વાત.
તમે બેહેસતમાં જાઓ સતી સાથા-સતી બોલે તબ એસી બાતાં.
આગના આલો તો જાઇએ સાથે-સત રાખો તમારે હાથે.
અમને વાચા કારીગર કેરી-તેને કાજે અમે જાએશું ફેરી.
કરો દુઆ તમે સતજ કેરી-તાંહાંસું આવીએ સતસું ખેલી.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
તે સાથી એવો કોણ કરે-જે આવી એટલી રાતરે.
જાઈ આંગણ બોલાવેઆ-તમે સાચી કરજો વાતરે ૨૮

નર જાઓરે નાર વેરામણે-જઇને મેલો મોચીને બારણે.
બે જણા મીલીને સાથ સધાવે-જઈ મોચીના બારણા ઉધડાવે.
બાહેર મરદ માંહે નારી જાવે-તારે મોચી એમજ કહાવે.
ઘરમાંહે આવીઆ અપણે સંજોગે-તારે મોચી બોલીઆ વેગે.
એટલી રાતે કેમ આવીઆ વાટે-કોણ આપીઓ તમારે સાથે.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
તારે સતી એમ બોલેઆ-મેલવા આવીઓ અમારો કંથરે.
અમે સતગુર વચને આવીઆ-તમે સાંભળો એવો તંતરે ૨૯

તારે મોચી કરોધ દીલ માંહે લાવેઆ-એસા મરદતે બોહોત ચુકાવેઆ
એટલી રાત ફીરી ફીરી આવી-બીજા પુરષને સાથે લાવી.
મોચા બોલે એસી બાતાં-અમને દેવા આવીઆ છો ગાતા.
એવી દેહાતે બોહોત ચુકાવી-હવે અમારે કાજે આવી.
એવો તારો કોણ સંગાતી-મેલવા આવીઓ કંથ સોહાગી.
રે તુંહી-સાચા સાંહીઓ પીયુજી.
આંગણેથી બોલાવેઆ-તમે સાચી કરજો વાતરે.
પીયુ સંભારી ઉભા રહેઆ-ઓરત આવી સતને કાજરે. ૩૦

મોચી દીલમાં વાત વીચારી-એને પીરીત પીયુની સારી.
ચાલી આવીઆ આંગણે ધાઇ-સત સબુરી ગુરથી પાઇ.
એવી વાત મોચીએ આણી-સતની વાત અમે ન જાણી.
અમે હતા આપ અજાણી-એટલું બોલીઆ તમસુ તાણી.
સાચા મારગ સતના કહીએ-તમ મીરે વઇકુંઠ જઇએ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
પીયુ સંભારી ઉભા રહેઆ-સાચા સુરીજન કાજરે.
શીશ કાપી આપીએ-મારા પીઉને આજરે. ૩૧

મોચી બોલે શર એ ચાર-પની કરાવી પીયુકે ભાવ.
ગોસ્ટી કરતા વાણું વાએ-સતી બોલીઆ સતજ ભાઇ.
આજ્ઞા આપો જાઇએ આજ-સતી બોલીઆ સતને કાજ.
મોચી બોલેઆ એસી બાત-હમ તમ જાવે સાથો સાથ.
કોઇ ન જાણે એસી બાત-જણા ત્રન આવે સાથો સાથ.
રે તુહીં સાચા સાંહીઆ પીયુજી,
એસા પુરૂખ કીજીએ-દીલની બુજે બાતરે.
પીયુ ઘર દુનીઆ વીશે-પુરવ સતની આશરે. ૩૨
પુઠે નીંદા લોક કરે-તીઆં એવા જીવ જરે.
જોડા જોડ પીયુ ઘર આવે-સત ચીત પીયુ પર લાવે.
જઈ કરજો સતકા નેહા-સહી કીધી અપની દેહા.
તેણે સતપંથના ભેદજ જાણેઆ-ગુરનર ઉપર ઇમાન આણેઆ.
સાચી વાટ ઉતુને જાણી-ત્રન થયા નીરમલ પાણી.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
ત્રન સતી ઉધરેઆ-દીલમાં રાખી ધીરરે.
કસણી કીધી સાચસું-નીરમલ થયાં શરીરરે. ૩૩
સુરભાણ આયા સાહેબ પાસ-સાહેબ સુણો અરદાસ.
મોચી ભાઇ મન હરેઆ-સાંભલી જ્ઞાન દીલ ધરેઆ
આવી ગુરને પાએ પડીઆ-ગુર શમશ હાથ ધરેઆ.
હાથ ધરી નીમ પાયા-અબ અપને ઘર આએયા.
દેજો દસોંદ સાચી આજ-સહી સરસે તમારા કાજ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
દસોંદ દેજો દીલસું-સાચી કરજો વાતરે.
મોચી તો મન હરેઆ-ગુર શમશ દીઆ હાથરે, ૩૪
ગુર શમશ થએઆ દએયાલ-મોચી ભાઇકું દીયા હાથ.
અરધી ભગતી ઇનુકું દીઆ-અઢાઈ મોમન પુરા કીયા.
કલ સંદે અવતાર દીઆ-જીને પીરશાહકા નામજ લીઆ,
સતગુર શમશ જાણો-ગુર ઉપર ઇમાન આણો.
ભગતી સાચી કરજો આજ-સહી સરશે તમારા કાજ.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.
ગુર શમશ ઉલખીઆ-તેના સીધાં કાજરે.
અડાઇ મોમન થએઆં-અવીચલ ભગત આજરે. ૩૫
એસા વણજ મુનીવર કીજે-જીસથી શાહા અપના લીજે.
ઇસ ખોટીકું દીલસું ન દેખો-સબ ચલત્ર નારીકા પેખો.
દુનીઆકું દુરીજન જાણો-મન સમજી કરણી કમાવો.
ફીરીઆ કરો જાવો-માનખા દેહી ફીરી ન આવો.

ઇસકા ભેદ કોઇ ન બુજે-પ્રેમ ભગતી જીનકું સુજે.
રે તુંહી-સાચા સાંહીઆ પીયુજી.

સતી સીધા સાચસું-કુડા ન આવે કામરે.
સુનીવર એસા કાજીએ-પાઇએ ઉતમ ઠામરે. ૩૬

સતીએં કીધા શાહાસું નેહા-ગુરને આપી અપની દેહા,
ગુર વચને આપે રહેઆ-તબ ગુરે આણી દએયા.
પ્રેમબાઇએ પ્રીત જાણી-નામ ધરાવી દાતણી આણી.
સુરભાણને સાહેએ આલી-સીર ઉપર કસણી જાલી.
કસણી વીના કોએ નં તરેઆ-કસ કરી ભગત વરેઆ.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

પ્રેમ બાઇ કસ કરી-સુરભાણ, સીધા આપરે.
થીર કરી મન અપના-જપીઆ ગુરના જાપરે ૩૭

સત પંથ હે સાચી વાટ-સતે ચાલે આવે હાથ.
ભોગવશો અવીચલ રાજ-કુડ કપટ ન આવે કાજ.
કાલ ક્રોધ ધરમ ગુમાવે-કાલ રાખે સત ન આપે.
પએલી કસોટી કસમાં લાવે-પાકો કરસણ સરવે જાવે.
મરણે પેલા મરી મરી જાવે-મીતુ પણા તબ જા પાવે.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

મીત પણા કીજીએં-જીવની પુરે આશરે.
પીયુ કારણ દીજીએ-તો રહીએ પાસો પાસરે. ૩૮

પએલા રહીએ શાહાસું જુગતા-કસણી કરે પામે સુગતા.
સતગુર શમશ દેવા-સતસું રાખો સાચી સેવા.
એક મને ગતમાં મીલીએં-પર ઇસત્રી માતા ગણીએ.
પાક મને દાન દીજે-જીકર ફીકર રેહેણી લીજે.
દુનીઆસું દીલ ન ધરણા-સબ જાણો આખર મરણા.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

દુનીઆ લોભ કીજીએ-તો આખર પરતાએરે.
મરણે પેહેલા જે મરે-તો શાહકા દરસણ પાએરે. ૩૯

સત અજવાલે મારગ પાવે-ગુર વચન આપ કસાવે.
અંતર ચલણાં વીસમી વાટે-સતસું ચલણા સાચા માટે.
મુશકીલ રા વેદે ચલણા-અપના ચીંત શાહાસું ધરણા.
વેદ પુરાણે વીચારી જોઇએ-માંએકા મેલ વેદે ધોઇએ.
સતે બલી કોએલા થઇએ-સત વીના શાહા ન લઇએ.
રે તું હી-સાચા સાંહીઆ પીયુજી.

સતે ચાલતું દોએલું-કોએલા કરે આપરે.
શંક ન લાવે દીલમાં- મીલે હોવે પાકરે. ૪૦

મરતક થઇ આપે રહીએં–સતકા સાંહી તબજા લહીએ.
માયા મમતા ત્રશના છોડી–તેણે પ્રીત દુનીઆસું છોડી.
સાચ વિના સત ન સુજે–શાહાકી બાત વીરલા બુજે.
મન થર અપના કયું કીજે–સત સોહાગ અપના લીજે.
સાચ વિના સીધ ન થાએ–પ્રેમ ખેલ કયું કર પાએ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
સુલી ઉપર નાચણા–ખેલો ખેલણ હારરે.
આંચ ખમે પીયુજી–તો કદી ન થાએ નીરાશરે. ૪૧
પએલા સીરકા સાટા કરણા–સીર આગળ પગલા ધરણા.
સાચે ઇમાને નીશીજલ રેહેણા–પીરશાહા જાપે પાર ઉતરણા.
પાપ કપટ સબ દીલસું ધોણા–ઇયુંકર નીરમલ હોણાં.
હવા હીરસ કરીએં દુર–પવિત્ર થઈ પીયો નુર.
એસા ભેદ મુનીવર બુજે–મુનીવર હોવે સત સુજે.
હે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
સીર સાટા કીજીએ–તો શાહા પાઇએં અમુલરે.
સોના કસોટી કસીએ–તો ચઢ્ઢા પાઇએં મુલરે. ૪૨
સોના સરખા તોજા હોઇએ–જો માંહેકા મેલ સારા ખોઇએ.
માંહેકા મેલ કયું પરમાણો–હું હું પણો મેલજ જાણો.
ખોટી કાયા ગીરભ ન કીજે–ગીરભ ખોઇએ તો શાહા લીજે.
મનમાં લરજી આપ રહીએ–કાયા કંચન તબ લહીએ.
મન મારી ધરીએ ધીઆન–ચીતમાં રાખો બ્રહ્મજ્ઞાન.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી
જુગમાં ચેતો મુનીવરો–ચેતો ચેતણ હારરે
કાયા કાચી ઢલી પડે–તબ શાહા દેશે મારરે. ૪૩
સાચા સાંહી નીશદીન સીરવો–ઘટઘટ વીયાપક જાણો.
રોમે રોમે સાંહી પીયારા–સબ દુનિઆકા કરે નીસ્તારા.
સુરીજન તબજા પાઇએ–જો આપો આપે આપ ગમાઇએ.
મરી મરી ખાકજ થઇએ–ધરતીકા ગુણ આપે લહીએ.
માયા મમતા દીલસું છોડીએ–એક દીલહો સાંહી લોડીએ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
નીશદીન પીયુ જપીએ–છોડો જુગની આશરે.
ઘટ અંધારાં દુર કરો–તો શાહા તેરે પાસરે ૪૪
ગફલત દીલસું દુર કરણા–ચીત સગલા શાહાપર ધરણાં
જીકરે ફીકરે આપે રહીએ–દીલમાં પીયુ પીયુ કરીએ.
મનમાંની સબ અપની છોડો–બંદગી હરદમ શાહાસું લોડો.
દુર કરો માયાકા કાળ–શોસાર સાગર આપ સંભાલ.

શાહા કરશે તેની સાર–સુરીજન અપના હએ દાતાર.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
દીલ વીચારો સુનીવરો–શોંસાર માયા જાળરે.
પાખંડ સરવે દુર કરો–છોડો પ્રેમ જંજાલરે. ૪૫
સાચી વાટ સતકી કહીએ–સત વિના પાર ન લઇએ.
સાચ વિના તીલ ન રહીએ–સતપંથમાં કસણી શહીએ
તંતવ દેખો સુરીજન લોગા–સત રાખો આપ સંજોગા.
સાચા સતગુર જગમાં જાણો–અવીચળ વચન શાહા પરમાણો.
સરવે સાચી વાટ જાણો–મનમાં ભરમ કાંઇ ન આણો.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
મરદ દુઆરે જાઇ મીલો–જે રહીએ પીયુ પાસરે.
કસણીથી કાયા બાળશો–તો જાઓ અમરાપુરી વાસરે, ૪૬
મીતુ મીલનેકા કીના ચાવા–તીને છોડીઆ સરવે સાવા.
સબ સંવાદ દોજક કેરા–ફીરી ફીરી ફરેઆ ફેરા.
જે કો બાંધે શાહાકા શેરા–ઉનકું કીયું પડે ફેરા.
જે કો ઘર ઉગારી ચાવે–સો બોહતેરા ફેરા ખાવે.
જેને મીતુસું મીલના હોવે–સો રેહેણી સબ સુખસું સોવે.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ફેરા ઉનકે પુરીઆ–જેણે મીંદર કીયા દુરરે
દીન ઉગે આથમે–ઉપર આવે સુરરે. ૪૭
ગતમાં બેશી સમરણ કરીએ–જીવ છોડાવા દીલસું ડરીએ.
જપ તપેથી ભાવેજ રેણા–સાંહી અપને સું ચીત દેણા.
સુનીવર સુકરીત કરીએ–ધીયાન શાહાકા દીલસું ધરીએ.
ગફલત અપની દુર કરીએ–નીત નીત સાહેબસું ડરીએ.
સુનીવર ઇયું કર પાર ઉતરીએ–ગુર વચને જીવતા મરીએ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
મરણે આગલ જે મરે–તેના પુરા ભાગરે
સતગુર વચને થીર રહીએ–તો પાઇએ સત સોહાગરે. ૪૮
સીરકા સાટા પએલા કરણા–નીત નીત પાક પવિત્ર હોણા.
સંગ પીયા કે સબકુછ દેણા–સુરતા કર રેણી રેહેણા.
પીર વચને પાર ઉતરણા–ચોખા દીલ અપના કરણાં.
સતકી બાતેં સતેં રેણાં–જીભીયા ઇંદ્રીયું વશ કરણા.
મન માંહે ભીરાંત ન લાવો કાંઇ–તબજા દીલમાં પાઇએ રોંશનાઇ.
હે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.
ઘટ નીરમલ કીજીએ–તો શાહા છે તુજ પાસરે.
દીલસું પીયુ જપીએ–તો પુરે તમારી આશરે. ૪૯

આશા પુરે સાચા સાહેબ—જે ચાલે ગુરનરકે વાએક
ગુરનર જાણો પરતક દેવા—નીત નીત કરો ભાઇ ઉનકી સેવા.
સેવાએ જાગો મુનીવર ભાઇ—ભણે પીર શમશ કરો સત કમાઈ
ગુરજી જાંબુ દીપે જાણેો—શાહા દેલમ દેશે પરમાણેો.
ગુરનર પરતક જાણો—પીર શાહાકું સત પીછાણેો.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.
નવ ખંડ સપત દીપમેં—અને સાહેબ હએ ભરપુરરે.
શાહા શમશને સીરેવીએં—તો વીગન હોવે દુરરે

(સુરભાણ સમાપ્ત.)

વેલ સુરભાણની.

ગુર શમશ સાહેબ જાણ— ગઝની દેશમાં કીઆ આણ.
આવી એઠા પાદર માંહે—ગત સગલી આવી તાંએ.
લાગી પાએ પરણામ કરે—તેડી લાવેઆ અપણે ઘરે.
રાજે સુણી ગામ ગીરાસી—સોનારી હએ પીરકી દાસી.
સુરભાણ ઉનકા પુતા—સેજ સારી ઉપર સુતા.
રે તું હી—સાચા સાંહીઆ પીયુજી.
આંગણે એસાડેઆ—ગુરજી કહે ગીનાનરે.
સુરભાણ સુતા જાગેઆ—ઉઠી કરે સનાનરે. ૧
કરી સનાન સનમુખે આવે—પીરશાહાકું વાત કહાવે.
ગુર ગીનાન પીરછાવે—ભેદ સગલો સુરભાણ આવે.
દીનકી રાહા ઉનકું આવી—પીર સાહેએ પીરછાવી.
તબ સુરભાણ લાગા પાએ—ગુર હમારી જાલો બાંએ
તબ પીર કરે ફરમાના— સુરભાણે પીરશાહા જાના.
રે તુંહી—સાચા સાંહીઆ પીયુજી.
પોરશાહા પીછાણેઆ—ચેલા કહાવેઆ તબરે.
પીર નીઅમ આલેઆ—રાજ મેલેઆ સબરે. ૨
દામથી દીલ મેલે અલગે—શાહાકે પાલવ આવી વલગે.
પાલવ વલગે હમેરે પુતા—સુખસું જઇ સેજે સુતા.
આનંદ હોવે ઉનકું આજ—સગલા પુગે તીનકા કાજ.
બાપ કરી બોલાવી લીજે—વચન કહ્યું એક ન કીજે.
સેહેજે સુંખ સું રમતા રમે—તીયું બાપકું બેટા ગમે.
રે તુહી—સાચા સાંહીઆ પીયુજી.
બાપકું બેટા ગમે—સમજે સતની વાટરે.
પીરીત બાંધી પીયાસું—તો ઉતરે વીસમી ગાટરે. ૩

નીઅમ લઇ નીરત રાખી–હમતો હએ બંદે ખાકી.
ખાક ખોલીઆ બંદા કહાવે–આખર ખાક હોકર જાવે.
પીરશાહા હમકું નીમ પાવે–હમ સહી વઇકુંઠ જાવે.
એસા વચન દીઆ જબ–ગુર કોલ આલેઆ તબ.
કોલ કરાર એસા કરેઆ–સગલી ભગતી લઇ વરેઆ.
રે તુંહી–સાચા સાંહીઆ પીયુજી.

ભગતી શાહાકી કરે–જપે હરીકા નામરે.
સાચા સીધક ઇમાન હે–દીલ ન રાખે દામરે. ૪

સંવત અગીઆર સોહો પંચોતેર–ગુર શમશ આવીઆ ઘેર.
ગતમાં આવી પીર પાએયા–સુરભાણ ગતમાં આએયા.
ગત સગલીએ પીર દીઠા–સબકું વાણી બોલે મીઠા.
પીર કરે સારી બાતાં–સુરભાણ હમારે સાથાં.
પરણાવીએ એનકું આજ–પીર કહેવે ગત જમાથ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.

પુતરને પરણાવીએ–તબજ પોચે આશરે.
શાહા શમશ પરણાવેઆ–સો સુરભાણ દાસરે. ૫

સુરભાણ શાસ્ત્રી જાણ–સબ ગરથ બોલે મુખ વાણ.
જે કુછ ગુરે આખી બાત–તે સુરભાણને આવી હાથ.
એસા હરીજન શાહાકા કહાવે–તીયું ગુરકું અતી સોહાવે.
હરીકી બાતાં અંતર લાવે–સુરભાણ ભગત કહાવે.
પીર શમશ રાખે ચાવ–ગત સગલી ઉપર રાખે ભાવ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.

ભાવ ભગતી જે કરે–સો હરકા દાસરે.
આજકલ છેલી સંદમાં–આવી કરે વાસરે. ૬

બારમી સદી પુરી આએ–સુરભાણ ગતમાં પાએ.
શાહા શમશના દાસ કહેવાએ–દેશ વીદેશે મતા આએ.
જાં સુધી સંદ પુરી થાએ–તાં લગી ભગત કીલાએ.
ગુજરાતમાં કરે વાસ–સેવા કરે ગુરજી પાસ.
ગુરજી નામ ઉનકા રાખે–કીલાવે શામદાસ કાકે.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.

શામદાસ કીલાવે–શાસ્ત્રી અપારરે.
સહુ હાથ જોડી રહે–એસા શાહાકા દાસરે. ૭

ચાર ખંડ માંહે ઉનકા નામ–ગુર કહે એસા મેરા કલામ.
પીર શમશે ધરીઆ હાથ–રેહેવે સદા ગુરજી કે સાથ.
ગુર ગીનાની દાસ કીલાવે–સહુ ઉનકા દરસણ પાવે.
પાપ સરવે તેના જાસે–જે કો ગુર ગીનાને ચાલે.

ગુરસું રાખે નીત પીઆર–ઉનકા હોવે ધન અવતાર.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
ધન અવતાર ઉનકા–કીલાવે હરકા દાસરે.
બારમી સીદી બોલશે–રેહવે ગુરકે પાસરે. ૮
ચીણ મહાચીણ ઉનકા રોજા–સલામ આવે રાણી સુરજા.
રાણી સુરજા કમલા કુંઅર–આવે સગલી લોક રઈયત.
સરવે આવે દરસણ કાજ–સુરભાણ હરીજન દાસ,
ગુરનરકા હે કલામ–સરવ રોજે કરે સલામ.
દરગા કરી માને આજ–સીધાં સરવે ઉનકા કાજ.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
પાછી સાત કરોડી–નીમેઆ પીરકે નામરે.
દરગે આવી કરી–ધરે હરીના ધીયાનરે. ૯
દરગામાં આવે દોએ દેવા–સુરભાણ તણી કરે સેવા.
સુરજા રાણીની બેટી જાણુ–અજીઆ વજીઆ દોનુંકા નામ.
રાત દીવસ કરે છે સેવા–લોક રઈયત લાવે મેવા.
ગુરનર ઉપર છે ઈમાન–કહેશો સતગુર જ્ઞાન.
દરગા તણી કરે છે સેવા–હરી ભગત દરસણ લેવા.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
હરી દરસણ કરે–જ્ઞાન વીચારી વેદરે.
સહુ સંતોખી મીલીઆ–કોઈ ન જાણે ભેદરે. ૧૦
વેદ શાસ્ત્ર વિચારી જોએ–દરસણ શાહાકા પાવે સોએ.
સેવા કરે હરીજન અપને–જીકર બંદગી કરે તપને.
આલ ઈમામ ઉનકું સુજે–જ્ઞાન વિચારી વિરલા બુજે.
પીર અપના ખરા સોએ–જે નબીને મુસલ્લે હોએ.
આલ ઈમામ સાહેબ કાહાવે–જે અલીને તખતે આવે
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
આલ ઈમામ તે કહીએ–જે તખતે બેસે જાણુરે.
પીર મુરશીદ કીલાવે–નબુવત નીરવાણુરે, ૧૧
કલજુગમાં પીર બોહોત કીલાવે–તીસકી સેંસા કછુ ન જાવે.
વેદમાં લીખીઓ તે ખરો–ગુર દેખાડે તેવા કરો.
તો તમારાં સરસે કાજ—અમરાપુરીમાં કરશો રાજ.
દેખો ભગત તણી ખેલ–સુરભાણ તણી સુણો વેલ.
પીર શમશ બોલે જ્ઞાન–અભયાગતને દેવો માન.
રે તું હી–સાચા સાંહીઆ પીયુજી.
શાહા શમશ પર બોધેઆ–સુનો તીનકા વીચારરે.
ભગત એસા કાહાવેઆ–પોતા પએસે પારરે. ૧૨

(સુરભાણની વેલ સમાપ્ત.)

રાજા ગોવરચંદ આખ્યાન.

(પીર શમશ કૃત.)

રાજા ગોવરચંદના ગુણ સાંભળોરે ગુણવંતા.
એવા સતે ચાલજો સાચા યાર-હો-યાર. ૧

કાંઈક રાજથી રૂડો દીઠો આ જુગમાંએ.
તેણેથી તજીઆ કારમા સોહોસાર-હો-સોહોંસાર ૨

એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો,
આપ દુખીઓ સોહોંસાર-હો-સોહોંસાર ૩

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા,
તે મેલી ગએયા ગીરથ ભંડાર-હો-ભંડાર. ૪

તે તો મનના હીણાં નર નીંદ્રાળવા.

પરથમ જારે રાજા આવી રાજે બેઠા.
તારે માતાને તે નામેઆ શીશ-હો-શીશ. ૫

તારે પુરણ પ્રેમે માતાએ દીધી આશીશ,
કુવર જીવજો કરોડ વરસ-હો-વરસ. ૬

રાએ દાન દેજો નામ નારાયણનો લેજો,
જેણે સીધ થાએ તમારા કાજ-હો-કાજ.

અલ્પ ઓહાણ આ જુગ કરી જાણજો.
જેણે અમર થાએ તે કરજો કામ-હો-કામ.

તારે રાજા રાજે બેસતા બહુ દાનજ દીધા.
તેણે થયા તે જેજે કાર-હો-જેજેકાર

તારે દેશ વિદેશ રાએનો જશ બોલાણું.
નહિ પ્રજાને દુખ લગાર-હો-લગાર. ૧૦

એવા રાજ કરતા રાજાને કઇ દીન થએયા.
તારે સાંભરીઆ તે માતાના વચન-હો-વચન. ૧૧

અલ્પ આ રાજ જાતાં વાર ન લાગે.
એવો કિપતું તે રાજાને મન-હો-મન. ૧૨

તારે તેડી પરધાન પુછે રાજા ગોવરચંદ.
કાંઇક નવીન છે વીચાર-હો-વીચાર. ૧૩

આ જો ને બંગાળા દેશનો રાજ છે રૂડો.
પણ અમર થાઇએ તે કામ કીજે આ સોંસાર-હો-સોંસાર. ૧૪

એ રાજા અમર ફળ ખાઓ તો અમરજ થાઓ.
તે તો જાણે જોગેશર સાર–હો–સાર. ૧૫

એમ બોલેઆ પરધાન રાએ તમે જોગી જમાડો.
તે તેડી તમારે ભંડાર–હો–ભંડાર. ૧૬

એ રાએજી જોગી જમાડો તેના પત્ર વછાડો.
તારે જેના પત્ર ન ફુટે તે સીધ કરી જાણો–હો–જાણો. ૧૭

રાએ સીધ કેરી સેવા કરતા થાઇએ અમર.
એ વાત મનમાંએ આણો–હો–આણો. ૧૮

તારે દેશ વીદેશ કાહાવીઓ મહારાજે.
જે કોએ કુળ જોગી હોએ–હો–હોએ. ૧૯

તે તો રાજા ગોવરચંદને ભંડારે જમવા આવે સહી.
ત્યાં જો કોએ નહિ આવે તેને ગુરૂની આણ–હો–આણ. ૨૦

તારે જેણે સબદ સાંભળેઆ તે તો આવેઆ.
સર્વ જોગી જતી જમવા રાએને ભંડાર–હો–ભંડાર. ૨૧

ત્યાં તો કુળ જોગી મિળીઆ.
તેને ભોજન તે આપે સાર—હો—સાર. ૨૨

રાજાએ જોગી જમાડેઆ તેના પત્ર વધારેઆ.
તેને તો તેવા પુરીઆ—હો—પુરીઆ. ૨૩

તારે સરવે જોગી ત્યાંથી જમીને પધારેઆ.
તારે ચીંતા ઉપની રાયને મન—હો—મન. ૨૪

તારે તેડી પરધાન પુછે રાજા ગોવરચંદ
જે ચીંતવી વાત તે તો નાંહિ—હોં—નાંહિ. ૨૫

એટલા અતીત ઇયાંથી જમીને સધારેઆ.
તે માંએતો સીધ ન દીઠો કોએ—હો—કોએ. ૨૬

તારે બોલેઆ પરધાન રાએ તમે વેનતી સાંભળો.
તમે પરછેઆ નાંહી લગાર–હો–લગાર. ૨૭

રાજા વનસપતી બાગ મધે જે સુકી હતી.
તે લીલી થઇ સીધ તણે પરતાપ–હો–પરતાપ. ૨૮

રાએ સીધ હોએ તેને શી પડી છે.
જે જમવા આવે તેરે દુઆર–હો–દુઆર. ૨૯

ગુર આજ્ઞાએ તારા નગર મધે આવેઆ.
પણ નથી જમીઆ તેરે ભંડાર–હો–ભંડાર. ૩૦

તારે રાજા ગોવરચંદ ગુરની આંણ ફેરાવી.
જે કોઇ જોગી ન જમેઆ હોય તે જમવા આવે–હો–આવે. ૩૧

તારે નાથ જાલંદ્રી જમવાને પધારેઆ.
રાજા ગોવરચંદને ભંડાર—હો—ભંડાર. ૩૨

તારે જમાડેઆ જાલંદ્રી તેના પત્ર ન ફુટા.
તેતો રમવા લાગા આકાશ—હો—આકાશ. ૩૩

તારે રાજા આવીઆ નાથને પાસે.
તારે આવી નાથજીને ચરણે લાગા—હો—લાગા. ૩૪

એટલો ઉપાએ નાથજી અમે એજ માટે કીધો.
અમર થવાને કાજ—હો—કાજ. ૩૫

અમર ફળ નાથજી કેમ લીજીએ.
જેણેથી અમર રહે અમારો રાજ—હો—રાજ. ૩૬

એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઓ સોહોંસાર—હો—સોહોંસાર. ૩૭

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તેતો મેલી ગએઆ ગીરથ ભંડાર—હો—ભંડાર. ૩૮

તેતો મનના હીણાં નર નીંદ્રાળવા.

તારે નાથજી કહે તુને નારાયણની રખીઆ.
તારે નાથજી કનેથી ફળ માગેઆ—હો—માગીઆ. ૪૦

તારે નાથજી અંગનો મેલ ઉતારી આપીઓ.
ખાઓ રાજા અમર હોએગી તેરી કાયા—હો—કાયા. ૪૧

તારે પાણી નાંખી ગોળી ખાધી નહિ,
તે રાજાએ નહિ પરમાણી—હો—પરમાણી. ૪૨

તારે રાજાએ વીચારીઓ એણે મુને છેડજ કીધી,
તારે લીદ મોકલાવી તેણી વાર—હો—વાર. ૪૩

તેતો જમીઆ જાલંદ્રીને દીધી આશીષ,
અખુટ હોએ તેરા ભંડાર—હો—ભંડાર. ૪૪

તારે સીધ તણે શબદે સર્વસ્વ થાને.
મોલે મીંદરે લીદ—હો—લીદ. ૪૫

તારે રાજાએ વિચારીઓ એણે મને કામણ કીધા.
તારે કરોધ વ્યાપીઓ રાજાને મન—હો—મન. ૪૬

તારે લીદ લઇ નાથ ઉપર નખાવેઆ,
તે નાથને ગુફા માંહે દટાવેઆ—હો—દટાવેઆ. ૪૭

તારે રાએ એવો કરીઓ અવિચાર,
અને કીધા તે મોટા અપજશ—હો—અપજશ. ૪૮

તાર માતાએ કાહાવી મુકીઓ જે રાજાતમે કીવી અવિચારીવાત
કુળ બોળીઆ માત તાત—હો—તાત. ૪૯

જે નાથ જાલંદ્રી લીદ માંએ દટાવેઆ,
જેણે કરી રખે થાએ ઉતપાત–હો–ઉતપાત. ૫૦

વલતાં તે રાજા રાજ જાઇ બેઠા,
શેહેર મધે તે ધોઆઇ ફેરાઈ–હો–ફેરાઇ. ૫૧

એ જોગી સાર કોઈ અમને મ કહેશો,
એ ગુફાએથી કઢાઓ—હો—કઢાઓ. ૫૨

એવા રાજ કરતા રાએને એકદીન થએયા,
કાંઇક રાણીઓ સું વચન હુઓ અવશોક–હો–અવશોક. ૫૩

તારે રાજાએ વિચારીઓ અમેતો સંસાર માંએ નાંઈ,
કાંઇ ફરીએ તે લેખા વાંનેઆ અલેખ–હો–અલેખ. ૫૪

તારે એવો વિચારીને મેલીઆ મીંદર પોતાના,
અને આવીઆ માતાને દુઆર–હો–દુઆર. ૫૫

તારે માતાએ વીચારીઓ રાએ ઓચીંતો કેમ આવીઆ,
કાંઈક દીસે તે નવલા વીચાર–હો–વીચાર. ૫૬

તારે માતાએ પુછીઓ રાએ તમે કેમણે કારણ ઓચીંતાં,
સહી ચીન્તા તમારે આજ–હો–આજ. ૫૭

એમ પુછે મીણાવતી માતા તમે સાંભળો મારા કુઅર,
અને ખેમ ખુશળ છે તમારો રાજ–હો–રાજ. ૫૮

હુંતો સેહેજે આવીઓ –માતાજી શીશ ઓળાવા,
કાંઇક કરવાને તમ આગળ વાત–હો–વાત. ૫૯

આજ મોલે તે માન ન દીઠો રાણીઉં તણો.
તેણે કરી ચીન્તા લાગીરે મોરે મન–હો–મન. ૬૦

તો રાજાએ માતા આગળ શીશ નામેઆ.
તારે માતાએ દીઠો રાએનું સુંદર શરીર–હો–શરીર. ૬૧

આજ એ કલરે કાયા સરગ ન લખીઆ.
તારે માતાને નયણે વછુટા નીર–હો–નીર. ૬૨

તે નેણના નીર તે રાએને શરીરે લાગા.
તારે વળીને જુએ છે પુંઠ–હો–પુંઠ. ૬૩

કહો મોરી માતાજી તમને કેને દુવીઆ.
તમે સત કેજો મ કેજો જુઠ–હો–જુઠ. ૬૪

અમને શીઆ માટે કોઇ દુવે મારા કુંઅર.
જે તમ સરીખા મારા તંન–હો–તંન. ૬૫

આજ એ કલર કાયા સરગ ન લખાઆ.
તમને સાચ કહું તે ધરો મન-હો-મન. ૬૬
એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઆ સોંસાર-હો-સોંસાર. ૬૭
એવા અનેક રાજા પહેલા મરી મરી ગએયા.
તેતો મેલી ગીઆ ગીરથ ભંડાર-હો-ભંડાર, ૬૮
તે તો મનનાં હીણાં નર નીંદ્રાળવા.
સરગે જાઇએ તેવું પરછાવો મારી માતાજી.
જેણેથી ટળે તે જીવના જંજાર-હો-જંજાર. ૬૯
તમે કહો તે દાન દેવાનો આદર કીજીએ.
જેણેથી જીવ બચે કાળ-હો-કાળ. ૭૦
આ જગ જુહોરે મારા બાળા રાજા.
જોગશેન જુઓ મારા ભાઇ-હો-ભાઈ. ૭૧
આવી તારી સુંદર કાયા નરગમાંએ ઘાલશે.
એમ બોલીઆ તે મીણાવતી માઇ-હો-માઈ. ૭૨
એતો તમે સત કહેઓરે મોરી માઈ.
તેણેથી સરસે હમારા કાજ-હો-કાજ. ૭૩
કાંઇ દુખ હોએ તો જોગ લેવાએ.
માજી કેમ જોગી થવાએ તજી રાજ-હો-રાજ. ૭૪
રાએ રાજ તજો રાએ પાટ તજો.
તજો :ભંડાર હસ્તી ઘોડા-હો-ઘોડા. ૭૫
તારે એમ બોલેઆ મીણાવંતી તમે સાંભળો મારા કુંઅર,
ઇસ જુગ મેં તો જીવડા થોડા-હો-થોડા. ૭૬
માજી રાજ કેમ તજું માજી પાટ કેમ તજું.
કેમતે તજું બંગાલા દેશ ભોગી-હો-ભોગી. ૭૭
માજી એંશી વરસ લગી અમને રાજ કરવા દીઓ.
પછે થાશું તે જોગી-હો-જોગી. ૭૮
રાએ એંશી વરસ તો તમે આજ કરી જાણજો.
કાલ ગલ જાએગી તેરી મોટી-હો-મોટી. ૭૯
એમ બોલેઆ મીણાવંતી તમે સાંભળો મારા કુઅર.
તેરી કાયા ગલી કરી થાએશે માટી-હો-માટી. ૮૦
તું સતી સાધવી મીણાવંતી બણીજીએ.
તું સત બણે તે મોરી માઇ-હો-માઇ. ૮૧

માતાજી બંગાલા દેશના રાજ રૂડા કરતાં.
તમે કેમ જાણી જોગની વાટ–હો–વાટ. ૮૨

રાએ નાના હતા ત્યારે નીશાળે ભણતા હતા.
તારે મારી પુંઠે તે ગોરખ ભાઇ–હો–ભાઇ. ૮૩

તાંથી ગોરખ સેવાએ અમે જોગ વાટ પાયા.
એમ બોલીઆ મીણાવંતી માઇ–હો–માઇ. ૮૪

તારે માતા વચને પરણામ કરેઆ.
અને બોલીઆ ગોવરચંદ ભાઇ–હો–માઇ. ૮૫

માજી જેણે ગુરે તમને જોગ વાટ દેખાડી.
તે ગુર અમને દેખાડો મારી માઇ–હો–માઇ. ૮૬

રાએજી કાનીપા જોગી રાવલ ભલા ભણીજે.
તે નાથ જાલંદ્રીના ચેલા–હો–ચેલા. ૮૭

તેતો ચઉદસો ચેલા કેરો નાથ ભણીજીએ.
સો તો હએ તેરી નગરી માંએ–હો–માંએ. ૮૮

એવો જાણીને લેજો ભોલા પરખીને લેજો,
આપ દુખીઓ સોંસાર–હો–સોંસાર. ૮૯

એવા અનેક રાજા પેલા મરી મરી ગીયા;
તે તો મેલી ગયા ગીરથ ભંડાર–હો–ભંડાર. ૯૦

તે તો મનના હીણાં નર નીંદ્રાળવા.

માતાજી હું તો મસેઆની રીત ન જાણું,
આગે મેં તો દુવીઆ છે નાથ–હો–નાથ. ૯૧

તમે મુને તેડી જાઇ પાએ પડાવો,
હું આવું તમારે સાથ–હો–સાથ. ૯૨

એવો વચન રાએનો સરવણે સુણીઓ,
તારે માતાને મને વશીઆ જાએ–હો–જાએ. ૯૩

તારે કુંઅરને તેડી ગીયા કાનીપાને પાસ,
તારે શબ્દે શબ્દે મીલાયા રાએ–હો–રાએ. ૯૪

તારે પરથમ કથા માતાએ સરવે સંભળાવી,
નાથજી આ કેમ કરી અમર થાએ–હો–થાએ. ૯૫

તારે સાંભળી શીશ ધુણી કર બોલેઆ કાનીપા,
એસી અતીતસું ન કીજે રાએ–હો–રાએ, ૯૬

રાએ ઇયાંતો તેરા કુછ કોરજ નાંઇ,
જો કુછ હોવે સો તેરી માઇ–હો–માઇ. ૯૭

હા ગુરજી હા ગુરજી સત કહો છો,
મેં તો કીધી અકરથ કમાઈ—હો—કમાઈ. ૯૮

માતા મોરી તમ કને લાવેઆ,
હવે તમો પાર લગાઓ—હો—લગાઓ. ૯૯

તારે એમ બોલેઆ કાનીપા તમે સાંભળો માતા મીણાવતી,
ગોવરચંદ ત્રણ મીણના બનાઓ—હો—બનાઓ. ૧૦૦

પછે હમ તમ નાથસું અરજ કરેંગે,
ઉ વખત પાએ પડાએંગે—હો—પડાએંગે. ૧૦૧

જો ગુરજી કીરપા કરેગા,
તોજ અમર થાએગા—હો—થાએગા ૧૦૨

તારે માતાએ મીણના ત્રણ ગોવરચંદ બનાએઆ.
નાથને પાયે પડાયા—હો—પડાયા. ૧૦૩

તારે નાથ જાલંદ્રી દીધી આશીષ.
ભશમ હો તેરી કાયા—હો—કાયા. ૧૦૪

તે ત્રન જગાએ ત્રન પુતલા જલાએયા.
એવા છળભેદ કીઆ કાંઈ—હો—કાંઇ. ૧૦૫

તારે કહીઓ જે સબદ સીધ તણા ત્રનજ હોએ.
એમ બોલીઆ માણાવતી માઈ—હો—માઇ. ૧૦૬

તારે તેડી રાજાને નાથ પાસે ગીયા.
ચરણ તમારો પાયા—હો—પાયા. ૧૦૭

તારો રાજા ગોવરચંદને પાએ પડોવઆ.
નાથજી એની અમર તે કરો કાયા—હો—કાયા. ૧૦૮

તારે નાથજીને વચને સીધ ગોવરચંદને રીદ કાનીપા.
જેણે એવા છળ ભેદસું કીયા—હો—કીયા. ૧૦૯

તારે રાજા ગોવરચંદને નાથ જાલંદ્રી.
તેતો સનમુખ થીયા—હો—થીયા ૧૧૦

તારે નાથ જાલંદ્રીએ રાજા ગોવરચંદને.
સીર ઉપર તે મેલીઆ હાથ-હો—હાથ. ૧૧૧

સામી અવગુણ અમારા સામું તમે જોયું નહિ.
તમે કીરપા તે પોતે કીધી નાથ—હો—નાથ. ૧૧૨

કહે કાનીપા છોરૂ કછોરૂ પણ તમે માત પીતા થીયા.
તમે કીરપા કરો અવગુણ મારે—હો—મારે. ૧૧૩

નાથજી અમે છળભેદ કીઆ.
હવે તમે પાર ઉતારો—હો—ઉતારો ૧૧૪

તારે નાથજી કહેઆ સુણો કાનીપા.
અબ તો શબ્દ ન ફીરે સીધ કેરા-હો-કેરા. ૧૧૫

આગળ હોએશે સતગુર પીર સદર દીન પીર કબીર દીન.
ઉઆં છુટણા હોએગા તેરા-હો-તેરા. ૧૧૬

એવા જાણીને લેજ્ને ભોળા પરખીને લેજ્ને,
આપ દુખીઓ સોંસાર-હો-સોંસાર. ૧૧૭

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા,
તે તો મેલી ગએયા ગીરથ ભંડાર-હો-ભંડાર. ૧૧૮

તે તો મનના હીણાં નર નીંદ્રાળવા.

રાએ રાજ તજી કાંએ જોગ ન ચાઓ,
ઇસ જોગકા મારગ દોએલા-હો-દોએલા. ૧૧૯

તેરી કનક કાયા કષ્ટ સેહેશે,
જલબલ હોએશે કોએલા-હો-કોએલા ૧૨૦

નાથજી નીર ફરોટા જાતાં વાર ન લાગે,
તેસી કાયાકા કીયા ઇતબાર-હો-ઇતિબાર. ૨૨૧

નાથજી તમ પાસેથી દેહી અમર લઇએ,
તો સુખ તણું નહિ પાર-હો-પાર. ૧૨૨

તારે કહે, નાથ જાલંદ્રી રાજા ગોવરચંદને.
તમે મારે સંગે સધાઓ-હો-સધાઓ. ૧૨૩

તીયાંથી બાર વરસે નાથજી નગર મધે આવેઆ,
રાજા કાંઇક ભીખીયા માગી લાઓ-હો-લાઓ. ૧૨૪

એવો જાણીને લેજ્ને ભોલા પરખીને લેજ્ને,
આપ દુખીઓ સોંસાર-હો-સોંસાર. ૧૨૫

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા,
તે મેલી ગીયા ગીરથ ભંડાર-હો-ભંડાર. ૧૨૬

તે તો મનના હીણાં . નર નીંદ્રાળવા.

ભીખ્યા ભાવસું તમારે મોલે લેવા જાઓ.
તાંથી હાથો હાથ લાવો-હો-લાવો. ૧૨૭

તાં લગી તું સીધજ નાંહી.
તારે સીધજ થાઓ-હો-થાઓ. ૧૨૮

તારે નાથજી તણા સબદ શીશ ચડાવેઆ.
નાથજી તમે કહો તો માંગણે જાઉં-હો-જાઉં. ૧૨૯

નાથજી મુજ મારે તમે નારાયણજીને આરાધજ્ને.
હું તો તમ થકી અમર થાઉં-હો-થાઉં. ૧૩૦

તારે નાથજીએ દંડો ખપર જોળી આપેઆ.
રાજા ભીખ્યા તે માંગણુ જાઓ–હો–જાઓ. ૧૩૧

તારે ગોરખ ગોરખ કરીને રાજાએ પુકારેઆ.
કાંઇક ભીખ્યા તે દીઓ મોરી માઇ–હો–માઇ. ૧૩૨

તારે એવો શબ્દ કરતા રાજા મોલે આવીઆ.
તારે સીંગી તે નાદ પુરેઆ–હો–પુરેઆ. ૧૩૩

એવો સબદ સાંભળીને રાણીએ અંન મોકલેઆ.
જાઓ દીઓ અતીથ કોઇ આયા–હો–આયા. ૧૩૪

તારે અન લઈ દાસી આલવાને આવી.
એ ભીખીયા નહિ લઉ મોરી માઈ–હો–માઇ. ૧૩૫

તેરી રાણી દેવે હાથે તો ભીખ્યા લઉં.
તમે તો જાઇને કેજો સંમભાઈ–હો–સમભાઇ. ૧૩૬

તમે સાંભળો સાંભળોરે હેમાદે રાણી.
એ ભીખ્યા તે તમ કને માગે–હો–માગે. ૧૩૭

તારે ગોખે બેઠી તીઆંથી જોવા લાગી.
બાઇ સીકલ તો રાજા સરીખી લાગે–હો–લાગે. ૧૩૮

તારે તતખણા ઉતરી હેઠે આવી.
તારે ઓળખીઓ તે પોતાનો રાએ–હો–રાએ. ૧૩૯

જારે દેખીઓ રાએ તારે નારીને નંયણે નીરજ વહેઆ.
કહો રાજા તમને કોણે બતાયા એ ઉપાય–હો–ઉપાય. ૧૪૦

તારે અંનો અન રાખી મલી રાએને ચરણે લાગી.
તાંતો રાએ ન જુએ સામા–હો–સામા. ૧૪૧

એ રાએ ભેખ ઉતારીને સીંગાસણે બેસો.
તમને કોણે તે લગાડેઆ એ ભામા–હો–ભામા. ૧૪૨

કોન હએ રાણી અબ રાએ તેરા.
હમકુ તો ભીખીયા દીજે–હો–દીજે. ૧૪૩

એતો રાજ મેરે કાજ ન આવેરે મઇયા.
પીછે ગુરૂ અમારા ખીજે–હો–ખીજે. ૧૪૪

અમારો અબળાનો નાથ જેણે ધુતીઓ.
ને પેરાવીઓ ભેખ–હો–ભેખ. ૧૪૫

તે પેલા મરજો થેલા જોગી.
તેનું તે જોગ રંડાએ–હો–રંડાએ. ૧૪૬

જો અમારા ગુરની નીંદા કરશો તો નરગમાંએ પડશો.
એ સરવણે સુણો તમે નાર–હો–નાર. ૧૪૭

એ રાએ કમણ કારણ તમે મુછ મુંઢાવી.
અને કમણ કારણે પેરી કંથા–હો–કંથા. ૧૪૮

રાએ કમણ કારણ ખપર લીઓ.
કમણ કારણે લીયા દંડા–હો–દંડા. ૧૪૯

રાણી જોગ કારણ અમે મુછ મુંડાવી.
અને કાયા ઢાંકણેકો પેરી કંથા–હો–કંથા. ૧૫૦

રાણી ભીખ્યા માગણેકું ખપર લીઆ.
અને કુતા ડરાણેકું લીયા દંડા–હો–દંડા. ૧૫૧

અગર ચંદન કેરા દંઢા બનાઉં.
રાએ ચીર પટોલાં કેરી કંથા–હો–કંથા. ૧૫૨

રાએ માણેક મોતી કેરી મુંદરા ઘડાઉં.
અને ખપર સોના કેરા–હો–કેરા. ૧૫૩

રાએ આસણ વારી આપણે મોલે બેસો.
અને ધીયાન ધરો મન ભાવે–હો–ભાવે ૧૫૪

રાણી અગર ચંદન મેરે કામ ન આવે.
રાણી ચીર પટોલા મોરે મન ન ભાવે–હો–ભાવે. ૧૫૫

રાણી માણેક મોતી મેરે મન ન ભાવે.
સોના રૂપા મેરે કામ ન આવે–હો–આવે. ૧૫૬

એ રાજ કરતા કોએ સરગે ન પોતા.
એમ બોલીઆ તે ગોવરચંદા રાએ–હો–રાએ. ૧૫૭

એવો ભણીને રાજા માતાને મોલે પધારેઆ.
તારે સરવે રાણીઉં તે કેડે જાએ–હો–રાએ. ૧૫૮

જારે માતા દરસણ રાએ પામેઅ.
તારે માતાને અંગે તે ઉલટ ન માએ–હો–માએ ૧૫૯

તારે માતા રાએને પરદખણા કરી.
તારે માતાના ચરણે તે લાગા રાએ–હો–રાએ. ૧૬૦

તારે માતાએ લઈ કુઅરને રીદે લગાડેઆ.
અજરામર આશીષ માએ દીધી–હો–દીધી. ૧૬૧

બાલી બાલી બાલ કુમારી મોરી માતા.
તમને એ ધરમ કીયાંથી લાધા–હો–લાધા. ૧૬૨

સાતમે પઇયારે વાસંગ નાગ ભણીજીએ.
અમે એ ધરમ તીયાંથી લાધો–હો–લાધો. ૧૬૩

તારે એમ બોલીઆ મીણાવંતી માઇ તમે સાંભળો મારા કુંઅર.
શી શી રીતે જોગ કમાયા–હો–કમાયા. ૧૬૪

અમે માતાને વચને કીધી ગુરજીની સેવા.
ગુર સેવાએ ફલ પાયા-હો-પાયા. ૧૬૫
તારે બોલીઆ મીણાવંતી તમે સાંભળો મારા કુંઅર.
આજ આનંદ હુઆ મોરે મન-હો-મન. ૧૬૬
એમ બોલીઆ મીણાવંતી તમે સાંભળો મારા કુંઅર.
હું પુછું તે ધરજો કાન-હો-કાન. ૧૬૭
રાએ કોણ કારણે તમે નગર મધે આવેઆ.
હવે કીઆં છે તમારો નાથ-હો-નાથ. ૧૬૮
એમ બોલીઆ મીણાવંતી સુણો મારા કુંઅર.
આજ હુઈ તે આનંદ વાત-હો-વાત. ૧૬૯
માતાજી બાર વરસે તમારા મુખજ દીઠા.
તે ધન ધન આજનું દીન-હો-દીન. ૧૭૦
નાથે મુને નગર મધે મુકીઆ.
જાઓ રાણી કનેથી લાઓ ભીખીયા અંન-હો-અંન. ૧૭૧
તાં લગી તું સીધ નાંહી કેહેવાએ.
જ્યાં લગી રાણીઉં મોલેથી નાંહી લાયો અંન-હો-અંન ૧૭૨
હું તો મીંદરે જઈ તમ કને આવેઓ.
પામીઓ તમારા દરશન-હો-દરશન. ૧૭૩
હવે સનમુખ થઈને મુને આગના આપો.
મારા ગુરજી થાએ પરસન-હો-પરસંન. ૧૭૪
તારે બોલીઆ મીણાવંતી તમે સાંભળો મારા કુંઅર.
સુખ દુખની બે કરીએં વાત-હો-વાત. ૧૭૫
અમે બાર વરસે તમારા મુખજ દીઠા.
હવે કારે તે મીલશે તારો નાથ-હો-નાથ. ૧૭૬
આ માતાજી કીરપાએ મુને સરવે સુખછે.
જે ટળીઆ સંસારના સંતાપ-હો-સંતાપ ૧૭૭
સદા શાહેર લહેર જીલતાં.
તો દુખ શેનો-હો-શેનો. ૧૭૮
માજી મનમાં દુખ ધરૂં તો તપનાં નહિ.
એ ઉપદેશ છે તારો-હો-તારો. ૧૭૯
તમ ઉપદેશે માતાજી મુને સરગ ભેટાડેઆ.
અને નરગ પડતા મને ઉગારેઆ-હો-ઉગારેઆ. ૧૮૦
એવા વચન રાએના સરવણે સાંભળીઆ.
તારે માતાનો રીદેહ ટાઢો થાએ-હો-થાએ. ૧૮૧

ધન ધન ગુરજી તમ ઉપર જાઉં બલેહાર.
જો ગીનાન તમે લગાડેઓ મોરો રાએ-હો-રાએ. ૧૮૨

હવે અતી રળીયાત થઇને મુને આજ્ઞા આપો.
વાટ જોતા હશે મોરો નાથ-હો-નાથ. ૧૮૩

જે ચેલો નગર મધે, ગીયો ને લોભાઈ રહેઓ.
રખે એવો વિચારે મોરો નાથ-હો-નાથ. ૧૮૪

તમે વેલા પધારો કુંઅર વાર મા લાઓ.
સીધ હોએ તમારાં કામ-હો-કામ. ૧૮૫

નાથ તમારાને ઘણા વિનોદ કેજો.
અમારા તે પરણામ-હો-પરણામ. ૧૮૬

નાથ તમારાને ઘણા વિનોદ કરીને કેજો.
કાંઈ મહેયા કરજો અમ ઉપર-હો-ઉપર. ૧૮૭

આ દાંતને જીભ નથી ભળાવવી.
મારો કુંઅર સોંપીઓ છે તમને-હો-તમને. ૧૮૮

રાએ એક મને આપણા ગુરને આરાધજો.
તો તમારા કારજ સરવે સીધ થાએ-હો-થાએ. ૧૮૯

તારે માતા પાસેથી રાએ વલીઆ.
તારે આશીષ દીએ મીણાવંતી માએ-હો-માએ. ૧૯૦

તારે સરવ રાણીએ મળીને પાલવને ગ્રહીઓ.
હવે અમને શું કહો છો મોરા રાએ-હો-રાએ. ૧૯૧

આ રાજ સુનું થાશે ને રાણીઉં રડવડશે.
હવે કાંઇ દયા તે લાવો મેરા રાએ-હો-રાએ. ૧૯૨

રાણી નવ દુઆરે નવ તાલાં દીધાં.
તેની કુંચી તે સમંદર માંહે-હો-માંહે. ૧૯૩

માટે હવે સરપ થઇને તમે ડસવા શું આવો.
તમે સનમુખ ચાલી આવો મારી માઇ-હો-માઇ. ૧૯૪

રાએ અમારા સુખદુખની વાતું કોણ સાંભળશે.
અમે અબળા તે નારી આધીન-હો-આધીન. ૧૯૫

રાએ આ સમે મેલીને તમો જાશો.
પણ અમને કેને તે થાશું આધીન-હો-આધીન. ૧૯૬

રાએ માતા પીતાએ અમને જનમ દીધાં.
પછે સોંપીઆ છે તમને-હો-તમને. ૧૯૭

આ સમે મેલી રાએ તમે વન જાઓ છો.
શી શીખ દીઓ છો અમને-હો-અમને. ૧૯૮

આજ લગી અમને આશા હતી.
જે આવશે તે મોરો રાએ–હો–રાએ. ૧૯૯

એ રાજ મેલીને તમે કીઆ જાઓ છો
હવે રાજ તે સુનું થાએ–હો–થાએ. ૨૦૦

રાએ તમે છતા થઇને વન જાએશો.
તારે ચઉ દીશના વાહા વાએ અમને–હો–અમને ૨૦૧

રાએ અમે જાણતાં જે અમને શેનું દુખ.
અમે છઇએ તે મોટાને સરણુ–હો–સરણુ. ૨૦૨

રાજ મેલી તમે વન જાઓ છો.
તે અમે જીવેઆ ચે ભેલા મરણુ–હો–મરણુ. ૨૦૩

રાણી તમે રખે એવો વિચાર લીઆ.
જે મુઆ પછે હોએ સુખ–હો–સુખ. ૨૦૪

આપઘાત કરીને રાણી આપણું આત્મા જો ખોઇએ.
તો ભવોભવના તે પડે દુખ–હો–દુખ. ૨૦૫

આ સોંસાર તમે કુડો કરી જાણજો.
તમે જુઓ તે અમારી રીત–હો–રીત. ૨૦૬

એ રાણી દીલ સખાઇયું જેનું છે.
અને સાચી તે બાંધો પીરીત–હો–પીરીત. ૨૦૭

એક મને આપણા શામીને આરાધજો.
તો ગુરજી તે પાર લંગાએ–હો–લંગાએ. ૨૦૮

માતા વચન જાણી અમે એવોજ રાજજ મેલીઆ.
તમથી મીલીયા કેમ જાએ–હો–જાએ. ૨૦૯

તારે સરવે રાણીએ મળીને કાજી તેડાવીઓ.
વેદ કીતાબે કરી રાએને વારો–હો–વારો. ૨૧૦

જે માગો તે તમને આપીએ મારા વીરા.
રાજા ને તો જોગ ટલાવો–હો–ટલાવો ૨૧૧

એમ કહે કાજી તમે સાંભલો મારા રાજા.
કેમ તજા એ તો સોંસાર–હો–સોંસાર. ૨૧૨

એ રાજ કરતા તમે તપ દાન કરજો.
જે કાઇ ભમીઆ તે નહી પાયા પાર–હો–પાર. ૨૧૩

મન મુસલ્લો મેરા નારાયણ કાજી.
અને કાયા હંમારી મસીતાં–હો–મસીતાં. ૨૧૪

અંદર બેઠા અમે નીમાજ ગુજારૂં.
અને પશુ શું જાણે હમારી રીત–હો–રીત, ૨૧૫

હું તમને પુછું મારા પંડીત કાજી.
મારો નીયા ખરો કરી આપો સાર–હો–સાર. ૨૧૬

તલ ને સરસવ વાવીએ.
તેનું તેલ તે સુલે કે દારે–હો–દારે. ૨૧૭

કાજી તેરી માતા ન હોતી તેરા બાપ ન હોતા.
તારે તે જી કીયાં હોતા–હો–હોતા. ૨૧૮

તેનો જવાબ દીઓ મારા કાજી.
એમ પુછે ગોવરચંદ અબધુત–હો–અબધુત. ૨૧૯

એવો જાણીને લેજો ભોલા પરખીને લેજો.
આપ દુખીઓ સોંસાર–હો–સોંસાર. ૨૨૦

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તે તો મેલી ગએયા ગીરથ ભંડાર–હો–ભંડાર.
તે મનના હીણાં નર નીંદ્રાળવા. ૨૨૨

એક વચન કહેઆ તેના બોહોત સાંભળીઆ.
એ પાછો ન વળીઓ બોલ–હો–બોલ. ૨૨૨

તારે ફરી પરણામ વલીઆ કાજી.
બાઈ એ રાય નહિ વળે તે સહી કરી જાણો–હો–જાણો. ૨૨૩

તારે રાણીડે કહે અઢારસો બંગાલા દેશનો રાય.
નવ લાખ મીંદર તેરા અવાસ–હો અવાસ. ૨૨૪

રાય એવો રાજ રૂડો તે સુનો કીધો
અમે રેશું તે કેને પાસ–હો–પાસ. ૨૨૫

રાણી અઢારસો બંગાલા દેશ મેરે કામ ન આવે.
મેરે મને તો રાજ ન ભાવે–હો–ભાવે. ૨૨૬

નવ લાખ મીંદર મેરે કામ ન આવે.
એ સરવે મેરે અરથ કુછ ન આવે–હો–આવે. ૨૨૭

રાએ વનમાંએ જાશોને શું ખાશો.
તેથી મીંદરે પધારો–હો–પધારો. ૨૨૮

તીયાં તો તમે વસ્ત્ર કીઆંથી લાવશો.
આ મીંદરમાં નવા નવા વસ્ત્ર સાર–હો–સાર. ૨૨૯

રાણી અમે વનમાંએ જાશું અને વનફળ ખાશું.
અમે પેરશું તે સાગવાન ચીર–હો–ચીર. ૨૩૦

એક મને આપણા શામીને આરાધશું.
અને પીશું તે નીરમળ નીર–હો–નીર. ૨૩૧

એ રાય ઢોલીએ તળાઇએ પોઢતાં.
હવે સાથરે કેમ સુવાએ—હો—સુવાએ ૨૩૨

રાયે એવો રાજ ફડો કરતા.
હવે સાથરે તો ન સુવાએ—હો—સુવાએ. ૨૩૩

એ ઢોલીયા તલાયો રાણી તમ ઘર શોઇએ.
મેરે મને તો સાથરૂં ભાવે—હો—ભાવે. ૨૩૪

રાણી મેરે મને તો રાજ ન ભાવે.
એ સબ કુછ મેરે અરથ ન આવે—હો—આવે. ૨૩૫

સેરીયું સુંવારી રાય તમે ભોજન કરતા.
હવે ભીખડી તે કેમ ભાવે—હો—ભાવે. ૨૩૬
એવી સેવ સુંઆરી રાણી તમ ઘર શોઇએ,
અમને તો ભીખડી ભાવે—હો—ભાવે. ૨૩૭

એવો જાણીને રાએ તાંથી પાછા વળીઆ,
ગુરજીને ચરણે લાગા જાએ—હો—જાએ. ૨૩૮

હવે વાત વિશેષ થઇ ગુરજીએ કહીઆ,
અબ જુગમાં જોગ તમારા સાર—હો—સાર. ૨૩૯

નાથજી માતા મોરી ઘણી વિનોદ કરી છે,
અને કીધા છે પરણામ—હો—પરણામ. ૨૪૦

જો રાએ મોરો તમે ચરણે લાએયા,
તે તો સીધ હુઆ નીરવાણ—હો—નીરવાણ. ૨૪૧

નાથજી માતા મોરી ઘણી વિનોદ કરી છે,
કાંઇક દએયાતે કરજો અમ ઉપર—હો—ઉપર. ૨૪૨

એ નાથજી દાંતને જીભ નથીરે ભલાવવી.
મારો કુંઅર સોંપેઓ છે તમને—હો—તમને. ૨૪૩

એવા આધીન વચન બોલેઆ ગુરસું રાએ,
હવે ગુર તો માતને તાત—હો—તાત. ૨૪૪

હું તો ભવસાગર માંએ બુડતે,
તમે હાથ ગ્રહીને રાખીઓ નાથ—હો—નાથ. ૨૪૫

એવા વચન સાંભળીને નાથજી બોલેઆ,
તમકું છાબાશ છે પાઇ તમે એ વાત—હો—વાત. ૨૪૬
રાય ધન ધન તમારી ધીરજને કહીએ.
અને ધન ધન તમારી માત—હો—માત. ૩૪૭

રાયે ગુર ઉપદેશે તમને સંસાર તજાવીઓ,
એ માતા ઉપદેશ સરીખા ન કોઇ—હો—કોઇ ૨૪૮

જેણે રાજ તજાવી જોગ વાટ દેખાડી,
એવી અચંબે વાત હોઇ-હો-હોઇ. ૨૪૯

હા ગુરજી હા ગુરજી સત કહો છો,
એમ કર જોડીને બોલીઆ રાય-હો-રાય. ૨૫૦

નાથજી મુજ સુખ કારણ મેં માતા તજી.
તે પ્રેમ ગુરૂ હોઇ મોરી માએ-હો-માએ. ૨૫૧

નાથજી માતાના ગુણ ઓશીંગણ કેમ થવાએ.
જેણે એવા દીધા ઉપદેશ-હો-ઉપદેશ. ૨૫૨

રાએ માતા તમારીની સેવા કીજે.
પણ આપણે રમવું છે વિદેશ-હો-વિદેશ ૨૩૫

રાય માતાના ગુણ ઓશીંગણ કેમ થવાએ.
તેને જાઇએ તે કરોડ વાર બલેહાર-હો-બલેહાર. ૨૫૪

રાય તમ કારણ માતાએ ગુણ કરીઓ.
તમને તે મેલાવીઓ સોંસાર-હો-સોંસાર. ૨૫૫

રાએ માતા તમારી ઘણુ સુખ પામી.
તમે માતાના માનેઆ વચન-હો-વચન. ૨૫૬

જે કુંઅર મારો ભલે અમર થીઓ.
તેણે ગણું સુખ પામી મન-હો-મન. ૨૫૭

નાથજી આ અપરાધી ઉપર તમે દયા આણી.
મુજ પાપીને કીધો પાવન-હો-પાવન ૨૫૮

માતા તણે વચને સુને સરવે સોંજ હુઆ.
જે આવીઓ તમારે સરણ-હો-સરણ. ૨૫૯

એવા વચન સુણીને ગુરવર દાતા થીયા.
જે કુછ માગો સો પાઓ-હો-પાઓ, ૨૬૦

આણે સમે તમે એક મને માગજો.
નાથ કરે તો અમર થાઓ-હો-થાઓ. ૨૬૧

નાથજી હું તો તમારો બાળક છઉં.
કાંઇક કીજીએ તે બહુ ઉપકાર-હો-ઉપકાર. ૨૬૨

નાથજી જે કોએ તમારી શોભા સાંભળે.
તે ઉધરે નરને નાર-હો-નાર. ૨૬૩

નાથજી કહે સુણો બાલા ગોવરચંદ,
તમારા કામ સરવે સીધ-હો-સીધ. ૨૬૪

સતવંતી અમારી વાણી જે સાંભળશે.
તેના એકોતેર તરશે-હો-તરશે. ૨૬૫

એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઓ સાંસાર–હો–સાંસાર. ૨૬૬

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તેતો મેલી ગએયા ગરથ ભંડાર–હો–ભંડાર.
તે મનના હીણાં નર નીંદ્રાળવા. ૨૬૭

એ સત હોજો વચન તમારાં ગુરજી.
વચન તમારાં ફળજો–હો–ફળજો. ૨૬૮

જે કોએ ગુર વચને સત મારગે ચાલશે.
તેના આવા ગમણના ફેરા ટળશે–હો–ટળશે. ૨૬૯

તારે નાથ જાલંદ્રીને રાજા ગોવરચંદ.
દેશ છોડકર વિદેશ સધારેઆ–હો–સધારેઆ. ૨૭૦

તેતો ચોવીશ વરસ પરદખણા કરીને.
બંગાલા દેશ મધે આયા–હો–આયા. ૨૭૧

એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઓ સાંસાર–હો–સોસાર. ૨૭૨

એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તે મેલી ગએયા ગીરથ ભંડાર–હો–ભંડાર.
તેતો મનના હીણાં નર નીંદ્રાળવા. ૨૭૩

ઇઆં તો કીયા ઉતારા નાથજીએ.
રાજા પાસે તે નીર મંગાયા–હો–મંગાયા. ૨૭૪

નાથ તણા શબ્દ શીશ ચડાવેઆ.
રાજા તે નીર ભરણેકું સુધારેઆ–હો–સુધારેઆ. ૨૭૫

તારે રાજાએ દીઠા દેશ પોતાના.
રાયે આપ નવાણે આયા–હો–આયા. ૨૭૬

આપ નવાણે પોતાનું નામ વાંચતા.
કુછુક તાં ચીત દુલાયા–હો–દુલાયા. ૨૭૭

રાજા નીર ભરે પણ નીર ન ભરાએ.
તારે રાજા મન પસ્તાયા–હો–પસ્તાયા. ૨૭૮

એસી કદી નહોતી રે નાથજી.
જે કામલે નીર ન પાયા–હો–પાયા. ૨૭૯

તારે રાજા પાછા વલી આવેઆ નાથને પાસે.
તારે રાએ તે બહુ પસ્તાયા–હો–પસ્તાયા. ૨૮૦

તારે નાથજી બોલેઆ સુણો ગોવરચંદ.
કાએકું નીર ન લાયા–હો–લાયા. ૨૮૧

નાથજી આપણે નવાણે ગીયા હતા.
તાં કાંમલે નીર ન ઠેરેઆ-હો-ન ઠેરેઆ. ૨૮૨
તારે નાથજી કહે સુણો ગોવરચંદ.
તુને કુહુક મન દુલાયા-હો-દુલાયા. ૨૮૩
નાથજી હું તો અપરાધી ઉણીયા ચારી.
કુહુક તો મુજસે હુઆ-હો-હુઆ. ૨૮૪
તમે મારા કરતુક સામું મ જોશો.
તમે નાથજી કરો દયા-હો-દયા. ૨૮૫
તારે હસી કરી બોલેઆ નાથ જાલંદ્રી.
ઇસ જોગકા મારગ દોએલા-હો-દોએલા. ૨૮૬
નાથજી તમે છોડાવો તો છુટીએ.
કોઈ જીતી ન જાએ સોએલા-હો-સોએલા. ૨૮૭
તારે કર જોડી બોલેઆ રાજા ગોવરચંદ.
નાથજી કહો તે સત-હો-સત. ૨૮૮
એ રાય ઇયાં તો કીસીકા ઠોરજ નાંઇ.
પાર લંગાવે નાથ-હો-નાથ. ૨૮૯
નાથજીએ તપ કરાવીને ઇયું કર કહીઆ.
માતાને પાયે પડાયા-હો-પડાયા. ૨૯૦
તારે રાજાએ પાએ પડતા પરમેશ્વર તુઠા.
તારે વેગે તે વેમાન ચલાયા-હો-ચલાયા ૨૯૧
ભણે પીર શમશ સુણો ગત સારી.
રાએ ઇસ રીત જોગ કમાયા-હો-કમાયા. ૨૯૨
માતા વચને કીધી ગુરજીની સેવા.
ગુર સેવાએ ફળ પાયા-હો-પાયા. ૨૯૩
એવો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઓ સોંસાર-હો-સોંસાર. ૨૯૪
એવા અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તેતો મેલી ગએલા ગીરથ ભંડાર-હો ભંડાર. ૨૯૫
તેતો મનના હીંણા નર નીદ્રાળવા.

(ગોવરચંદ આખ્યાન સમાપ્ત.)

રાજા ગોવરચંદની બેનનો આખ્યાન

(પીર શમશ કૃત)

અસ્તુતી હોજોરે ગુરજી અસ્તુતી હોજો.
એવા વચન તમારા ફલજો–હો–ફલજો. ૧
જે ગુર બતાવે તે મારગે ચાલો.
તેના આવાગમણના ભય ટળજો–હો–ટળજો. ૨
નાથજી રજા દીઓ તો ઉજાણ જાઉં.
મેરી બેનકું મીલકર આઉં–હો–આઉં. ૩
જાઓ રાયજી શીતાબી આઓ.
તમકું શ્રી નારાયણની રખેઆ–હો–રખેઆ. ૪
એજી ચાલીઆ બંગાલા દેશ
આવીઆ તે ઉજાણ નગરી–હો નગરી ૫
શેહરમાંએ પેઠા ગુરને સમરી
આવીઆ તે બેની કેરે દુઆર–હો–દુઆર. ૬
રાય સાદ કરીને શીંગી શબદ વજાવેઆ.
કોઇક અતીત દરબારે આવેઆ–હો–આવેઆ. ૭
ગુર સમરીને પથારા કીધા.
તીયાં તે રાયે આસણ કીધાં–હો–કીધાં. ૮
ત્યારે ભીખીયા લઇને દાસી આલવાને આવી.
તે જોગીએ ભીખીયા ન લીધી–હો–ન લીધી. ૯
જારે દાસી તેરે હાથકીતો મેં ભાખયા ન લેઉં.
જો તેરી રાણી દેવે તો હાથે લેઉં–હો–લેઉં. ૧૦
તારે દાસી તો ભીખ્યા પાછી લઇ ગઇ.
જાકર રાણીકું પગે લાગી–હો–લાગી. ૧૧
બાઇ એ જોગી ભીખયા અમારે હાથે ન લેવે.
જોગી કહે રાણી દેવે તો હમ લેવે–હો–લેવે. ૧૨
દાસી કહે મારા દીલમએ એક સંસો હોએ.
તારા મોંહો જેવા એ જોગીનું દીસે–હો–દીસે. ૧૩
તારે ભીખ્યા લેકર રાણી મોહોલમાંહેથી ઉતરી.
આવી તે જોગી કે પાસે–હો–પાસે. ૧૪

રાણી જોગી પાસે આવીને વિચારજ કરે.
એ રખે હોએ મારો ભાઇ—હો—ભાઇ. ૧૫

રાણી વીમાસીને કરે વીચાર.
એ રખે હોએ મારો વીર—હો—વીર. ૧૬

હું તમને પુછું મારા નાથજી.
કોણ દેશથી તમે આવેઆ—હો—આવીઆ. ૧૭

કોણ તમારા માતા પીતા.
કોણ તમારી બેંણ ભાઇ—હો—ભાઈ. ૧૮

તારે કહે પીતા મારો તલકચંદ.
અને માતા મોરી મીણાવંતી—હો—મીણાવંતી ૧૯

મોરી બેની તે નીલાવંતી હોતી.
આ બંગાલા દેશનો રાએ ગોપીચંદ—હો—ગોપીચંદ. ૨૦

એ હું બેન મરૂરે તુજ ઉપરથી મારા વીરા.
તુને કેણે તે મારેઆ ગીનાનના તીર—હો—તીર. ૨૧

એવો તમને કોણ મલીઓરે ગુર સુજાણ.
જે તારે હઇડે લગાડેઆ બાંણ—હો—બાંણ. ૨૨

એ વીરા કીસ કારણે તમે મુછ મુંડાઇ.
અને કીસ કારણે પેરી કંથા—હો—કંથા. ૨૩

વીરા કીસ કારણ તમે ખપરજ લીઆ.
અને કીસ કારણે લીઆ દંડા—હો—દંડા ૨૪

એ બેની જોગ કારણે અમે મુછ મુંડાઇ.
અને કાએયા ઢાંકણેકું પેરી કંથા—હો—કંથા. ૨૫

ભીખીયા માગણે અમે ખપરજ લીઆ.
અને કુતા ડરાણેકું લીંઆ ડંડા—હો—ડંડા. ૨૬

બંધવા અગર ચંદન કેરી મુંદ્રા બનાઓ.
ચીર પરોલાં કેરી કંથા—હો—કંથા. ૨૭

માણક મોતીની તારી મુંદ્રા બનાઓ
સોના તે કેરા હાથકા દંડા—હો—દંડા. ૨૮

સાવ સોનાની ખપર ઘડાઓ.
હીર ચડાવું તેરી શીંગી—હો—શીંગી. ૩૦

વીરા ખીનખાબની તેરી ઝોલી બનાઉં.
અને સાઉ મીરજાનકી તેરી પાવડી—હો—પાવડી. ૩૧

તમે આસણ વાળી આપણે મોહોલમાંએ બેસો.
અને ધીઆન ધરો અબધુતા—હો—અબધુતા, ૩૨

એ એની માણેક મોતી મોરે કામ ન આવે.
અને ચીર પટોલાં મોરે દીલ ન ભાવે–હો–ભાવે. ૩૩
એની સાવ સોનાનું ખપર મોરે કામ ન આવે.
અને જડાવની સીંગી મોરે મન ન ભાવે–હો–ભાવે. ૩૪
એની માણેક મોતી મીરજાનની પાવડી મોરે કામ ન આવે.
અને કીનખાબકી જોલી મોરે મન ન ભાવે–હો–ભાવે. ૩૫
એની સાચે મોતીકી શેલી મોરે મન ન આવે.
અને રતન પદારથ જડીઆ દંડા મોરે મન ન ભાવે–હો–ભાવે. ૩૬
એની રાજ કરતા કોએ સરગ ન પોતા.
એમ બોલીઆ તે ગોપીચંદ વીર–હો–વીર. ૩૮
બંધવા અમે જાણીયું જે પીયરમાં જાશું.
તે તો હોંશ રહી મન માંએ–હો–મન માંએ. ૩૯
બંધવા હોંશે હોંશે અમે બંગાલા મધે આવીએ.
તારે :કેને ઘેર ઉતરીએ–હો–ઉતરીએ. ૪૦
બંધવા સઉ કોએ પોતાના સગાને સંભારે.
હું જઇને તે કેને કહું ગોપીચંદ ભાઈ–હો–ભાઈ. ૪૧
બંધવા ગીરથ (ઘૃત) વિના જેમ રૂખો ખાએ અન.
તેમ બંધવ વિના બેન–હો–બેન. ૪૨
બંધવ કલજુગ બેઠો ને પાંઢવ ગએયા હેમાળે.
જારે તમે થીયા જોગી તારે અમારે ગીયો ઉજમ–હો–ઉજમ. ૪૩
માર એકજડો તુ ભાંઇ બંધવ
એ પગે લાગીને કહું મુકો ડંદ–હો–ડંદ. ૪
એ ભાઈ ગોપીચંદ આ તમે શું કહોછો.
અમને તે મેલેઆ વનવાસ–હો–વનવાસ. ૪૫
એ બંધવ અમને આશા છે એક સાહેબની,
અને બીજી તે હતી પુઠે તમારી–હો–તમારી. ૪૬
રાય અમને તે કશી વાતની ફીકર ન હોતી.
જારે હોતી તમારી હઇયારી–હો–હઇયારી. ૪૭
રાય હજી સુધી મને આશા તમારી હતી.
હવે આકાશેથી પડેઆને ધરતીએ ઝીલીયા–હો–ઝીલીયા. ૪૮
રાંયે સુખે સાંભળે એસત્રી.
દુખે સાંભરે માએ–હો–માએ. ૪૯
ભાઇ બંધવ તીઆં સાભરે
જયાં રણ પડતાં હોએ ધાએ–હો–ધાએ. ૫૦

એ ભાઇ ખાસે ખજીને મોજ કરશો.
તમ સદાએ સુખી રહેશો–હો–રહેશો. ૫૧

રાયે જારે તમે નાના ગોઠીઆ હોતા.
પણ હવે અમારા ઉજમ હતા તે સુતા–હો–સુતા ૫૨

નીલાવંતી બાઇ તમને નારાયણની રખેઆ.
એમ બોલીઆ તે રાયે ગોપીચંદ સુખા–હો–સુખા. ૫૩

મોજારે ફોજા દીન ચારકા ફુલ
આખર ધુલકી ધુલ–હો–ધુલ ૫૪

બાઇ તમે જાઓ જાઓ ઘર ...કું નારાયણજી રખેઆ.
એમ બોલીઆ તે રાયે ગોપીચંદ–હો–ગોપીચંદ. ૫૫

ભાઇકું બેન પગે લાગી ફરી.
કાંઇ રોતા રોતાં ઘેર જાએ–હો–જાએ. ૫૬

તારે ભાઇ બેનને પુરે આશીષ દે છે.
તો ફરી બેન આવી પાસે–હો–પાસે. ૫૭

વીરા બંધવા ફુલ વિના કાંઇ જુરે પીપરો.
અને ફળ વિના જુરે જાએ–હો–જાએ. ૫૮

એ વીરા બંધવ વિના જુરે બેનડી.
તેમ પુત્ર વિના ઝુરે માએ–હો–માએ. ૫૯

બંધવા મારે મને તો તમ વિના નવખંડ ધરતી ઉભે પુરે ગઇ.
મારા મનની હોંશ તે મનમાંએ રહી–હો–રહી. ૬૦

બેની દુનીઆ તે દીન ચારકા ચાંદરણા.
આખર અંધારી રાત–હો–રાત. ૬૧

સાહેબ મારા વીરાને જેણે જોગી કીધો.
તે નરગે પડજો જંજાલ–હો–જંજાલ. ૬૨

બેની મારા ગુરની નીંદા . કરશે.
તે નરગે જાઇ પડજો–હો–પડજો. ૬૩

બંધવા તમારા નાથને અમારી ઘણી વેનતી કેજો.
કાંઇ દયા કરજો અમ ઉપરે નાથ–હો–નાથ. ૬૪

બંધવા મીલીને બેનજ વલેઆં.
રોતા આવીઆં પોતાને મોહોલ–હોં–મોહોલ. ૬૫

તારે બાઇને વીજોગે મોરછા લાગી
તે ઉડીયા તે માસ ચાર–હો–ચાર ૬૬

બેની ગઇ ને રાય પાછા વલીઆ.
આવીયા તે નાથજીકે પાસ–હો–પાસ. ૬૭

રાય સુણોરે ગોપીચંદા જાઇને શું કીધા.
એમ બોલીઆ તે જાલંદ્રી નાથ–હો–નાથ. ૬૮

તારે થડ મુલથી વાત માંડીને કીધી.
ઘણું રાજી થીયા તે ગુર જાલંદ્રી નાથ–હો–નાથ ૬૯

રાય ધન ધન તારો માત પીતાને
અને ધન ધન તુજ અવતાર–હો–અવતાર. ૭૦

તારે રાજા ગોવરચંદને . નાથ જાલંદ્રી.
તે દેશ છોડીને સધાએયા–હો–સધાએયા. ૭૧

એનો જાણીને લેજો ભોળા પરખીને લેજો.
આપ દુખીઓ સોંસાર–હો–સોંસાર. ૭૨

અનેક રાજા પેલા મરી મરી ગએયા.
તે મેલી ગએયા ગીરથ ભંડાર–હો–ભંડાર. ૭૩

તેઃદીતના હીંણા નર નીંદ્રાળવા. ૭૪

જે સતગુરજીને વચને ચાલશે.
તેને આવા ગમણુના ફેરા ટલેઆ–હો–ટલેઆ. ૭૫

પછે નાથ જાલંદ્રીને રાજા ગોવરચંદ.
દેશ છોડીને વન સધારેઆ–હો–સધારેઆ. ૭૬

તે ચોવીશ વરસ લગણ પરદખણા કરીને.
પાછા બંગાલા દેશ માંએ આવેઆ–હો–આવેઆ. ૭૭

કુઆં પરખવાને કારણે.
નાથે નીર મંગાએયા–હો–મંગાએયા. ૭૮

તારે નાથજીના શબ્દ શીશ ચડાવી.
રાયજી નીર ભરણેકું સધાવેઆ–હો–સધાવેઆ. ૭૯

તારે રાયે દીઠો દેશવિદેશ પોતા તણો.
ત્યાં આપ નવાણે આવેઆ–હો–આવેઆ ૮૦

તારે આપ નવાણુ માંએ રાયજીએ દીઠો પોતાનું નામ.
તે નામ વાંચતા કુહુક ચીંત દુલાવેઆ–હો–દુલાવેઆ. ૮૧

પછે રાય નીર ભરણેકું લાગા.
તો કામલીએ નીર ન ઠેરેઆ–હો–ઠેરેઆ. ૮૨

તારે રાય પશટાવો કરે એસી કદી ન હોતી મારા નાથજી.
જે કામલે નીર ન ઠેરે–હો–ન ઠેરે. ૮૩

તારે પાછા વલાને નાથજી પાસે આવેઆ.
એ નાથજી કામલે નીર ન ઠેરેઆ–હો–ન ઠેરેઆ. ૮૪

તારે નાથ જાલંદ્રી બોલીઆ સુણો ગોવરચંદ રાય.
એ કાયકું કામલ નીર ન ઠેરેઆ-હો-ઠેરેઆ. ૮૫
નાથજી અમે તો આશન વેલા નીર ભરણેકું ગએયા.
તીયાં તો કમલે નીર ન ઠેરેઆ-હો-ઠેરેઆ ૮૬
તારે નાથ જાલંદ્રી કહે તમે સુનો ગોવરચંદ રાય.
તમે કુછુક ચીંત દુલાએઆ-હો-દુલાએઆ. ૮૭
એ નાથજી હું તો અપરાધી અને ઉણીયાચારી.
અને કુછુક મેરી તકસીર-હો-તકસીર. ૮૮
એ ગુરજી હમારા કરતુક સામુ નવ દેખો.
ગુરજી કરો તમારી દયા-હો-દયા. ૮૯
તારે હસી કરીને નાથ જાલંદ્રી બોલેઆ.
જે એસા જોગ કમાણા ભારી-હો-ભારી. ૯૦
તારે કર જોડીને રાએજી બોલીઆ.
જે તમે કહો છો તે નાથજી સત-હો-સત. ૯૧
નાથજી તમો છોડાવો તો છુટીએ.
નહિ તો પાર ન પોહોંચાયે-હો-ન પોહોંચાયે. ૯૨
ઈયાં તો કીસીકા ચારા નાહિ.
પણ પરછાવો તમારી દયા-હો-દયા. ૯૩
જારે ગોપીચંદ તપ કરતા સુકેઆ.
પછે લઇને માતાજીને પાયે પડાવેઆ-હો-પડાવેઆ. ૯૪
તારે પાયે પડતા તે પરમેશ્વર જુદા.
અને વેગે તે વેમાન ચલાએયા-હો-ચલાએયા. ૯૫
ભણે પીર શમશ સુણો ગતીકે લોકા.
રાય એ સાતે સતજોગ કમાણા-હો-કમાણા. ૯૬
માતાજીને વચને કીધી ગુરજીની સેવા.
તે ગુર સીરેવંતા ફલ પામેઆ-હો-પામેઆ. ૯૭
જે સતગુરજીને વચને ચાલેઆ
તેને આવાગમણના ફેરા ટલેઆ-હો-ટલેઆ. ૯૮
એવો જાણીને લેજો બોલા પરખાને લેજો
જે આપ દુખીઓ સોંસાર-હો-સોંસાર ૯૯
અનેક રાજા પએલા મરી મરી ગએયા.
મેલી ગીયા ગીરથ ભંડાર-હો-ભંડાર.
તે દીનના હીણાં નર નીંદ્રાળવા-હો-નીંદ્રાળવા ૧૦૦

(રાજા ગોવરચંદ તથા તેની બેનની કથા સમાપ્ત).

ગુર હસન કબીરદીન ને કાનીપા જોગીનો સંવાદ.

ગુર હસન કબીરદીનનો જન્મ સંવત ૧૩૮૬ વફાત સંવત ૧૫૦૫ આયુષ્ય વરસ ૧૧૯ ની. જ્યારે નાથ જાલંદ્રે કાનીપાને શ્રાપ આપ્યો ને કહ્યો જે ગોપીચંદ સીધને કાનીપા ૨૬. ત્યારે કાનીપાએ અતિશય ગીર્યા કીધી જે, ગુરજી મારા જીવનો ઉદ્ધાર કેમ થાશે ? ત્યારે નાથ જાલંદ્રે કહ્યો જે (પાઠ ગોવરચંદ કથાનો) જારે અવલ આખરકા ગુર હોએગા સતગુર પીર સદરદીન ગુર હસન કબીરદીન—ઉઆં છુટણાં હોએગા તેરા—હો—તેરા (૧૧૨) હોનીપા પીર સદરદીન ગુરહસન કબીરદીનનો જન્મ ઉંચ માંહે થાશે ને તે થકી તારી મુક્તિ ત્યારે થાશે. તારો રથ જમીનથી સવા ગજ ઉંચો યાને અધર ચાલે છે, તે જેને જોઇને તારો રથ પડી જશે તે થકી તારી મુક્તિ થાશે—હો—કાનીપા. ગુર પીર હસન કબીરદીનનો જન્મ સંવત ૧૩૮૬માં થયો. જ્યારે ગુર હસન કબીરદીન નવ (૯) વરસના થયા ત્યારે કાનીપો પણ પોતાના ગુરના સબદ પ્રમાણે શોધ કરવા નીકળ્યો હતો. ને જ્યારે ઉંચ નગરી માંહે આવ્યો ત્યારે ગુર હસન કબીરદીન બાળક રૂપે સામા મળ્યા. તેને જોતાંજ કાનીપાનો રથ અધર ચાલતો હતો તે જમીનપર પડી ગયો ત્યારે કાનીપાને નિશ્ચે થયો જે મારા ગુરનો વચન સીધ થયો ને આ સીધ પુરૂષથી મારા જીવની મુક્તિ થાશેજ. ને ગુર હસન કબીરદીનને જોતાંજ શાંસ્ટાંગ નમસ્કાર કરતાં બોલ્યો જે—મુખસે કહું આદેશ.

ઉહંગ નમો ગુરૂ શબ્દ હએ, આદ અંતકો વેશ.
દંડવત ચીત્તસે કરૂં, મુખસે કહુ આદેશ—હો—પીરા.

ત્યારે ગુર હસન કબીરદીન બોલ્યા.

આદેશ આદેશ તો આગું હોતા, જબ થા પરશરામ.
ઉ વહેવાર દુઆરપુરમેં ગયા અબ કહો પુરા સલામ—હો—જોગી.

કાનીપો—આપ કોન હો.

ગુરૂ—હમ રામચંદ્રજીકા સેવક હું. ઓર નીરીંજન નિરાકાર.
જો સૃષ્ટિકા આધાર, જીને વેદ બનાએ ચાર,
સો સાહેબકું નમસ્કાર કરૂં, જીને લીયે દસ અવતાર—હો—જોગી.

કાનીપો—આપકું દસ અવતારકી માલુમ હએ.

ગુર—હા.

કાનીપો—ઉસકે નામ કયા હએ.

ગુર—મચ્છ અવતાર (૧) કોરભ અવતાર (૨) વરાહ અવતાર (૩) નરસિંહ અવતાર (૪) વામન અવતાર (૫) પરશરામ અવતાર (૬) રામચંદ્રજી અવતાર (૭) કીરસનજી અવતાર (૮) બુધ અવતાર (૯) ઓર શ્રી નકલંકી અવતાર (૧૦) એસે પ્રભુ કે દાસ અવતારકે પાસ રહેકર હમ સેવા કરતે-ચસે આતે હએ.

કાનીપો—મચ્છ અવતારમેં કયા હુઆ

ગુર—શંકાસુર દઇતને બ્રહ્માજીકે વેદ છીન લેકે, સાગરમેં છુપ રહા. તબ બ્રહ્માને ભગવાનકા જાપ કીયા. ભગવાનને મછા અવતાર ધરકે શંકાસુરકા વધ કીયાં. ફેર ચારોં વેદ બ્રહ્માજીકે સ્વાધિન કીયા. મછ અવતાર ખલાસ હુઆ.

કાનીપો—કોરભ અવતારમેં પ્રભુકી કૈસી સેવા કીએ ?

ગુર—સમુદ્રમેંસે ચૌદા રતન નીકાલનેકે બાસ્તે મેરૂ પર્વતકા રવાઈ ઓર શેષ નાગકી દોરી કરકે, દેવ ઓર દાનવકે યોગસે મથન કરને લગે. મથન કરતે કરતે મેરૂકે યોગસે પૃથ્વી પાતાલમેં જાને લગી. તબ સબ દેવોંને ભગવાનકા સમરણ કીયા. ઉસ બખત ભગવાનને કોરભ અવતાર ધારણ કરકે મેરૂકે નીચે પીઠકા ટેકા દીઆ ઓર મથન હોત લગ વૈસાહી સ્થિર રખકે સબ દુખ આપને સહન કીઆ. પીછે સમુદ્રમેંસે ચઉદા રતન નીકાલે તબ ભગવાનને અપના અવતાર ખલાસ કીયા. વહાં પ્રભુજીકે પાસ રહેકર, હમ સેવા કરતે ચલે આયે હેં.

કાનીપો—આપ ચઉદા રતન કે નામ જાનતે હો. ?

ગુર—હા. સુનો. ૧ લક્ષ્મી. ૨ કોષ્તુભમણી. ૩ શંખ. ૪ ધનુષ્ય. ૫ કલ્પવૃક્ષ ૬ કામધેનું ગાય. ૭ સ્વર્ગકી અપ્શરા. ૮ ઐરાવત હાથી સાત સુંઢકા. ૯ ધનવંત્રી વૈદ ૧૦ સાત સુંહકા ઘોડા. ૧૧ વિષ. ૧૨ ચંદ્ર. ૧૩ સુરા. ૧૪ અમૃત યે ચઉદા રતન ભયો–હો–જોગી.

કાનીપો—આપ વરાહ અવતાર મેં કૈસી સેવા કીએ ?

ગુર—મોર નામકે રાક્ષસને જબર દસ્તીએ સારી દુનીઆકો દુખ દીઆ ઓર ઇંદ્ર કુંભી ઐસા દુખ દીયા કે ઇંદ્ર પણ આપકે આસણ પરસે ભાગ ગયા. પીછે યે રાક્ષસને પૃથ્વીકો અપને બગલમેં ડાલકે ભાગને લગા, ઉસ વખત સબ દેવોકોં ઐસા ધબરાટ હોને લગા કે, વો સબને ભગવાનકી અસ્તુતી કીયા. ભગવાનને વરાહ અવતાર લીયા ઓર રાક્ષસકે બગલમેંસે પૃથ્વી છોડાકે અપના દાઢપર લીયા ઓર લડાઇ કરકે મોર દાનવકો માર ડાલા ઉધર હમ પાસ રહેકર ભગવાનકી સેવા કરતે ચલે આએ હએ. વરાહ અવતાર ખલાસ હુવા.

કાનીપો—આપ નરસિહ અવતારમેં કૈસી સેવા કીએ ?

ગુર—પાંચ (૫) બરસકા પહેલાજ બેટા તન મનસે ભગવાન કે ચરનપર લપટા નીરંતર નારાયણકા નામ જપતા રહા. ઉસકા બાપ હરણાકંસ થા વો બોલા બેટા તુ જો નામકા ઉચ્ચાર કરતા હએ ઓ છોડ દેના પહેલાજ—કહે મેરા જીવ જાએ તો અચ્છા, પણ યે નામ કભી છોડનેકા નહિ. ઉસ વાસ્તે બાપને પહેલાજકું બહોત દુખ દીઆ. તપત તેલકે કઢાઇમેં ડાલ દીઆ ઓર હાથીકે પાંઉકે નીચે દબાદીઆ ઓર પાનીમેં ડાલ દીઆ ઓર અગ્નિ મેં ડાલ દીઆ ઓર ઉંચે પરબતસે ડાલ દીયા ઓર બોહોત અગ્નિસે થંભકું તપા કર, બાથ ભીડવાઇ ઇતેહી દુખસે પહેલાજ જીવતા રહ્યા.

ફીર હરણાકંસ બોલા, બેટા તેરા સાંઇ કીદર હએ ? પહેલાજ બોલા મેરા સાંઈ યહીં થંભમેં હએ. ઐસા સુનકે હરણાકંસકુ બોહોત ગુસ્સા (ક્રોધ) ચઢા. તબ ઉને જાકે થંભપર લાત મારી. તબ દયા સાગર માહારાજ પહેલાજકા બચન સત કરનેકે બાસ્તે વો થંભમેંસે બડા ગણગણાટ કરકે શ્રી નરસંગ રૂપ ધારણ કીઆ ઓર હરણાકંસકે સાથ યુદ્ધ કરકે ઉસકા

સંહાર કીયા. ફીર નરસીંહ અવતાર ખલાસ કીયા હમ વહાંકી સેવા કરકે ચલે આયે હએં.

કાનીપા—આપ વામન અવતારમેં કેસી સેવા કીએ ?

ગુર—ભગવાનને વામન અવતાર લેકે, જહાં બલીકા યગન થા વ્હાં ગયા ઓર બલીકું કેહેને લગા, સાડે તીન (૩ા) કદમ જમીન મુજે દાન દેના. બલીને ઉસકા બચન દીયા. તબ ભગવાનને તીન કદમ ત્રીભુવન કીઆ ઓર બલીકું પુછને લગા. આધા કદમ કાહાં ધરૂં. તબ બલી ચીન્તાતુર ભયા ઓર આધા કદમ સીરપર રખને કહા. માહારાજને કદમકે જોરસે બલીકું પાતાલમેં ડાલ દીયા. વામન અવતાર ખલાસ કીઆ. વહાંકી સેવા કરકે હમ ચલે આએ હએં.

કાનીપા—પરશુરામ અવતારમેં આપને કેસી સેવા કીએ ?

ગુર—ભગવાનજીને જવલગણુ (જમદગ્ની) કે ઘર પરશુરામ અવતાર લીઆ. પીતાકે હુકમસે રેણુકા (રણુકાવતી) માતાકા સીર ઉડાયા. ફીર સેહસ્ત્રા અરજુનકા વધ કરકે એકબીસ (૨૧) વખત ક્ષત્રીયુંકા વધ કીઆ. ફીર રામ અવતાર હો રહેઆ. તબ પરશુરામ અવતાર ખલાસ હુઆ. વહાં સેવા કરકે હમ ચલે આએ હએં.

કાનીપા—આપ રામચંદ્ર અવતારમેં કેસી સેવા કીઆ ?

ગુર—રાવણુ કુંભકરણાદિ મીલકે તેત્રીશ કોટી (કરોડ) દેવોંકો બંધો ડાલે. ઉસ વખત તેત્રીશ કોટી દેવને પરભુકા જાપ કીઆ. ઓર બ્રહ્માજી ઓર દેવલોક મીલકર બીનંતી કીઆ કે અવની દુખી દુખ સબ દેહા. લોકપાલ દુખ પાવે હો, રાવણુ કુંભકરણાદિ સંતનકો દુખ દેવે હો.

તબ વીશનું મહારાજને બોલા કે, જાઓ તપ ધરો તુમ દેહા–તુમ પીછે હમ આવું હો–દુવાપુર મેર કરૂ જુગ ત્રેતા લીખીઆ ફેર લીખાવું હો–ફેર દશરથકે ઘર પ્રભુને અવતાર ધારણુ કરકે રાવણુ આદિકા સંહાર કરકે તેત્રીસકોટી દેવતાકે બંદ મુક્ત કીએ. ઓરભભીક્ષણકું રાજ્ય દેકર અયોધ્યામેં આકર અગ્યાર બરસ રાજ કીઆ. પીછે રામા અવતાર ખલાસ હુઆ તબ ઉસકી સેવા કરકે હમ ચલે આએ.

કાનીપા—આપ કીરશનજીકે અવતારમેં કેસી સેવા કીએ ?

ગુર—કીરશનજીકે અવતારમેં એસી સેવા કી હએ. ભગવાનને અવતાર લીઆ કીરશનજીકા. પ્રાણુ લીયા કંસ ચાંદ્રઅણો મલ ઓર કેશી દૈંતકા ઓર પુતના રાક્ષસીકા. બંદ તોડા વસુદેવ દેવકીકા. ઉગસેનકું રાજ્ય દે કે દુઆરકા નગર બસાયા. ફીર છપ્પન કોટી જાદવકા મીલાપ કરકે રાજ ધરમકું દીઆ તબ રૂપી શ્રાપ ભયા યદુવંશકું યાદવ ગએ નીજ ધામકું તબ કીરશનજીકા અવતાર ખલાસ હુઆ. વાંહાંભી સેવા કરકે હમ ચલે આયે.

કાનીપા—બુધા અવતારમેં આપને કેસી સેવા કીએ ?

ગુર—ભગવાન બુધા અવતાર લે કે કલજુગમે અધરમી ઓર અસત્ય વાદીકા નાશ કીઆ બુધાવતાર ખલાસ હુઆ વહાંભી હમ સેવા કરકે ચલે આએ.

કાનીપા—નકલંકી અવતારમેં આપને કેસી સેવા કીએ ?

ગુર—નકલંકી અવતાર મોલા મુરતજા અલી મકકે શરીફમેં જન્મ લીએ. ઉન્હોં કે પીતાકા નામ અબીતાલીબ ઓર માતકા નામ (ઝુલેખા) ફાતેમા બીન્તે અસદ. ઉન્હોંને બોહોત કાફરોંકો મારકે અપના દીન રોશન કીઆ. વે આગલ કીનકાબી બીચાર નહિ સુનેગા. ઓર સબ ભ્રષ્ટકાર હો જાએગા. ઓર સબ દુષ્ટોંકે સંહારેકે ફીર શીવ ધર્મ સ્થાપન કરેગા ઉસ વખ્તભી હમ પાસ રહેકર સેવા કીઆ.

કાનીપા—ગુરજી આપકો ભગવાન ઉસકા એવઝ દેગા.

ગુર—એવઝ કીયા હએ ?

કાનીપા—રીદ્ધી.

ગુર—રીદ્ધીકું તો હમ જાનતે નહિ.

કાનીપા—સીદ્ધી.

ગુર—સીદ્ધીકું તો હમ પેછાનતે નહિ.

કાનીપા—મુક્તિ.

ગુર—રીદ્ધી, સીદ્ધી ઓર મુક્તિ યે દાસી હમારે પાસ સેવા કરતે હએ.

કાનીપા—અઢળ પદ.

ગુર—અઢળ પદકું હમ તુચ્છ માનતે હએ દેવ ઉદાર હોકે બડે બડેકું દીઈ હએ.

કાનીપા—કોન કોનકું દીએ હએ.

ગુર—ઇંદ્રકુ.

કાનીપા—ઇંદ્રને ભગવાનકી કેસી ભક્તિ કી હએ ?

ગુર—ઉતાનપાત રાજાકા પાંચ (૫) બરસકા લડકા ઉને ભગવાનકી તન મનસે ભક્તિ કી તબ ભગવાન ઉદાર હોકે ઉસકું અઢલપદ દીઆ યે અઢલ પદકું હમ તુચ્છ માનતે હએ.

કાનીપા—તુમ કોન દેશકે રહેવાશી ?

ગુર—હમતો અનંત દેશકે રહીવાશી જહાં બ્રંહ્મકા ખેલ દીપક લગાયા બીન બત્તી તેલ એસે હમ સીરજન પુરકે રહીવાશી.

કાનીપા—જબ તુમારા નામ ?

ગુર—હમારા નામ ન કામ. અજર અમર હમારા નામ.

કાનીપા—તુમ કબ મરોગે ?

ગુર—જબ રામ મરે તબ હમ મરે. ન હમારી બલઇ હમતો અવિનાશી મરે. જગત હમારા ગુલામ. હમ વઇકુંટ કરૂં મુકામ.

કાનીપા—જુગકી બડી બડી બાત કરતે હએ; લેકીન ઉપર છોટી દેખનેમેં આતી હએ.

ગુર—જો પુછેસો બાવરા કેતી ઉમર હમારી. હમતો માહા સુખમેં રહેતે. ચાર જુગ ખેલતે. કેતે પરમાત્મા ભએ ઓર પરલોકસે ધીયાયા. ઉફ (૩ાા) સાડા ત્રણ કોટી વીશનું ભએ.

દસ કોટી કનઇઆ. સત કોટી શંભુ ભએ, તબ હમારી એક પલઇઆં. દેવતોંકી તો ગણત્રી નહિ તો શેસ્ટી કોન બીચારી. એસે હમ રામચંદ્રજી માહારાજકે જુગજુગ કે સેવક હએ.

કાનીપો—જુગતો કીતને હએ ?

ગુર—જુગતો ચાર હએ.

કાનીપો—કોન કોનસે ?

ગુર—કરતા, ત્રેતા, દુઆપર, કલજુગ એસે ચાર જુગ હમારે સામને હો ગએ.

કાનીપો—તુમ કોનસે જુગમેં કોન કોનથે?

ગુર—કરતા જુગસેં બ્રહ્મા, ત્રેતા, જુગમેં વશીષ્ટજી. દુઆપુર જુગમેં વેદવ્યાસજી, કલજુગમેં નબી મહમદ મુસતફા.

કાનીપો—ભલા ભગવાને દસ અવતાર કાએકે વાસ્તે લીએ ? ઓર ઉનકી કોનસી ન્યાતી થી ?

ગુર—દો (૨) જલચર. દો (૨) વનચર. દો (૨) વીપ્ર. દો (૨) રાજવંશ ઓર દો (૨) મલેચ્છ અવતાર લીયા અમશીરૂકે કાજ. ભગવાનકે અવતારકી એસી ન્યાતી ભઇ.

ગુર—કીરતા જુગ સહસ્ત્ર લાખ અઠાવીસ હજાર ઓર ઉસમેં મચ્છ, કોરભ, વરાહ, નરસિંહ એસે ચાર અવતાર દેવકે હોગએ.

કાનીપો—ત્રેતા જુગ કેતા ઓર ઉસમેં દેવકે અવતાર કે તે ?

ગુર—ત્રેતા જુગ બાર ગુર લાખ છન્નું હજાર. ઓર ઉસમેં વામન ફરશરામ, રામચંદ્રજી એસે દેવકે અવતાર તીન ભએ.

કાનીપો—દુઆપુર જોગ કેતા ઓર ઉસમેં દેવકે અવતાર કેતે ભએ ?

ગુર—દુઆપુર જુગ આઠ લાખ ચોસઠ હજાર ઓર ઉસમેં કરશનજી ઓર બુધ એસે દેવકે અવતાર દો ભએ.

કાનીપો—કલજુગ કેતાં ઓર ઉસમેં દેવકે અવતાર કેતે ભએ ?

ગુર—કલજુગ ચાર લાખ બત્રીશ હજાર ઓર ઉસમેં નકલંકી એસા દેવકે અવતાર એક ભયા. એસે ચાર જુગ દસ અવતાર તો હમારે સામને હો ગએ. ચાર જુગ હજાર વખત જાએંગે તબ બ્રહ્માકા એક દીન. એસે બ્રહ્માકે હજાર દીન જાએંગે તબ વિશનુકા એક દીન એસે વીશનુકે હજાર દીન જાએંગે તબ મહાદેવકા એક દીન એસે મહાદેવકે હજાર દીન જાએંગે તબ મેરી પલઇઆં એસે હમ અવિનાશી પુરકે રાજાકે જુગાંજુગકે સેવક હએ

કાનીપો—જુગકી બાતાં કેહતે પણ ઉમર છોટી દીખતી હએ.

ગુર—કેતી ઉમર હમારી. હમતો માહા સુખમેં ખેલત ચાર જુગમેં કોટી કોટી વીશનું ભએ. દસ કોટી કનઇઆ સત કોટી શંભુ ભએ ઓર દેવતોંકી તો ગીણત્રી નહિ તબ સૃષ્ટિ તો કોન બીચારી એસે હમ ભગવાનકે સેવક હએ એ જોગી હમ જાતકું નરજી શ્રી ઇસલામશાહા સત ગુરકા ઇલકાબ દીઆ પણ પરખ કરની નરજી આપકે હાથ રખા હએ. હમારે બાવાકું નરજીને ચાર અલકાબ પ્રલે દીયા. સોતમ હમેશા રૂદન કરતા થા.

કાનીપા—ગુરજી આપકે બાવાકો કેસે કેસે અલકાબ મીલા ?

ગુર—સુનો જોગી, સતગુર પીર સદરદીન બાવા હમારા ઓર અલકાબ સુનો.

પહેલા અલકાબ સદરદીન મીલા ઉસકા મીસાલ યે હએ જો દીનકા છત્ર.

દુસરા અલકાબ સોહેદેવકા. ઉસકા મીસાલ યે હએ જો સબ દેવોંકા દેવ.

તીસરા અલકાબ બાર ગુરકા ઉસકા મીસાલ યે હએ જો બાર કરોડકા ગુર.

ચવથા અલકાબ હરચંદકા. ઉસકા મીસાલ યે હએ જો ખુદાકી રોશની યાને ખુદાકો જાહેર કરનેવાલા બતાનેવાલા. એસી તરેહ હમારે બાવાકું નરજીને ચાર અલકાબ દીઆ હએ. એ જોગી નવ નાથ ઓર ચોર્યાશી સીધકી મુક્ત હમારેસે હોગી. જેસા પંથ સબકા હએ વેસાહી પંથ હમારા સબસે આલા હએ.

કાનીપા—ગુરજી કેસા પંથ આપકા હએ ?

ગુર—એ જોગી સુનો.

એજી પંથીસો પંથી હો મોરા શાહા સબ જુગ પંથીજી.
આ શાહા હમબી પંથ પંથીડાજી. ૧
લોહા પાણીજી મોરા શાહા પથર પાણીજી.
આ શાહા પાણી તે ત્રાંબા સારજી. ૨
લખ ચોરાશી પાણી હો મોરા શાહા જીવા જોડ પાણીજી.
આ શાહા પાણી તે ભાર અઢારજી. ૩
એજી સાત પછઆર હો મોરા શાહા ગગન મંઢણજી.
આ શાહા નવે ખંડે આશા તમારીજી. ૪
એજી જોગી સોહી હોં મોરા શાહા જુગા જુગ જોગીજી.
આ શાહા અવર સો મુંદ્રા નારીજી. ૫
એજી કાંએ તમે જોગી હો ભાઇ તમે મુછ મુંડાએયાંજી,
તમે મન ન મુંઢાએયા મેરે ભાઇજી ૬
એજી મન ન મુંડાએયા હો જોગી જેસી ગાદર મુંઢીજી.
એ મન ન મુંઢાએયા તે ભેસ્તે કીઉંકર પોંચેજી ૭
એજી તેરી કનકી મુદ્રા હો જોગી પવનસું ડોલેજી,
મેરે મનકી મુદ્રા સારીજી ૮
એજી મન મેરી મુદ્રા હો કે તન સરોવર કાએયાજી
એતો સતકી ભભુત ચડાવોજી ૯
એજી કાચી તેરી કાએયા હો જોગી સો પવન આધારીજી
જેસી નીર ભરી કાચી પારીજી ૧૦
એજી વીડસે પારી હો મોરા ભાઇ ઢલ ગએયા નીરજી.
એજી જટા મુગટ હો ભાઇ મેરે હરસું ન છુટેજી.
હરસું ન છુટે તો કાએયા પવન ન ડોલેજી ૧૨

એ કાચી કાએયા કામ ન આવેજી ૧૧
નવે અવતાર હો મેરા શાહા નવ દાણવ છેદેઆજી.
આજ દસમેં કાળીંગાની વારીજી ૧૩
એજી કરો અસવારી હો મેરા શાહા અસુર સંધારોજી
એ તો કહે ગુર હરીચંદ વાચા પારોજી ૧૪
એજી વાચા તમે પારો હો મેરા શાહા કોલ સંભારોજી.
તમે કોલ સંભારો મેરે સાંઈઆંજી ૧૫
એજી આવો મેરે મોમન હો સબ મીલી શાહકું સીરેવોજી,
આ દુનીઆ પાખંડ બાજીજી, ૧૬
એજી અમરાપુરી માંહે ભાઇ તમે પાસા ઢાળોજી,
ત્યાં ખેલે મોમન સાચાજી ૧૭
એજી ગીનાન માહારસ હો બુશ પીર ગોફતે હસન શાહા.
મેરે સાહેબકા દુર સાચાજી
મેરે અલીકા ડર સાચાજી ૧૮
એ જોગી એક ચીત્તસે ગીનાંન સુનો હો કાનીપા.

કાનીપા--ગુરજી માહારાજ આપકો કુછ સવાલ પુછનેકી ઇચ્છા હએ સો કીરપા કરકે કેહેના.

ગુરજી—એ કાનીપા પુછો.

જોગી--આએયા ન છોડું, મેં લેંણે ન જાઉ, કહે મેરા અબધુત મેરા નાઉ હો પીરા (૧)

ગુરજી--આએયા તમબી છોડો, સત લેણેબી જાઓ કહે મારા સંતગુર વીચાર કરી ખાઓરે જોગી. (૨)

જોગી—છોતી કહેમેં જુગકી રાણી, છોતીકી છોત ઉતારે પાણી. પાણીકી છોત ઉતારે પવન, પણ જીવકી છોત ઉતારે કોણ હો પીરા (૩)

ગુર—કાયા કુંપલી મન કસ્તુરી અને ગ્નાન જીવકી જોતી. જીસ ઘટમેં અલ્લા નબી વસે તીસે કયુંકર લાગે છોતી હો જોગી (૪)

જોગી–કોણસો પીંડત, કોણસો પીંઢતમ કીસ સીરકે પીંઢ, કીયા મીલી નીવાલા ખાએ કીસ કરણીએ અમરા પુરી જાએ હો પીરા (૫)

ગુર--મનવા હમારા પીંઢત કહીએ, કાયા હમારી પીંઢ હમ થી ઇસલામ શાહાકે પીંઢ. ગતમાં મીલી વીચારી ખાએ. ઇસ કરણીએ અમરાપુરી જાએ હો–જોગી. (૬)

જોગી--કોણ તમારી જનોઇ કહીએ. કોણ તમારી ધોતી. કોણ તમારા શબ્દ કહીએ કોણ તમારી પોથી હો પીરા (૭)

ગુર--અગમ હમારી જનોઇ કહીએ, નીગમ હમારી ધોતી, અખંડ હમારા શબ્દ કહીએ, કાયા હમારી પોથીહો જોગી. (૮)

જોગી—કોણસો નગર, કોણસો થાન, કોણ લોક વસે પરધાન, કોણ રાજા કોણ મેતા કહો કહો ઇસ નગરીકી વાચા હો પીરા. (૯)

ગુર—કાયા નગરી નવસર થાન, માંહે પાંચ લોક વસે પરધાન. હંસ રાજા, પવન મેતા, લીઓ લીઓ ઇસ નગરીકી બાચા હો જોગી (૧૦)

જોગી—કોણ જાગે કોણ સોવે, કોણ દો દશ ધાવે. પચાણકેરા કોણ ગુરૂ, સો કોણ મારગ લાવે હો પીરા (૧૧)

ગુર--હંસ જાગે, પીંઢ સોવે, માયા દો દીશ ધાવે. પચાણકા જ્ઞાન ગુર, સો ગીનાન મારગ લાવે હો જોગી. (૧૨)

જોગી--ચાર જુગકા કોણ તીરથ અને કોણ તીરથ મોમના. ચલતી નદીનો કોણ તીરથ, કોણ તીરથ ખટ દરશણા હો પીરા (૧૩)

ગુર--ચાર જુગકા મમ તીરથ, જ્ઞાન તીરથ મોમના. ચલતી નદી અંદર તીરથ. સત પંથ તીરથ ખટ દરશણા હો જોગી, (૧૪)

જોગી--કેતા બરસ મેગ જલ બરસે કીયું ગગન અંતર તારે. ?

ગુર---છત્રીશ બરસની મેગ જલ ભરશે. દોએ ગગન અંતર તારે. મન પરલોપી લે સાધુ. અલકુલ તારના આગુ આગુ હોતે. પરે પરે હોતે. જારે સાદ નહિ શબ્દ નહિ અહુંકાર નહિ ધંધુકાર કહે પીર હસન કબીરદીન રે જોગી. (૧૬)

એ જોગી મનકું પરબોધ દેણા યે મુકિતકા મારગ હએ. સુનો.

જ્ઞાન.

અબધુ મન જીતે મન ઇચ્છા ફલ ઉપજે અને તન જીતે ઉછરંગ.
હરદે જીતે આનંદ ઉપજે, ઇસિ બીધ જોગ પસંદ. ૧

અબધુ કામ ક્રોધ જબ જીતે જોગી, સત પવિત્ર તબ હોઈ.
ચીંત જીતે ચંદા હોવે નીરમલા, નીર્મળ સાધુ સોહી. ૨

અબધુ રસના પુછંત કંથના અંબરત અને જ્ઞાન પુરશકું બીનંમ.
આકાશ રાજા દેહે ન સીંગાસણ, તો આદ પુરૂષકું બીનમ. ૩

અબધુ કાયા કામની મનછા દેવી અને ચૈતન્ય પુરશ અસ્થાન.
ક્રોધ અહુંકાર કટકકા રાજા, તીસકા સુરત નીરત પરધાનંમ અબધુ. ૪

અબધુ નામ પાતાલ, સીર ઉપર નિરમલા, કરમ પુરશ સીંગાસણ એહ.
જો જોગ જુગત દોએ બસત સાંઇઆ, તો કરણા કરણી કર તપ
સારંમ અબધુ. ૫

અબધુ આશા મારો ચીંતા જારો અને હું ખુદી કરો રસોઈ.
આસણ જીતો નીંદ્રા જીતો, કીરતાર કરે સો હોઈ અબધુ. ૬

અબધુ જો ગુર મલેતો અરથ બતાવે અને મીટે ચીંતકા સેંશા.
જલ બીના કમલ ન ફુલે, તાકું મુરખ જાણે હાશા અબધુ. ૭

અબધુ ગુર મલે તો પરછે સાધુ, ગુર બીના બાટ ન પાવે.
ગ્નાન મંડળમાં જલબલ દીવો દીસે સો ગુર બીના હાથ ન આવે. ૮
અબધુ રેહેણુ અંધેરી સાથી વેરી અને અવઘડ ગાટ ગુદારા.
બીન અંગુએ કયું મારગ પાવે, તાકી ચીંતા કરો સવેરા અબધુ. ૯
અબધુ સતગુર પારસ સાધુ ત્રાંબા, ભેટે તો સોવન હોઇ.
જયું જલમીને આપ પરકોસ, ત્યું માંજે દરશન સોઇ અબધુ. ૧૦
અબધુ નિરમલ મંઢી સતગુરકા દુવારા, અને દયા પુરૂષકા વાસા.
હરદે કુંભ પવન ઘંટ શોધો, તો અલખ પુરશકી આશા અબધુ. ૧૧
અબધુ સંકટ ઘાટ અંદર લશ ઘાટી, જયાં સુઇ મારગ ન પાવે.
તીઆં વાહાના રથ સીંગાસણ રાજા, તાસું નીત ઉઠે આવે જાવે અબધુ. ૧૨
અબધુ વૃક્ષ બિના ફૂલે ફૂલવાડી, અને બીન મુખ નાદ બજાવે.
બિન રસના ગુણ ગાવે હરદા, સો બીન પગ આવે જાવે અબધુ. ૧૩
અબધુ હરદે બેઠ ચેતન બંદગી, રાવલ હુએ મતવાલા.
ઈંગલા પીંગલા સુખમણા દાસી, સત ગુરકી એસી બાલી અબધુ ૧૪
અબધુ હીર પર છે તીયું તનકું શોધો, અને કહેઆ ગુરકા કીજે,
મેગા બીજા મારગ જોવે, ત્યું હંસા ગવન કરી જે અબધુ. ૧૫
અબધુ હંસ પુરૂષ જબ સનમુખ આવે, તબ કાયા નીરમલ હોઇ.
કરો ધીયાન એઅંગ ભભુતા, તો મધ શુધ ન પાવે કોઇ અબધુ. ૧૬
અબધુ નાદ બુંદ દોએ બજંત ગુરકે, અને ચીત સત દોઇ સાથી.
નવશા પરછો ખેલ ગુરસું, ગીનાન ધીઆન દોએ હાથી અબધુ. ૧૭
અબધુ જાગે સો જો રસમેં પાકે, અને સોહેઆ તીને રસ ખોઇઆ.
સોએ પંથ ન કટે ગુસાઇઆ, મુરખ ચાવે સોઇઆં અબધુ ૧૮
અબધુ ગટ માંહે રીધ સીધ હુએ, અને ગટ માંહે અનહદ ચાલા.
ગટમાંહે બાગ લગાયા બાગુ, ગતમાંહે સીંચણહાર અબધુ. ૧૯
અબધુ ગટમાંહે નવખંડ પીરોથમી, અને ગટમાહે હુએ કેવલાસ.
ગટમાંહે સાત સમુદ્રકા વાસા, ગુર બીના જાએ પીયાસા અબધુ ૨૦
અબધુ ગુર વચને ગટ શોધન કરી જે, તો ગુરનર દરસન પાએયા
કેહે પીર હસન કબીરદીન સુણો ગતીઉં લોકાં,
તેણે આવા ગમણ છોડાએયા અબધુ ૨૧

એ જોગીયુંકો ઇસતરાંહસે રેહના ચાહીએ સુનો.

દોહરો.

ફાકા ફીરાક ઉદાસ દીલ, આસણ દ્રઢ ગંભીર.
ફીકર ફાડ કફની કરે, વાકા નામ ફકીર.

એ જોગી જો ભિક્ષા માગણેકી તરતીબ યે હુએ સુનો.

જ્ઞાન.

અબધુ જુગત જોલ સંતોખ પાત્ર કરો, અને દંડા કરો બીચાર.
ખમીઆ દયાકી દોએ મુદ્રા પહેરો, જ્ઞાન કરજો આહાર,
અબધુ તે જોગી જુગમાંએ જાકો, મન દુજારે નાહિ,
અબધુ તે જોગી જુગમાંએ. ૧

અબધુ ગુર મેરા જ્ઞાન, વેરાગકી ઇંદ્રી, અને સંગમ કરો ભભુતા.
સાચ ધરમ સાચ કરી ધીયાવો, તો જોગી હએ અબધુતા અબધુ તે જોગી. ૨

અબધુ ચાંદો સુરજ દોએ રોકી રાખો, અને મન ચીત ધરો ઇસ દંઢી.
સુખમણા તંતી વાજણુ લાગી, એ ભેદ કીસેજ ખંઢી.—અબધુ તે જોગી. ૩

અબધુ સબ અવગુણ તજો ત્રવેણી નાવ, અનહદ નાદ બજાઓ.
કહે પીર હસન કબીરદીન જીવંત મરીએ,
તો અવરથ જનમ ન પાઓ અબધુ–તે જોગી જુગમાંએ. ૪

એટલા ઉપદેશના જ્ઞાન સાંભળીને કાનીપો વિનતી કરીને કહે છે.

કાનીપો—ગુરજી આપકે પરતાપસે હમકો મુકિતપદકા માર્ગ મીલા. ઓર ધન્ય બલીહારી ગુરૂનાથ જાલંદ્રીજીકી, કે જીન્હોંકે પરતાપસે આપકા દરશન ભયા ઓર આપને કીરપા કરકે મુકિત પદકા ગીનાન દીઆ આપકો અનેક બીદ્ધિસે નમસ્કાર કરતા હું.

હવે ત્યાંથી કાનીપો નમસ્કાર કરીને પોતાને વતન જવા નીકળ્યો. એટલામાં માર્ગમાં ગોરખ મળ્યો. જ્યારે બેઉ ભેગા થયા ત્યારે ગોરખ કહે—સાંઈ આદેશ આદેશ.

કાનીપો—આદેશ સાંઈ આદેશ.

ગોરખ—સાંઇ આપકી મુલાકાત હોનેસે નીહાયત દીલ ખુશહુઆ આપકું એક બાત પુછતા હું. સાંઈ જવાબ દેણા.

કાનીપો—અછા પુછો.

ગોરખ—કૌન ગુર હએ તુમારા કયુંકર જંગલકા થારા. કૌંન તીરથ ફીરફીર આયે. ગુરૂ નાથકું કાહાં છોડ દીયા. કયા નામ તુમ્હારા કહેના. કૌન પંથકી રાહ બતાના.

કાનીપો—સુનો સાંઇ ગુરનાથ જાલંદ્ર હમારા. ઉસકું ઢુંઢત બરસ બારા (૧૨) બહુત તીરથ ફીરફીર આએ, ગુરૂ જંગલમેં છોડ દીએ. નામ હમારા કાનીપા કહેત હએ. ઓર મછી પંથ હમારા. સાંઈ આપકી બાત મએંભી સુનને ચાહાતા હું.

ગોરખ—અચ્છા સુનો સાંઇ નાથ. હમારા ગુરૂ મછંદરનાથ ઉન્હુંકો બારા (૧૨) બરસ મએં ઢુંઢતા હું. ઉસકા પતા લગતા નહિ. હમ પંથકે જોગી ઓર હમારા નામ ગોરખ કહેતે હએ.

કાનીપો—સાંઇ આપ કાહાં ચલે ?

ગોરખ—મએં અપને ગુરૂકો ઢુંઢને જાતા હું. સાંઇ તુમ કીધર ચલે?

કાનીપો—મએંભી અપને ગુરૂકો ઢુંઢતા હું. સાંઇ તુમારે ગુર તો સીંહલદીપમેં ત્રીયા રાજમેં વિલાસ કર રહે હએ. ઓર સબ જોગ ડુબા દીયા હએ તુમારે આંગમેં કરામત હોએગી તો ઉસકો ઢુંઢ આવગે.

ગોરખ—સાંઈ કાનીપાજી તુમ્હારે ગુરૂકો ગોઉડ બંગાલેકા રાજા ગોપીચંદને કુંપકે અંદર દાલ દીયા હયે. ઓર રોજરોજ નવલાખ ઘોડેકી લીદ ઉપરફેંક દેતા હએ. તો તુમ જાકે તાકાત હોય તો છુડાવ.

કાનીપો—અચ્છા મએં અભી અપને ગુરૂકો લે આતા હું.

ગોરખ—મએંભી અપને ગુરૂકો છુડાનેકું જાતા હું.

પછી બેઉ જણા આદેશ કરીને નીકળી જાય છે.

સમાપ્ત.

કાનીપા અને ગોરખનો સંવાદ.

જ્યારે કાનીપો ગુર પીર હસન કબીરદીન પાસેથી વિદાય થયો, ને પોતાને વતન જવા નીકળ્યો, ને માર્ગમાં ગોરખનો મેળાપ થયો. ત્યારે અરસ પરસ ગુરની ખબર આપવા લાગ્યા. પછે એક બીજાને ગુર છોડાવવાના મેંણા આપ્યાં તે વખતે.

કાનીપો—તુમ સીધ હોતો આંમકા ઝાડ લગાદો.

ગોરખ—હમ આંમકા ઝાડ લગાઉં, પણ તુમ ઉસમે આમ લગા દેના.

કાનીપો—મએ આંમ લગા દેઉં, લેકીન તુમ આંમકો નીચે ઉતાર દેના.

ગોરખ—મએં આંમકો નીચે ઉતાર દેઉંગા તો તુમકો પીછે આમ ચઢાને પડેગા.

ગોરખ—મએં સીધ હું તો આંમકા ઝાડ લગ જાના (એટલે આંબાનું ઝાડ ઉગે છે.)

કાનીપો—મએં સીધ હું તો ઉસમે આંમ લગ જાના (તો આંબો ફળે છે.)

ગોરખ— આંમ ઉતર જાઓ. (આંબા જમીનપર આવી પડે છે.)

કાનીપો—આંમ પીછે લગ જાઓ (તો આંબા પાછા ઝાડ ઉપર ચડી જાય છે.)

પછી એક બીજાને આદેશ કહીને ગોરખ સીંહલદીપ યાને ત્રીયારાજમાં જવા નીકળે છે. માર્ગમાં જતાં વિચાર કરે છે જે આ રાજ્યમાં જવાની રજા નહિ હોય, ને મારે કેવી રીતે ત્યાં જવું. પેલા વિચારમાં ચાલે છે તો માર્ગમાં ઢોલકીને સારંગીવાલા મળ્યા. તેને ગોરખ પુછે છે જે આપ કહાં ચલે તો પેલાએ કહ્યું જે હમતો? સીંહલદીપમેં જાતે હએ. ત્યારે ગોરખે કહ્યું જે હમકો સાથ લે જાઓગે? ત્યારે તેઓએ કહ્યું જે આપકો કુચ્છ ગાના બજાના આતા હએ? ત્યારે ગોરખે કહ્યું જે ગાને બજાનેમેં મએં બહોત હુશીઆર હું. ત્યારે ગોરખ તેઓને ગાઇ વજાડી દેખાડે છે. ત્યારે તેઓ સાંભળતાંજ ઘણા ખુશી થઇને ગોરખને ઢોલકી બધાવી પોતા સાથે લીધો, ને ગામ તરફ

ચાલેઆ. હવે મછંદ્રનાથ ત્રીઆરાણી પદમણી જે, મહીલા નામે હતી, તેને કહે છે જે હમારા ચેલા ગામમેં આતા હએ. ત્યારે પદમણી કહે છે જે આપ કે ચેલેકા કયા આશરા હએ જો અપને ગાઉંમેં આવે. મએંને તો બારા (૧૨) ગાઉંમેં ચૌકી બીઠાઈ હએ. હવે જ્યારે ગોરખ ગામમાં પ્રવેશ થયો ત્યારે મછંદરનાથે રાણીને કહ્યું જે, ચેલા ગાઉંમેં પ્રવેશ હો ગયા ગોરખને તો મહેલ પાંસે આવતાં પુકાર મારી જે; ચેત મછંદર ગોરખ આયા. અને ત્યાં મેહેલ પાસે ઉભો રહીને સારંગીમાં જ્ઞાન બોલે છે.

જ્ઞાન.

એજી જીસરે બુંદે તેરી કાએયા સરજીરે અબધુ,
સોહી બુંભ કેમ કરી રાણોજી.
જાગો જુગેશર, જાગો મેરા ભાઈજી.
જાગ તણા મત ભુલો મેરે ભાઈજી ૧
એજી અલખ નીરંજન જારે લેખાં માગશેરે અબધુ.
તે પુછે આપ આપકી કમાઈજી–જાગો૦ ૨
એજી રીખીસર હોઈને કલસ કુંભ થપાવે છે અબધુ
તે કુંજરમેદ જગન ફળ લેશેજી–જાગો૦ ૩
એજી રીખીસર હોઈને ગત ગંગામાં આવેરે અબધુ.
તે અશ્વમેદ જગન ફલ લેશેજી––જાગો૦ ૪
એજી રીખીસર હોઈને ધર્મ ક્રીયા પારેરે અબધુ.
તે ગઉમેદ જગન ફલ લેશેજી–જાગો૦ ૫
નરને નારી બે સાધ કેવાએશેરે અબધુ.
તે અશ્વમેદ જગત ફલ લેશેજી–જાગો૦ ૬
એજી નરને નારી બે લુંચ કેવાએશેરે અબધુ.
તે પીલાએશે લોહો કેરી ધાણીજી–જાગો૦ ૭
એજી એક ન ભુલા અબધુ દોએ ન ભુલા અબધુ.
ભુલો ભુલો સગલો સંસારજી–જાગો૦ ૮
એજી સતગુર પરસાદે જતી ગોરખ ન ભુલા અબધુ.
નાથ મછંદ્રજીકા ચેલાજી–જાગો૦ ૯

(જ્ઞાન બીજું.)

એજી સતગુર પરસાદે શાહા મેરે હાથ પગ સરજ્યાંરે અબધુ.
સોહી ગુર કેમ વિસારોજી. ૧
એજી શંખાને નાદે તો બાડુ રસ વહી ગયારે અબધુ.
તેણે જપ તપ સરવેઈ ખોએયાંજી ૨
એજી છડેઆભી છડીઆ નાંથ મછંદર અબધુ.
ચલતી પુતલીએ સબ જુગ છલીયાજી. ૩

એજી હાદકી કણીએ જેમ શીઆળ વિરોધીઆ અબધુ.
તે મનમાંહે અતિ રલીયાંજી ૪

એજી તીલ સુખ કારણ તેરી કાએયા વીટલાણી અબધુ.
દુખ દોહેલાં મેર સમાનજી. ૫

એજી સાવલડી નારી ઘણી સુંદર દેખીરે અબધુ.
તેણે કહી કહી નાથ ભુલાણાજી. ૬

એજી ભઠ પડેઆ તેરા સુકા ટુકડારે અબધુ.
ભઠ પડેઆ હેઠા સોણાજી. ૭

એજી ભઠ પડેઆ તેરા વજર કછોટારે અબધુ.
ભઠ પડી તેરી સો કંથાજી. ૮

એજી ભઠ પડેઆ તેરા ભભુત ભુસણારે અબધુ.
ભઠ પડી કાનકી મુંદરાજી. ૯

એજી ભઠ પડી તેરી ખપર જોલીરે અબધુ,
ભઠ પડેઆ હાથકા દંઢાજી ૧૦

એજી સાર જમંતાને સેજે પોઢંતા અબધુ.
એણી પેરે કોએ ન તરેઆંજી. ૧૧

એજી કહે મછંદર સુણો ગોરખ ભાઇ.
એવડી શુધ તમે કીઆંથી પાઇજી. ૧૨

એજી ભુખ ગમાઇ મેં તો ત્રશના છીપાઇ ગુરજી.
નયણે તે નીંદ્રા ન આણીજી. ૧૩

એજી એક ન ભુલા અબધુ, દોએ ન ભુલા અબધુ.
ભુલો ભુલો સગલો સંસારજી. ૧૪

એજી સતગુર પરસાદે જતી ગોરખ ન ભુલા અબધુ.
નાથ મછંદરજીકા ચેલાજી. ૧૫

ગ્નાન પુરાં થતાં ગુરૂએ ગોરખને ઉપર તેડાવ્યા ને ત્યાં રાણી પદમણીને ગોરખના ઘણા સવાલ જવાબ થયા, પણ પદમણી હારી ગઈ, ને મછંદ્રનાથને મીનનાથ નામે છોકરો નાનો હતો, તેણે જરા મસો કરતાં, પદમણીએ ગોરખને કહ્યું જે, ઇસકુ ધુલા ડાલો. ત્યારે ગોરખે પથરાપર પછાડીને બીચારાને બરાબર કરી મુકયો. યાને મારી નાંખ્યો. ને પાછો આવ્યો ત્યારે રાણીએ પુછ્યું, જે બેટા કીધર હએ ? ત્યારે ગોરખે કહ્યું જે મેને ધુલા ડાલા, વો ઉધર પડા હએં. જા પદમણી જુએ તો, મરેલો પડયો છે ત્યારે રૂદન કરવા લાગી ને કહ્યું, જે આપકા ચેલા અએસા કએસા, જો લડકે કો મારડાલા.

એ સાંભળતાંજ ગુર પણ દીલગીર થઇને રડવા લાગો. ત્યારે ગોરખ કહે છે ગુરજી કયું રડતે હો? આપતો સીધ પુરષ હો. યે લડકે કો જીતા કરો. ત્યારે બીચારા ગુરએ ઘણી મેહનત કીધી, પણ છોકરો ઉઠયો નહિ; કારણકે ત્રીઆરાજમાં લપટાયાથી કીયા

ઓછી થઇ ગઇ હતી. પછી ગોરખે પોતાના સતને આધારે છોકરાને ઉઠાડયો, કારણકે જતી તો ઘણા હતા. લક્ષ્મણ જતી તથા બીજા પણ ઘણા હતા, પણ તેઓ દુનીઆ માંહે લપ-ટાઇ ગયા હતા. પણ ગોરખ તો દુનીઆ યાને સોંસાર ત્યાગી હતો. (જુઓ જ્ઞાનનો પાઠ)

એક છરે ભાઇરે ઇશ્વર આદમ ગોરખ ચેલા.

ગુરૂ રૂડા તારણ હાર.

અર્થ—સમાધિ એટલે ધીયાનમાં આદમ [માહાદેવ] જેવો કોઇ નહિ અને ગોરખ જેવો ચેલો કોઇ નહિ. ને આદ ગુર જેવો તારણ કરનાર કોઇ નહિ.

પછી ગોરખ પોતાના ગુરૂને લઇને જંગલમાં ફરવા ચાલ્યો. આગળ જતાં એક દરખ્તને બથ નાખીને કહેવા લાગ્યો; જે ગુરજી ઝાડને પકડા હએ ગુરૂ કહે દરખ્ત કયા પકડા હએ જર કરકે છોડ દો. ગોરખ કહે છે :જે દરખ્ત નહિ છોડતા હએ કયા કરૂં બોહોત જોર કરતા હું. ગુરૂ કહે હાથ ચવડે કરો તો દરખ્ત છુટ જાએગા ત્યારે ગોરખે કહયો જે તુમ ઇસિ રાજસે હાથ ચવડે કરકે છોડકે મેરે સાથ ચલો. પછી ગુરૂ ચેલા બેઈ ચાલવાનો વિચાર કીધો. મછંદરનાથે ત્યારે વિચારયું જે, રસ્તામાં શું ખાશું ! માટે એક સોનાની ઇંટ લઇને ઝોલીમાં નાંખીને ગોરખને બંધાવીને જગતમાંથી ચાલ્યા. થોડેક ગયા ત્યારે ગુરૂ ચેલાને પુછે છે જે, ઇધર કુછ ભય હએ ? એ ભય શા કારણનો, એ કાંઇ ગોર-ખના ધ્યાનમાં હતું નહિ. વળી આગળ ચાલ્યા ત્યારે પુછયું જે બેટા ઇધર કુછ ભય હએ ? ત્યારે ગોરખે વિચાર્યું જે, જોઉં તો ખરો ઝોળીમાં કાંઈ છે ? જ્યાં જુએ ત્યાં ઝોળીમાં એક સોનાની ઇંટ છે ત્યારે તે ઇંટ આગળ ચાલતાં કુવામાં હલવે ઉતારી દીધી ને આગળ ચાલ્યા ત્યાં પણ પુછયું જે, બેટા ઇધિર કુછ ભય હએ ? ત્યારે ગોરખે કહ્યું જે, ગુરજી ભય થા સો કુવેમેં ડાલ દીયા. ત્યારે ગુરજી વિચારમાં પડયા. ત્યારે ચેલાએ કહ્યું જે, ગુરજી કયા બીચારમેં હો. ત્યારે ગુરૂએ કહ્યું જે, પેલી ઇંટ કયાં છે ? ત્યારે ચેલાએ એક મોટા પથરાપર પેશાબ કરતાં પેલો પથરો સોનાનો થઈ ગયો. ને ગુરૂને કહે છે જે, ગુરજી ઉઠાવ જીતના ચાહીએ. જુઓ સીધ પુરૂ-ષના પરાક્રમ ને મોજીઝો. પછી ગુરૂ ચેલો ત્યાંથી પોતાને વતને સીધારીઆ. ત્યાં યોગ સાધના મછંદ્ર નાથે શરૂ કરી, પોતાની ચીત્ત વૃત્તિને વશ કીધી. ત્યારે માયાની જાળમાંથી છુટો થયો.

(સમાપ્ત.)

પીર શમશની ગરબીઓ.

ગરબી પહેલી

આદ ગુર શમશ મુનીવર જાણ–તે તો ફીરીયા બહુ જુગ પરમાણ.
તે તો ગયા ફીરતા અનલવણ માંહે–ત્યાં હીંદુ રહે છે અંતીજ આહે.
તેના દેવળ દેરાં અતીજ ઘણા–તે તો માતા ભવાનીને માને તતખણા.

તે તો ગરબા રમતાં નોરતાં માંહે–ગુર શમશ ગયા છે ત્યાંએ.
ત્યાં આસુ સુદ એકમની રાત–તે ગરબી પેલી રમે સહુ સાથ.
ત્યાં છત્રીસ પીંઢત તો કથા કરે–પાંચસો રમતીઆ રમે છે ખરે.
ગુરજી ઉભા જઇ તેણે ઠામ–સુણીઆ વચન હીંદુના તમામ,
તે તો નાચે અંતી બહુ ગાવે ગીત–પત્થર સાથે તેની બહુ પીરીત.
તારેગુર શમશાને કરોધજ થયા–તેતો નાચણા હારામાંહે જઈ નાચેઆ
તારે ગીત ગાંયા ગુરજી ગીનાન–તે સુણવા લાગા હીંદુ અજાણ.

ગરબી બીજી.

આજ આનંદ પામીઆ મન–કે સતગુર સરેવીઆરે લોલ.
તમે ભુલો મ મુરખ લોક–કે મરમ રદેહ ધરોરે લોલ.
એતો પાખંડ દેવળ ભુત–કે ફેરા શું ફરોરે લોલ.
તમે સીરેવો સતગુર નુર–કે ગુર અનવર ધણીરે લોલ.
તમે દાન દસોંદે રહેજો પુર–કે તો ફલ પીરામશોરે લોલ.
એ તો પુરા રખીસર કરશે રાજ–જે સતપંથે ચાલશેરે લોલ.
તમે નાચો દીનને રાત–કે કાંઈ નહિ પામશોરે લોલ.
એતો પથ્થર સરવે ભુત–કે બોલે બી નહિરે લોલ.
તમે ભુલો તે ફોકટ કાંહે–જે ઘડીઆ માનવીરે લોલ.
એતો ગરબી જુદો છે દેવ–કે ભવાની છે કીયાંરે લોલ.
એતો ગુર ભરમાની કલા ભરપુર–કે ત્યાં સરવે રહેરે લોલ.
તમે જુદા જુઓ સબ સોંસાર–કે જનમથી જાણજોરે લોલ.
તમે માનો અલી અવતાર–કે તો ફળ પામશોરે લોલ.
તો પાપ પીરાછત થાશે દુર–કે પદમી પામશોરે લોલ.
એમ સમજાવીઆ છે સતગુરે સાચ–કે તોએ નવ જાણીઆરે લોલ.
તે તો સુણીઆ સરવે લોક–કે વળતા બોલીઆરે લોલ.
તમે આવજો બીજી રાત–તો મીલી કરી નાચીએરે લોલ.
એમ બોલેઆ ગુર શમશ પીર–કે ચેતી ચાલજોરે લોલ.

ગરબી ત્રીજી.

ગુર આવીઆ બીજી રાત–કે આવી નાચીઆરે લોલ.
તારે બોલીઆ મીઠા બોલ–કે અંબરત વાણીઆરે લોલ.
તમે સુણજો સરવે સાથ–કે ચેતી ચાલજોરે લોલ.
એતો સારા મકર છે ભરપુર–કે નીસ્ટે જાણજોરે લોલ.
તમે મનમાંહે કરીઓ વિચાર–કે પથ્થર શું હશેરે લોલ.
તમે સીરેવો સાહેબ સીરજણહાર–કે દ્રઢ વીસવાસીઆરે લોલ.
જેણે સીરજી ચારેડો ખાણ–કે જીવજ નાખીઆરે લોલ.
જેણે કીધા તે ભગતુના કામ–કે જુગાજુગ આવીઆરે લોલ.
જેણે રૂખ મુગતને લીધો ઉગાર–કે વીરત છોડાવેઆરે લોલ.

જેણે ગોતમ કેરી રાખી લાજ—કે ગરન ઉજાડેઆરે લોલ.
તેણે દ્રુવને આલીઓ અવીચલ રાજ—કે પદમી પીરામીઆરે લોલ.
તેતો થંભથી ફુટી આવેઆ બાહાર—કે પએલાજ તારેઆરે લોલ.
ત્યાં હરણાકંસને મારેઆ ઠામ—કે નખેસું વીદારે ઓરે લોલ.
જેણે હરીચંદ્રનું જાલ્યું હાથ—કે તેને ઉગારે આરે લોલ.
તેતો દુઆપર જુગમાં હોતા સાર—કે પાંઢવ તારેઆરે લોલ.
આજ કલજુગ માંહે કરોડ બાર—કે સતીઆ સાચસુંરે લોલ.
પછી છેલી સદે સુનીવર વીર—કે અનંત ઉગારશેરે લોલ.
એમ બોલીઆ ગુર શમશપીર—કે સતે સુધા રહોરે લોલ.

ગરબી ચોથી.

ગુર આવતા સરવે રાત—કે ગીનાન સુણાવતારે લોલ
તોહે મુરખ ન સુણે ગેમાર—કે કાને બેરીઆરે લોલ.
ગુર બોલીઆ મીઠા બોલ—કે સાંભળો સારથીરે લોલ.
તમે કાંહે કરો છો જુઠા ખેલ—કે જાણો નવ જુઠકુંરે „
તમે સીરેવો સાચો નામ—કે નર નકળંકી તણોરે „
જેણે અરશ કુરશને રાખીઆ એમ—કે સરવે ઉપાએયારે „
જેણે ચંદ્ર સુરજ સીરજીઆ સાર—કે પવન પાણીઆરે „
એવા કરજો આછા કામ—કે ચોખાઇ આપણીરે „
તમે કાહે ન જાણો સતપંથ ધરમ—કે રદામાંહે જુઠીઆરે „
તમે કુડ કપટને નાંખો બાહાર—કે રૂડાઈ આપણીરે „
તમે ધીઆવો ધરમ આચાર—કે ગુર બીરમાજીનીરે „
જેનું નામ મંહમદ નુર—કે આખર અંબીયારે „
તમે સમરણુ તેની કરજો સાર—કે મોલા અલી માનજોરે „
જેનું હાજર જોમો કહીએ નામ—કે શાહા નીજારીઆંરે „
તેનાં અનવર છે ઇમામ—કે જુગ કાયમ કીયારે „
કે તમે સાંભળો સાચો ગીનાન—કે તેને સીરેવજોરે „
તમે પામશો પેહેલે પાર—કે સરગે જાએશોરે „
એમ બોલીઆ ગુર શમશ પીર—કે દસોંદે સુધા રહોરે „

ગરબી પાંચમી.

કે તમે અમીરસ પીજો દીનને રાત—કે નુર નુરાનીઆરે લોલ.
તો પાપ પીરાછત સરવે જાએ—કે ચીતના ચોખલારે લોલ.
એતો આગમ વાણી સુણજો જોએ—કે મનમાંહે માનજોરે લોલ.
તમે ગીનાન વિચારી ચાલો વીર—કે નહિકાં નોખલારે લોલ.
જેણે ગીનાન નહિ સુણીઆ કાન—કે તે ભુલા પડીઆરે લોલ.
તમે માનખો જનમ કાં ખોવો હાથ—કે ફીરી નહિ આવશેરે લોલ.
તમે ધીઆવો ધરમ આચાર—કે અ ધરમી ભુલીઆરે લોલ.

એતો કરતપ આછાં કીજે સાર-કે તો વઇકુંઠ પામશોરે લોલ.
તમે સતની જાણો સુધી વાટ-કે અસતી ઉતડેઆરે લોલ.
જેણે જાણેઆ સરવે મરમ-તેઃ ફલ પામીઆરે લોલ.
તમે કાને સુણજો આવા ગીનાન-કે લાલ અમોલીઆરે લોલ.
કે તમે રખે ભુલો વારોવાર-કે ચેતીને ચાલજોરે લોલ.
તમે સમજો સતને સંગાથ-કે ચીત ચોખા કરીરે લોલ.
તમે કુડ કપટને કરજો દુર-કે તો ફલ પીરામશોરે લોલ.
તમે આછી કીરીઆ કરજો સાર-કે રદીઆ માંહે ભાવ ધરીરે લોલ.
સત સંગત કરજો સાચી રીત-કે ધરમ સત રાખજોરે લોલ.
સહી સીરેવો તમે સતગુર નુર-કે નર કાશન્ન કરીરે લોલ.
એમ બોલીઆ છે ગુર શમશ પીર-કે તો ફલ પામશોરે લોલ.

ગરબી છઠી.

માંહે વરસે તે અંબરત નુર-કે કુદરતી ખેલજોરે લોલ.
બે પડ રાતા બલદ બેચાર-કે રાશ રાખજોરે લોલ.
હર કીરીયા છે ગુરજીને હાથ-કે સમરણી હાથ કરોરે લોલ.
તમે ખેડ ખેડો કીરીઆ સાર-કે વીરત વાવજોરે લોલ.
તમે પાપના પડદા મેલો દુર-કે ચીંતમાંહે ચેતજોરે લોલ.
કરમના કાઢો કુડા મુલ-કે મન ચોખા કરોરે લોલ.
તમે નીત નીંદામણા કરોને દુર-કે વીરેહની વાડ કરોરે લોલ.
તે સતનું સાવજ કાઢો બાહાર-તો પંખી શું કરેરે લોલ.
પુન પીરીત કરો સંગાથ-કે હરીસું હેત ધરોરે લોલ.
અમર ખેતર લેજો જોએ-કે ઢગે ઢાળજોરે લોલ.
તમે લુણી લેજો લુણવા કાજ- કે અહોનિશ જાગજોરે લોલ.
ખરો કરજો ખબરદાર-બે પાર પુરાકરોરે લોલ.
ધરમના ધોરી થઇ કરજો કામ-કે તો અમર ઉપનારે લોલ.
ગાંડા ભરજો ગુર ગીનાન-કે મીંદર માંહે મેલજોરે લોલ.
ચીત માંહે ચોરી મ કરશો કોએ-કે દસોંદ આલજોરે લોલ.
એમ રમજો દીનને રાત-કે તો રાજ રૂડાં કરોરે લોલ.
તમે ભાવે બગતી કરજો કામ-કે તો ફળ પામશોરે લોલ.
એમ બોલેઆ ગુર શમશ પીર-કે મનસું મીલજોરે લોલ.

ગરબી સાતમી.

તમે રમજો દીનને રાત-કે રાજ રૂડાં કરોરે લોલ.
મોરછાપ કરો કીરતાર-કે જુગાજુગ જાગજોરે લોલ.
તમે લુણી લેજો દુનીઆં માંહે-કે રાજ રૂડાં કરોરે લોલ.
તો વઇકુંઠ જાતાં વરસે નુર-કે અવીચળ આગળેરે લોલ.
ગુર ગીનાનનાં ડમણુ હાથ-કે પુશતક પાળજોરે લોલ.

અંકશ અકલ લેજો હાથ–કે સીર સોંપી વરોરે લોલ.
સીર સાટાનું લેજો સંચકાર–તો ખંડા સું કરેરે લોલ.
એવા ફરી ફરી જનમો કાંહે દુનીઆ માંહે–કે ફેરા શું ફરોરે લોલ.
આખર દુનીઆનું શીયો છે સંગાત–કે કુંઅર કોદામડારે લોલ.
પરભુ વિનેઆ પડેરે પુરાણ–કે બીજ વિનેઆ વાવી શું કરોરે લોલ.
તેમાં આગ અંગારાની નીપજ હોએ–કે ઝેરના જુમકારે લોલ.
ગુર વિના ઠગ ધુતારા લોક–કે તારું શું મીલોરે લોલ.
ગુરનું થાનક વેદ પુરાણ–કે ગાફલાઇ શું કરોરે લોલ.
શામી આવશે જંપુદીપ–કે ખેત્ર કુઆરકારે લોલ.
વારેવારે વેગડા થાએ–કે જાતાં જુઆ પડોરે લોલ.
એતો વાટે લુટાણાં સબ કોએ–કે ધંધે ધુક મીલીઆરે લોલ.
સતપંથ છે ખંડાની ધાર–કે ગીનાન માંહે રેહજોરે લોલ.
તમે જુઓ જુઓ ગુરજીના વેણ–કે વિશેષ વિસવાસ કરોરે લોલ.
એમ બોલેઆ ગુર શમશ પીર–કે મનસું માનજોરે લોલ.

ગરબી આઠમી.

તમે જપજો દીનને રાત–કે મીંદર માંહે મીલજોરે લોલ.
જાકી સુરતી લાગી ભરમંદ–કે અંબરત રેલજોરે લોલ.
જેવા તાણ ન તુટે તાર–કે સુરતી બાંધજોરે લોલ.
અનહદ વાજાં વાજે સાર–કે નીત સોહંગ ઉઠેરે લોલ.
માંહે બેઠા સુરતીઆ સાર–કે દુરીજન શું કરેરે લોલ.
જાકી સુરતી લાગી ભરમંઢ–કે નુરમાંહે ખેલજોરે લોલ.
ભેદ ન જાણે પડેરે પુરાણ–કે સુંઢ મતી શું કરોરે લોલ.
તમે પરખો તે પરખણહાર–કે ચીતમાંહે ચેતજોરે લોલ.
ભરમંઢ આખો કરજો હાથ–કે જાં રવ જમકાર છે રે લોલ.
સીર આલીઆથી આવે હાથ–તોએ સોંઘો જાણજોરે લોલ.
પુરવ જનમનું હોએ સંચકાર–કે તો ફળ-પીરામશોરે લોલ.
શુરા હોકર લડો સનમુખ–કે સીર સોંપી વરોરે લોલ.
તમે ગુરજી સાથે હેત–કે રદીઆ માંહે રાખજોરે લોલ.
તારે અમર ખેત્ર પાકે સાર–કે હીરખે દાળજોરે લોલ.
હીરા મોમન કરજો હાથ–કે ફેરા શું ફરોરે લોલ.
જોઇ જોઇ ભગતી કરજો સાર–કે તો ફળ પીરામશોરે લોલ.
છાની ચોરી ન કરીએ વીર–કે દસોંદ આલજોરે લોલ.
કે જાણી લેજો દુનીઆ માંહે–કે પુસતક પાલજોરે લોલ.
તમે ચીતમાંહે ચેતો મુનીવર ભાઇ–સુગતીએ માલજોરે લોલ.
તમે જુઓ ગુરના ગીનાન–કે ભુલા શું ફીરોરે લોલ

જે ચાલીઆ ગુર ગીતાન પરમાણુ-કે તે અમર હુઆરે લોલ
એમ બોલીઆ ગુરજી શમશ પીર-કે મનસું માનજોરે લોલ.

ગરબી નવમી.

ભુલો ભુલો તે ભુલો ભમ્મરડોરે લોલ-કીઆં ભુલે મેરા પીરાણીયારે લોલ.
અગન જટન તેરે તન જાગેઆરે લોલ-અબહી ભુલે સોહી પ્રાણી હારશેરે લોલ.
એવા આગે તે ભવ જે લંગડારે લોલ-તમે કીસબીધ લંગશો પારીઆ: લોલ.
આગે પતણ નહિ કોહે બેડીઆરે લોલ-નહિ વજ નહિ કોહે તુલહારે લોલ.
સતકેરી બાંધો તમે પારીઆંરે લોલ તમને ધરમ લગાવે પારીઆરે લોલ.
ગુર જામીન તમારા બાઇ હો ચસેરે લોલ-તમે ઇસબીધ લંગશો પારીઆરે લોલ.
જે કોઇ હોલે હોલે બાઇ તરી ગએયારે લોલ-બુડે સોહી કે જીન સીર ભારીઆર:લોલ.
આગે નહિ કોઇ હટ ન વાણીઆરે લોલ-નહિ વણજ નહિ વેપારીઆરે લોલ.
આગે નહિ કોઇ બેંણ નહિ ભાઇઆરે લોલ-ત્યાં નહિ કોઇ બાપ ન માંહીઆંરે લોલ.
ભાઇ એકલડા ઉઠ કર જાએગેરે લોલ-કુછ ધરમ લીઓ તમે સાથીઆરે લોલ.
એમ ગીનાન શમશ ગુર બોલેઆરે લોલ-કુછ સુકરીત કરો ધરમ સાથીઆરે લોલ.

ગરબી દસમી.

સત મારગ શમશ પીર-દેખાડીઆ ગરબીરે લોલ.
જેણે નીરખીઆ નર નામ-તે અમર થઇ ગયારે લોલ.
ગુરે હરકે હરકે કીધી બોધ-રતાવીઆ સરવેનેરે લોલ.
એવા ભાખીઆ વેદ પુરાણ-કે કથીઆ મુખ થકીરે લોલ.
ગુર નાચે ગરબી માંહે-તે ગાએ કુરાન રે લોલ
તે તો ભાખે ભાખેઆ અમોલ-બેલાને બેલડીરે લોલ.
પેલા ભાખીઆ કલપ ચાર-ઉપવાણ શેરટનીરે લોલ.
તેમાં ગુર બરમાની રમતજ સાર-જે જુગ ઉપાવેઆરે લોલ.
જેમ વીશનવના બગાસા માંહે-ઉપના તેજ થકીરે લોલ.
તેની બ્રહ્મ રચના થઇ અપાર-કે અઠ કરોડનીરે લોલ.
તારે માયા માંઠી જુગની જાળ-કે તેણેથી મોહી પડેઆરે લોલ.
તેણે પેહેલે પાડીઓ છલ-કે રૂખીને હેરીઆરે લોલ.
તેણે આજ કલીમાં મોહીઓ સોંસાર-કે ગાફલ ભુલીઆરે લોલ.
પછે પહેલા કલપનું કરી વીસ્તાર-કે જખુંને નીમીઆરે લોલ.
તારે કીધા છે સતપંથ ધરમ-તે :આપે નરજીએરે લોલ.
તારે ગુર શમશ ત્યાં હોતા સાર-તે ભીરમા સત કહીએરે લોલ.
તેણે પાવલ કાઢી દીધી સાર-કરી પાવન રૂશીનેરે લોલ.
એમ બોલેઆ ગુર શમશ પીર-કે પાવલ સતેં પીયોંરે લોલ.

ગરબી અગીઆરમી.

સતે પાવલ પીવો દીનને રાત-કે તો ફલ પીરામશોરે લોલ.
જેમ પીધા નવાણો કરોડ જખ-તે અમર હુઆરે લોલ.

એને પીધા તે માલા મેઘ-કે છપન કરોડીઆરે લોલ.
એમ સીધા તે કીનર દેવ-કે બત્રીશ કરોડીઆરે લોલ.
એમ સીધા તેત્રીશ કરોડ દેવ-કે તે ફલ પીરામેઆરે લોલ.
પછી છેલા કલપની ઘડીયું ચાર-તે માંહે જીવ તારેઆરે લોલ.
તેમાં પાંચ કરોડસું રાયે પહેલાજ-જેણે નરસંગ જપેઆરે લોલ.
તેમ સાત કરોડસું હરીચંદ્ર-કે શ્રી રામે તારીઆરે લોલ.
એમ નવે કરોડસું પાંડવ રાયે-કે શ્રી બુધ ઉગારેઆરે લોલ.
તેના છત્રપતી જુજે સકળ રાયે-તેને ભરણુ ભરાવેઆરે લોલ.
આજ કલીમાંહે કરોડ બાર-કે સતીઆ સાચસુંરે લોલ.
તેના પીર સદરદીન તારણહાર-તે આવે તારેઆરે લોલ,
તેણે ધેઆવેઆ મહંમદ નામ-અલી અવતારનેરે લોલ.
આજ છેલી મધે તારશે સાગ-જે સતપંથ ધેઆવશેરે લોલ.
જે પાવલ પીશે મુનીવર વીર-કે દસોંદ આલશેરે લોલ.
જે કીરીઆ ચાલીશ પારશે જન-તે અનંતમાં આવશેરે લોલ.
તેની સરગે હોએશે વધાઇ-કે અન્નરફળ પીરામશેરે લોલ.
તેના એકોતેર પુરીઆ સાર-કે માહી બાપનારે લોલ.
તે તો સાથે આવશે સાર-કે વઇકુંઠ પામશેરે લોલ.
જે પથ્થ પુજે જુદા દેવ-તે દોજકે જાએશેરે લોલ.
એમ બોલેઆ ગુર શમશ પીર-નાચો સત સંગેરે લોલ.

ગરબી બારમી.

ચેતો ચેતો તે ચંચલ ચેતીઆરે લોલ-રમો રંગે તે રૂડા સતીઆરે લોલ.
છોડી મુરખાઇ લોભ કપટનેરે લોલ-તમે સમરો તે સારંગ પીરાણુનેરે લોલ.
તમે પથરને માનો છો પ્રેમસુંરે લોલ-તેથી નહિ પામો તમે બ્રહ્મકુંરે લોલ.
એતો ગરબી ભવાની જુઠીઆરે લોલ-એવા જોત કપટ કેરા મુઠીઆરે લોલ.
નાચે શું થાશે પ્રાણી તમે થાકશોરે લોલ-જુદા રંગ રદેસું મ રાખજોરે લોલ.
તમે કીધા છે જમવાના જોગીઆરે લોલ-જુઠા કુડકપટ તણા ભોગીઆરે લોલ.
સીરેવો કાસમશાહ નર નામનેરે લોલ-તો પામશો તે વઇકુંઠ ઠામનેરે લોલ.
ધીઆવો ધરમ મારગ સતપંથનેરે લોલ-એવા સાચા સાહેબ સમરથનેરે લોલ.
એમ ગુર પીર શમશ બોલીઆરે લોલ-સરવે નાચણહારાના તાળાં ખોલીઆરે લોલ.

ગરબી તેરમી.

ગુરજી આવેઆ સાતમી રાત-કે નાચે બહુ રંગેરે લોલ
તીયાં સરવે નગરના નલીઆ લોક-કે નાચે ગુર સંગેરે લોલ.
ગુર શમશે કંથીઆ ગીનાન-કે અંની ઘણા ભાવથીરે લોલ.
રતન જુગના કરી વીસ્તાર-કે સુણો સરવે સારથીરે લોલ.
તીયાં જખ નવાણુ મલશે ગાર-કે મેઘા સાથીરે લોલ.
તીયાં કીનર કરોડ બત્રીસ-કે મલશે ભાવથીરે ,,

તારે તેત્રીશ કરોડ મુનીવર દેવ-વધાવે ગુરનરનેરે ,,
પાંચ કરોડસું રાયે પએલાજ-કે મલે સરવે દેવતારે ,,
તારે હરીચંદર રાય કરે અરદાસ-કે જમાએય આપણીરે ,,
તીયાં નવ કરોડ સું પાંડવ દેવ-કે અતી રંગ રાચશોરે લોલ.
પીર સદરદીન સાથે મલશે સાર-કે બાર કરોડીઆંરે લોલ.
ગુર હસનશાહ સાથે અનત કરોડ-જેણે વેદ પરમાણીઆરે લોલ.
ત્યાં મલશે સરવે પેકાંબર દેવ-કે સવાલાખ સારથીરે લોલ.
ત્યાં હાજર સરવે હુસેની દેવ-કે જુદા નુર થકીરે લોલ.
રતન જુગના સુણી વીસ્તાર-કે સહુ અચરત થયારે લોલ.
પણ ન જાણે ખેલ ગુરજીના થાય-સહુ ગફલતે મોહી રહેઆરે ,,
ગરબીએ વરતીઓ જેજે કાર-કે ઓછવ મંગલારે ,,
એમ સારી રાત થયો આનંદ-કે સવારે સહુ ગએયારે ,,
તેની ચરચા નગર માંહે અતી ;થાયે-કે સહુ જન દેખવારે ,,
એમ બોલેઆ ગુરજી શમસ પીર-કે ખેલ રચાવેઆરે ,,

ગરબી ચઉદમી.

સતગુર શમશ એમ કહેરે ગાફલો-કેમ ઉતરશો પાર.
પથ્થર સંગે રાચીઆરે ગાફલો-પામો ન સીરજણહાર.
ફોકટ ફેરા તમે શું ફરોરે ગાફલો-ધીઆવો તે સતપંથ ધરમ.
પથર મુરત મુકીને ગાફલો-સતે છોડાવો કરમ.
મુકો ભવાની માતનેરે ગાફલો-સીરેવો અલી અવતાર.
પાવલ નીરમલ પીયોરે ગાફલો-ધીઆવો તે ધરમ આચાર.
માનો કાસમશાહ નુરનેરે ગાફલો-આલ ઇમામ કલીમાંહે.
દીલનારે તાળા ખોલીનેરે ગાફલો જુઓ તે મુગતના ઠાએ.
અનવર શ્રી ઇસલામ શાહારે ગાફલો-એ નરને પીછાણો તમે જોઇ.
તેની કલાથી અમે આવીઆરે ગાફલો-અમે પીર શમશ સોઇ.
કોલ તમારે અમે આવીઆરે ગાફલો-પાળો તે વાચા આજ.
વાએક સાંભળી જે ચાલશેરે ગાફલો-તે કરશે તે અવીચળ રાજ.
છેલો અખાડો આ જુગનોરે ગાફલો-ચેતો તમે મારા વીર.
સતપંથ ધરમને માનજોરે ગાફલો-ધરી રદીઆમાં ધીર.
પાખંડે પાર નહિ પામશોરે ગાફલો-સાચી કહું છું સતવાણ.
કલજુગ સંધે ચેતજોરે ગાફલો-સમરો તે સારંગ પીરાણ.
ચેતણહારા તમે ચેતજોરે ગાફલો-પીયોને નીરમલ નીર.
ગુરજી કહે તમને કંથારે ગાફલો-એમ બોલે શમશ પીર.

ગરબી પંદરમી.

ગુર કહેવે ગાફલો સાંભળોરે લોલ-એવા ફોકટ ફેરા તમે શું ફરોરે લોલ
હવે નથી તે રૂપ અગ્યારમુંરે ,,-નથી કલજુગથી જુગ પાંચમુંરે ,,

આજ પરતક ગુરનર આવીઆરે લોલ. તેણે માનખા તે રૂપ દેખાડીઆરે લોલ.
તેતો પાત્ર પીછાણો તમે સારથીરે ,,—નહિતો ટળશે તે સીરજનહારથીરે ,,
પછે પછટાવો કરશો તમે મુરખ રે ,,—જયારે પડશે તે સરવેના પારખાંરે ,,
ગુર ઘણો કહે નાચણુહારને રે ,,—કેમ ફોગટ નાચો તમે મુરખોરે ,,
ગુર ઓળખોતો આનંદ પામશોરે ,,—તેથી અમર અમરાપુરી પામશોરે ,,
હવે કોલ અમારા પુરા થયારે ,,—એવા છેલા સંદેશા શુધ હુવારે ,,
ગુર શમશે કોલ દેહી પારેઆરે ,,—આવી આજ કલીમાંહે પરવરેઆરે ,,

ગરબી સોળમી.

તીથ આઠમી આવેઆ ગામના લોક—જુએ સરવે સારથીરે લોલ
ગુર શમશ ગાયે મીઠા બોલ—સુણે સરવે સારથીરે ,,
ગુર ભાખે અંબરત ગીનાન—કે આદ ઉણીઆદથીરે ,,
જારે રચીઓ જમીન આસમાન—કે પવન પાણીઆરે ,,
તારે ઉપની ચારેહી ખાણ—કે અઢાર ભાર વનસ્પતીરે ,,
તેનુ દાદો આદમ ઇશવર સાર—તે રચીઆ નુર થકી રે ,,
પેલા સહુથી ઉપના પંજતન પાક—તે નુર થકી રચેઆરે ,,
તે દીનથી ઉપનું સતપંથ ધરમ—જે જાણે મરમનેરે ,,
જે માને સુખીગત જુનસો જમાત—તે છુટાવે કરમનેરે ,,
ગતમાંહે છે કલા અનંત અપાર—સરવે ભરપુર છેરે ,,
ગતમાંહે જખ મેઘ કીનર સાર—દેવ તેત્રીશ કરોડીઆંરે ,,
ગતમાહે છે વ્યાપક ઓલીઆ સાર—જે તેજ ધરી રહેઆરે ,,
ગતમાંહે છે ગુરનર વેઆપક સાર—તે તેજ ધરી રહેઆરે ,,
ગતમાંહે છે આપે સીરીજનહાર—કે સદા ભરપુર રહેઆરે ,,
એવો સુગત મારગ છે ગતમાહે—જે જાણે તે લીએરે ,,
તે તો ગાફલ દુનીઆ ન જાણે કોયે—જે ગફલત માંહે રહેરે ,,
એતો ગુરજી કહે છે સમજાગે—કે જાણો તમે જાણીઆરે ,,
એવો ભેદ વતાવે ગુરજી આપ—કે ભુલો મ મુરખોરે ,,
એમ બોલેઆ ગુર શમશ પીર—કે કથે ગુર જ્ઞાનનેરે ,,

ગરબી સતરમી.

નર કાશમના ફરમાનથી ગુર શમશ પીર—રમવા નીસર્યારે મા
તેતો ફીરીઆ મુલક ચોવીશ માંહે—આપે શ્રી વરપીર રમવા નીસર્યારે મા.
પેલા ચીણુપ નગરીએ વરેઆ ત્યાં—બોધેઆ સુરજાદે નાર રમવા નીસર્યારે મા
પછે મેરૂએ દીઠા ખેલ ઘણા—તેનું નહિ કોઇ પાર રમવા નીસર્યારે મા
પછે આવીઆ તે ઉંચ નગર માહે—પેકાંબરના પરીવાર રમવા નીસર્યારે મા
ત્યાં બાવદીને ભુંડો કરી—શીંગડાં કીધાં પરકાશ રમવા નીસર્યારે મા
તારે મુવો જીવાડીઓ ગુરજીએ—કીધા ખેલ અનંત અપાર રમવા નીસર્યારે મા
તારે સુરજ મંગાવીઓ સતગુરૂએ—તે દીઠો સરવે સોંસાર રમવા નીસર્યારે મા

એવી કુદરત આપે ગુરે કરી—તે આપોહી આપ મુરાર રમવા નીસર્યારે મા
ત્યાંથી આવીઆ અનલવણુ માંએ—નાચીઆ ગરબીમાંહે રમવા નીસર્યારે મા
તે તો મુરખ મરમ ન બુજતા—તે ભુલા ફીરે ગમાર રમવા નીસર્યારે મા
ગુર જ્ઞાન કંથીને સરવે કહે—સાખેઆ અનત અપાર રમવા નીસર્યારે મા
એવા ચારે હી વેદ વતાવંતા—કંથે ચાર કીતાબ રમવા નીસર્યારે મા
એવી સાંખેઆ સરવે સત તણી—મારગ સતપંથ ધરમ રમવા નીસર્યારે મા
એવા છેલા તે વેદ કુરાન—ગુર કહે છે વાણુ અનેક રમવા નીસર્યારે મા
એતો પુરા પુર્વ પુન તણા—સમજે જે કોઇ જન રમવા નીસર્યારે મા
તે ગુર કહે અમર હુઆ—તે આજકલ છેલી સંધ રમવા નીસર્યારે મા
એવો ગુર શમસે ભાખેઆ—સાચો એહી જ્ઞાન રમવા નીસર્યારે મા

ગરબી અઢારમી.

ભુલા મ ભુલે ભમજોરે હીંદુઓ—જુઓ છો શું શું મરમ.
પથર પુજતાં શું પામોરે હીંદુઓ—માથે લીઓ છો કરમ.
ફુલ ચડાવો છો પથરનેરે હીંદુઓ—ભુલી મ જાઓ ગેમાર.
ભુલે જે વણુશે સારથારે હીંદુઓ—તે કીયાં ન પામે ઠામ.
ત્રંન વેદ જે ધેઆવતારે હીંદુઓ—વહી ગયો અવસર જેહ.
વહી ગયા નવ અવતારેઆરે હીંદુઓ—ધીઆવો તમે છે જેહ.
વહી ગયા બામણુ બ્રહ્મીઆરે હીંદુઓ—થયા હુસેની ઇમામ.
વહી ગઇ પુજા ગઉ તણીરે હીંદુઓ—પુજા અલીજીને નામ.
અડસઠ તીરથ ચલ ગયારે હીંદુઓ—તે કલા ભરમાં ભરપુર.
બોહોત ભમીને શું ફીરોરે હીંદુઓ—પીઓ તમે નીરમળ નીર.
માથા પથર માંહ શું હણોરે હીંદુઓ—ઓળખો નર કાસમશાહ અવતાર
કેહેક નગરી માંહે જે રહેરે હીંદુઓ—તે સાહેબ વર દાતાર.
તેને આરાધતાં છુટશોરે હીંદુઓ—સાચો કહું તમને આજ.
વાસો વઇકુંઠ પામશોરે હીંદુઓ—કરશો તે અવીચલ રાજ.
હુરાં પચાસ તમે પામશોરે હીંદુઓ—લેશો જ્ન સતપથ ધરમ.
ગતમાંહે પાપ છોડાવજોરે હીંદુઓ—તો ટળશે સગલાં કરમ.
પીર શમશ એમ ભાખેઆરે હીંદુઓ—કહું છું તે છેલી વાણુ.
ભુલે મ ભુલો મુરખારે હીંદુઓ—સેવો તે સારંગ પીરાણુ.

ગરબી ઓગણીશમી

તીથ નવમી આરેઆ ગુરજી આપ—રમે સરવે સારથારે લોલ.
તે માંહે રમીઆ આપે સુજાણ—કંથી વાણી ઘણીરે ,,
કરેઆ પંજતન પાકના વખાણ—ઉપાવણ નુરનીરે ,,
જ્યાં સીરજ્યાં કુતુબ તારા નુર—તે પંજતન પાકનારે ,,
તેતો સીતેર હજાર વરસ ઉગમતા સાર—ફરી એમ ફલતારે ,,

તે તારા નબી મહંમદ નામ-અલી સીર તાજીઓરે લોલ.
તેના હંસ ગલામાંહે ફાતમા નુર-જયુકે જેમ વીજળીરે ,,
તેને બે કાને દુર્ઇ ઇમામ હસન હુસેન-સમાવે તેજ માંહેરે ,,
તેને નુરે રચીઆ સાત પ્રાતાલ-રચાવીઓ આસમાનનેરે ,,
તેણે અરશ કુરશને કીધો આપ-લોહ કલમ સીરજાવીઆરે ,,
ત્યાં લોહ કલમથી લખીઆ નામ-મુનીવર દેવનારે ,,
જે સતપંથ ધરમંમીઆવે જન-લખેઆ તેને ધરીરે ,,
તારે દસોંદનું માંઢેઓ દેવાકાર-જેણેથી છુટશોરે ,,
તે તો કાયા કસીને દીજે દાન-દસોંદ સુધ કરીરે ,,
એ તો પીઆરી છે નરજીને આપ-કે જે જન કસાવતારે ,,
એ તો ગુર નરે વતાવી કસણી સાર-મુનીવર તમે કરજોરે ,,
તો પામશો તમે પેલે પાર-કે અવીચળ રાજીઆરે ,,
એમ બોલેઆ ગુર શમશ પીર-કે સરસે કાજીઆરે ,,

ગરબી વીસમી.

પીર નાચીને કંથે ગીનાનરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે સમજો તે સતની સાનરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે જુઠા શું કીધા આચારરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
ગુર કહે છે વારોઇ વારરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે ભુલો છો કાંહે સહુ સાથરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
પીર આવીને જાલીઓ છે હાથરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે ખોજો તે વેદનું સારરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
ભુલી જાવો તે કાંહે ગેમારરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
પીર ખેલ કરે છે આજરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે ગાફલ થયા તે શીચે કાજરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે સેવો તે સતપંથ જનોરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
દઢ રાખીને આપણો મનરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે મુકો તે ઠાકર દેવરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
એવી સમજ રાખો તતખેવરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે પાવલે પવિત્ર થાશોરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તો વહેલાં તે વઇકુંઠ માંહે જાશોરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
એ બોલીઆ છે ગુર શમશ પીરરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.
તમે રાખો રદેઆ માંહે ધીરરે મા-એમ સમજાવીને ગુર કહે છેરે મા.

ગરબી એકવીશમી.

સત મારગ સતવંતીઆ સાંભળો સરવે જન-ગુર શમશ કહે છેરે મા.
તમે ખોજો તે સાર પુરાણની થાશે નીરમળ મન-ગુર શમશ કહે છેરે મા.

આજ ગરબીએ આનંદ વરતાવીઆ–કોઇ ભુલે ગેમાર–ગુર શમશ કહે છેરે મા.
સત મારગે દેવ દેવી મલી રહેઆ–તમે પરખો તે પરખણહાર ગુર શમશ કહે છેરે મા.
જખમેધ ઈશ્વર તરી ગયા–તેત્રીસ કરોડ દેવ–ગુર શમશ કહે છેરે મા.
તેને દેખે જે મન નીરમળ કરી–હોઇ કરમ તતખેવ–ગુર શમશ કહે છેરે મા.
પએલાંજ હરીચંદ મલી રહેઆ–સત ધરમે પાંડવ વીર.–ગુર શમશ કહે છેરે મા.
તેને દેખે જે મન નીરમળ કરી–અને રાખો રદામાંહે ધીર–ગુર શમશ કહે છેરે મા.
તેતો સાચા રીકીસર તરી ગયા–જેણે રાખીઓ દ્રઢ વિશ્વાસ.–ગુર શમશ કહે છેરે મા.
તેતો ભરપુર વસી રહેઆ–જ્યાં ગત ગંગાનું વાસ.–ગુર શમશ કહે છેરે મા.
ચોથે પીર સદરદીન જાણજો–જે બાર કરોડ સાથ.–ગુર શમશ કહે છેરે મા.
તે નીરમળ મન કરી દેખશે–જે ઝાલે અમારો હાથ.–ગુર શમશ કહે છેરે મા.
છેલી સંધે અનંત સમરથી–તેનું પીર હશનશાહા નામ.–ગુર શમશ કહે છેરે મા.
તે ગત ગંગા માંહે વ્યાપક રહે–રાતદીવસ હોઇ પરકાશ.–ગુર શમશ કહે છેરે મા.
જે આવે સતપંથ ધરમ માંહે તે પામે મુગત દીદાર.–ગુર શમશ કહે છેરે મા.
જે કોઇ પુર્વ પુને સાચા હશે–તે ઓદરશે નરને નાર.–ગુર શમશ કહે છેરે મા.
એવી ગરબી ગાય સતગુર–તે પાઠ કરી પરકાશ.–ગુર શમશ કહે છેરે મા.
જે કોઇ આવે સત ધરમમાં–તે હોએશે હરીના દાસ.–ગુર શમશ કહે છેરે મા.

ગરબી બાવીશમી.

ગુરૂ વદેઆ દસમી રાત–કે આવીઆ ગરબીએરે લોલ.
તારે નાચે અનંત અપાર–કે રંગે સરવે રાચેઆરે ,,
ત્યારે એક બ્રાહ્મણ શંકર નામ–કે ગુરબી તજી ગયારે ,,
તેણે ન જાણીઓ ગુરજીને સાર–કે ચમતકાર છેરે ,,
તેનું પુર્વ પુન કાચો સાર–કે તેણે મેલીઓ બ્રહ્મનેરે ,,
તે અસલ કમાઇમાં ઓછો સાર–કે તે શું જાણે સમર્થરે ,,
બીજા સરવે નગરના લોક–કે મીલી કરી સાંભળેરે ,,
તે સહુ જાણે ગુરજીને સાર–કે કોહે જંન દેવતારે ,,
બીજા પાંત્રીશ પીંઢત પડે પુરાણ–કે તેણે સરવે જાણીઆરે ,,
સહુ મુકી પુરાણને સાંભળે વાણુ–કે સતગુર મુખે કહેરે ,,
તેતો સમજીઆ સતના વચન–કે સમજ રહે ધરેરે ,,
સરવે પીંઢતના સુધરેઆ મન–કે બહુ રળીયાત થયારે ,,
તેણે સમજી તે સઘળી પેર–કે ગુરજીના બોલનીરે ,,
ત્યાં સાત નફેરી વજાડે તુર–કે કંથડ ગુરના કથીરે ,,
ગુરજીનાં રંગના વજાડે ઢોલ–કે મોહોત વજાડીઆરે ,,
ત્યાં થાય બહુ જૈ જૈ કાર–દેખે સરવે માનવીરે ,,
સરવે જન ત્યાં અચરત થાય–સુણે કાન ધરીરે ,,
ગુર બોલીઆ શમશ પીર–કે સુણો સરવે ચીંત ધરીરે ,,

ગરબી ત્રેવીશમી.

ગુરજી. કહે છે મીઠી વાણુ–કે સહુ સાંભળતારે
તમે સમરો તે સારંગ પ્રાણુ-કે જીવ રખે ભુલતારે
તમે સર્વે ચીંત દેહી સાંભળો–કે સહુ નરનારીરે
એવો સતપંથ ધરમ ધીઆવો–કે દુનીઆં સારીરે
તમે વણજો તે આછેરા વણજ–કે વ્યાપક રહીનેરે
રૂડા સતપંથ મારગ ધરમ–કે નીજ ગ્નાન લહીનેરે
તમે સમજો તે આછેરો મરમ–કે પાવલ પીજોરે
તો છુટશે તમારા સરવે કરમ–કે દસોંદ દેજોરે
તમે કાયા કસી કરી કાઢજો–કે સહુ સતપંથીરે
એવા રૂડા ધરમ તમે કરજો–તો થાવો સમરથીરે
તમે ભુલો મ વારોવાર–કે મારગ જાણોરે
અમે આવ્યા છીએ તમારે દ્વાર–તે અમને પીછાણોરે
અમે વાચા તમારી પાલી-કે તમે શું કહોછોરે
રહી અનંત કરોડી ઓધારી–તેમાં કેમ રહોછોરે
તમે આવો તે અનંત માંહે–કે ધરમને ધીયાવોરે
તો પામશો તે વઇકુંઠ વાસ–જો હકને કમાવોરે
એમ બોલીઆ છે શમશ પીર–કે ચેતીને ચાલોરે
તમે રાખો રદીઆમાં ધીર–કે દસોંદજ આલોરે

ગરબી ચોવીશમી.

તારે વાગા તે ગીનાનના વાજાંરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
આવી ઉભા તે સરવે રૂપી રાજરે મા–ખેલ કીધા તે ગુર શમસેરે મા.
તારે વાજી છે જંત્રી ધરમનીરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
છુટી તાલને સઘલી ધરમનીરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
આવી નાચે તે મોટા ભુપાલરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
ઉભા છે તે છોડી પઇઆ:લરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
ત્યારે આનંદ અતી ગણો થાયેરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
ત્યારે હતો તે નગરનું રાયરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
તેને ગરબીની થઇ છે જાણરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
આવીઆ ગરબીમાં સારગ પ્રાણરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
રાય ચાલી આવીઆ તેણે ઠામરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
સરવે પરધાન તેને સાથરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
દીઠી કલા કુદરત ગુરનીરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
મળી રયત સરવે નગરનીરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
સહુને અચરત અતી ઘણો થાયરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.
આવી ગુરજીને લાગા છે પાયરે મા–ખેલ કીધા તે ગુર શમશેરે મા.

એમ બોલીઆ છે શમશ પીરરે મા-ખેલ કીધા તે ગુર શમશેરે મા.
તમે સતપંથ ધીઆવો વીરરે મા-ખેલ કીધા તે ગુર શમશેરે મા.

ગરબી પચીસમી.

જારે આવી છેલી રાત-કે મળીઆ સરવે સારથીરે લોલ.
ગુરે કીધા છે ખેલ અપાર-કે મળીઆં સરવે રૂપીરે ,,
રાઈ રયત મળીઆ અપાર-કે ગુરજીને પાયેરે પડીઆરે ,,
એવી ગુર શમશજીને પાસ-બહુ વીનંતી કરેરે ,,
ગુર અમને આપો તમારો ધરમ-કે સરવે એમ કહેરે ,,
તો છુટે સરવે અમારા કરમ-કે સતી સતમાંહે રહેરે ,,
તારે બ્રાહ્મણ સરવે મુકી પુરાણ-કે ગુરજીને પાયે પડીયારે ,,
કહે ગુર વતાવો તમારો ધરમ-એમ સરવે કરગરેરે ,,
અમે મુકીઓ સરવે જુઠો ઠાઠ-તમ સતગુર થંકીરે ,,
હવે ત્રન વેદથી નહિ રહીઓ કામ-કે કરો તમે સાન્થીરે ,,
તમે ગુરજી સાચા મુસલમાન-વતાવો દીનનેરે. ,,
અમે હીંદુ મુકી જુઠા દેવ-કે આરાધીએ દીનનેરે ,,
અમે કરસણ આછા વાવીએ સાર-કે તો ફળ પીરામીએરે ,,
તમે આપો અમને તમારો ધરમ-કે રદામાંહે રાખીએરે ,,
અમે કુડા શાસ્ત્ર કાઢેઆ આહે-કે વતાવો કુરાનનેરે ,,
તમે આલો અમને આછો ધરમ-કે દેખાડી હીસાબનેરે ,,
ગુરે કીરપા કીધી આપણી સાર-કે બ્રાહ્મણ નીમીઆરે ,,
તારે અવીચલ વાણી શમશ પીર-ગુરે મુખથી કંથીયારે ,,

ગરબી છવીશમી.

ગુરે ભુલીઆને માર્ગ વતાવેઆરે લોલ-સર્વે બ્રાહ્મણોને ધરમજ આલેઆરે લોલ.
ત્યારે ધર્મ લીયા રાય રાણીએરે લોલ-સર્વે નગરની રૈયત પીરાણીરે ,,
જતી જોગીએ તે જોગને છોડીયારે લોલ-રહે સત ધરમથી જોડીઆરે ,,
આવી સન્યાશીએ સન્યાશપણા છોડીયારે લોલ-રૂડા સતપંથ મારગ માંહે આવીઆરે ,,
ત્યાં વેરાગીએ બેરાગને છોડીયાંરે લોલ-ચીંત સતપંથ મારગમાંહે ચોડીઆંરે ,,
સહુ પુજારે પુજાને મેલીઆંરે લોલ-રંગ ધરમ માર્ગમાંહે રેલીઆરે ,,
ત્યાં સવાભાર ત્રાગડા તુટીઆરે લોલ-રહે સરવને નુર આવી ઉઠીયારે ,,
નાંખી ગરબી સમુદ્ર માંહે સાબધીરે લોલ-લીધી સતપંથ મારગની બોધીઆંરે ,,
ગુર શમશ મેહર કરી બોલીઆંરે લોલ-કુડા કુફરાનના તાળાં સરવે ખોલીઆરે ,,

ગરબી સત્તાવીશમી.

ગુરે કાઢી પાત્રલ હાથે-અમી જલ ભરીઆ રે.
પાવે સહુ સહુને મેલવી સાથે-પીરે મેહેર ધરીઆ રે.
સરવે સંતપંથે પાવન કીવા-અમીરસં પાઇને રે.
નરે દીધો છે આપે દીદાર-કાસમશાહા આવીને રે.

ત્યાં નગર માહે આનંદ થાય-કે સહુ ઓચરે જ્ઞાનને રે.
સુખી ગત માંહે થાપીઆ સાર-આપે છે સરવે દાન રે.
સરવે દાન દસોંદ સુધા-મુનીવર થયા રે.
ગુરે આપે કરી છે બહુ મેહેર-અનંત માંહે લાવીયા રે.
ત્યાં સર્વે નગર તણાં-કે સીજીઆ કાજ રે.
તે તો કરશે અમરાપુરી માંહે-ભાઇ અવીચલ રાજ રે.
જે કોઈ જાણી જોઇ ભુલીયા-તે ઠામ ન પાવે રે.
ભુલી મુગતથી થઈ છે બાહાર-તે ઘરોઘર ભમે રે.
જેણે લીધા છે સતપંથ ધરમ-કે મુરખ નહિ પાલે રે.
તેને માથે ચડે છે બહુ કરમ-કે નરગ માંહે ઘાલેરે.
તમે ધરમ આરાધો મોરા ભાઇ-કે પામો પેહેલે પાર રે.
હોવે સાચી તમારી કમાઇ-જાશો સ્વર્ગ દ્વાર રે.
એવી ગરબી ગાયે છે આપે-કે ગુર શમશ પીર રે.
જાશે મોમન ભાઇઓના પાપ-કે તમે કરજો દીદાર રે.

ગરબી અઠાવીશમી.

એવી ગરબી સંપુરણ સાર-ગુર શમશ બોલીઆ વીચાર.
જે કોઇ સાંભળશે એકઇ મન-તેના સહસ્ર ઘણેરા પુન.
જે કોઇ ગાયે તે નરને નાર-તેતો પામશે પેહેલે પાર.
જે કોઇ સતપંથકી ગરબા ગાય-તેના પીરાછંત સર્વે જાય.
એવી ખેલ રમત થઇ છે ભારી-તમે સાંભળજો નરને નારી.
વાસો વઇકુંઠ તો તમે પાવો-સતે ગરબાને જો તમે ગાવો.
ગાઇ ગરબી આરાધો ધરમ-તો પાપ છુટે જુગાજુગના કરમ.
જે કોઈ સતપંથકી ગરબી સુણીઆ-તેના તરે એકોતેર પુરીઆ
જેણે રાખ્યો છે દ્રઢ વિશ્વાસ-તેતો હોયશે અલીના દાસ.
જે કોઈ ગાયે અલીના દાસ-તેતો પામશે વઇકુંઠ વાસ.
જે કોઇ ભણુશે તે થાવર રાત-તેતો થાયશે તે અમર જાત.
સાચો સીધક રાખો મોરાભાઇ-તો હોવે સાચી તમારી કમાઈ.
રાખો રૂખીસર રદીઆ માંહે ધીર-એમ બોલીઆ છે ગુર શમશ
પીરે કોલ દીધા તેથી આવીઆ-કેવે મારગે કરી સમજાવેઆ.
એવો સમજીને ખોવો છો હોશ-પછે પીરને મ દેજો દોષ.
પીરે હરકે હરકે કરી સમજાવીઆ-જેણે સતપંથકુ ચીતમાંહે લાવીઆ.
તેતો ઓધરીઆ નરને નાર-પીર શમશ બોલીઆ વીચાર
એવી ગરબી સંપુરણ સાચ-સાચા ગુરજીની સાચી વાચ.

(સમાપ્ત)

જન્નતપુરી.

(પીર ઇમામશાહ કૃત.)

એજી પીર ઇમામશાહા જ્ઞાનજ બોલીઆ-અને બોલીઆ તે અમરત નુર.
પાંતી વહેંચી ત્યારે પાસે નહોતા-નહિ હોતારે હજુર. ૧
એજી સવંત પંદરોસો પીચોતેરો-અને કારતકતું માસ.
તારીખ સતરમીએ જેમું સીપારીઓ-પીર હસન કબીરદીન આપ. ૨
એજી પ્રભાત વેલા જેમું સીપારીઓ-અને સીપારીઓ ઉંચજ માંએ.
ત્યારે જનાજો લઇ ગુરનો ચાલીઆ-અને ચાલીઆ છે ત્યાંએ ૩
પીર ઇમામશાહ કહે સાંભળીને ચાલીઆ-અને પીતાને જનાજે પાસ.
અટકાવી જનાજો એમ બોલીઆ-અમને પાંતી ન દીધી બાપ. ૪
તારે ભાઇઓ મીલીને વીચારીઓ-અને વીચારીઓ સરવે સોંસાર.
જે પીર ઇમામશાહા ઘેલા થએયા-તે હસાવે લોક અપાર. ૫
એજી સાત ઉંચના લોકજ મીલીઆ-અને મીલીઆ તે સરવે સોંસાર.
તે રૂમાલ દઇને હસવા લાગ્યા-તે હસીઆ અનંત અપાર. ૬
સાંભળો ઇમામશાહા ભાઇઓ કહે-તમને કહો તે સાચો કાજ.
પણ આવેલા છે ખરચની-તમે પીતી માંગો છે: આજ. ૭
એમ કરતાં સવાપોર દીન ચડીઓ-અને રોકીઆ તેણે ઠામ.
તારે લોક સરવે ભુખ્યા થઇઆ-ત્યાં થયો છે એવો કામ. ૮
તારે પીર ઇમામશાહા અરજ કરે-અને કરીઆ બાપને પાસ.
પીતાજી વીલંબ ન કીજીએ-અને લોક કરે છે હાસ્ય. ૯
તારે સંધુક માંહેથી સતગુરે-અને કાઢયો પોતાનો હાથ.
સોંસાર સરવે દેખતાં-એક તસબી આલી ઇમામશાહને હાથ. ૧૦
વળતાં ઇમામશાહા બોલીઆ-અને મુખેસું એવી વાણ.
એક તસબી લઇ નવ જાયે શું-પીતાજી કાંઇક બીજો આલો પરમાણ. ૧૧
તારે જનાજો ફાડી મુખ કાઢીઓ-અને જોઇઓ તે સરવે સાથ.
તારે મુખ માંહેથી સાકર કાઢીઆ-તે આલી પીર ઇમામશાહાને હાથ. ૧૨
તારે લોક સરવે ઇમાન લાવીઆ-અને લાવીઓ સરવે જમાથ.
હવે પીર ઇમામશાહાને માનીએ-અને માનીએ પુરે ઇમાન. ૩
ત્યાંથી જનાજો ઉપાડીઆ-લઇ ચાલીઆ આપણે સ્થાન.
પીર હસન કબીર દીનને દફનાવીઆ પોતા તે આપણે મકાન. ૧૪

તારે બીબીઓ સરવે રોઇકે—અને જમાયેથ રોઇ તેણે ઠામ.
આવી ઇમામશાહાને બેસાડીઆ—અમારી પાંતીનું શું છે નામ. ૧૫
ચાલીસો ત્યાં પીરે પુરો કરીઓ—અને કરીઓ ઉચ્ચજ માંહે.
ચાલીસો કરીને ચાલીઆ—અને આવીઆ તે સીંધજ માંહે. ૧૬
સીંધ માંહે તો ગુરજી આવીઆ—અને આવીઆ જુણુ જુમલામાંહે.
તે જમાયેથ માંહે ગુરજી આવીઆ—તે બેઠા તે ખાનાં માંહે ૧૭
ખાનાં માંહે જમાયેથ આવીઆ—અને સાંજીની વેલા સાર
તેણે હાંક મારીને કાઢીઆ—અને કાઢીઆ ખાનાથી બાર. ૧૮
એજી નવ ફાકા ત્યાં થઇઆ—અને પુરા તેણે ઠાર.
દસમે ફાકે ગુરજી ચાલીઆ—તે ચાલીઆ ખાનાથી બાર. ૧૯
ત્રણ લાકડીયું ત્યાં ગુરને મારીયું—અને મારીયું તે પાંસળી માંહે.
તોય ગુરજી બોલીઆ નહિ—અને દુખ ન લાગો તે દીલ માંહે. ૨૦
એજી તારે જમાયેથ સાથે ગુરજી બોલીઆ—અને બોલીઆ તેણે ઠામ.
ભાઇ સઇયદ કરીને માનજો—આપજો પીર હસન કબીર દીનને નામ. ૨૧
ત્યારે જમાયેથ ત્યાં એમ બોલીઆ—પીર ઇમામશાહાને સાથ.
ગુર હસન કબીરદીન કબુલીઆ નહિ—તમને પાંતી ન દીધી હાથ. ૨૨
ત્યારે પીર ઇમામશાહા બોલીઆ—તમે સાંભળો મોમન વીર.
અમે તમ પાસે નથી માગતા—તમે કાંય થાઓરે અધીર. ૨૩
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ—અને ચાલીઆ તે ગામથી બાર.
ત્યારે પ્રેમજી ખોજો કેડે દોડીઓ—તે આવીઓ છે તતકાર. ૨૪
ત્યારે પ્રેમજી એમ બોલીઓ—અમ સાથે એવી પેર.
ગુરજી જમી કરીને ચાલજો—પીર પધારો આપણે ઘેર. ૨૫
ત્યાં દસમું ફાકો અમે છોડીઓ—અને પ્રેમજી નામે શીશ.
ત્યારે જમી કરીને પધારીઆ—અને ઘણી દીધી આશીશ. ૨૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ—અને આવીઆ તે ભોગ ગામ માંહે.
એણી વાટે ચાલીઆ—હવે જાવું શાહાનાં દરગાએ. ૨૭
ત્યાંથી સતાવીશ ફાંકા કાઢીને આવીઆ—ગુર કહે આવીઆ તે પચ્છમ દેશ.
તારે લુગડો નવ મીલે પહેરવાને—અને ગરીબ અમારો વેશ. ૨૮
તારે અવતાર પાત્ર નુરશાહાનું—અને મુખી ગુલામ તેના પાસ.
તેને ગુરજી જાઇ કરીને—અને કીધા તામું અરદાસ. ૨૯
સાંભળો મુખી એક વાતડી—અમે ગરીબ અભીયાગત સાર.
પવિત્ર પાવન તો થાઇએ—જો દેખાડો શાહાનું દીદાર. ૩૦
ત્યારે મુખી ગુલામ નહિ ઓળખ્યો—કોઇક દીસે છે ગરીબજ સાર.
તારે મુખી ગુલામજ ચાલીઆ—તે આવીઆ હુજુર મીંજાર. ૩૧
હાથ જોડી મુખી ઉભા રહીઆં—અને કરી છે અરદાસ.
શાહા ગરીબ એકજ આવીઓ—તેને દીદાર જોવાની આસ. ૩૨
તારે હસી કરી શાહાજી બોલીઆ—અને સાંભળો મુખી એક વાત.

એ છત્ર ઘણો મોટો છે–તેની ખીજમત કરજો બહુ ભાત. ૩૩
તારે અમર માની સુખી આવીઆ–તેણે ગુરને દીધો છે માન.
ટોપી શીવીને ગયા વેચવા–તેનું આણીઓ અંન સમાન. ૩૪
ટોપી વેચીને લાવીઆ–તે ભોજન મેવા અંગુર.
સંપત પ્રમાણે લાવીઆ–તે આરોગ્યા ઇમામશાહા પીર. ૩૫
જમાડીઆ જુગતે કરી– તે સંતોખીઆ પીર ઇમામશાહા આપ.
તારે વળતાં સુખી બોલીઆ–કહો નામ તમારો બાપ. ૩૬
ત્યારે પ્રીત દેખી પીર બોલીઆ–અમે છઇએ તે ગરીબજ જાત.
દીદાર કારણુ અમે આવીઆ–તમે સાંભળો મોરી વાત. ૩૭
તારે સુખી ગુલામ નહિ ઓળખીઓ–કોઇક ખોજો દીસે છે સાર.
પણ ત્રન દહાડા સુધી અરદાસ કીધી–તે દેખાડો શાહનું દીદાર. ૩૭
ત્રીજે દહાડે ગુરજી બોલીઆ–અને સાંભળો સુખી એક વાત.
દીદાર કારણુ અમે આવીઆ–થયા ત્રન દાડા ત્રન રાત. ૩૯
અરજ અમારી જાઈ કરજો–અને કેજો બંદગી સલામ.
અનંત અસ્તુતિ કરીને કેજો–જે સઇયદ ઇમામશાહા નામ. ૪૦
ત્યારે સુખી ગુલામે જાણીઓ–એ તો ગુરજીના અવતાર
ત્યારે આધિન થઇને વિનતી કરી–અને કરી તે સેવા અપાર. ૪૧
ત્યારે સુખી ગુલામ ફરી ચાલીઓ–તેણે અરજ કીધી છે સાર
જે સઇયદ ઇમામશાહની વીનતી–શામી આપો તેને દીદાર. ૪૨
ત્યારે નરહર નુરશાહા બોલીઆ–અને આવશું તે થાવર રાત.
અમારો આસણુ ખાનામાહે નાંખજો–ત્યાં દેશું દીદાર ને કરશું વાત. ૪૩
ત્યારે થાવર રાતે પ્રભુ પધારીઆ–આવીઆ ત્રન ભમણનું નાથ.
દીદાર કીધા શાહા અલી તણા–મન થઇઆ રલીયાત. ૪૪
એજી અનંત પ્રકારે આધિન થઈ ઉભા–અને શાહાજીસું કીધા અરદાસ.
હવે મેહર કરો સાચા સાંહીઆ–હું છું તમારો દાસ. ૪૫
શામી તમને જાણી અમે આશાજ આણી–તો તમે કરાવીઓ દીદાર.
હવે ભવ બંધણથી છુટીઆ–અને પામીઆ પેલે પાર. ૪૬
શામી અનંત આશા તમેજ પુરી–અને હું કરૂં છું અરદાસ.
અમને સ્વર્ગ જોવાનું કોડ છે–તમે દેખાડો સરગ આવાસ. ૪૭
તારે હસી કરી નુરશાહા બોલીઆ–એ કાયા ન પોહચે કોયે.
એ માટીની કાયા તે કેમ પોંચે–બાપ દાદા તમારા જોય. ૪૮
તારે અરજ કરી ગુર ઉભા રહેઆ–શામી તમે સ્રષ્ટિના સરજનહાર.
પણ પાંતીનું હક અમે માગીએ–તેનું દેખાડો સ્વર્ગ દ્વાર. ૪૯
ત્યારે ચંદન વીરનો સાથે દીધો–તે હતે જીબ્રાઇલનું અવતાર.
તે આગળ થઇને ચાલીઆ–અને ગયા તે ગાર મીજાર. ૫૦
ત્યારે ગાર વાટે ગુરજી ગયા–ત્યાં દીઠો તે અચરત સાર.
એક તો નાગા રૂદન કરે છે–અને એક તો અગન મીંજાર ૫૧

એક તો બાહેર રહી પુકારજ કરે છે-અને એક તો બેઠા માંહે.
એક તો ભુખે મરે છે-અને એક તો બેઠા ખાય. ૫૨
તારે હસી કરી ગુરજી બોલીઆ-તમે શું કીધા છે કાજ.
તમે જવાબ અમને આપજો-તમે એમ કાં બેઠા છો આજ. ૫૩
એજી ત્યારે તે જમાયથ ત્યાં બોલીઆ-ગુરજીસું કરી પ્રણામ.
કલજુગમાંહે જેણે દાન નવ દીધાં-તે બેઠા છે એણે ઠામ. ૫૪
જેણે ઉદાસણ નહિ કરીઆ-નહિ દીધા તે વસ્ત્રના દાન.
નાગા ભુખ્યા તે રહીઆ-તેને માહાદન લાગો નીદાન. ૫૫
ગતગંગા માંહે જે નહિ મીલીયા-અને મીલીયા તે ગુરની વાટ.
તે જુદા બહુ રોતા ફીરે-જે ઉત્તમ ભુલા ગાટ. ૫૬
જેણે સુતક પાતક નહિ ઉતારીઆ-નહિ મીલ્યા તે ધર્મગતમાંહે
તે પુકારે ને તોબા કરે-તેને માહાદન સુધી ત્યાંએ. ૫૭
જે સતપંથના શીખે નવ ચાલીઆ-નવ દીધો તે દસોંદનું દાન.
તે ભોજની ક્યાં થકી પામશે-તે ભુખ્યા મરે છે નીદાન. ૫૮
મહાદન વેલા તેને દુર છે-અને તાહાં સુધી દુખ સંગાથ.
ફીરી માહાદનનું લેખો શાહા લેશે-ત્યારે શું લઇ જાશેરે સાથ. ૫૯
ચેતણહારા તમે ચેતજો-અને મારગ છે દોયલો જાણ.
આજ દીઠીયું વાતું તમને કહું-તે સત માનો નિરવાણ. ૬૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે બીજે ગાર.
ત્યાં એક તો હોલીએ પોઢીઆ-અને દીઠા તે જીવ અપાર. ૬૧
તે જીવ સર્વે રમઝમ કરે-અને કરે છેરે આનંદ.
ત્યારે હેતે શું હંસી ગુર બોલીઆ-તમે પામીઆ પરમાનંદ. ૬૨
શુંરે સેવા ભાઇ તમે કરી-અને શું સત સાધીઆ સાર.
જેણે તમે સુખ પામીઆ-અને દીસો છો અનંત અપાર. ૬૩
ત્યારે તે જીવ ત્યાં બોલીઆ-અને સાંભળો ગુરજી વાત.
અમે પીર હસન કબીરદીન સેવીઆ-સેવીઆ તમારા તાત. ૬૪
તે સતગુર પીરસાદે અમે પામીઆ-અને રમણ ઝમણ સર્વે આનંદ.
જે રોજી પાણી તમારી કાઢે નહિ-ક્યા હવાલ તેના આજ. ૬૫
કર્તવ્ય જેનાં જેવા હશે-તેતો તેવા ફળ ખાએ.
તેને માહાદન તો આજથી કહીએ-તે માહાદન સુધી ત્યાંએ. ૬૬
પીર સદરદીન પીર હસન કબીરદીન ગુર તેના કહીએ-જે બાપ તમારો જાણ.
અમર તમારો જે માને નહિ-તેને માહાદન આવે નિરવાણ. ૬૭
ગુર કહે રીકીસરો તમે સાંભળો-અને ગુરના જ્ઞાન વિચારી ચાલો.
જે ગુરના જ્ઞાન નહિ માનશે-તેના તે ખોટા હવાલ. ૬૮
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને દીઠો તે એક દુવાર.
હીંદુ જીવ તે કહોએ-તે રહે છે તેણે ઠાર. ૬૯

જેણે જીવેં આ જગમાંહે કીધા કરી-તે આવીને બેઠા ખાય.
પણ સંતપંથ માંહે જે ભુલીઆ-તેનો કાસો મોટો થાય. ૭૦
સતગુર વિના જે કરણી કરે-તેતો છઠે આસમાને જાયે.
તે આખર જાતાં છંણી પડે-તેની કરણી રજ થાયે. ૭૧

સતપંથ તો સાચો કહીએં-અને બીજા તે સર્વે ખોટા જાણ.
આલ ઇમામને જો માનીએ-તો પામીએ સાતમું બેહસ્ત નિર્વાણ. ૭૨

ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે બીજેદ્વાર.
મુસલમાન જે જીવ કહીએં-તે બેઠા તેણેરે દ્વાર. ૭૩
તેમાં એક નમેને એક સોવે-અને એક કરે અરદાસ.
સાચે સીધકે જેણે રસુલ માનીઆ-તે પોતા બેહેસત આવાસ. ૭૪
રસુલનું દીન સાંચો કહીએ-જેમાં અલીજીનું અવતાર.
પણ ઓળખ્યા વિના સર્વે કાચો છે-તેને નહિ થાયે દીદાર. ૭૫
જે જીવ જીન ભુત કેણ કારણ કહીએં-અને દડ વીરંનું જાણ.
તે દુનીઆ માંહે ફેરા ફીરે છે-તે ગુર નરના વેચને થયા અજાણ. ૭૬
જેને પીર સતગુરનુર મીલીઆ-અને સલાદીનજ જાણ.
પીર શમશદીન ગુર તેના કહીએં-પીર નસીરદીન તેના પ્રમાણ. ૭૭
પીર સાહેબદીન તેના કહીએં-પીર સદરદીન તેનું નામ.
સતગુર કબીરદીન તેના કહીએં-તેના પીર ઇમામશાહા નામ. ૭૮
અમારી આલ તેતો ગુર કહીએં-તેને માની મુરીદ જે થાય.
દસોંદ સાહેબજીને આલજો તો-સુખસું સ્વર્ગ માંહે જાય. ૭૯

પીર કબીરદીન સાથી તેનું થાશે-તે દુખીઆ નવ થાય લગાર.
માહાદાનની માર તેને નવ પડે-તેને સાહેબ દેશે દીદાર. ૮૦
રસુલ દીનને રસુલ બ્રહ્મા-શાહા અલીજીની હતી વાર.
તે દાડે જેણે નવ માનીઆ-તે આજ ઇમાન કેમ આણે ગેમાર. ૮૧
તે દાડેથી જુવા પડીઆ-અને જુવા પડીઆ ત્રન ચાર.
તેના ઇમાન અમલ સચ્છા નહિ-તાસું વાત મકરજો લગાર. ૮૨
સતગુર આપોહી આપજ બ્રહ્મા-અને વસે છે પીરાણ પાટણ માંહે.
તે દહાડે વરણ કહાવેઆ-તેણે નહિ લાવીઆ ઇમાન. ૮૩
પીર શમશ બ્રહ્મા પીર શમશ સાહેબ-તે શાકાનજયનું અવતાર.
તે દાડે ઇમાન નવ લાવીઆ-તે ખાલ ઉતારી સાર. ૮૪
શાહા પોતાની ખાલ ઉતારી-તે નગર મુલસ્તાન માંહે.
ત્યાં જાહેર થઇને ઉભા રહીઆ-તોએ ન લાવીઆ ઈમાન ૮૫
પછે અમે ગુપતજ કામ કીધા-અને બ્રહ્મા તે નસીરદીન નામ.
તેના તે પીર સાહેબદીન હુઆ-તેણે કીધા તે ગુપતજ કામ. ૮૬
પીર સદરદીન પંથ કીધા-અને જાહેર તે ખાના મકાન.
પેલા ખાના તે આવીકરીઆ-તે કરીઆ કોટડા ગામ. ૮૭

પીર સદરદીન જાહેર થઇઆ–અને હીંદુ કરીઆ મુસલમાન.
તે લુહાણા ફેરીને ખોજા કરીઆ–તેને આપીઓ સાચો ઇમાન. ૮૮
ખોજાને ગુલામ તે અલીશાહાનું–અને મુરીદ તે આલનું જાણ.
ત્યાં પંથ સંવારીને ખાના કરીઆ–અને પીરના બોધ પ્રમાણ. ૮૯
આગળ ખાનું સુરજા રાણીનું કહીએ–તે ઘણો ગુપતજ પ્રમાણ.
સતગુરે જ્ઞાન સંભળાવીઆ–તે કોટડા ગામ માંહે જાણ. ૯૦
કોટડો ગામ તો લાહોર માંહે કહીએ–અને ત્રીકમ મુખી રહે તેણે ઠામ.
તેણે જાહેર થઈ ઇમાન લાવીઆ–અને ખોજાને ધરાવીઓ નામ. ૯૧
એવા દીન તે ગુરજીના ચાલીઆ–ત્યારે શ્રી ઇસલામશાહાની વાર.
આજ ઉંચ મુલક જે કહીએ–ત્યાં અમારો છે ઠાર. ૯૨
તેનાથી પીર હસન કબીરદીન ગુર હુઆ–તેને દીન કીધો વીસ્તાર.
ઉંચ મુલકથી પ્રબોધીઆ–તેણે રાખ્યો શાહાસું વેપાર. ૯૩
હીંદુ ફેરી તેણે મુસલમાન કીધા–અને કીધા તે બહુ અપાર.
તેને મુસલમાન કરી ગુરે બોધીઆ–તેણે રાખ્યો શાહાસું વેવાર. ૯૪
તે વારો હતો શ્રી ઇસલામશાહાનું–બ્રહ્મા તે પીર હસન કબીરદીન જાણ.
અઢાર ફરજંદ તેના કહીએ–અને સાત હરમ તેના પ્રમાણ. ૯૫
એક તેની બેટી કહીએ–બાઇ બુઢાઇ તેનું નામ.
જાફરી તેનો મઝહબ કહીએ–જાફર સાદક કહે ઇમામ. ૯૬
અલીશાહા હમારો દાદો કહીએ–અને દાદી તે બીબી ફાતમત સાર.
હસન હુસેન શાહાઅલીના કહીએ–આલ ઇમામ તેનું પરિવાર. ૯૭
રસુલ હમારો નાનું કહીએ–તે અબદલાનું પરિવાર.
બીબી અમીના તેની માતા કહીએ–તે કહીએ અબદલાની નાર. ૯૮
બીબી ખતીજાત કુબરા નાની કહીએ–તમે જુઓ તે એલમ વિચાર.
સમજુ હશે તે સમજશે–અને ભુલ્યા મુરખે ગમાર. ૯૯
આલ ઇમામ તેના ગુર જાણજો–તેનું તાત પીર હસન કબીરદીન જાણ.
ત્યારે નુરશાહાની વાર છે–એમ બોલીઆ પીર ઇમામશાહ પ્રમાણ. ૧૦૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ–અને આવીઆ સતે આસમાન.
ત્યાં કલપ જુગના દેવ બેઠા–ત્યાં દીઠા બાપદાદા જાન. ૧૦૧
ત્યાં પેલાજ હરીચંદ્ર, જુજેસઠણ દીઠા–પીર સદરદીન તેનારે સાથ.
પીર કબીરદીન બંદગીમાં દીઠા–અને તસબી તેના હાથ. ૧૦૨
ત્યાં અમે જઇને ઊભા રહીઆ–અને બાપસું કરી અરદાસ.
અતિ કોડે અમે આવીઆ–જે જોવા સ્વર્ગ આવાસ. ૧૦૩
ત્યારે બેટે પ્રીતે એમ બોલીઆ–પીતા હસન કબીરદીન આપ.
એ માટીની કાયા તે કોઇ ન પોતા–તમે કેમ આવીઆ બાપ. ૧૦૪
ત્યારે વીનતી કરી અમે બોલીઆ–તમે સાંભળો પીતાજી અરદાસ.
અમને નુરશાહાનું હુકમ છે–જે દેખાડો સ્વર્ગ આવાસ. ૧૦૫
ત્યારે પીર હસન કબીરદીન કુંચી આલી–તે સ્વર્ગ જોવાને કાજ

લીઓ કુંચી બેટા તમ તણી–અને જુઓ તે સ્વર્ગનું રાજ. ૧૦૬
ત્યારે કુંચી લઇને અમે ચાલીઆ–અને આવીઆ તે સ્વર્ગને દ્વાર.
ત્યારે દરવાજે નુરી ફીરસ્તા રહે છે–તે બોલીઆ તેણીજ વાર. ૧૦૭
કોણ તમારો નામ છે–અને કોણ તમારી જાત.
કુંચી જો અમને આલો–તો દેખાડું સ્વર્ગનું આવાસ. ૧૦૮
પીર ઇમામશાહા અમારો નામ છે–પીર હસન કબીરદીન અમારો તાત.
ગુરશાહાના હુકમે અમે આવીઆ–અને કુંચી છે અમારે હાથ. ૧૦૯
ત્યારે નુરી ફીરસ્તા સરવે ઉઠીયા–અને કીધા તે પીરને સલામ.
તમે પીરજી ભલે આવીઆ–અને જુઓ તે સ્વર્ગનું ઠામ. ૧૧૦
ત્યારે કુંચી લઇને તાલો ખોલીઓ–અને ખોલીઆ તે દરવાજા ચાર.
સોનાનાં તાળાં ને સોનાનીયું કુચીયું–એવા છે સ્વર્ગના દ્વાર. ૧૧૧
સોનાનીઉં સાંકળીયું સોનાના નકુચા–હીરા મોતી માંહે જડતર શણગાર.
ચોકે સૂરજ એમ જડીઆ–તે જડીઆ અપરમપાર. ૧૧૨
સોનાના બારણા ને સાંખું રૂપાનીઉં–ચોડે જડતર હીરા જાણ.
સોનાના દરવાજા કહીએ–તેમાં ચોકે મોતી પીરમાણ. ૧૧૩
દરવાજે ચારે સહસ્ત્ર સુરજ રહે–અને ચંદ્રમાનું નહિ પાર.
એક ત્યાં માણક જડીઓ–તેનું અજવાળો છે ચોધાર. ૧૧૪
દરવાજે માંહેથી મોહોલ પધારીઆ–ત્યાં સોનાનીઉં ઇંટું કહીએ.
કસ્તુરીના ગારા તે તણા–તે દસોંદ વિના નવ લહીએ. ૧૧૫
તે વીચ હીરા રતન જડીઆ–અને જડીઆ તે અનોપમ સાર.
ત્યાં પોતાને કારણે શેરડી કહીએ–તે સાથે ઇંટું છે અપાર. ૧૧૬
ત્યાં સોના કેરા મોભીઆં કહીએં–અને રૂપાનીઉં વળીયું સાર.
ઉપર સરવે હીરા જડીઆ–તે જડત્ર દીસે દુવાર. ૧૧૭
ત્યાં સોનાનાં નરીઆં કહીએ–તેની જોત અપારજ જાણ.
ઓશરી તણી એવી જુગતી કહીએ–તેનું નુર છે નિરવાણ. ૧૧૮
ઓશરી મેલી અમે ચાલીઆ–ત્યારે પેઠા તે મીંદર માંહે
ત્યાં એક એક ઘરની એવી જુગતી–જેની વખાણ તે કહી નવ જાય. ૧૧૯
એક એક ઘરમા રૂપાના ઢોલીઆ–તેનું તેજ અતિ પ્રકાશ.
તે આગળ ઉભીયું અતિ શોભે–તે હુરાં દીસે પચાસ. ૧૨૦
તે ઢોલીઆ ઉપર અમે જાઇને બેઠા–તે અલી નબીની આલ.
ત્યારે હુરૂં તે લાગીયું પુજવા–ગુરજી કેવા તે થાશે હવાલ. ૧૨૧
પાનનાં બીડાં તેના હાથમાં–અને કરે કંથની આશ.
જે કયાં થકી કંથ પધારશે–જેને દઇએ પાન મુખવાસ. ૧૨૨
ત્યારે હંસી અમે બોલીઆ–તમે સાંભળો હુરાં પચાસ.
કંથ તમારા આવશે તે–પુરી કરશે તમારી આશ. ૧૨૩
દુનીઆ માંહે જે કરણી કરશે–તે તમારા થાશે ભરથાર.
તેને સંગે તમે શોભશો–ત્યારે સજજો રંગ રૂપ અપાર. ૧૨૪

તે ઢોલીઆ સાંભળો મુનીવરો-હું કહું તેનું શું વીચાર.
સોનાના તેના* પાયા કહીએ-અને રૂપાનીઉં ઈસું શોભાદાર. ૧૨૫
તે હીરને દોરીએ વણાવીઆ-અને કહીએ તેનું રૂપ અપાર.
તેને નુરના વીછાણા શોભતા-તેના પલંગપોશ છે ચાર. ૧૨૬
ચાર પાઇએ ચાર રતન જડીઆ-તેનું તેજ જોત છે ચોધાર.
એક એક મલાએક ત્યાં ઉભો છે-તે છાંટે છે વીછાણ. ૧૨૭
ત્યાં દીઅં કસ્તુરીના વાહાજ વાય-અને રાતીઆ અંબર વરસાય.
ત્યાં બોક તે બહુ હોએશે-જે જે કાર ત્યાં થાય. ૧૨૮
ચાર ચાર ચોક તેનાં સોળ દરવાજા-તે સહુના સરખોર સાર.
એવા એવા મોલ ત્યાં કહીએ-તેમાં ઓછો નહિરે લગાર. ૧૨૯
ત્યાં સતરો હુસંઉ સૂરજ રંગીઉં-સતરો ચંદ્ર રંગીઉં સાર.
ચાર ચાર દેવ કન્યાઓ જે કહીએ-તેમાં એક અરધ અંગની શીલદાર. ૧૩૦
પાંચસો કુંવર નુરાની દીઠા-તે રહે છે ચોધાર.
હુરાઉં પચાસ તે પામશે કુંવર-તેના હોઅશે નીરધાર. ૧૩૧
ત્યાં ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે બાર આવાસ.
એક ત્યાં વૃક્ષ દીઠો-બીજા ચાર તેના પાસ. ૧૩૨
ત્યાંથા ગુર કહે અમે ચાલીઆ-અને દીઠા તે હોજજ ચાર.
એક માંહે તો મધ ભરીઓ-અને દુજા માંહે ભરીઓ દુધ સાર. ૧૩૩
ત્રીજો માંહે ભરીઓ પાણી અમીનું-ચોથા માંહે શરાબ તહુરા જેહ.
એ ચારેહી હોજ ભરાઈ રહીઆં-તે એક એક બંદાને દેહ. ૧૩૪
ત્યાથી ગુર કહે અમે ચાલીઆ-અને દીઠો તે વૃક્ષજ એક.
તે વૃક્ષ ઉપર અનંત પંખી છે-તે ભાત ભાતના અનેક. ૧૩૫
તે વૃક્ષનું નામ તો સુફળ વૃક્ષ છે-તે હોજ માથે પ્રમાણ.
પાંચ કુરસી નુરાની છે-તે એક એક બંદાને આપશે સાર. ૧૩૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે બાગજ માંહે.
તે બાગની વખાણ સાંભળો મુનીવરો-તે માંહે મણા નહિ રહી છે કાંહે. ૧૩૭
ત્યાં પાંચસો પચવીશ ઝાડ છે-તે સુફળ વૃક્ષ છે પ્રમાણ.
અવર ફળ છે ભાત ભાતના-તેનું પાર તે કોઇ નવજાણ. ૩૩૮
તે બાગ માંહેથી અમે આવીઆ-અને આવીઆ તે કોટ પાસે જાણ.
કોટ તેના આઠ છે-અને આઠ વજરી પ્રમાણ. ૩૩૯
ચોસઠ તેના કોટ કહીએ-ત્યાં એક એક મોમનં રાજ.
તે પાંચસો ગાઉ શોભા છે-તે એક એક મોમનને કાજ. ૧૪૦
એકોતેર પુરીઆ માઇના કહીએ-અને એકોતેર પુરીઆ બાપના સાર.
સાત પેઢી સાસરાની કહીએં-ત્યાં એવા સુખ છે અપાર. ૧૪૧
સીતેર હજારને સાતસો-કોટનું સીરવાળો સાર.
એક એક પુરખને એટલો આલે-તે આલે સ્વર્ગ મીંજાર. ૧૪૨
એવો કોટ જોઇને અમે બાર આવીઆ-ત્યારે અમે થયા ઘણો રળીઆત.

ધન ધન ભાઇ તે મોમનને-જેણે સતગુરની માની વાત. ૧૪૩
સ્વર્ગ જોઇ અમે ચાલીઆ-અને આવીઆ છઠે આસમાન સાર.
તારે બાપદાદા ઘણા રાજી થયા-ધન ધન પીર ઇમામશાહા અવતાર. ૧૪૪
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-આવીઆ પાંચમે આસમાન મીંજાર.
ઇંદ્ર રાજા ત્યાં રાજ કરે છે-તે રાજ ભોગવે છે બહુ અપાર. ૧૪૫
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-આવીઆ તે ચોથે આસમાન મીંજાર.
ધ્રુવ તારો ત્યાં રાજ કરે છે-તે રાજ ભોગવે છે નીરધાર. ૧૪૬
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ ત્રીજે આસમાન.
નવલાખ જાત તારા ત્યાં રહે-તે તારા મંડળજ જાત. ૧૪૭
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે બીજે આસમાન.
ચંદ્રમાને રાજ છે-તે ચંદ્ર મંડળ જાન. ૧૪૮
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે પેલે આસમાન.
સુરજ મંડળ તેને કહીએ-ત્યાં રાજ કરે છે રવી ભાણ. ૧૪૯
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-આવીઆ તે મેર પર્વત મીંજાર.
ત્યાં અતિ ઘણી લીલા છે-શું કરૂં રે વખાણ. ૧૫૦
ત્યાંથી ગુર કહે અમે ચાલીઆ-અને આવીઆ તે આપ નગર માંહે.
ઘેર આપણે આવીને બેઠા-માતા બીબી તુરકા સતી પાસ. ૧૫૧
પાંચ દહાડા અમ ત્યાં રહીઆ-અને વરી અમે લીધી વાટ.
હાજર બેગને સાથે લીધા-તે બંદાને વરસ થયા સાઠ. ૧૫૨
પીર ઇમામશામ બોલીઆ-બોલીઆ જનમની વાત પ્રકાશ.
જે સાચા થઇને ચાલશે-તે પામશે એવા વાસ. ૧૫૩
સ્વર્ગ માંહેથી એક ઇંટજ લાવીઆ-તે રાખી છે જંબુદીપ મીંજાર.
તખત અમારો ત્યાં જાણજો-રખે ભુલો તે ગેમાર. ૧૫૪
જ્ઞાન ગુણ માંહે જે પુરા થયા-અને સાચા સતપંથી સોહે.
જ્ઞાન વિચારી જે ચાલશે-તેના આવા સ્વર્ગે વાસો હોવે. ૧૫૫
આન ધ્યાનનું ભેદ લઇને ચાલજો-અને સમજો તે શુધ વીચાર.
જેને અંતર ઉપજે ચેતના-તે ન આવે ભવ : સંસાર. ૧૫૬
ગતમાંહે બેસી પીરશાહાનું નામ લીઓ-અને કરજો તે વેદનું વિચાર
પીર ભણે ઇમામશાહા સુણો મુનીવરો-ભાઇ સતી જીવ પામશે મોક્ષ દીદાર. ૧૫૭

(સમાપ્ત.)

દસ અવતાર મોટો.

(પીર ઈમામશાહ કૃત.)

અવતાર પહેલો.

શ્રી સતગુર પીર ઇમામશાહા વાચા સાચાર સાચ-એરી ગુરજીએ બોલી છે વાચ. ૧

પ્રથમ જ્યારે હોતા ધંધુકાર-ત્યારે આદ વિષ્નુ આધાર. ૨

ત્યારે આદ ઉણીઆદ થકી હોતા દેવ-તેનું કોઇ ન જાણે ભેવ. ૩

ત્યારે આદ ઉણીઆદથી ખલકેઆ નુર-તેના બ્રહ્મા સતગુર નુર. ૪

તે નુર સતગુર ઇમામ થકી સરવે મંડાણ-તે લક્ષ ચોરાશી સીરજ્યા ચારેહી ખાણ. ૫

પ્રથમ આઠ લાખ કરણજ કરીઆ-તેમાં અનંત કરોડીયું જીવ ઉધરીઆ. ૬

દક્ષપ ચારનું માંઢીઓ મંડાણ-તેમાં જખ મેઘ કીનર તેત્રીસ કરોડ દેવ સીધા નિર્વાણ. ૭

ત્યારે રૂપ હરીના અગમ અવતારજ વરતીઆ જાણ-પછી જુગ ચારનો માંઢીઓ મંડાણ. ૮

ત્યારે સૃષ્ટી સંજોગ હરીએ આરંભજ કરીઓ-ત્યારે બ્રહ્માજીને પેટે શંખો અવતરીઓ. ૯

ત્યારે વરતીઆ જોતક બ્રહ્માજી કરે વીચાર-ભાઇ એણે પુત્રથી વિણાસ હોવે નિરધાર. ૧૦

ત્યારે એકદીન બ્રહ્માંજી ચીન્તામાંહે ભઇયો-ત્યારે વેદ ચાર શંખવો લઇ ગયો. ૧૧

ત્યારે ગુર બ્રહ્માજી એવો મનમાં ધરીઓ-જે પુત્ર હોય એવો કોઇ ન કરીઓ. ૧૨

ત્યારે ગયા વેદ બ્રહ્માજી કરે પુકાર-ત્યારે હરી પાસે દોડી ગયા તતકાર. ૧૩

વેદ વિન્યા હુઆ અંધકાર-શામીજી શંખવો લઇ ગયો વેદજ ચાર. ૧૪

જ્યારે વેદ ચાર શંખવો લઈ ગયો-ત્યારે ગુર બ્રહ્માજી ચીન્તામાંહે ભયો. ૧૫

ત્યારે સુણી વચન હરીએ કરીઓ વીચાર-વેદ કારણે હરીએ લીધો અવતાર. ૧૬

જ્યારે દેવનું પ્રથમ મચ્છ રૂપજ ભઇઓ-ત્યારે ગુર બ્રહ્માના વેદ ચાર તે શંખવો લહી ગયો. ૧૭

ત્યારે ગુર બ્રહ્માજીએ હરીને જઇ સું કહીઓ-શામી વેદ ચાર તે શંખવો લહી ગયો. ૧૮

ત્યારે એવો વચન સુણી પુંઠે થયા મોરાર—ત્યારે શંખો જઇ બેઠો પાતાલ મીંજાર. ૧૯

ત્યારે પાતાળમાં શંખો ગઇઓ—તે રૂપી કરણીકસરની સભામાં જઇ રહીઓ. ૨૦

ત્યારે ગાંધ્રવ ખેલ કરતો ભઇઓ—તે કારણ હરી પુંઠે થઇઓ. ૨૧

ત્યારે મરદંગ નાદ વજાડીઓ શ્રી હરી—તેરે દેવે ત્રન ભવનમાં ગર્જના કરી. ૨૨

ત્યારે હરી વચને શંખાસર નાશી ગયો—તે જોઇ માતા ધરતી પાસે રહીઓ. ૨૩

તમે સુણો હો ધરતી માતા હું તમને કહું—તમે કહો તો હું તમ પાસે રહું. ૨૪

માતા તમ શરણે આવીઓ તે રાખો લાજ—પણ શ્રી હરી પુંઠે આવે છે મારે કાજ. ૨૫

ત્યારે કહે ધરતી માતા સુણ શંખાસર હું કહું એમ—તમે શ્રી હરીના વેદ લાવીઆ કેમ. ૨૬

એ માતાજી મેં દીઠા વેદ સંસારમાં પ્રકાશ—તે હું હરી લાવીઓ છું ગુર બ્રહ્માજીના પાસ. ૨૭

ત્યારે એવા વચન દઇંત ધરતી માતાસું કહેઆ—જો તમે મુજને રાખો તો વેદ આલું નહિ. ૨૮

જ્યારે તે દઇંતને ધરતી માતા છુપાવે ધરે—ત્યારે પુંઠે શ્રી હરી આવી સંચરે. ૨૯

ત્યારે ધરતી માતા બોલીઆ એમ—કહું શ્રી હરી તમે આવીઆ છો કેમ. ૩૦

તું સુણરે ધરતી હું કહું તમને ભેદ—પણ શંખોદાણવ હરી લાવ્યો છે ગુર બ્રહ્માંજીના વેદ. ૩૧

જો ધરતી તમે અમને આલો ભેદ—તો હું મારૂં દતઇ વારૂં વેદ. ૩૨

તમે સુણો હો નારાયણ હું તમસું કહું—પણ આવીઓ શરણ તે કાઢી કેમ દઉં

જો ધરતી તું દઇંત કાઢી દીઓ મોએ—તો મન વાંચીંતા ફલ આલું તોએ. ૩૩

ત્યાં ધરતીએ કોલ લીધો કર ધરી—જે શામીજી અમને વરો શ્રી હરી. ૩૪

હો ધરતી અમારે આગળ અનંત અનંત કરોડીસું દેવ તારવા સહી—તે ભગતોને કારણ દસ અવતાર ધરશું સહી. ૬૫

ત્યારે સરવે આદ ઉણીઆદના દેવ એકઠાજ થાએ—તે કમાઇ કરી મીલશે આએ. ૩૬

ત્યારે અનંત કરોડી આવે અમારે પાસ—ત્યારે ધરતી હું તારો કોલ પારશું અને પુરશું આશ ૩૭

જ્યારે ચાર જુગને દસ અવતાર પુરા થાએ—ત્યારે ધરતી હું પુરીશ ઇચ્છાએ. ૩૮

જ્યારે એવો વચન શ્રી નારાયણ દેવે ધરતીસુ કહ્યો—ત્યારે નાઠો દઇંત તે શેષ નાગના પાતાળમાં ગયો. ૩૯

જ્યારે શેષ નાગના પાતાળમાં ગઇઓ—ત્યારે ગાંધર્વ ખેલ કરતો ભઇયો. ૪૦

ત્યારે તે કારણ શ્રી હરી સાથે ગયઓ—ત્યારે મરદંગ નાદ વજાડીને ગરજના
કરીઓ. ૪૧

ત્યારે દેવે ત્રણ ભવનમાં ગર્જના કરી—ત્યારે હરીને ચલત્રે શંખાસર નાઠો ફીરી ૪૨

તારે એક માતા પુત્ર બેઠા હતા જ્યાંય—ત્યારે શંખાસર જઇ રહ્યો છે ત્યાંય ૪૩

ત્યારે માતા પુત્ર બોલીઆ છે સહી—આ નારાયણ દેવનું ચોર અહીં
રેહવાએ નહિ. ૪૪

ત્યારે શંખાસર મનમાં ચીન્તા કરે—તો પુંઠે શ્રી હરી આવી સંચરે. ૪૫

ત્યારે હરી બોલીઓ છે એહ—સુણો રાણી પુત્ર હું કહું તેહ. ૪૬

જો તમે મુજને આલો દઇંતનું ભેદ—તો હું મારી દઇતને વારૂં વેદ. ૪૭

જો શામી તમે આલો કોલ—તો અમે દઇંતનું દેખાડું મોલ. ૪૮

ત્યારે શામીજી કહીઓ જે અમે સાતમું રૂપ ધરશું સહી—ત્યારે અમે તમારી
પ્રીત પાળશું સહી. ૪૯

ત્યારે હરીના ચલત્રે શંખાસર નાશી ગયઓ—તે ધમલા ધોરીના પાતાલમાં
જાઈ રહીઓ. ૫૦

તે ધમલા રાજા રાજ કરે છે જીઆં—દઇંત જાઇ બેઠો છે તીયાં. ૫૧

ત્યારે દઇંત મુખ માંહેથી બોલીઓ પ્રકાશ—તમે મુજને રાખો શરણ તમારે પાસ. ૫૨

હું આવ્યો છું ગુર બ્રહ્માના વેદ લઇ આજ—પુંઠે હરી આવે છે મારે કાજ. ૫૩

ત્યારે રાજાની રાણી બોલી છે આએ—જે ગુર બ્રહ્માનું ચોર રાખીયો કેમ જાય. ૫૪

ત્યારે રાજાની રાણીએ બોલીઆ છે આએ—જે શ્રી હરીનું ચોર રાખીઓ નવ જાઓ. ૫૫

જ્યારે એસા વચન રાણીએ કહીઆ—ત્યારે પુંઠેથી શ્રી હરી આવી સંચરીઆ. ૫૬

જો રાણી તમે કહો દઇંતનું ભેદ—તો મારી દઇંતને વારૂં વેદ. ૫૭

જો શામી તમે મુજને આલો કોલ—તો દઇંતનું દેખાડું મોલ. ૫૮

ત્યારે હરીએ રાણીને કોલ દીધા તહીં—જે માતા કુંન્તાજી તમારી આઠમા
અવતારમાં પ્રીત પાળશું સહી. ૫૯

ત્યારે ત્યાંથી દઇંત નાશી ગયઓ—તે જઇ વારા તલાતલ પાતાળમાં રહીઓ. ૬૦

ત્યારે ત્યાંથી દઇંત મુખે બોલીઓ વાણ—હું તો ગુર બ્રહ્માના વેદ ચાર
લાવીઓ નિરવાણ ૬૧

ત્યારે ત્યાં રાજાના પ્રતિહાર બેઠા જાણ—તે કહે શ્રી નારાયણનું ચોર અહીં
કેમ રહે નિરવાણ. ૬૨

જ્યારે વચન રાજાના પ્રતિહારે કહેઆ—ત્યારે ત્યાં શ્રી નારાયણ દેવ આવી
ઉભા રહેઆ. ૬૩

જો તમ કહો દઇંતનું ભેદ—તો મારી દઇંતને વારૂં વેદ ૬૪

જો શામીજી તમે મુજને આલો કોલ—તો હું દેખાડું દઇંતનું મોલ. ૬૫

જ્યારે બીજો ત્રેતા જુગ કરશું સહી–ત્યારે પાંચમે છઠે રૂપે કમલાધેન કમલા
પતિ તમારી પ્રીત પાળશું સહી. ૬૬

ત્યારે એવા વચન સુણીને દઈત નાશી ગઈઓ–તે જઈને શંખદેવના
પાતાળમાં રહીઓ ૬૭

ત્યારે શંખના પાંચ પુત્ર હોતા જેહ–દઈત શંખાસર તાસું બચન બોલીઓ તેહ. ૬૮

ત્યારે હું તો લાવીઓ છું ગુર બ્રહ્માના વેદજ્યા–મુને રાખો શરણ તમો નિરધાર. ૬૯

ત્યારે પાંચે પુત્ર મીલી કરીઓ વિચાર–જેથી નારાણ દેવનું ચોર નવ
રાખીએ આણે દાર. ૭૦

ત્યારે રાજાના પાંચ પુત્ર દઈસું વિચાર કરે–ત્યારે શ્રી નારાયણ દેવ પુઠે
આવી સંચરે, ૭૧

જો તમે પુત્ર મીલીને કહો ભેદ–તો મારી દઈતને વારૂં વેદ ૭૨

જો શામીજી તમે અમને આસો કોલ–તો અમે દઈતનું દેખાડીએ મોલ. ૭૩

ત્યારે નારાયણ દેવે કહેઓ જ્યારે અમે આઠમું રૂપ ધરશું જાઈ–ત્યારે તમારી
પાંચ પાંડવની પ્રીત પાળશુ સહી. ૭૪

ત્યારે એવા વચન સુણી દઈત નાશી ગીઓ–તે જાઇ ગર્જંદર પાતાલમાં રહેઓ. ૭૫

ત્યારે તે ગર્જંદરનું પુત્ર એક હતો જેહ–દઈત શંખાસર તાસુ મરમ કીધું તેહ. ૭૬

હું તો ગુર બ્રહ્માજીના વેદ લાવીઓ છુ સહી–જોતમે મુજને શરણ રાખો તો હું
વેદ આલું નહી. ૭૭

એવા વચન સુણી રાજાનું કુંવર બોલીઓ સહી–જે ગુર બ્રહ્માજીનું ચોર અમથી
રખાયેશે નહિ. ૭૮

હું તો ગુર બ્રહ્માજીના વેદ હરી આવ્યો છું આજ–પણ પુઠે શ્રી હરી
આવે છે મારે કાજ. ૭૯

જ્યારે એવા વચન દઈતે રાજાના પુત્રને કરીઆ છે જાણ–ત્યારે પુઠેથી શ્રી
હરી આવીઆ નિરવાણ. ૮૦

ત્યારે શ્રી હરી રાજાના પુત્રને કહીઓ ભેદ–જો તમે કહો તો મારી દઈતને
વારૂં વેદ. ૮૧

જો શામી તમે અમને આલો કોલ–તો અમે દઈતનું દેખાડું મોલ. ૮૨

જ્યારે અમે સાતમું રૂપ ધરશું સહી–ત્યારે તમે રાજા હરીચંદ તમારી વાચા
પાળશુ સહી. ૮૩

ત્યારે એવા વચન સુણી દઈત નાઠો સહી–તે કોરભ પાતાળમાં પેઠો જાઇ. ૮૪

ત્યારે તે કોરભની પાંચ રાણીઉં હતીઉં જેહ–તે એક મન હરીની સેવા કરતીઉં જેહ. ૮૫

ત્યારે તે તે સભા માંહે દઈત શંખાસર ગઇઓ–તે સરવે ભેદ રાજાને કહીઓ. ૮૬

જો તમે રાજા મુજને શરણ રાખો સહી–તો ગુર બ્રહ્માજીના વેદ હું આલું નહિ. ૮૭

ત્યારે તે રાજાના પુત્ર બોલીઆ એમ—સુણો શંખાસર તમે ગુર બ્રહ્માના.
વેદ લાવીઆ કેમ. ૯૦

ત્યારે રાજાના પુત્ર હતા ચાર—તાસું દઈત શંખાસર કહીઓ સરવે વીચાર. ૯૧

તમે ગુર બ્રહ્માજીના વેદ લાવીઆ છો કેમ—પણ હવે તારી કાયાનું ભંગ
થાએશે એમ. ૯૨

જ્યારે એવા વચન રાજાના પુત્ર દઈતને કહે—ત્યારે પુઠેથી શ્રી હરી આવી સંચરે. ૯૨

ત્યારે નારાયણ દેવ રાજાના કુંવરસું કહીઓ વીચાર—જે શંખવો ગુર બ્રહ્માના
વેદ લઇ આવીઓ છે ચાર. ૯૪

જો તમે મુજને કહો દઈતનું ભેદ—તો હું મારી દઈતને વારૂં વેદ. ૯૫

જો શામી તમે અમને આસો કોલ—તો અમે દઇતનું દેખાડીએ મોલ. ૯૬

જ્યારે પહેલા કરતા જુગમાં અમે રૂપ ધરશું ચાર—ત્યારે ચાર વરદાન પાલશું સાર ૯૭

અમો મછ, કોરજ, વારા, નરસિંહ રૂપ ધરશું નિરવાણ—ત્યારે તમે રૂખ મુગત
૧ અમરીખ ૨ ધ્રુવ ૩ પએલાજ ૪ આવશો જાણ. ૯૮

ત્યારે એવા વચન સુણી દઈત નાશી ગઇઓ—તે મછ તલોતલ પાતાળમાં જઇ રહીઓ. ૯૯

ત્યારે મછ રાજા રાજ કરે છે જીઆં—દઈત શંખાસર જાઇ સંચરીઓ તીયાં ૧૦૦

ત્યારે સરવે સભા મીલી બેઠી છે જીયાં—દઈત શંખાસરે ચારેઇ વેદ વાંચીઆં છે તીયાં ૧૦૧

ત્યારે ચારે વેદની વાણી દઈતજ કરે—ત્યાં શ્રી હરી આવી સંચરે. ૧૦૨

ત્યારે રાણી કુંવર મીલી બેઠા છે જ્યાં—ત્યારે દઇત ગયો છે ત્યાં. ૧૦૩

ત્યારે રાણી કુંવર મીલી કરે વિચાર—જે શ્રી હરીનું ચોર નવ રાખીએ
જાએ આણે ઠાર. ૧૦૪

ત્યારે રાણી કુંવર મીલીને બોલીઆ છે એમ—જે તમે ગુર બ્રહ્માના વેદ
લાવીઆ છો કેમ. ૧૦૫

ત્યારે દપત શંખાસર ત્યાં વીમાસણ કરે—ત્યારે શ્રી હરી ત્યાં આવી સંચરે. ૧૦૬

ત્યારે શ્રી હરી કહે જો દઈતનું ભેદ આસો મુજ—તો મન વાંચા ફલ આલું તુજ. ૧૦૭

જ્યારે અમે દસમું અવતાર લેશું જ્યાં—ત્યારે જંબુદીપમાં સુરજા રાણી કમલા
કુંવર તમારી પ્રીત પાલશું ત્યાં. ૧૦૮

ત્યારે સકળ સભામાં નારાયણ દેવ ગઇઆ—ત્યારે નાઠો દઇત તે સમુદ્ર માંહે
જાઇ રહીઓ. ૧૦૯

ત્યારે તેના પુઠે શ્રી નારાયણ દેવ નીસરીઆ—તે સમુદ્ર માંહે જઇ સંચરીઆ. ૧૧૦

ત્યારે શ્રી નારાયણ દેવે મછ રૂપ ધરીને દઈતના કેડે થાય—હારે તું દઈત દુષ્ટી
મારા વેદ કીયાં લઇ જાએ. ૧૧૧

મેલ મેલરે વેદ નહીંકાં હું તુને મારીશ કર ધરી—ત્યારે એસા બોલીઆ શ્રીહરી. ૧૧૨

ત્યાંથી નાઠો દઈત નિરવાણ—તે જાઇ પેઠો મહા સમુદ્ર મીંજાર. ૧૧૩

તે દઈત શંખવો થઈને શંખદર બેટમાં રહ્યો–ત્યારે શ્રી નારાયણુ દેવ મછ રૂપ
ધરી શંખદર બેટમાં ગયો. ૧૧૪

ત્યા શંખાસર દઈત તો જાઈ શંખદરબેટમાંતરે–ત્યારે પુઠે હરી જાઇને તેનું કાંઠો ગ્રહે. ૧૧૫

તું ભુલો ભુલોરે શંખાસર તું ચારેઇ વેદ મારા કયાં હરે–શ્રી નારાયણુ દેવ
ત્યાં એમ ઉચરે. ૧૧૬

ત્યારે શ્રી નારાયણુ દેવે ત્યાં દઈત શંખાસરને મારેઆ–તેનું પેટ ફાડીને વેદ
ચારેઈ કાઢીઆ. ૧૧૭

જ્યારે શ્રી હરીએ શંખાશર દઈતનું પેટ ફાડીને વેદ કાઢીઆ ચાર–ત્યારે સરવે
દેવતામાં થયો જયજયકાર. ૧૧૮

ત્યારે શ્રી હરી નારાયણ દેવ દઈત શંખાસરને મારીઓ સમુદ્ર માંહે કર ધરી–
તે દઈત મારણેકું મછ રૂપ ધરીઓ શ્રી હરી. ૧૧૯

ત્યારે પાયે લાગી શંખાસર વીનતી કરી–ત્યારે કહે નારાયણુ દેવ તું માંગ માંગ
હું તુઠો કહે શ્રી હરી. ૧૨૦

આજ તું માગ માગ એમ શ્રી હરીએ કહીઆ–ત્યારે એસા વચન શ્રી હરી
ત્યાં બોલીઆ. ૧૨૧

ત્યારે દઈત શંખાસર કહે શામી હું મનમાં એવો ધરૂં–જે દસ અવતાર સુધી
તમથી યુદ્ધજ કરૂં. ૧૨૩

જ્યારે એસા વચન દઈત શંખાસરે કહીઆ–ત્યારે શ્રી નારાયણુ દેવ ચીત
દઇને રહીઆ. ૧૨૩

જ્યારે મછ રૂપમાં દઇત શંખાસરને મારીઆ–ત્યારે વેદ ચારેઇ વારી ગુર બ્રહ્માજીને આલીયા. ૧૨૩

મછ રૂપ ધરીઓ શ્રી નારાયણુ જાણુ–તે વેદ કારણે શ્રી સારંગ પ્રાણુ. ૧૨૫

ત્યારે પેશી પઇઆરે ને લાવીઆ વેદ–ત્યારે ગુર બ્રહ્માજીને આલીઓ સુગ.
તનું ભેદ ૧૨૬

ત્યારે તે સતગુરજી જુગમાંએ દીવો તમે–દીધી વાચા પાલીએ અમે. ૧૨૭

ત્યારે હણી શંખાસરને કીધા કાજ–શ્રી મછરૂપ ધરીઓ શ્રી માહારાજ. ૧૨૮

ત્યારે કરતા જુગ માંહે હરી અવતરીઆ–પેલા મછરૂપ પરવરીઆ. ૧૨૯

જયારે પેલા મછરૂપે શંખાસરને મારીઓ–ત્યારે ભગત રૂખ સુગતને સવા
કરોડનું તારીઓ. ૧૩૦

ત્યારે પછી સંસારમાં પ્રગટ થઇઆ મુરાર–ત્યારે સરવે સંસાર ઓળખીઓ
નિરવાણુ. ૧૩૧

ત્યારે મછની માતાતો શંખાવતી કહીએ–અને પીતાતો પ્રેમ રૂપ કહીએ ૧૩૨

ત્યારે ગુર તો માનધાતાં જાણુ–અને સખતી તો ચંદકા દેવી પીરમાણુ. ૧૩૩

ત્યારે સ્વસ્થાન તો હંસપુર નગરી જાણુ–ખેત્રતો દુઆરામ તિપ્રમાણુ. ૧૩૪

નરે દારીઓ દાણવ તો શંખાસર જાણ—ત્યારે ભગત રૂપ મુગતને ઉગારીઓ નિરવાણ. ૧૩૫

ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શ્રી મછ રૂપે જાણુ—ત્યારે રૂગ વેદ હોતા પરમાણુ. ૧૩૬

ઇયાંથી શ્રી મછ રૂપ સંપુરણ સહી—એવી ગુર બ્રહ્મા પીર ઇમામશાહા વાચા કહી. ૧૩૭

અવતાર બીજો.

શ્રી સતગુર બ્રહ્મા હો વાચા સાચી સાચ—એવી ગુરજીએ બોલીઆ વાચ ૧

જ્યારે બીજે કોરભ રૂપે હરી અવતરીઓ—ત્યારે ભાર પૃથ્વીનું તે પુઠે ધરીઓ ૨

ત્યારે પૃથ્વીમાં ભગત જાપ જપે હરીનું જેહ—છાસટ કરોડસું દઇંત બ્યાપક રહે છે તેહ. ૩

ત્યારે દૈંત મધુકીટક માહા બલીઆ આહે—તે છાસઠ કરોડસું મેર પરબત પર બેઠા જાએ. ૪

ત્યારે દેવે મેર પરવત સમુદ્રમાંહે ધરીઓ જાએ—ત્યારે દઇંત મધુ કીટકને સંગા રીઓ ત્યાંએ. ૫

ત્યારે દેવે મેર પરબતનું કીધો છે રવાયો જાણુ—ત્યારે વાસંગ નાગનું કીધો નેતરો નિરવાણ. ૬

જ્યારે વાસંગ નાગને નેતરેસું મરોડીઆ—ત્યારે અનંત કરોડીડેં દેવ મીલીઆ. ૭

ત્યારે મેર મથવાને એક મોરે વીરલોચન દેવજ ભયા-બીજે મોરે તે મહાબલજ થયા. ૮

જ્યારે મથીઓ મેર માહાવે મનમાં ધરી—ત્યારે રતન ચતુર દસને કાઢીઆ શ્રી હરી. ૯

જ્યારે મથી સમુદ્ર દેવે અમૃત કાઢીઆ જેહ—ત્યારે ચાંદો સુરજ બે પાયા તેહ. ૧૦

ત્યારે ચાંદો સુરજ બોલીઆ જે આ—શામીજી તમે દઇંતને અમૃત પાવો છો કીયાં. ૧૧

ત્યારે બેઠા હતા રામ તે દીઠા જગદીશ—ત્યારે દેખી દઇંતને સામી ચડાવી છે રીસ. ૧૨

ત્યારે દેવે દઇંતને મારી તેનું સીર લીધો ઉતાર—ત્યારે દઇંત મારણેકું લીધો અવતાર. ૧૩

ત્યાં કોરભ રૂપે હરી અવતાર—ત્યાં મથી સમુદ્ર કાઢીઆ રતન દસ ને ચાર. ૧૪

જ્યારે દેવે મધુકીટકને મારીઓ જેણીવાર—પછે સંસારમાં પ્રગટ થયા મોરાર. ૧૫

જ્યારે બીજે કોરભ રૂપે દઇંત મધુકીટકને મારીઓ—ત્યારે સવા કરોડસું ભગત અમરીખને તારીઓ. ૧૬

ત્યારે પછે સંસારમાં પીરગટ થઇઆ મુરાર—ત્યારે સરવે સંસારે ઓળખીઓ સાર. ૧૭

ત્યારે શ્રી કોરભની માતા તો કમલાવંતી કહીએ—પીતા તો ત્રીખત તહીંએ ૧૮

ત્યારે ગુર તો એકારખંજ જાણુ–સખતી તો અછઆ દેવી પરમાણુ. ૧૯
ત્યારે સ્વસ્થાન તો મનોવર જાણુ–ખેત્ર તો બેંસાસર નિરવાણ. ૨૦
ત્યારે નરે દારીઓ દાણુર મધુ કીટકજ જાણુ ત્યારે–ભગત અમરીખને તારીઓ નીરવાણ. ૨૧
ત્યારે ચાર લાખને બત્રીસ સહસ્ત્ર શ્રી કોરભ રૂપે જાણુ–ત્યારે રૂગ વેદ હોતા પરમાણ. ૨૨
ઇયાંથી શ્રી કોરભ રૂપ સંપુરણ સહી–એવી ગુર બ્રહ્માં પીર ઇમામશાહા વાણી કહી. ૨૩

અવતાર ત્રીજો.

શ્રી સતગુર બ્રહ્માંજી વાચા સાચી સાચ–એવી ગુરજીએ બોલી વાચ. ૧
જ્યારે ત્રીજે વારા રૂપ ધરીઓ શંભાર–ત્યારે પૃથ્વી રાખી દાઢ વીચ સંભાર ૨
જ્યારે દેવે પોરીથકી રાખી દાઢે શ્રી હરી–ત્યારે દેવે વારા રૂપજ ધરીઓ. શ્રી હરી. ૩
ત્યારે મોર દાણવને સાહેબે હણીઓ–તે દાણવ મારવાને શ્રી વારા અવતારજ ધરીઓ. ૪
ત્રીજો વારા રૂપ હરી ધરીઓ–તે દાણવ મારણેકું હરી અવતરીઓ. ૫
જ્યારે દેવે મોર દાણવ મારીઓ જેણીવાર–પછે સંસારમાં પ્રગટ થયા મોરાર. ૬
જ્યારે ત્રીજે વારા રૂપે દઇંત મોર દાણવને મારીઓ–ત્યારે સવા કરોડસું ભગત ધ્રુવને તારીઓ. ૭
ત્યારે પછે સંસારમાં પરગટ થયઆ મોરાર–ત્યારે સરવે સંસારે ઓળખીઓ જાણુ ૮
વારાની માતાને પદમાવ'તી કહીએ–અને પીતાતો દોએલપુર કહીએ. ૯
ત્યારે ગુર તો સેજાનંદ જાણુ–અને સખતી તો બહુકાદેવી નીરવાણ. ૧૦
ત્યારે સ્વસ્થાને તો બગપુર નગરી જાણ–ખેતર તો માન સરોવર પરમાણ. ૧૧
નરે દારીઆ દાણવ મોર દાણવ જાણુ–ત્યારે ભગત ધ્રુવને તારીઆ નીરવાણ. ૧૨
ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શ્રી હરી રૂપે જાણુ–ત્યારે રીગવેદ હોતા પરમાણુ. ૧૩
ત્યારે શ્રી વારા રૂપ સંપુરણ સહી–એવી પીર ઇમામ શાહા વાણી કહી. ૧૪

અવતાર ચોથો.

શ્રી સતગુર બ્રહ્મા વાચા સાચી સાચ–એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧
જ્યારે ચોથો રૂપ કરતા જુગ માંએ ધરીઓ–ત્યારે દઇંત હરણા કંસ કરી અંગુષ્ટે ભાર કરવા ગઇઓ તેહ. ૨
જ્યારે દઇતે મહા વનમાં તપ સાધીઓ જેહ–ત્યારે તેને શંકર દેવ વર આપીઓ તેહ. ૩

ત્યારે વર લઇને ચાલીઓ નગર મીંનાર–ત્યારે દઇંત ગુર પાસે જઇ ઉભો તતકાર. ૪

હારે જજમાન તમે માગીઓ છે શું–રખે માગતા કાંઈ ચુકીઓ તું. ૫

જે માગી કાયા દસવાર સહી–તો શામી અમે માગતા ચુકીઓ નહિ. ૬

હારે ભાઇ તારો મોત છે તારા ઘરની બહાર–તે હું કહું તને ત્રી સંજા
વેલાથી ઉપજશે કાળ. ૭

ત્યારે દઇંત હરણાકંસ પાછો ફીરી તપ કરવા ગઇઓ–ત્યારે શ્રી નરસિંહ
રૂપે શ્રી હરી પરગટીઓ. ૮

ત્યારે દઇંત હરણાકંસ ક્રોધે થયો ત્યાં–ત્યારે ફરમાની ફીરસ્તો ચારા રૂપી
થઇને ઉઠો છે ત્યાં. ૯

જ્યારે ફરમાની ફીરસ્તો દેવ સભા માંહે જાએ–ત્યારે ગુરનરને ભગત પએ-
લાજ જાઇ લાગા પાયે. ૧૦

ત્યારે દઇંત માહા તપ કરીને ગીરસ્થાને ગઇઓ–તે જઇ અણમાનેતી સ્ત્રીને
ઘેર વાસો રહીઓ. ૧૧

ત્યારે ભગત પએલાજ જુગમાંહે આવીઆ ભગતુંને કાજ–તે ભગત પએ-
લાજ દઇંતના ઘરે વાસો રહીઓ તેણી કાજ. ૧૨

ત્યારે ભગત પ્રલ્હાદ શ્રી ગુરનરની વાચા શ્રી નરસિંહની વાચા પારી છેહ
તે દઇંત કારણે માતાના ગીરભમાં બહુ દુખ દીઠા તેહ. ૧૩

ત્યારે દઇંત હરણાંકંસ ભગતને બહુ દુખી રાખીઆ છે જેહ–ત્યારે શ્રી હરીએ
ભગતને દુખ ફેરાવીને રાખીઆ છે તેહ. ૧૪

ત્યારે ભગત પએલાજના ગીર્ભ વાસેથી બંધન છુટા છે જેહ–ત્યારે તેની
માતાએ બહુ રૂદન કરીઆ છે તેહ. ૧૫

હારે બાઈ આપણા નજર આગળ એ બાળક હીંચા વેઠાયેશે નહિ–એ બાળ-
કને તમે મેલો માહાવનમાં જાઇ. ૧૬

ત્યારે ભગતને વનમાંહે શ્રી હરીએ ભમંર પલંગ ઢાલીઓ પોછાડીઆ જેહ
ત્યાં છત્ર ધરાવેઆ કામધેન દુધ પાઇયા તેહ. ૧૭

ત્યારે વનમાં સર્વે ગોવાળીઆ વીમરસજ કરે–ત્યાં માહારાજ કુલ એક
કુંવર અવતારજ ધરે. ૧૮

હારે ભાઇ આપણે સર્વે મીલી જાઇએ રાજાને કરીએ જાણ–એ વાઝીઓ
રાજા છે તે કુંવરને દેશે માન. ૧૯

ત્યારે સર્વે કુંવરનું કરીઓ છે જાણ–ત્યારે હરણાંકંસ પોતે હણદલ લઇ
આવીઓ છે નિરવાણ. ૨૦

ત્યારે તે રાજા આવીઆ વન મીંજાર–ત્યાં સામા દલ દીસે છે અપાર. ૨૧

જ્યારે તે દળમાં દીઠા રૂમી હબશી જેહ–ત્યારે હરણાંકંસનું દળ ભાગો તેહ. ૨૨

ત્યારે રાજા પોતે પધારીઆ વન મોંજાર—ત્યાં ઘણીક સ્તુતિ કરીને
લાવીઆ બાળ. ૨૩

જ્યારે તે રાજાનું કુંવર પધારીઓ વન મોંજાર—ત્યારે સહુને ઘેર ઓછવ
મંગળ વરતીઆ ચાર. ૨૪

ત્યારે રાજાને પરતીહાર મીલી કરે છે વીચાર—એ રાજા તમે આ બાળકને
મેલો અણમાનેતી સ્ત્રીને દુવાર. ૨૫

હારે રાજા અબલા સ્ત્રીનું ગીર્ભ સુકો હતો જેહ—તીસ દીનથી એ સ્ત્રીને
માહા દુખ વડીઓ છે તેહ. ૨૬

ત્યારે ભગત પહેલાજ પાંચ વરસનું તે પાટી લઇને ભણવા ગઇઓ—ત્યારે શ્રી
નરસંગનું જાપ જપતો રહીઓ. ૨૭

ત્યારે પીંડત કહે રાજાએ કુંવર મોટો તારો બાળ—જેણે મારી વણસાળી
નિશાળ. ૨૮

હારે રાજા એ કુંવર કરે છે એવા કામ—તે સહુ નીશાળીઆને ભણાવે છે
તારા દુશમનનું નામ. ૨૯

હારે રાજા તમે એ કુંવરને શું દીયો છો માન—પણ તે સોનું શું પહેરીએ
જેથી ત્રુટે કાન. ૩૦

તારે દઇતે કુંવરને સમુદ્ર માંહે ડુબાવીઓ—ત્યારે ત્યાંથી ભગત પએલાજને
હરીએ ઉગારીઓ. ૩૧

ત્યારે વરી દઇતે ભગત પએલાજને ચામડામાંએ મઢાવીને ડુંગર ઉપરથી ન-
ખાવીઓ જાણ—ત્યારે દેવ અમર ઢોલીઆં ઢરાવીઆ છે નીરવાણ. ૩૨

ત્યારે પછે પએલાજની માતા કહે કુંવર પાંચ દાડા પંથ ઢીલડો મેલ—પછે
આપણ સંભારશું શામીને આપણે વેલ. ૩૩

ત્યારે ભગત પએલાજ માતાસું વચન બોલીઆ છે જ્યાં—એ માતાજી શ્રી
નરસંગજી બેઠા છે હીયાં. ૩૪

ત્યારે ભગત પએલાજને દઇતે હસ્તી આગળ નંખાવીઆ છે જીયાં—ત્યારે
હસ્તી પરનામ કરી પાછા મળીઆ તીયાં. ૩૫

જ્યારે દઇતે ભગત પએલાજને ઘાણીમાંએ પીલાવીઓ છે જેહ—ત્યારે લાઠ
ભાંગી કટકા નવ થએયા તેહ. ૩૬

ત્યારે દઇંત હરણાકંસે દેવળ દેવસ્થાન પુજે છે જીયાં—ત્યારે એક રાત ભગત
પએલાજને રાખીઓ છે તીયાં. ૩૭

ત્યારે ભગત પએલાજને અતરીખ ઉતરેઆ છે જેહ—ત્યારે દેવળે દેરાંના હાથ
પગ મોં નાક છેદાય છે તેહ. ૩૮

ત્યારે દઇંત હરણાકંસ મનમાં કોપીઓ છે જેહ—હવે આ કુંવરને હોળીમાં
લગાડીને બાળું તેહ. ૩૯

જ્યારે દઇતે હોરી લગાડી મોટી જાગ-ત્યારે શ્રી નરસંગ પરગટ બ્રાહ્મણ
થઇને આવીઓ તતકાર. ૪૦

ત્યારે દેવે અનામત હોરીને સુત્ર વીદીઉ જેહ-એ અગ્નિ તેં મારા ભગતને
અનામત રાખજો એહ. ૪૧

ત્યારે પએલાજની માતા રૂદન કરે છે જાઇ-ત્યારે શ્રી નરસી બ્રાહ્મણ રૂપ
કહે છે એ બાઇ તારા કુંવરને દેવ રાખશે સહી. ૪૨

ત્યારે પએલાજની માતા હોરી વધાવે છે આપ-તમે દેવ સહુને ત્રુઠજો સાથ. ૪૩

ત્યારે ભગત પએલાજને હોરી માંહે નહિ લાગી આંચ-એવી નરસી બ્રાહ્મણ
રૂપે બોલીઆ વાચ. ૪૪

ત્યારે દઇતે લોહાનું થંભ લગાડીઓ તતકાર-ત્યારે કુંવર પએલાજને
લાવીઆ તેણે દાર. ૪૫

ત્યારે દઇત હરણાકંસ બોલીઓ છે તીયાં-એ પએલાજ તારો નરસી છે કીયાં? ૪૬

ત્યારે કુંવરપએલાજ કહે મારી રાન રસી છે થંભજ માંહે-તે હવે મારી વાહે થાએ. ૪૭

ત્યારે પએલાજને થંભ શું બાંધવા લાગા જેણીવાર-કુંવર પએલાજ તીયાં
મનમાં લરજીઓ અપાર. ૪૮

ત્યારે ભગત પએલાજ મનમાં અંદેશો કરે-ત્યારે થંભ ઉપર આવી કીડી સંચરે. ૪૯

ત્યારે ભગત પએલાજને આવીઓ વીસ્વાસ-ત્યારે ભગત પએલાજ શ્રી
નરસંગ જાણી થંભને ભરી બાથ. ૫૦

ત્યારે થંભ ફુટો તેણી વાર-ત્યારે પરગટ થઇઆ દેવ મોરાર. ૫૧

તારે ભગત પએલાજને કારણે ચોથો રૂપ શ્રી નરસી ભયા-ત્યારે થંભ
ફોડી દેવ પીરગટ થઇઆ. ૫૨

ત્યારે થંભ ફોડી પરગટીઆ શ્રી નરસીરાયે-તેને ભગત પએલાજ જાઇ
લાગા પાયે. ૫૩

ત્યારે શ્રી નરસી ત્રુઠા તે ભગતને કાજ-તેને દેવે આલીઓ વઇકુંઠમાં
અવીચળ રાજ. ૫૪

ત્યારે દેખી દઇતને માહા કોપીઆ શ્રી હરી-તેને દેવે ધરીઓ માહાબળ
જુધજ કરી. ૫૫

હારે દુષ્ટી તેં એશું કીધું જે-મારા ભગતને શું કારણ દુખજ દીધું. ૫૬

ત્યારે દઇત કહે દીવસ રાત મારો મોત નહિ-મને સ્ત્રી પુરૂષ ન મારે કોઇ. ૫૭

ત્યારે દઇત કહે હું નહિ મરૂં ઘરમાંએ નહિ બાહાર-નહિ મરૂં ધરતી નહિ
આકાશ મીંજાર. ૫૮

હું લોઢે લાકડે લીલે સુકે નહિ મરૂં મુને છે આધાર-શ્રી શંકર કહીઓ તે
અમર છે મારો વિચાર. ૫૯

એસો વર સુને શ્રી શંકરે આલીઓ એ શ્રી હરી-તો સુને મારશે કેમજ કરી. ૬૦
જ્યારે ત્રીસંજા વેલાજ થાએ-ત્યારે શ્રી હરી બેઠા કાઢી પાયે. ૬૧
ત્યારે શ્રી હરીએ રૂપ પરકાસ્યો એહ-તારે દેવે ઉદર નખેસું વીદારીઓ છે તેહ. ૬૨
ત્યારે શ્રી નરસીએ દઈત હરણાકંસ મારીઓ નેવા હેઠ-તેને બહુ વાંકા
નખ વાએયા પેટ. ૬૩
જ્યારે દેવે મારીઓ હરણાકંસ ; નીકંદજ કીઓ-ત્યારે દઈત મારણેકુ શ્રી
નરસી રૂપજ લીઓ.
ત્યાં દેવે નખેસું મારીને પેટજ ફાડીઆ-ત્યારે કરોડ પાંચેસું પહેલાજ
ને તારીઆ. ૬૫
ત્યારે દઈતને રગતે નાહેયા છે સરવે દેવ-ત્યારે ભગતુંને ઘેર મંગળ વરતીઓ
છે તતખેવ. ૬૬
જ્યારે ચોથો રૂપ હરી નરસંગ રૂપે અવતાર-ત્યારે હરીએ ભગત પએલાજનું
કીધો ઉધ્ધાર. ૪૭
જ્યારે દઈત હરણાકંસ શાહા મારીઓ જેણીવાર-ભગતને વર આલી પછે
સંસારમાં પ્રગટ થયા મોરાર. ૬૮
ત્યારે ત્રરતા જુગમાંહે હરીએ રૂપજ ધરીઆ-ત્યારે ચાર દાણવ દેવે મારી એણે
પેરે રાજા પએલાજને તારીઆ. ૬૯
ત્યારે ભગત પએલાજે સતપંથજી ધીઆયેઆ છે જીયાં-અને સરવે લોકો
નીંદા કીધી છે તીયાં. ૭૦
ત્યારે ભગત પએલાજને લઇ દઈતે થંભસું બાંધીઆ જીયાં-તો પુઠ ને
ફેરાવી છે તીયાં. ૭૧
જ્યારે ત્રીતા જુગમાં બ્રહ્મા પંદર કરોડ નીમાયા સહી-તેમાં પાંચ કરોડ
તે સનસુખ હરી. ૭૨
જ્યારે ભગત પએલાજને કષ્ટ પડી છે જ્યાં-ત્યારે પાચ કરોડ ઢુંઢી ગયા છે ત્યાં. ૭૩
જે ત્રરતા જુગ માંહે ગુર બ્રહ્માના ઘરે પંદર કરોડ નીમીયો-તેમાંથી પાંચ
સાચી જાણ.
પાંચે વિશ્વાસ ઓછો આણીઓ-તે ફીરી ફીરી પડીઆ ચારેઇ ખાણ. ૭૪
તે માંહેથી કરોડ પાંચ પરલે ગીયા-જેણે ગુરનર ઉપર નહિ પુરો રાખીયો નેહ.
તે જાણી કરી ભુલા ગાફલા-દોજકે ગયા છે તેહ. ૭૫
ત્યારે ભગત પએલાજ સતગુર પુરા સેવીઆ-અને ગુરનરની પુરી પરમાણી વાચ.
તે પાંચ કરોડસું દેવ નીપના-તેની જુગમાંયે ચાલી સાચી સાંખ. ૭૬
તો સુનીવર ભાઇ આજ એસા સતપંથ ધીયાઇએ-જેસા ધીઆઇયા રાજા પએલાજ
તેણે સગા સાવગાં કીધાં કારમ-તેની શામીએ એક પળમાં રાખી લાજ. ૭૭

તો મુનીવરમાંહે ભગત પએલાજે સતજ રાખીઓ–તેણે આ ગુરનર ઉપર આણીઓ નેહ.

જે જીવ ટુક ટુક કરેઆ–તોએ ન છોડીઆ સતગુર સું નેહ. ૭૮

ત્યારે કરતા જુગમાં ચાર રૂપ હરીએ ધરીઆ–ત્યારે ચાર દાણુવ દેવે આપે સંગારીઆ. ૭૯

જ્યારે નરસી રૂપે કીધો છે કામ–ત્યારે મારી દઇતને ફેરાવીઓ ઠામ. ૮૦

ત્યારે દેવે હરણાકંસને મારીઓ જેણીવાર–ત્યારે સંસારમાં પરગટ થઇઆ મુરાર. ૮૧

જ્યારે સંસારમાં પરગટ થઇઆ મુરાર–ત્યારે સરવે સૌંસારે ઓળખીઓ જાણ. ૮૨

ત્યારે શ્રી નરસીની માતા તો ચંદાવતી કહીએ–અને પીતાતો હરીતક કહીએ. ૮૩

ત્યારે ગુરતો અમર તેજ જાણુ–સખતા તો શમીયા દેવી પરમાણુ. ૮૪

ત્યારે સ્વસ્થાન તો કાશમીર મંઢણુ જાણુ–ક્ષેત્રતો મુલતાન નગરી પીરમાણુ. ૮૫

નરે દારીઓ દાણુવ હરણાકંસ જાણુ–ત્યારે ભગત પએલાજને તારીઆ નીરવાણુ. ૮૬

ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર નરસીરૂપે જાણ–ત્યારે રીગવેદ હોતા પરમાણુ. ૮૭

ત્યારે સતર લાખને અઠાવીશ સેહેસ્ત્ર જુગ કરતાનું પરમાણુ–ત્યારે ભગત પએલાજ પામીઆ અમરાપુરી દામ. ૮૮

ત્યારે તેતો ગુપત પંથ આરાધેઆ જાણ–તેણે અમરાપુરીનું દામ પામીઆ નીરવાણુ. ૮૯

ભાઈ ઇયાં થકી ચોથો નરસી રૂપ સંપુરણ ભવસંતો સાચ–એવી ગુર ઇમામશાહા બોલી વાચ. ૯૦

અવતાર પાંચમો.

શ્રી સતગુર બ્રહ્મા વાચા સાચીરે સાચ–એવી ગુરજીએ બોલી છે વાચ. ૧

જ્યારે બીજા ત્રેતા જુગની સાચી શાખ જેહ–ત્યારે જુગુમાંહે આવીઆ ગુર વીજેસઠણુ બ્યાસજ તેહ. ૨

ત્યારે એ જુગમાંહે દઇત બલરાજા હોઈ અવતરેઓ–તે છાસઠ કરોડ દઈત સાથે પરવરીઓ. ૩

તે જુગમાંહે બલરાજા એક છત્રે રાજ કરીઓ નિર્વાણુ–તે દઇંતનું ગુર વાંચે વેદ પુરાણુ. ૪

ત્યારે ગુરને બલરાજા જઇ પુછીએ વીચાર–કહો ગુરજી નારાયણુ દેવસું જુધ કરતા નહિ આવીએ હાર. ૫

તો ગુરજી અમને જોતક જોઇને કહો ભેવ–જેમ તમે કહેશો તેમ કરશું દેવ. ૬

ત્યારે તેના ગુરે કહીઓ તું વચન સાંભળ અમતણો–હવે તમે જગનદાન માંડો ઘણો. ૭

ત્યારે ગુરના બલરાજાએ એસા વચનજ લીઆ—ત્યારે જગનદાનના વરતજ લીઆ. ૮

ત્યારે જે કોઇ જાચક જાચવા આવે બલને તાંહે—તેને બહુ અંન આપે :અને સોવનની ગાએ. ૯

ત્યારે બલરાજાના [મનમાં ચીન્તા બઈ—જે હવે અમે જગનનું આરંભ માંડીએ સહી. ૧૦

ત્યારે બલરાજા વીપ્ર તેડાવીઆ બહુ વેદવંતા જાણ—તેણે બહુ હોમ જગન માંડીઓ તેણે પરમાણ. ૧૧

ત્યાં હોમ ઘૃત અમૃત દુધ કરે જેણે હાર—ત્યાં હોમ પરમાણે પોંહચે બહુ સાધન સાર. ૧૨

ત્યાં મીલીયા બહુ રાજા બ્રાહ્મણ ક્ષત્રી અપાર—ત્યાં સહુ કોઇ આવી બેઠા જગનને દ્વાર. ૧૩

ત્યાં ભણે બ્રાહ્મણ વેદ પુરાણ જગન મેધ આહે—તે સરવે મંત્ર ભણી આંખે જયજયકાર માંહે. ૧૪

ત્યારે તેની જાળ જઇ લાગી બ્રમંડ—તેના તાપે કંપેઆ ઇંદ્રને નવ ખંડ. ૧૫

ત્યારે બલ રાજા એણીપરે જગન નવસો કરીઆ—તેરે દેશ બ્રહ્મસેન રાજાનું એક પ્રતિહાર આવી સંચરીઆ. ૧૬

ભાઇ અમારો રાજા બ્રહ્મસેન અમોને પરઠીયો છે જોએ—તેની એક પુત્રી આપે છે તોએ. ૧૭

ભાઇ રાજા બલ તમે પરણો એ કન્યા છે રૂપવંતી માહા નીરવાણ—તેનું રૂપ જેમ ઉગતો ભાણ. ૧૮

ત્યારે તે મદનું માતો દઇંત જગન માંહેથી ઉઠીઓ સહી—તે એ કન્યા રાજા બ્રહ્મસેન ઘરે પરણવા ગયો તંહી. ૧૯

ત્યારે સરવે દેવ મીલીને શ્રી હરીને કહીઓ—શામીજી બલરાજા તો માહા પાપી થઇઓ. ૨૦

હવે શામીજી તમે કાંહીક છળભેદ કરો શ્રી હરી—તોએ બલ દાણવને ધરો સંગારી. ૨૧

ત્યારે એવો દેવ રખીસર બોલીઆ જોણી વાર—ત્યારે દેવ વીરદ બ્રાહ્મણ રૂપ લીધો તતકાર. ૨૨

ત્યારે શામીજીએ તેનું સત જોવાને હાથે કરવતી લીધી સંભાર—તે દેવ એક ખણમાં ગયા રાજા બ્રહ્મસેનને દુવાર. ૨૩

ત્યાં બહુ ભીલી જાન જાચક કરોડા કરોડ—ત્યાં બલ બેઠા મંઢપમાં જોડા જોડ. ૨૪

ત્યાં શામીજી આશીર્વાદ દેઇ બ્રાહ્મણ રૂપે ઉભા રહેઆ—ત્યારે શામીને નમસ્કાર રાજા બલે કરીઆ. ૨૫

શામીજી તમે તતખણ આવીઆ તે કોણ સ્નેહ-તો શામીજી મહી પ્રતિહાર
તુને દાનજ દેહ ૨૬

ત્યારે કહે શામી તમે સાંભળો બલરાયે આપ-તમે જે દાન આપો તો લઉં
તમારે હાથ. ૨૭

ત્યાં બલરાજાને શામીએ જાચીયો ત્યાં વીપ્ર બોલીઆ તતખણા-તો કહો તો
હસ્તી ઘોડા ચોવન આલું ઘણા. ૨૮

ત્યારે શામીજી બોલીઆ સાંભળ બલરાજા તમસું કહું વાત વિચાર-કે અમારે
ઘેર નહિ સતવંતી નાર. ૨૯

તેની બહુ ઇચ્છા ધરૂં છું તેનું તમને કહું વીચાર-તો તમારી પરણી કન્યા
આલો નાર. ૩૦

ત્યારે પ્રતિહાર બોલીઆ શામી નહિ મણા- વરી અમારા નગરમાંહે વીપ્ર
છે ઘણા. ૩૧

શામીજી એકની કન્યા ચાર તમને પરણાવું સહી-ત્યાં એસી બલરાજાએ
વાર્તાજ કહી. ૩૨

ત્યારે બોલીઆ શામીજી તમે સુણો બલરાયે-હવે મુજથી હાથ વાડો
બેઠો નવ જાયે. ૩૩

ત્યારે રાજા કહે શામી વરો એ વીવા નાર-તો મહારાજા તમે થાવો
ગૃહસ્ત આચાર. ૩૪

જેતું પરણે છે બાલી સુંદરી-તે મુને આલો એકજ મનજ કરી. ૩૫

જ્યારે બલ રાજા એસા વચન સુણીઆ તતકાર-ત્યારે તેણે તો આલી
સુંદરી કન્યા નાર. ૩૬

ત્યારે સર્વે રાજાના સગા સાજન બલના મુખ સામુ જોએ-ભાઈ આવી
ધીરજ તે અવર કોઇથી નહિ હોએ. ૩૭

ત્યારે શ્રી નારાયણ દેવ હંસી કરી બોલીઆ તેણે હાયે-ભાઇ હું તો તમારી
ધીરજ જોવા આવીયો છું હો રાયે. ૩૮

ત્યારે કહે તું બલરાજા માહા સતી માહા સુજાણ-તમે બહુ દાન પુન કરી
કાઢીઓ નામ. ૩૯

એસા વચન કહી શામીજી ઉઠી જાએ-ત્યાં બલરાજા પરણીને આવીઆ
જગતને હાએ. ૪૦

ત્યાં એસો છલ કરી નારાયણ બ્રાહ્મણ રૂપજ ધરીઓ-ત્યારે બોલીઆ દઇત
માહા મન મોટો કરીઓ. ૪૧

ત્યારે શ્રી નારાયણ દેવ બલને છળવાનો ધરીઓ વીચાર-ત્યારે દેવે ધરીઆ
પાંચમું વામન અવતાર. ૪૨

જ્યારે પાંચમું દેવે ધરીઓ વામેમણ રૂપ અવતાર–ત્યારે દેવ જઈ ઉભા
રહીઆ રાજા બલને દુઆર. ૪૩

ત્યારે દેવે ચાર વેદ મુખમાંહેથી કહેઆ–ત્યારે નગરના લોક સર્વે અચંબે થઇઆ. ૪૪

ત્યારે રાજા બલ સું વાત કરે છે પ્રતિહાર જાએ–આપણે દ્વારે એક વીપ્ર
ઉભો છે હો રાય. ૪૫

તે પીંડત દીસે છે એક માહા સુપાત્ર–તે ચાર વેદની વાણ ભણે છે મુખપાટ. ૪૬

ત્યારે તે દીસે છે વામેમણ સ્વરૂપ અવતાર–તે સુણો બલ રાજા એસો એક
માહા સુપાત્ર આવીયો છે આપણે દ્વાર. ૪૭

ત્યારે સુણી વાત બલરાજા સનમુખ ચાલીઓ જાયે–ત્યાં એક પ્રતિહાર
સાથ તેડીઓ જાયે. ૪૮

ત્યારે શામીજીને કરી પ્રણામ બલ ઉભો છે આડે–ત્યાં વીપ્ર બોલીઆ છે
સતજ ભાએ. ૪૯

ત્યારે સુણોરે બલ રાજા તારો જશ નવ ખંડમાં હોયે–તે કારણ હું જાચવા
આવ્યો છું તોએ. ૫૦

ત્યારે દેવનાં વચન સુણી રાજા બલ કિરોજ રહે–હારે તું માગ માગ એમ
બલરાજા કહે. ૫૧

એ શામીજી જે કાંઇ ઇચ્છા તમારા મનમાં હોએ–કહો તો અંન વસ્ત્ર આલું તોએ. ૫૨

તમો સુણો હો બલરાજા અંન વસ્ત્રની ઇચ્છા નહિ મોએ–જો શામીજી કહો
તો સોવન દાન આલું તોએ. ૫૩

ત્યારે રાજા સોવન તો હું શું કરૂં–કહો તો શામી હસ્તી ઘોડા લઇ આગળ ધરૂં. ૫૪

હારે રાજા હસ્તી ઘોડાનું મારે નહિ કાજ–કહો તો શામી આલુ પૃથ્વીનું રાજ. ૫૫

હારે રાજા મારે રાજપાટ ભોગવવાનું નથી કોઇ–અઉંઠ કરમ પૃથ્વી આલો મોએ. ૫૬

ત્યારે બલરાજા કહે શામી સાંભળ મોરી વાત–કેટલોક છે તમારે સાથ. ૫૭

હારે રાજા ઇથાં લોક કુટમ મારે નથી કોએ–અહીં હું એકલો જાચવા
આવ્યો છું તોએ. ૫૮

ત્યારે કહે બલરાજા સુણો શામીજી એ વાત અમજ તણી–ઇયાં બોહોત
પીરથમી છે મારી ધણી. ૫૯

તો શામીજી ઇચ્છા મારા મનમાં થાએ–તો શામીજી પ્રતિહાર પાસે લીઓ જાએ. ૬૦

ત્યારે બોલીઆ વીપ્ર સુણો હો બલ રાયે–અમથી વણમાપી પૃથ્વી કેમ લેવાએ. ૬૧

હારે રાજા તમે ઉદક મેલો મારે હાપ–તો એક મઢી બાંધી રહુ ચતુરમાસ. ૬૨

ત્યારે બોલીઆ શુક્રાચાર્ય સુણો બલરાજા વાત–એ વિપ્ર તમને દેશે ઘાત. ૬૩

ત્યારે પ્રતિહાર બોલીઆ તમે સુણો બલરાયે–એ વીપ્ર નહિ એ શ્રીહરી આએ. ૬૪

ત્યારે શુક્રાચાર્ય વચન બોલીઓ છે આયે–એ વૈકુંઠ નાથ આવીઓ છે હોરાયે. ૬૫

એતો વાયમણ રૂપ આ૦યો દીસે છે ઇયાં–પણ એતો ત્રણ ભમણ સુધી વાધશે તીયાં. ૬૬
જેની તું સેવા કર મંનજ મોએ–એ વીપ્ર છલ પાડવા આવ્યો છે તો એ. ૬૭
હારે બલ રાજા તું મેલ ઉદક મારે હાથ. એવા છળવાતા વચન બોલીઆ નાથ. ૬૮
હારે બલરાજા તું મેલ ઉદક મેલીઓ શુક્રાચાર્ય આડો થઇઓ–તેણે ત્યાં.
ખોઇ નેત્રને કાંણો ભઇઓ. ૬૯
હું બલ રાજા મેં દીધા છે બહુ દાન–પણ મુજ આગળ શ્રી હરી માગે છે દાન. ૭૦
ત્યારે બલ બોલીઆ છે માહા જોધા છો સહી–આ વીપ્રને ચાંપી રાખજો તહીં ૭૧
ત્યારે બલ રાજાએ મેલીઓ ઉદક વીપ્રે હાથે લીઆ–ત્યારે શામી ધ્રુવ મંડળ
સુધી વાધેઆ. ૭૨
ત્યારે દેવને દઇંત જઇ ચરણે લાગો છે જીયાં–તેને સતગુરજીએ ભુતખાતું સોંપીઆ. ૭૩
ત્યારે દેવે એસો રૂપ એક ખણમાં કીધો સહી–તે દેવને ત્રન કરમ પીરોથમી થઇ. ૭૪
ત્યારે અરધો કરમ પીરોથમી વીપ્રને દેવી રહી–ત્યારે દેવે દૈંત્યના મુસ્તકે પગ
દેઇને ચાંપીઓ સહી. ૭૫
ત્યારે માગ માગ બલને દેવે કહીઓ–શામીજી તું દીવસ રાત પીરોણો રહો. ૭૬
ત્યારે એસો વચન બલ બોલીઓ સહી–માટે શામીજી ચલીત્ર કરી તેનું
જગન રદ કીધો જઈ. ૭૭
ત્યારે પાંચમું રૂપ હરીએ ધરીઓ સાર–ત્યાં દઈત કારણ ધરીઓ વાએમણ
અવતાર. ૭૮
ત્યારે બલ દાણવ દેવે મારીઓ જેણે વાર–પછે સંસારમાં પીરગટ થઇઆ મોરાર ૭૯
તે બલરાજા બહોત દાનપુન આલીઓ–અને બ્રાહ્મણને દીધી સોવનની ગાયે.
પણ જ્યારે હરીએ તેને ચાંપીઓ–ત્યારે દાનપુન સરવે એરે જાયે. ૮૦
તમે સુણો હો સતી લોક તમને સતગુર કહે–તમે કેટલોક દાનપુન દેશો
બ્રાહ્મણોને હાથ.
જો રાજા બલ સરીખો ટલી ગીઓ–તો તમારી કોણ છે વાત. ૮૧
તમે સુણો સહુ લોક–તેણે ગુર વીજેસકળ વ્યાસને નથી ઓળખીઆ આહે.
તે દાનપુન દીધો છ દરસણને જાએ. ૮૨
પણ આજ તેણેથી કામ ન નીપજે આહે–જેમ ગીરધવા ખેત્રજ ખાએ. ૮૩
ત્યારે પાંચમે વાએમણ સ્વરૂપ માંહે દઇંત બલરાજાને મારીઓ–ત્યારે ભગત
ક્યાલદેનને ઉગારીઓ. ૮૪
ત્યારે પછે સંસારમાં પ્રગટ થઇઆ મુરાર–ત્યારે સરવે સંસાર ઓળખીઓ
નીરવાણ. ૮૫
ત્યારે શ્રી વાએમણની માતા લીણાવતી કહીએ–અને પીતાતો કેશવરખ તહીએ. ૮૬
ત્યારે ગુર તો બ્રહ્મ લોચન જાણ–સખપતાતો કોયલાદેવી પરમાણ. ૮૭
ત્યારે સ્વસ્થાન તો કોયલાપુર પાટણ જાણ–ક્ષેત્ર તો વણથરી જુનાગઢ પરમાણ. ૮૮

ત્યારે નરે દારીઓ દાણુત તો દઈંત બલરાજા જાણુ-ત્યારે ભગત કમાલદેન
તારીઆ નિરવાણ. ૮૯

ત્યારે ચાર લાખ ને બત્રીશ સહસ્ત્ર શ્રી વાએમણ રૂપે જાણુ-ત્યારે જુજર વેદ
હોતા પરમાણ. ૯૦

ત્યારે શ્રી **વાએમણ** રૂપે સંપુરણ **ભવસંતો** સાચ-એવી ગુરપીર ઇમામશાહા
બોલીઆ વાચ. ૯૧

અવતાર છઠો.

શ્રી **સતગુર બ્રહ્મા** વાચા સાચી સાચ-એવી ગુરજીએ બોલી વાચ. ૧

જ્યારે છઠું રૂપ ફરુસીરામ રૂપ અવતરીઓ-ત્યારે ધનકબાણ દેવે હાથે
ધરીઓ. ૨

તે **જુગમાંહે** બહુ વીયાપક ભરપુર-તે સરવે ફરુસીરામે મારી કીધા દુર. ૩

ત્યારે દેવ ક્ષત્રી મારી પૃથ્વી નક્ષત્રી કરી-ત્યાં દેવે માહા જોધા હણીઆ
શ્રી હરી. ૪

સહસ્ત્ર (૧૦૦૦) અરજણ (હાથ) માહા બલીઆ આહે-તેણેથી કોએ
જુધ કરીઓ નવ જાએ. ૫

ત્યારે તે દઈંત મનમાં એસો ધરીઓ-જે શ્રી ફરુસીરામ કારણે લોહો
પાંજરૂં કરીઓ. ૬

ત્યારે દઈંત પાંજરૂં લઇને શ્રી નારાયણ દેવને ગોતવા ગયો-ત્યારે શ્રી નારાયણ
દેવે કપટ કરી વીપ્ર વરજ ધરડો થઇઓ. ૭

હારે જજમાન તમે માથે પાંજરૂં કેમ લીધો જેહ-તે આગળ મારી પાંચ
પેઢી સંધારી છેહ. ૮

હારે સહસ્ત્રા અરજણ જો તું રાજા બળના વંશનું હોએ-તો નારાયણ
દેવસું જુધ કરજો જોએ. ૯

તેણે મારી પાંચ પેઢી સંધારી ધરી-એસા વચન બોલીઆ શ્રી હરી. ૧૦

ત્યારે દઇંત કહે ગુરજી હું તો તમને પુછું વાત-એ નારાયણ દેવ કેમ આવે
મારે હાથ. ૧૧

હારે સ્વામીજી મેંતો લોહો પાંજરૂં કીધો તેને કાજ-હું તો જીવતો જાલી
લાવું તનેરે આજ. ૧૨

હારે જજમાન જોતું કહીઓ અમારો માને આજ-તો સહી સરસે
તમારાં કાજ. ૧૩

જો આ પીંજરો તમને પુરો હોએ–તો હરી પરમાણુ છે તું પેશાને જોએ. ૧૪

ત્યારે ત્યાં દેવે દઇંતને માંહે પેસાડીને દીધો દુવાર–ત્યારે દેવે દઇંતને સંગારીઓ નીરધાર. ૧૫

ત્યારે દેવે કપટ કરીને દઇંતને લોહો પાંજરે દીયો–ત્યાં દઇંત મારણેકું શ્રી ફ્રુણસીરામ રૂપે અવતરીઓ. ૧૬

ત્યાં છઠ્ઠું હરી અવતાર ધરીઓ સાર–ત્યાં હરીએ ધરીઓ ફ્રુણસીરામ રૂપે અવતાર. ૧૭

જ્યારેશ્રી સેહસ્રા અરજણ દઇંત દેવે મારીઓ જેણીવાર–પછે સંસારમાં પ્રગટ થઈઆ મોરાર. ૧૮

જ્યારે ફ્રુણસીરામ રૂપે દઇંત સેહસ્રા અરજણ મારીઓ–ત્યારે ત્યાં ભગત કમલા પતીને તારીઓ. ૧૯

ત્યારે પછી સંસારમાં પરગટ થઇઆ મુરાર–ત્યારે પછી સંસારે ઓળખીઓ જાણુ. ૨૦

ત્યારે શ્રી ફ્રુણસીરામની માતાતો રણુકાવતી કહીએ–અને પીતાતો જવલગણુ તહીએ. ૨૧

ગુરતો આકાશ ભુંભ જાણુ–સખતા તો તુલજા ભવાની પરમાણુ. ૨૨

ત્યારે સ્વસ્થાન તો મુંજપુર નગરી જાણુ–ક્ષેત્ર તો કોયલાતુર પાટણુ નિરવાણુ. ૨૩

ત્યાં નરે દારીઓ દાણવતો સેહસ્ત્રા અરજણુ જાણુ–ત્યારે ભગત કમલાપતીને ઉધારીઓ નિરવાણુ. ૨૪

ચાર લાખને બત્રીસ સહસ્ર શ્રી ફ્રુણસીરામ રૂપે જાણુ–ત્યારે જુજર વેદ હોતા પરમાણુ. ૨૫

ત્યારે શ્રી ફ્રુણસીરામ રૂપ તો સમાપત ભવસતો સાચ–એવી ગુર બ્રહ્મા પીર ઇમામશાહા બોલીઆ છે વાચ. ૨૬

અવતાર સાતમો.

શ્રી સતગુર બ્રહ્મા હો વાચા સાચીરે સાચ–એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧

શ્રી ગુર વીજેસકળ વ્યાસ વાચા આહે–ત્યારે શ્રી સાતમા રૂપ અવતરીઓ શાહે. ૨

ત્યારે ત્યાં દઇંત રાવણુ પરગટ થઇઓ–તે નાશ જાલતાઇ વનમાં વડવાઇ તપ કરવા ગઇઓ. ૩

ત્યારે ત્યાં વનમાં તપ બેશીને કીધો કાજ–તેણે દેવ કને દસ મુસતકનું માગી લીધો રાજ. ૪

તો શામીજી હું સહજ્ઞ જોધાથી લહુ' ને મારૂં નિરવાણ-તો શામીજી હું ન
મરૂં કેનેરે બાંણ. ૫

તો મુને એવો વર આલો સહી-તો મુખ માંહેથી કાંહી બોલું નહિ. ૬

તો મુને એવો કહો મારા ગુર-જો કોઈ હાર ન કહે એવો માગી લેરૂ વર ૭

ત્યારે દઇતે દેવ કને માહાતાપ કરીને વર લીધો સહી-ત્યાં દઇંત આવી સરવે
દેવ સભા કબજ કીધાં તાંહી. ૮

ત્યારે સરવે દેવ કહે જે ભાઇ વીધાતા લખીઓ હતો જેહ-તે દઇંતને ઘેર
નવગૃહ સેવા કરે છે તેહ. ૯

ત્યારે દઇતને ઘેર સરવે દેવતા કુંદરણા ભરે છે જેહ-તે ઘર પવન આદણ
બોહારે છે તેહ. ૧૦

તે દઇંતને ઘેર બારો મેઘ પાણી ભરે છે નીર-તે ઘેર ચાંદો સુરજ સેવા
કરેછે સુધીર. ૧૧

તે દઇંતને ઘેર સરવે દેવતા ઉદક લીધો નીરવાણ-ત્યાં અમે સતગુર આગળ
પામીએ માન. ૧૨

ત્યારે દઇતને ઘેર પનોતી બારણે બાંધી છે જેહ-અને દેવ હુતાસણ રાંધણ
રાંધે છે તેહ. ૧૩

તે સરવે દેવતા સતગુર વચને કીધો કાજ-તે દઇંતને તપ કરતા દેવે એવો
આલ્યો રાજ. ૧૪

આગળ પેલા જુગમાંહે સુખી મેઘ દેવતા છત કીધી છે ત્યાં-તે તે સુખી
વીરલોચન તુજ ઘેર ભગત જન આવીઆ જ્યાં ૧૫

તે મુખી સરવે જુગમાંહે આવીઆ ભગતુંને કાજે સહી-પણ તે મુખીની
દુઆઇએ તપશી સતગુરની આંચ વિના કોઇ સીધા નહિ. ૧૬

ત્યારે મુખી વીરલોચન તે રાંજા હરીચંદ્રને ઘરને ઉગમણે રહે-તે મુખી
વીરલોચનને ઘરે દેવ સભા ત્યાં ગુપત મીલે. ૧૭

ત્યારે દેવ સભામાં વાજંત્ર વજાડે ઢોલ જેહ-ત્યાં જુગત કરીને કલસ થ-
પાવે ત્યાંથી તારા રાણી કુલ ઉપની તેહ. ૧૮

તે સતીની રાજા હરીચંદ્ર પરખા કીધી છે આહે-તે સતીએ પહેરી ચીર
પટોરી ઘોતી તાંહે. ૧૯

ત્યારે રાજાહરીચંદ્ર તેડાવીઓ પુત્રીનું બાપ-ભાઇ અમે તમારી પુત્રી વરશું આપ. ૨૦

હારે રાજા તમે અમારો મરમ-તમે મીલીઆર ક્ષત્રી
તમારો કોણ છે ધરમ. ૨૧

ત્યારે રાજા હરીચંદ્ર બોલીઆ એવો વચન-ભાઇ ક્ષત્રી ઉકરડેથી લીધો રતન. ૨૨

ભાઇ અમે એક નાર જાણી તેને પરણીએ જેહ-તેને અમે પટરાણી કરશું તેહ. ૨૩

તે રાજા પરણ્યા તારાદે રાણી નાર–એને ઘરમાંહેથી નહિ કાઢું બાહાર. ૨૪

તારે રાણી કહે ગુરજી તમ આગળ ઘણીક સ્તુતિ કરી માગું એમ–તો શામી
તમે સરવે દરવાજાના તાળા ભુંગર ભાંગજો તેમ ૨૫

તે રાણીએ જયારે હસંલો રેવત પલાણીઓ જ્યાં–ત્યારે સતગુર વચનેથી
હઝરત અમરીખ ઉતરીઆ ત્યાં. ૨૬

ત્યાં રાજા હરીચંદ્રની રાણી બહુ સેવા કરે આપ–પણ સતગુરની સેવા
કરવા પુત્રી જાવે ઘેર બાપ. ૨૭

તે રાણી ત્યાં દેવ સભા માંહે જાતાં કરતાં થાળ–પણ તે રાણીને દાસીયું
સઘળીયું બોલતી આળ. ૨૮

ત્યારે સરવે દાસી મીલી રાજાને જાણ કીધા જે રાણી જાયે બીજે થાન–તો રાજા
તમે એ રાણીને શું દીઓ છો માન. ૨૯

તે દીસીને વચને રાજા હરીચંદ્ર સ્ત્રી ચરિત્રે જોવા રાણી સાથે થયા–ત્યાં હંસલા
ઘોડાને પુંછડે વીલગી રાજા દેવ સભા માંહે ગયા. ૩૦

ત્યાં સભામાંહે સરવે નાના મોટા શ્રી સતગુરની સેવા કરે છે બાલ–તે રાણીનું
હંસલો ઘોડો વીરોધીને ગતમાંહે કરતા થાલ. ૩૧

ત્યારે તે ઘોડાના હાડચામ એકઠા મેળીને સરવે ગતમુખી વીનંતી કરે સરવે દેવ–ત્યાં
હંસલો ઘોડો બેઠો થાયે સતીને વચને તતખેવ. ૩૨

ત્યાં રાણીને સરવે દેવ રખીસર સરવે બોલાવીને થયા અબલા માત–તે થાલ
ભાણેજને કાજે બાંધી આપીઓ સાથ. ૩૩

ત્યારે થાલ રાણી સાથે બાંધીઓ અને હંસલો રેવત પલાણીઆ–ત્યારે રાજા
હરીચંદ્ર પાછો ફીરી પુછડે વળગીઓ છે ત્યાં. ૩૪

ત્યારે રાણી થાલ લાવીઆ અપણે ઘેર–ત્યારે રાજા હરીચંદ્ર કહે કે આ
રાણીના જીવની શી થાય છે પેર. ૩૫

રાજા હરીચંદ્રના હાથમાં સોહા ખડંગ ત્યાં રાજા હરીચંદ્ર બોલીઆ આળ–ઓ રાણી
તું સાચો કહે જે આજે શેનું લાવી છે થાલ. ૩૬

હારે દાસી જો તું બહાર પગ કાઢે તો મુસ્તક વાઢું તેહ–આજ અમેં સરવે
દીઠો જે દાસીએ કહીઓ જેહ. ૩૭

ત્યાં અઢાર વરણ એકઠા મલે છે જેહ–તે મલી જીવ હીંસા કરો છો
:ઉપઘાત તેહ. ૩૮

શ્રામીજી તમે દાસીના વચને શું બોલો છો આળ પંપાળ–તમે ખણુંગ મેલો
અમ અબળા સ્ત્રી ઉપર તમે શું કરો છો પ્રાણ. ૩૯

જયારે રાજા હરીચંદ્ર માહા કોપ કરીને ઉઠીઆ–ત્યારે રાણીએ થાલ દેખાડીઆ
આપ જ્યાં સુધી અમને જુઠો કહો છો તે સરવે મીલીયો છે પાપ. ૪૦

ત્યારે રાણીએ થાલ લાવીઆ રાજા આપ દ્રષ્ટે દેખે જેહ–તે સરવે સતગુર
વચને નીપના રાજા હરીચંદ્ર માહા અચરત થયા તેહ. ૪૧

ત્યારે સતગુર પરસાદે શુગરી મોતીડા ફુલ નીપનાં જાણુ–ત્યારે લાડુડા સતગુર
કરીઆ બીજોરાં નારંગી નીરવાણ. ૪૨

ત્યારે પુરીયુંના થયા છે નાગર વેલના પાન–ત્યારે માંસ નીપનું દ્રાક્ષની જાત. ૪૩

ત્યારે રાજા હરીચંદ્ર મનમાં અચંબો થઇઆ આપ–આતો છે સતની વાત. ૪૪
ત્યારે રાજા હરીચંદ્ર ખગુંગ મેલી ઉભા રહીઆ–હવે રાણી અમને ધરમનું
પરછાવજો મરમ કહો તો રાણી અમે આવીએં જો તમે દેખાડો સત ધરમ. ૪૫
એ રાજા તમેં તો રાજ કરો છો પણ આ સતપંથ છે ખંડા કેરી ધાર–ખરી
ખોટી બંધ ભાગશે આ સતપંથ આવો છે જે સીરને સાટે ચાલવું નીરધાર. ૪૬
હો રાજાજી તમને રાજ વાલુંને સીંગાસણ વાલું તે સરવે અંદર બાંધી છે
આશા–કંઇ તમને વાલો ઘોડો હંસલો તમને વાલો કુંવર રોહીદાસ. ૪૭
ત્યાં સતગુરજી સરવે માગશે જો તમારો સતગુર ઉપર ઇમાન પુરો હોએ–તો
સતગુરજી તમારો રાજપાટ સરવે માગશે–અને તમારા કાળજાં માગસે સોએ. ૪૮
એ રાણી અમે રાજપાટ સરવે આલશું જો સતગુરજી કહે તો અમે ચાલશું
વન–અમે સતપંથ પ્રમાણે ચાલશું પછે ગુરનરને દેશું તન. ૪૯
ત્યારે હરીચંદ્ર સતગુર વચને સવા લાખ સાજન મેલીયા અને છપન રથ
મેલેઆ તેહ–તેના ઘરે સવા લાખ ભટ જાચે છે તે સતગુર વચને મેલીઆ છેહ. ૪૦
રાજા હરીચંદ્ર ઘેર બેતાલીસ લાખ રજા સલામે આવે અને પોતાને પાસેથી
છનું લાખ પુકે ચડે જેહ–તે રાજા હરીચંદ્ર સરવે છોડીઆ, તેના ધન
કોટડીનું પાર ન છેહ. ૫૧
તે ભગત હરીચંદ્ર સતગુર સીરેવીઆ સતસું તે જેમ ઘૃત પારીઆં જેહ.
ત્યારે રાજા હરીચંદ્ર લુહારને ઘેર ઘણુ કુટી કરી ખરી કસોટી કરી કાંકણુ
બંધાવીઆ તેહ. ૫૨
તે રાજા દેવ સભા ઘેર લાવીઆ અને ચોકની ફેરતા તાજ કરી ધીઆન
તે પણુ રાત દીવસ ગતની સેવા કરીને આપીઆ સતગુરજીને ફરમાન. ૫૩
ત્યારે ભગતને કારણે સાતસું રૂપ હરીએ ધરીઓ–ત્યારે દૈંત દશાશર કારણુ
શ્રી રામ અવતરીઓ. ૫૪
ત્યારે રામ લક્ષમણુ રાજ કરે છે જેહ–તે કેકઇને નજરે ન સુહાવે તેહ. ૫૫
તે લખમણુના મનમાંહે એમજ કરે–તે ભગત બહુ સેવા શ્રી રામની કરે. ૫૬
ત્યારે કેકઇના મનમાં એસો ધરે–તે રામલખમણુ એ રાજ કેમ કરે. ૫૭
કેકઇના મનમાં કપટજ થાએ–તે વચન છળવા રાજા દસરત પાસે જાએ. ૫૮
તમે સુણો શામી વચન માગું આજ–તમે ભરત શત્રુગણુને આપો રાજ. ૫૯

રામ લખમણને દીઓ વનવાસ–આજ એસા વાચા માગુ તમારે પાસ. ૬૦

જ્યારે રામ લક્ષમણને એસી રજા રાજા દસરતની થાએ–ત્યારે રામ લક્ષમણ
હીયા એણે જાએ. ૬૧

ત્યારે રામ લક્ષમણે છોડીઆ રાજ અજોધ્યા તણા–ત્યારે બંધવ ભાઇ
રોઇયા છે ઘણાં. ૬૨

ત્યાં રોઇઆ ભગત સરવે અજોધા તણા–ત્યાં પશુ પંછી રોઇયા છે ઘણા. ૬૩

ત્યારે રોઇઆ નગર કુટુંબ પરીવાર–ત્યાં રોઇઆ હસ્તી ઘોડા તુરીંગ તુખાર. ૬૪

ત્યાં રોઇઆ મૃગ પખી જંગલજ તણાં–ત્યાં રખીસર લોક રોઇયા છે ઘણા. ૬૫

ત્યારે સરવે રખીસર મલી દુખજ ધરીઓ–હારે બાઈ કેકઇ તમે આ શું કરીઓ ૬૬

હારે બાઇ તમે કાંઈ ન જાણીઓ શ્રી રામ પરતાપના પાર–એ દેવ છે ચઉદ
ભમણનું સીરજણહાર. ૬૭

ત્યાં સરવે સખીસરે મલી કીધી એક વાત–આપણે સર્વે જાઇશું શ્રી રામને સાથ. ૬૮

ત્યારે રખીસરે એવો દુખજ ધરી– ત્યારે પાછા ફીરી બોલીઆ શ્રી હરી. ૬૯

હારે ભાઇ તમે સરવે વસો પાછા તમે શીદ આવો છો અમ ભણી–અમને
રજા થઇ છે રાજા દસરત તણી. ૭૦

ત્યાં શ્રી રામે સરવે રખીસરંને સમજાવી કહીઓ મરમ–અમે ભોગવશું અમારો કરમ. ૭૧

ત્યાં તમારો આવ્યાનો કાંહે નથી કાજ–તમે સરવે પાછા જાઓ ફીરી
અજોધા આજ. ૭૨

ત્યાર ગુરૂ વીજેસઠળ વ્યાસને શ્રી રામ જઇ બેઠા એક ઠામ આહે ત્યારે શ્રી
રામની રજા લહી ગુર તપ કરવા જાએ. ૭૩

ત્યાં ગુરની રજા લઇ શ્રી રામ નીસરીઆ–તે દેવ પંચવટી વનમાં જઇ સંચરીઆ ૭૪

ત્યાં દીઠું જંગલ ઉતમજ ઠામ–ત્યાં બાંધી મઢીને બેઠા શ્રી રામ. ૭૫

ત્યારે દેવે બાર વરસ વનમાં રહેઆ સહી–તેની દઇંત રાવણે સુધજ લહી. ૭૬

ત્યારે પંચવટી વનમાં ગુર દેવ પધારેઆ–ત્યાં પુછે શ્રી રામ આપ.

હવે દઇંત વાહપક પરગટ થઇઓ–તે કહો ગુરજી દેવ સભા કોણજ વાત. ૭૭.

ત્યારે નગરમાં નારદ રખીસર આવીઆ છે જેહ–તેને દેવે બહુ માન દીધા છે તેહ. ૭૮

સ્વામીજી તે સહુ સતવાદી લોકજ છેહ–ત્યારે દેવસભામાં બોલીઆ તેહ. ૭૯

ત્યારે વિશ્વામિત્ર માહા રૂશી બોલીઆ એમજ સહી–અમે છત્રીશ જુગ
અંગુષ્ટેભર તપ કીધો છે જઇ. ૮૦

તેથી ભગત આદના થઇઆ છે જેહે–હવે હું એને છળ પાડીશ સોહે. ૮૧

ત્યારે શ્રી સતગુર વીજેસઠળ વ્યાસે એમ કહીઓ છે જાયે–તારા રાણી
હરીચંદ્ર વિશ્વામિત્ર માગે તે કહેજો હાથે. ૮૨

જો અમરાપુરી લેવાનું અરથજ હોએ—તો મુખ માંહેથી નામ કહેજો કોએ. ૮૩
જે ગુર દેવજી તમે ભલે પધારીઆ—નહિ તો અમારો જીવ નરગે પડતો જેહ. ૮૪
આજ શામી જો તમને મુસ્તક કાપી આપીએ—તોએ ગુણ ઉશીગણ ન થાઇએ તેહ. ૮૪
ત્યાં વીશવામિત્ર પોતે પધારીઆ—અને સુવરનું રૂપ લીધો છે જેહ.
જે રાજાની વાડી વાલી છે—તેના ફુલ ગટ કલેશે ચડે છે તેહ. ૮૫
તે વાડીના જાડ વન ઉખોડીઆ—ત્યારે રાજા હરીચંદ્ર કહે એતો વિશ્વામિત્રનું છે કામ
એ રાજાના અશ્વ હેઠેથી નીસરીઓ—બીજા કોહોનું ન લીધો નામ. ૮૬
ત્યારે રાજા હરીચંદ્ર સુવર સાથે શીકારે ચાલીઆ—ત્યાં નદીએ વિશ્વામિત્ર જેહ
ત્યાં વિશ્વામિત્ર બ્રાહ્મણ રૂપ થઇને ઉભા રહેઆ—અને રાજાને ઉભો રાખીઓ તેહ. ૮૭
ત્યારે વિશ્વામિત્ર બાલક બે નીપાવીને લાવીઆ—એ રાજા એ વર કન્યા છે જોડ
જો રાજા હરીચંદ્ર તમે નાહા કહીને ઉભા રહો—તો અમારા પુરણહાર કરોડ. ૮૮
ત્યારે રાજા હરીચંદ્ર કન્યાદાન દઇને પરણાવીઆ—અને નદીએ વિશ્વામિત્ર જેહ
ત્યારે રાજા હરીચંદ્ર રાજપાટ હસ્તી ઘોડા સર્વે આલીઆ—મંગળ ચાર વરતીઆં તેહ. ૮૯
હાંરે રાજા હરીચંદ્ર તમે કન્યાદાન દઈ રહેઆ—વર વહુ પરણાવીઆ જોડ
હવે બ્રાહ્મણ એમ કહે અમને કાંહીક આપો—અમે સવાભાર સોવન માગીએ જાણ. ૯૦
શામીજી અમે તમને આપશું—નહિ તો હાથ જોડી આગળ ધરશું દેહ. ૯૧
અમે અંન પાણી ત્યારે આરોગશું—જ્યારે તમારો બ્રહ્મરણ છુટશું તેહ. ૯૨
ત્યારે રાજા હરીચંદ્ર તારારાણી લોચના કુંવર રોહીદાસ—એ જણ ત્રણ વે-
ચાવા ચાલીઆ સતસું તો ગુર દેવજી અમે તમને ઘણીક અસ્તુતી કરીને
કહું—શામી અમારે મને આશ તમારી અમે કીરીઆ વોણા છહું. ૯૨
શામીજીએ ભાર દીયા તે સીર ઉપર લીઆ—તેતો લેવા અમરાપુરીના કાજ
શામીજી અમે કોટ પાટણ ગઢ મેલેઆ—સતગુરજી તમારા વચને રાજ. ૯૩
તારે રાજા હરીચંદ્ર કહે તારારાણી સાંભળો—આપણે શામીજી શ્રી સતગુરજીને
પુછીએ ઇયાં અવર કોઇ અદકી કરણી કમાવીએ—આપણને મ કહેશો ત્યાં. ૯૪
એ રાજા શામીજી સતગુરના વચન સીર ચડાવીએ—આપણે વેચાઇએ આપ
તો હજરત શાહાસું કબુલજ હોઇએ—સરવે જુગના જાવે પાપ. ૯૫
ત્યારે ભગત હરીચંદ્ર તારા રાણી લોચના કુંવર રોહીદાસ—એ જણત્રણ કાશી ખંડમાં વેચાવીઆ સતસું
તેણે માથે ખડના પુલા લીધા જેહ—તે ભગતે એણીપરે આનંદ ગાએઆ ત્યારે અમરાપુરી લીધા છે જેહ. ૯૬
ત્યારે કુંવર રોહીદાસ ખડના પુલા લાવેઆ મુંદરકા આપી જ્યાં,
બાપ બાપ્રી વને તે હું શું કરું—સાત શાહે નીરોપો ત્યાં. ૯૭

તેણે ભગતે પેલા સવાભાર બ્રાહ્મણને આલીઆ–તે વેસા બ્રાહ્મણ ઝાંપડાને
ઘેર વેચાણા જ્યાં ૯૭

તેઓને વિશ્વામિત્ર કસ કસેઆ–પણ સતી સત ન ચુકા તીયાં. ૯૮

ત્યારે ભગતને વર આપીઆ શામીજીએ–ત્યારે દઈંત મન વશીઓ જ્યાં
ત્યારે પહેલી અઠોતેર બુદ્ધિ દઈંતને સુજતી–પણ એક ન સુજી ત્યાં ૯૯

ત્યારે એવો વાદ વિરોધ કરતાં દઈંત રહીએ–પણ જ્યારે સર્વે સંધ પુરી થાહે
તેણે શ્રી રામ લક્ષમણ સાથે ખેદેઓ–તે ત્યાં સીતાને હરવા જાએ. ૧૦૦

હારે ભાઇ રામ લખમણ બે આવીઆ–તેતો આપણા વનમાંહે રહે
હુતો લાવું સીતા શ્રી રામની–એમ રાવણ કહે. ૧૦૧

મેંતો સરવે દેવ વશ કરીઆ–અને હું છું લંકાનું ધણી
હું માહા બળીઓ તારે–જો લાવું સીતા રામ જ તણી. ૧૦૨

ત્યારે દઈંત રાવણે એસો ગીરહ મનમાં ધરીઓ–ત્યાં કારસું મૃગ સોવન
શીંગડી કરીઓ. ૧૦૩

તે ગયો મૃગ વન મીંજાર–જ્યાં હતી સતી સીતા નાર. ૧૦૪

શામીજી તમે મારો મૃગ સીતા કહે આએ–ત્યારે લક્ષમણ ઉઠી આપેણે જાએ. ૧૦૫

ત્યાં ચોળી ભગુત ભેખ રાવણ ઉભો છે મંદલીને બહાર–તે અતીતનું ભેદ
નહિ દળીઓ સીતા નાર. ૧૦૬

તે સતી સીતા રાક્ષસનું ભેદ નહિ લીયો–તે સીતાને ઉપાડી રાવણ લઈ ગયો. ૧૦૭

ત્યારે રામ લક્ષમણ આવીઆ છે મઢીને ઠામ–ત્યાં નહિ સીતા એમ કહે શ્રી રામ. ૧૦૮

ત્યારે સુની મઢી દીશે છે ઉદાસ–ત્યારે રામ લક્ષમણ થઇઆ છે નીરાશ. ૧૦૯

ત્યારે કહે શ્રી રામ ભાઇ લખમણ આપણે કેસી કરશું બુધ–સીતા તણી હવે
કેમ લઇએ શુધ. ૧૧૦

ત્યારે પંખીએ ભેદ શ્રી રામને કહીઓ–શામી સતી સીતાને તો રાવણ
લેહી ગઇઆ. ૧૧૧

ત્યારે શ્રી રામે હડમતને હોકરી લીઓ–હેવે મરમ સઘળો હડમતને કહીઓ.
ત્યારે શ્રી રામ લખમણ કહે હડમત સીતાને લહી ગયો લંકાનું રાયે–હવે
આપણે કેવો કરશું ઉપાયે. ૧૧૩

ત્યારે શ્રીરામ હડમતને દીએછે બુધ–ભાઇ તમે સીતા તણી લઇ આવો શુધ. ૧૧૪

ત્યારે હડમત એક ફલાંગ ઉડીઓ તે લંકા છોડી પરલંકા ગઇઓ! ત્યાં–રામ
સમરી વન વેગે ચયો,

ત્યાં હડમતે પુછીઓ જે કોણ છે ઠામ–ત્યારે કહીઆ જે આ પર લંકા
છે ગામ. ૧૧૬

ત્યાંથી હડમત પાછો ફરીઓ–તે લંકાની વાડી માંહે આવી સંચરીઓ. ૧૧૭

જ્યાં બેઠાં હતાં સીતા માત–તે વાડી માંહે જઇ કીધો ઉતપાત. ૧૧૮

ત્યારે માતા સીતા કહે હડમત જે તું વાડી માંહે જાયે-તો પડીઆ
ફલ વીણીને ખાએ. ૧૧૯

ત્યારે માતા કહે હડમતને જે તું શું કીધો બલ-જે તેં ઉપાડીઆ ઝાડને
ખાધા ફલ. ૧૨૦

ત્યારે ત્યાં બહુ ફળ ખાંધા માહા વીર-એક ફલ શોધી લાવેઆ રામ હતા.
જંગલને તીર. ૧૨૧

તે વેલાએ શ્રી રામ બેઠા હતા નાવા જંગલ માંહે-તેને દેવે તેલ કટોરો
દીધો છે ત્યાંએ ૧૨૨

હાંરે હડમત સીતા તણી રી લાવીઆ શુધ-આપણે રાવણસું કેવી કરશું જુધ ૧૨૩

ત્યારે સહી હડમત બોલીઓ જેય જેયકાર-ત્યારે મલીઓ સૈન્ય અણગણીઓ અપાર. ૧૨૪

ત્યાં મલીઆ રીંછ રીંછ વાનરા અણગણીઆ અપાર-ત્યાં મલીઆ જોધા
માહા જુંજાર. ૧૨૫

ત્યાં ચાલીઓ સૈન્ય સાથે માહા બલ વીર-તે જઈ ઉતરીઆ સમુદ્રને તીર. ૧૨૬

ત્યારે શ્રી રામનું સૈન્ય મલીઓ તેની શું કરૂં વખાણ-ત્યાં શ્રી રામે પાણી
ઉપર તારેઆ પાષાણ. ૧૨૭

ત્યારે દેવે બાંધીઓ છે સમુદ્ર માહા મન ધરી-ત્યાં પેલા રીંછ વાનરા ગયા
લંકાપર ઉતરી. ૧૨૮

ત્યારે કુંભકરણ સુતો છે જ્યાં-તેને નીંદ્રા માંહેથી જગાડીઓ છે ત્યાં. ૧૨૯

ત્યારે જાગીઓ જોધો ભુખીઓ ઉઠયો જેહ-તેણે છપન કરોડ સૈન્ય ભૃક્ષ
કરીઓ તેહ. ૧૩૦

ત્યાં પુઠેથી હડમત ખોડો ગયો-ત્યારે તેનું ભૃક્ષ પુરો થયો. ૧૩૧

ત્યારે હડમતે માંહેથી કરીઓ વીકાસ-તે મારી દઈતને કરીઓ નિરાશ. ૧૩૨

હારે હડમત તું માહા બલીઓ આવીઓ ધાર-તું કરે જુધ તો નીસરે બહાર. ૧૩૩

જો હડમત તું માંડા બલવંત-તો કહો તારા મારવનુ અંત. ૧૩૪

ત્યારે રાવણે કહીઓ જે હડમતનું મોત છે કાંહી-તમે એને પુછડે ગોદરા
તેલના ભરી બાંધો સહી. ૧૩૫

ને એનું પુછડો લગાડી દીયો તત્કાર-તો સહી બરી મરશે નીરધાર. ૧૩૬

ત્યારે હડમતની લગાડી પુછડી ઠેકીયો મીંદર કોટ-ઉપર જાએ ત્યારે બરી
લંકા પરલે થાયે. ૧૩૭

હાંરે હડમત તમારે મોઢે લાંછણ લાગો છે કાંહે-તમે માતા પીતાનું વચન
ઉથાપીયો છે આહે. ૧૩૮

જ્યારે લંકા બાળી હડમત આવીયા છે ઠામ-જતી પાછો સૈન્ય લાવીયો
જ્યાં હતા શ્રી રામ ૧૩૯

વળી સૈન્ય ચડીયો શ્રી રામજ તણું—ત્યાં રખીસર સાથે જુધ થયો છે ઘણું. ૧૪૦

ત્યારે દઇંત ઇંદ્રજીત મહા બળીઓ આહે—તેને બાંણે જતી લખમણ મુર્છાઇ જાયે. ૧૪૧

ત્યારે શ્રી રામ હડમતને શીખ દીધી છે આહે—તમે દ્રોણાગર પરબત શરમ સલાતું દીવો ઝાડ લાવો જાયે. ૧૪૨

ત્યારે શ્રી રામની શીખ લઇને હડમત ગયા છે આહે—જ્યાં છે દ્રોણાગર પરબત ગીયા છે ત્યાંએ. ૧૪૩

ત્યાં જતી હડમતે દ્રોણાગર પરબત લઇને દેવને કરીયો પરનામ—ત્યારે રાક્ષસ જાણી ભરેખ બોડો કીધો તેણે ઠામ. ૧૪૪

ત્યારે જતી હડમત પુઠે ફીરી જપીયા છે શ્રી રામ—તે જતી લાવીયા દ્રોણાગર પરબત તેણે ઠામ. ૧૪૫

ત્યારે જતી હડમત સલમસલાતું દીવો લાવીયા જ્યાં—તે દીવો લઇ ગયા ત્યારે જતી લખમણ બેઠા થયા ત્યાં. ૧૪૬

ત્યારે શ્રી રામનું સૈન્ય છાસઠ કરોડ દઇંતસુ જુધજ કરે—ત્યારે જતી લખમણને બાણે તે ઇંદ્રજીતજ પડે. ૧૪૭

ત્યારે દેવે મારીયો કુંભકરણ વરી દસ મસ્તકનું રાય લડે—ત્યારે શ્રી રામને બાંણે રાવણ પડે. ૧૪૮

ત્યારે દેવે મારીઓ દઇંત રાવણ પરીવાર સમેત—તે સરવે દઇંત જોધા પડીઆ રણખેત્ર. ૧૪૯

ત્યારે દેવે છોડાવી સીતા સરવે દેવતાના કીધા કાજ—ત્યાં દેવે ભભીક્ષણ ભગતને આલીઓ રાજ. ૧૫૦

ત્યારે છોડાવી સીતાને વરીઆ શ્રી રામ—ત્યાં ફીરી આવીયા જ્યાં છે આપણો ઠામ. ૧૫૧

ત્યારે બોહોતેર જુધ શ્રી રામરૂપે થયા—પણ સતગુરજી કહે અમે થોડા કહ્યા. ૧૫૨

ત્યારે ત્રેતા જુગમાંહે સીધા ભગત હરીચંદ્ર—ઝાંપડાને ઘરે નીરજ ભરીઆ અને તારા રાણી હર વહીશ બ્રાહ્મણને ઘેર દાસ—ત્યારે વિશ્વામિત્ર સર્પ થઇને આવી ડસેઓ કુંવર રોહીદાસ. ૧૫૩

ત્યારે વિશ્વામિત્ર કાશીગઢ નગરમાં ગયા—અને બ્રાહ્મણ ભોજન વેળા થઇ છે જ્યાં હાંરે ભાઇ મારા કુંવરને સર્પે ડસીયો—પણ સતી સત ન ચુકયા ત્યાં ૧૫૪

ત્યારે બ્રાહ્મણ ભોજન વેલા વહી ગઇ—બ્રાહ્મણ અગર ચંદન તીલક જોડે છે જ્યાં એ ભાઇ અમારા કુંવરને સરપે ડસીયો—તે અમને સ્નાન ઉપતું છે ત્યાં. ૧૫૫

ત્યારે સતીએ કુંવરને પોઢાડીઆ—અને અગર ચંદન કીધા છે હાથ તમે દેવળ દેરે પધારજો—અમે સહી વનદાગ દેશું નાથ. ૧૫૬

ત્યારે વિશ્વામિત્રે બાર મેગ બોલાવીઆ—અને વનમાં વરસણ કીધા જ્યાં ત્યાં નદીએ પુરજ આવીઆ—જ્યાં સતી દાગ દેતી ત્યાં. ૧૫૭

ત્યારે રાજા હરીચંદ્ર મસાણુ ખુંભી થઇને આવીઓ—એ રાણી તમે દાગ દેવો
અમને કાંઇક આપો ઇયાં

ત્યારે રાણીએ અરધો ચીર ફાડીને આલીઓ—પણ સતી સત ન ચુકા ત્યાં ૧૫૮

ત્યાં કાશી ખંડ વિશ્વામિત્રે રાજાનું કુંવર હણીઓ—અને વરી પોતે પીંદત
થઇને રાજ દુવારે જાય.

હાંરે ભાઇ મારા કુવરને મસાણુમાં—શીખોતરી ચંડાલ બેઠી ખાય. ૧૫૯

ત્યારે રાજ દુવારેથી દળ આવીઆ—ભાઈ આ પંડીતે કહ્યો તે સર્વે સાચ
હવે ચંડાળને ચોફેરથી દંઢમાર કરો—એનું મોઢો શું જુઓ આજ. ૧૬૦

ત્યારે હર વહીશ ઝાંપડો બોલાવીઓ—તેના સાથે હરીચંદ્ર લીધો સાથ
હવે રાણી તમારે સમરણું હોય તે સમરજો—આપણો ગુરનર અંતકાલે પુરે આશ. ૧૬૧

હવે શામી સમરૂ શ્રી ગુરનર દેવને—અને બીજો સમરૂં શ્રી રામ
ત્રીજો સમરૂં ગતગંગા સુખીને—જો સમરે ગુરનર આપે અમરા પુરી ઠામ. ૧૬૨

ત્યારે તે દીન રાવણ દઇંતને મારી અને પીતાએ ભોજન પુરીઆ—તે વેલા
તારા રાણીની ઘણીક વીનંતી સ્તુતિ થઇ ફરીયાદ ત્યાંથી શ્રી નારાયણ દેવ
મન વેગે પધારીઆ—તે ભગતુંના કરવા કાજ. ૧૬૩

ત્યારે રાજા હરીચંદ્રના જમણાં હાથમાંએ ખાડું ને ડાવા હાથમાં ચોટેલા—ત્યાં
સતીએ સમરીઆ શ્રી રામ

ત્યારે ખાંડું શ્રી રામે હાથે શાહી ઉભા રહેઆ—ભગત માંગ માંગ વર આપું
તમારા કાજ. ૧૬૪

ત્યારે રાજા હરીચંદ્ર કહે રાણી આપણે ગુરનર પુરા સેવીઆ—ભગતુંને
કાજે આવીઆ તતખેવ

હવે રાજા તમે ચતુર ખાણુના ફેરા છોડાવજો—આપણે ગુરનર કહે છે દેવ. ૧૬૫

ત્યારે શ્રી ગુરનર કહે જે ભગત ગુરનરની ગતમાંહે નીત નીત ગીસે—જે પુરો
ઇમાન રાખે ઇયાં.

તે વઇકુંઠ ઘેર લખી અંતે—તેનું જીવ અમરા પુરી માંએ ગયા. ૧૬૬

શામીજી- અમારા ભાગે જે વિશ્વામિત્ર અમ ઘેર આવીઆ—તો શામી તમે પોતે
પધારેઆ આપ

વિશ્વામિત્ર પુછે અમે પુરણ પુગાવેઆ—શામી એને તમે પેલા કરજો માફ. ૧૬૭

ત્યારે સાતમું રૂપ શ્રી હરી આવીઆ—ત્યાં ધરીઓ રામ રૂપે અવતાર
ત્યારે દઇંત રાવણને મારીને ભગતુંને વર આપીઆ—પછે સંસાર માંહે
પરગટ થયા મોરાર. ૧૬૮

ત્યારે ત્રેતા જુગમાં હરી મન રૂપજ લીઆ—શ્રી રામ દસરત કેરો નંદ
ત્રન દાણવ દેવે એણી પેરે સંગારીઆ—અને તારીઆ ભગત હરીચંદ્ર. ૧૬૯

રાજા હરીચંદ્ર ત્યાં સતપંથ પુરો સેવીઆ–તે ભગતે બહુ કસણી કરી
સહીઆ શરીર.

તે રાજા હરીચંદ્ર રાજપાટ સરવે છોડીઆ–હરવંશ ઝાંપડાને ઘેર ભરીઆ નીર. ૧૭૦

ત્યારે રાજા હરીચંદ્ર સતગુર વિજેસદળ વ્યાસ પુરા સીરેવીઆ–અને ત્રેતા જુગ
માહે સતપંથ પુરા પરમાણેયા જેહ
તે જાણ્યા ત્રન સ્ત્રી બાલક પોતે હર વઈશ બ્રાહ્મણ જાણી ઝાંપડાને ઘેરવેચાવેઆ
ત્યાં પાછો પગ ન દીધો તેહ. ૧૭૧

ત્યારે ત્રેતા જુગમાંહે ગુર વીજેસદળ બ્યાસને ઘેર એકવીશ કરોડ નીમીઆ
તે માંહેથી સાત સાચી જાણુ–સાત કરોડે વિશ્વાસ ઉછું આણીઓ–તે ફરી
ફરી પડીઆ ચારે ખાણ. ૧૭૨

તે માંહેથી સાત કરોડ પરલે ગઈઆ–તેણે ગુરનર ઉપર પુરો નહિ આણીઓ નેહ
તે જાણી બુછ ગાફલા–ભાઈ દોજકે પડીઆ તેહ. ૧૭૩

ત્યારે તે ભગત હરિચંદ્ર તારા રાણી લોચના કુંવર રોહીદાસ સતપંથ પુરો
સેવીઆ–અને ગુરનરની પુરી પરમાણી વાચ

તે દેવ સાત કરોડનું નીપના–તેની જુગમાંહે ચાલી સાંખ. ૧૭૪

તો મુનીવર ભાઈ આજ એસા સતજ કીજીએ–જેસા સતપંથ ધીઆઈઆ
રાજા હરીચંદ્ર મન

તેણે તન મન ધન સરવે સોંપેઆ–તે આગ્યા સતગુરને વચન. ૧૭૫

ત્યારે સાતમું રૂપ હરી દેવ મુરાર–ત્યાં હરીએ ધરીઓ શ્રી રામ અવતાર. ૧૭૬

ત્યારે દઈત રાવણને દેવે મારીઓ જેણીવાર–પછે સંસારમાં પરગટ થયા છે મુરાર. ૧૭૭

દેવે સાતમે રૂપે દઈત રાવણને મારીઓ–તારે દેવે હરીચંદ્રને તારીઓ. ૧૭૮

પછે સંસારમાં પરગટ થયા મુરાર–ત્યારે સરવે સંસારે ઓળખીઓ સાર. ૧૭૯

ત્યારે શ્રી રામચંદ્રજીની માતાનો કૌશલ્યા વતી કહીએ–અને પીતા તો
રાજા દસરત તહીએ. ૧૮૦

ત્યારે ગુરતો લક્ષમણ કુંવર જાણ–સખતી તો સીતા સતી પરમાણ. ૧૮૧

ત્યારે સ્વસ્થાનતો અજોધા પુરી નગરી જાણ–ક્ષેત્ર તો લંકા પુરી નગરી પરમાણ. ૧૮૨

તરે દારીઓ દાણવ દસ માથાનું રાજા રાવણ–ત્યારે ભગત હરીચંદ્રને
ઉગારીઓ નીરવાણ. ૧૮૩

ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શ્રી રામ રૂપે જાણ–ત્યારે જુજરવેદ
હોતા પરમાણ. ૧૮૪

ત્યારે બાર લાખને છનું સહસ્ત્ર જુગ ત્રેતાનું પરમાણ–ત્યારે ભગત હરીચંદ્ર
ગોતા વઇકુંઠ માંહે નિરવાણ. ૧૮૫

તેણે ગુપતપંથ આરાધીઆ જાણ–તેણે અમરાપુરીનો વાસો પામીઆ નિર્વાણ. ૧૮૬

ત્યારે રામ અવતાર સંપૂર્ણ ભયતો સાચ–એવી ગુર બ્રહ્મા પીર ઇમામશાહ
બોલીઆ વાચ. ૧૮૭

અવતાર શ્લોકો.

શ્રી સતગુર બ્રહ્મા વાચા સાચી સાચ-એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧

શ્રી સતગુર વિદુર વ્યાસ વાચા સાચી જાણુ-તે ગુરજીએ વાણી બોલીઆ
સહી પરમાણ. ૨

જ્યારે આઠમું અવતાર હરીએ ધરીઓ-ત્યારે માતા દેવકીને કુખે શ્રી
કરશનજી ભલે અવતરીઓ. ૩

તે દેવકીને કુખે અવતરીઓ છે આહે-પણ દુધ દીધો તે જસોદામાંએ. ૪

ત્યારે માતા જસોદાને ઘેર મંગળ વરતીઆ ચાર-ત્યારે વાજીંત્ર વાજીઆ અપાર. ૫

ત્યારે બોહોત આનંદ ગોકુલ માંહે ભઇઆ-ત્યારે કંસાસરને ખબરજ થઇઆ. ૬

ત્યારે જેમજેમ કલાશ્રી કરશનજીની ચડે-તેમ તેમ કંસાસરના મનમાં સેંસો પડે. ૭

ત્યારે કંસ વચન બોલીઆ સહી-કોઇ એવો છે જે એ બાળકને મારે જઇ. ૮

ત્યારે પુતના કંસને કહીઓ છે આહે-ભાઇ કહો તો હું એ બાળકને મારૂં જાય. ૯

ત્યારે દાસીએ ટોપી કણદર લીધો છે પાલણો-તેણે થાન માંહે વિખ
લગાડીઓ છે ઘણો. ૧૦

ત્યારે મનસું કપટ ભાવ કરીને ગોકળ માંહે જાયે-ત્યાં બેન જસોદાને મલીછે આહે. ૧૧

ત્યારે મુખ માંહેથી હીરખ બોલી અને પેટમાંહે છે કાલ-કહો તો બાઇ
હરખેસું તેડું તારો બાલ. ૧૨

હારે બાઇ ઘણી હેત પ્રીત છે મારે મન-કહો તો એ બાળકને ધવરાવું થાન. ૧૩

ત્યારે દાસીએ હદયથી બાળક લીધો ઉઠાએ-તે આંટી પગને બેઠી આએ. ૧૪

તેણે થાન માંહે વિખ લગાડીઓ ઘણું-તેણે મનમાં જાણીઓ જે હું
જસોદાનું બાલક હણું. ૧૫

ત્યાં દેવે પુતના તણા સોશી લીધા પ્રાણ-એણે દેવે બહુ દાણવ મારીઆ જાણ. ૧૬

જે દેવ એકવીશ બ્રહ્મંડણની સુધ લીએ અને ચઉદ ભમાણનુ રાખે-તે દેવ
પુતનાનું છળીઓ કેમ જાયે. ૧૭

તે દેવ જમનાને તીરે ખેલે નાના બાલ-ત્યાં મીલીઆ ગોવાલીયા અનંતઅપાર. ૧૮

ત્યારે દેવે ખેલ માંડીઓ આહા મન ધરી-ત્યારે કેર (હાથે) ગોવરધન
તોર્યો શ્રી હરી. ૧૯

તે દેવે તોરીઓ ગોવરધન ડુંગર કારણ એહ-તે માટે દેવે ગાઇઓ વાછડા
રાખીઆ તેહ. ૨૦

ત્યારે એ દેવ સોળ સહસ્ત્ર ગોપીએ વર સહી-એ દેવ સવા લાખ વેનની
હોળે છે માહી. ૨૧

જે ગોકુળમાં ગાયો ચારીયું એહુ પ્રેસંજ કરી–તે દેવ એક દડા કારણે જલ
જમનામાં જંપલાણા શ્રી હરી. ૨૨

ત્યારે જમના જંપલાવી શ્રી કરશનજી પાતાલે જાયે–ત્યાં જઈ ઉભા જયાં
સુતા વાશીંગરાયે. ૨૩

ત્યાં બેઠી પગ ચાંપે નાગણી–તે દેખી બાળકને અચંબે ઘણી. ૨૪

હાંરે બાળક તું શું ભુલો છો વાટ–તું કેમ આવીઓ વીસમે ગાટ. ૨૫

હાંરે બાળક તું વળ પાછો વચન સુણજે સુજ–નહિ કાં મારો શામી
જાગશે તો સહી મારશે તુજ. ૨૬

તો તું સુણ નાગણી હું કહું એક વાત–હુ કાંહી નથી ભુલ્યો વીસમી ગાટ. ૨૭

જે કંસ રાય છે મથુરા તણો–તાસુ મેં ખેલ માંડીઓ છે ઘણો. ૨૮

ત્યાં હારીઓ તારા વાશીંગનું શીશજ નીરવાણ–ત્યાં નાગણી નાગ જગાડીઓને
કરીઓ જાણ. ૨૯

ત્યારે શ્રી કરશનજી સાથે મચી ઘુમસાણ–તેના વિષે સાંવરા કેવાણાં શ્રી
સારંગ પ્રાણ. ૩૦

ત્યારે કોપીઆ શ્રી કરશનજી ધરીઓ ભુજ બલ–ત્યાં શ્રી કરશનજીએ નાથીઓ
નાગ દેહી પગ તલ. ૩૧

જ્યારે પઇયારથી નાગ નથી લાવીઆ શ્રી કરશનજીરાયે– ત્યારે ગોકુળ મથુરા
માંહે હાક વરતાયે. ૩૨

ત્યારે ગોકળ મથુરામાં વરતીયો જયજયકાર–પણ કંસ આગળ પડી છે પુકાર. ૩૩

હાંરે કંસ શ્રી કરશનજી ગયાતા પાતાલ–ત્યાંથી લાવીઆ એક માહા વીકાલ. ૩૪

જ્યારે આઠમું અવતાર શ્રી કરશનજી સહી–ત્યારે દેવ દાણવ એકઠા હુઆ તહી. ૩૫

ત્યારે અરજણ દીવો પાંડવું માંહે સહી–અને સુખી ધર્મ પુત્ર થાપીઓ તહી. ૩૬

જ્યારે આઠમે દઇંત મારીઓ સહી–ત્યારે ગુર વિદુર વ્યાસે અમરપદ વાંચેઆ તહીં ૩૭

ત્યારે રાજા થયા રળીયાત તેણીવાર–જયારે રાજા માહાદનની વાત સાંભળી
ત્યારે ચીંતા મનમાં થઇ અપાર. ૩૮

શામીજી તે દેશ મુલક કોણ છે જે માહાદન ભોગવશે સહી–તે અમને વાંચીને
સંભળાવજો પછી અમથી વેહાશે નહિ. ૩૯

જે ભાઇ પાંડવો માહાદન તો તમ પાસે છે અને હું પણ છું એહ–આખર
વેલા આવશે સહી માહાદન બેસશે તેહ. ૪૦

ત્યારે રાજા ધરમ રોઇઆ જીવણું–જે અમ પાંડવાનું પુર્ણ મન માનીઓ આજ.
ભાઇ પાંડવો તમે હાથથી હથીઆર નાંખજો–જો તમોને હોવે અમરાપુરીનું કાજ. ૪૧

ભાઈ પાંડવો આપણે રાજકુળ માંહે અવતરીઆ–પણ ક્યાં છે શ્રી સત ધરમ
તમે લોકોને હણીને જીવ હીંસા કરો છો–તે કેમ ભોગવશો કરમ. ૪૨

ત્યારે સતગુર વચને પાંડવે હાથથી હથીઆર નાંખેઆ–ત્યારે કોરવે બલ
ભાખીઓ જેહ
ત્યારે કોરવ પાંડવ માંહે વેર પડીઓ–જે પેલા રમીઆ આમલી પીપલી તેહ. ૪૩
ત્યાં પાંડવ કોરવ સું દેશ હારજીત પરઠીને રમત રમીઆ–તે શારસ પાસે જેહ
એ રમત રમતા હારશે–સહી વન જાયેશે તેહ. ૪૪
ત્યારે ભીમસેનને બોલાવીઆ–સહદેવ નકુળ અરજાણ કીધો મંત્ર
શારસ પાસે ખેલશું–ભાઇ વાદ વદીઓ એક ધરમ પુત્ર. ૪૫
ત્યારે પાંડવે અધરથ હારે વદીઆ–અને વદીઆ દેશ મુલકનું રાજ
નહિંતો બાર વરસ વન ભોગવીએ–ત્યાં ગુરનરના સેવક થઇને કરીએ કાજ. ૪૬
એવો વાદ વદીને સારસ પાસાં ઢાળીઆ–ભીમસેન બોલીઆ જેહ
તેતો પાસા સવળા પડે–પણ અવળા ન પડે તેહ. ૪૭
ભગત પાંડવ સારસ પાસા ખેલીઆ–અને હસના પુરીમાં ત્યાં
ત્યારે પાંચ પાંડવ હારીઆ–જ્યારે ભીમનું સુશમલ હસ્તી છુટો જ્યાં ૪૮
ત્યારે રાજા જુજેસઠળ (યુધિષ્ટર) નીચે જોઇ રહ્યા–ભાઇ અમને પુરો
વિશ્વાસ હતો જેહ.
જે સભામાંહે શ્રી કરશનજી પોતે પધારશે–અમારા સવળા પડશે તેહ. ૪૯
શામી ભગતુંને વેલા પડી–તમે સાર કીધી તતકાર
તે કેસો વાંક અમારો પડીઓ–હો શામી દીન દઇઆલ. ૫૦
ભાઇ પંડવો એવો જીવમાંહે વીમાસણ કાંહે કરો–કહે સતગુર સુણ ધિરમવચન
જે રમત રમતા હારીઆ–તો દુખ મ ધરજો મન. ૫૧
ભાઇ પંડવો તમ નીરમલ મન કરી દેવની સેવા કરો–અને તમે નીશજલરાખો મન.
જો દેવની સેવા કરતાં જીતશો–તો દેવ આપે અશ્વ ગજ રથ બહુ ધન. ૫૨
ત્યારે દુત સભાથી ઉઠીઓ તે સુભટ દુરજોધન–તે હસી કરી તાલી દેઇ
રહીઓ તેતો દુશાષણ. ૫૩
ભાઇ આપણે માતપીતાને પાએ લાગીએ–અને ગુરનરને નામીએ શીષ.
જો આજ આપણો બોલ ઉપર થઇઓ–તો જીત્યારે જગદીશ. ૫૪
ભાઈ ભિષ્મ દ્રોણ કૃપાચાર્ય કરે વીચાર–અને અશ્વતથામાં જેહ
તે સહુ માંહેથી વિદુર અલગા રહેઆ–બાકી સરવે સભા મીલી કીધો તેહ. ૫૫
ત્યારે સતગુરજી કહે એ ભગત પાંડવ છે તમ તણા–આજ શામીજી તે તમ
ઘેર આવીઆ જાણ.
તે તમે આખર વેલાએ આવશો–તમે છો સમર્થ સારંગ પ્રાણ. ૫૬
ત્યારે દઇત દુરજોધન એમ બોલીઓ–જે દુશાષણની ન રહે છે ધીર
પાંડવો તમે મલીને વન જાઓ–નહિ તો નાર પંચાલીના કાઢશું ચીર. ૫૭

ત્યારે દઈંત દુશાષણને પંઢવાને ઘરે મોકલીઆ-તે જઇ પોતા નાર
પંચાવલીને ઘરબહાર
તે સતીએ પર પુરૂષ દીઠો આવતો-ત્યારે નાશી બેઠી મોહોલ મીંજાર. ૫૮
તે દુત દાસીએ પાછો વારીયો-ભાઈ આજ રાણી છે શ્રી ધરમ
તેનું આભડવાનું અધિકાર નહિ-બ્રહ્મ, ક્ષત્રી, વૈસ્ય એ ધરમ. ૫૯
તે દુત દાસીના વચને પાછો વળીઓ-તે આવતાં દીઠો દુરજોધન રાય.
એ ભુંડે માણસથી કામ ન નીપજે-ત્યાંથી દુશાષણ તે પાછો જાય. ૬૦
તે દઈંત દુશાષણ ત્યાંથી કોપીઓ-તે મનમાં કરે છે મત
તેને હું મારતો મારતો લાવું સભામાં-જેમ એના દેખે પાંચે કંથ. ૬૧
તે શુભટ ત્યાંથી સંચરીઓ-તે જઇ પોતો નાર પંચાવલીને ઘેર
તે સતીએ જમ સરીખો દીઠો આવતો-ભાઇ હવે શી થાય છે પેર. ૬૨
ત્યારે દાસીએ દુશાષણને પાછો વારીઓ-ભાઇ એમ અગાસા ઉપર શું કરો છો પ્રાણ
તે આજ રાણી છે શ્રી ધરમમાં-તે તુજ મુખથી ન બોલે વાણ. ૬૩
તે ઘેર દ્રષ્ટે નારી પીઆરે ચરણે પડી હો શામીજી-આજ હમારા કીયા
આચાર હીણાં થાય
ત્યાં નારી હીંડે નાસતી-અને દઇંત દુશાષણ તે પુઠે થાય ૬૪
તે ઘરમાં અબલા આખડી-તેણે ધશીને ગૃહીઆ કેશ
તે કેશ સાંહીઆ કામની બોલી-જે આજે અમે છું અબલા વેશ. ૬૫
જે વીરા અમારે આવ્યાનું અવસર નથી-અમને શીદ લઇ જાઓ છો સભા મીંજાર
તે નાના મોટા સભા માંહે સહુ દેખશે-વીરા એવો જાણો તો મારો આણે ઠાર. ૬૬
તે દઇંત કેશ સાહેઆ કામની બોલે નહિ-તેને બલે મીંદર છોડાવેઆ કરમ
ત્યાં લોક સહુ જોવા મીલીઆ-ભાઇ એતું ધણી છે રાજા ધરમ. ૬૭
ત્યાં ગુરનરની ઘણીક સ્તુતિ કરે કામની-હરી તમે છો કીરપાર નીદાન,
શામી મારા તમે છો આ વેલા માંહે સખાઇઆ-તમે ભગત વીછોઇયા શ્રી ભગવાન. ૬૮
શામીજી મારા આજ તમે છો માતને તમે છો તાત-તમે છો સગા સાજન મોસાર
આજ મઇયર બંધવ તમે છો-તમે છો સાસરા માંહે સંસાર. ૬૯
શામી આગળ સતી એવા વિલાપ કરે-અને વીનતી કરતી ચાલે સભા મીંજાર
ત્યાં સભા માંહે કંથ દીઠા અનમના-અને બેઠા તે અવગે ઠાર. ૭૦
ત્યાં શામ ભટ સહુ ટોળે મીલીયા-અને ત્યાં જુએ છે સતીનું રૂપ,
ત્યાં સતી અંગ ઉઘાડો નહિ કરે-ત્યાં બળ કરે માહા ભુપ. ૭૧
ભાઇ સતી સભામાં આણી ઉભી કરી-ત્યાં નીરખી સઘળે ભુપ,
કેણે અમારો પેહલો સુખ નિરખ્યો નથી-હવે પર પુરૂષ દેખશે રૂપ. ૭૨
તે સતી સભા માંહે ઉભા રહેઆ-ત્યાં સીર પડે બહુ ત્રાસ.
હવે હું વાટ જાઉં મારા નાથની-જે ક્યારે દ્વારેથી ચડશે મારી વાર પુરવા આશ ૭૩

શામીજી પાંડવ અમને વન માંહેથી લાવીઆ—તે તમારા ચરણના પરતાપ,
જયાં અરજુને મચ્છવેદ કરીઓ—ત્યાં શામી મને સોંપી તમને મારે બાપ. ૭૪

આગે શ્રી કરશનજી કહેતા હતા રે બાઇ દ્રોપદી—તું તો ભગત પંચાવલી નાર,
તો તમ સરીખો મારો વાલો કોઇ નહિ—એ બાઇ આણે જુગ સંસાર. ૭૫

એ વાલાજી તે વહાલપણ કીયા ગઇઓ—તમે કમળા કેરા કંથ.
આ કોરવ કેશ ગૃહી રહ્યા—તો વાલાજી તમે કેમ બેઠા છો નચિંત. ૭૬

હવે શામીજી તમે અહીંઆંથી છોડાવો તો છુટીએ—અને જો તમે પડાવો બ્રહ્મ જ્ઞાન
જો એવો જાણો મારા નાથજી—તો તમે સાર કરો ભગવાન. ૭૭

શામીજી હવે વીનતી સુણો મુજ રાંકની—તમે પીછજો સગળો મરમ.
હવે ધરમ આચાર કીર્યા હીણ થાય છે—હવે વેગે પધારો તમે પરીબ્રમ. ૭૮

શામીજી તમે જુગમાંહે ભગતુંને કાજે આવીઆ—તમે પહેલા તારીઆ
ભગત અનંત કરોડ.
તમારા ભગતુંને કષ્ટ પડે તમે આવી ઉભા રહો—તમે ભગતુંના માહા બંદ
છોડો શ્રી રણછોડ. ૭૯

હવે શામીજી દાસી ભગત પંઢવા કંઠ નાર તે તણી—તેની વાર કરવા
પ્રગટ થાઓ દયાળ,
તમે હણંબા બાંધીને ભગત ઉગારેઆ—તમે ભગતુંની સાર કરોની સંભાળ. ૮૦

ત્યારે કોપ કરીને કોરવ ઉઠીઓ—તેનું મોંહ દીસે મહા વિકાળ,
એ અબલાની લાજ અમે ગમાવીએ—એનું પેરણ લેશું તાણ. ૮૧

હાંરે તું પટકોલ મેલરે કામની—તમારો ભાઇ બંધવ નથી કોઇ અવસર આજ
હવે શામી તમે પેર પધારણી કરો—નહિકાં શામી જશે તમારી લાજ. ૮૨

હો મારા નાથજી તમે શું નથી લાજતા—તમે એવડી શું કરો છો વિલંબ,
તમે દુવારીકા નગરી સોવનની કરી—તમે રમીઆ સોળ સહસ્ત્ર ગોપીએ વર ગોવિંદ. ૮૩

શામીજી તમે સોળ સહસ્ત્ર માંહે રંગે રમીઆ—શામીજી તમારો સવા લાખ
સાજન પરીવાર,
તે કારણ અમને વીસારીઆ—પ્રભુ તમે છો જગજીવન આધાર. ૮૪

શામીજી હવે ભગતને વીપત પડે મ વીસારજો—તમે મુજને લીયો ઉગાર,
એવો જાણો મારા નાથજી—તો થાઓ વચને બળીઆ પ્રતિપાળ. ૮૫

શામીજી દઇંત દુશાપણ પટકોલ ગૃહી રહ્યો—તે ઉગાડે અંગને શીશ,
એવું જાણી વેલા પધારો મારા નાથજી—તમે કીરપા કેરા જગદીશ. ૮૬

હો શામી પટકોલ અબલાનું રાખીએ—અમે છું અબુજ અજ્ઞાન,
એવો જાણી મારા નાથજી—તમે વેલા વલો ભગવાન. ૮૭

ત્યારે શ્રી કરશનજી હોતા નીંદ્રા માંહે—વાસદેવ પોઢેઆ ઉપર કમલા ઢોળે છે વાય,
તે દેવ નીંદ્રા માંહેથી જબકીને જાગીઆ—તે દુવારકા કેરા રાય. ૮૮

ત્યારે ગુર વિદુર બ્યાસને બોલાવીઆ-ગુરજી તમે ગરૂડને કરો તૈયાર,
આજ દાસી આપણી દઇતને વશ પડી-તેને રખે શમે વિલંબ થાય વાર. ૮૯

ત્યારે દેવને રાણી રખમણી લાગી પુછવા-શામીજી તમારી એવી તે કોણ છે દાસ,
તે કારણ તમે જાગી ઉઠીયા-તેના સમરથ કરવા કાજ. ૯૦

હાંરે તમે દાસીને શું ઓળખો-જે ભગત પંચાવલી નાર
જેમ ત્રેતા જુગ માંહે તારા રાણી લોચના-તેમ દુવાપર માંહે સતી દ્રોપદી
પંચ પ્રતિપાળ. ૯૧

તે નાર પંચાવલીના પટકોલ હરિઆ-તેના સાથે હારેઆ અર્થ ગર્થ ભંડાર,
માહા પાપી પટકોલ ગ્રહી રહીઓ-તે અબળા સુંદરી નાર. ૯૨

શામીજી પંઢવ ભગત મોટા છે તમ તણા-તેની તમે સાર કરો તતખેવ.
જે દેવને પરખીએ-તેને પ્રથમ સાથે લીજે દેવ. ૯૩

શામીજી તે ભગતને દુખ પડે તોએ ન દીજીએ-પ્રથમ તેની કીજીએ સાર
તે સેવકને શામીનો નથી પટંતરો-તેની સાર કેરો તતકાળ. ૯૪

શામીજી ખરા ભગતને છેટે દેતાં દુખ ઉપજે-તેના તનમાં ઉપજે તાપ
જ્યારે સાચા સાજનને દુખ ઉપજે-તે દુખ ઉપજે ગુરનરને આપ. ૯૫

ત્યાં ભગત સહુ ટોલે મલીઆ-ત્યાં દેવ ગરૂડે ચડી થયા અસ્વાર.
જે પાંઢવાની પટરાણી કહીએં-તેને માહા દુખ દીયે છે ભુપાલ. ૯૬

તું પટકોલ મેલરે કામની-હવે તારો કોએ નથી સાર કરણ હાર
જે સહી પાંઢવ હારેઆ-બાઇ વન જાશે તે તારા ભરથાર. ૯૭

તમે આગળ કહેતા જે અંધે કેરા અંધા-પુત્ર દુરજોધનના
તમે હસ્તીને સવે; દેખતા-હવે અમે કરશું મન ભાવના. ૯૮

એ વીરા મારા વેલા પડે તો આળ ન બોલીએ-તમે દુષ્ટ વચન મ બોલો
અબુજ અજ્ઞાન.

પણ મોટી ભોજાઇ માતા થાનક છે-એમ દેવે લખ્યો વેદ પુરાણ. ૯૯

કોરવ કહે વીશીયરને છંછેડીએ-તો મુખથી નાંખે ફુંફાડ
હવે દુશાષણ તું સંસો મ કરે-એનું વાગો પેરણ લે ફાડ. ૧૦૦

તે સભામાં નારી વિલાપ કરીને વલવલે-ભાઇ એવા ન થાઇએ વીર
ત્યાં દુશાષણ વલી સતીને પાસે ગયો-ત્યાં સતીનું તાણીઓ ચીર. ૧૦૧

ત્યારે ધર્મ પુત્ર કહે ... લાજશે-નહિ તો પ્રગટ થાશે એમ કહી
ત્યાં પનઇ નાંખી ભીમ ... ... -પણ ધર્મ પુત્ર વારીઆ સહી. ૧૦૨

ત્યાં ગુરનર દેવ મન વેગે આવી ઉભા રહ્યા-તે સતીના પુરવા ચીર
ત્યાં ભગત સરવે વીનંતી કરીને એમ રોય છે-ભાઇ જેમ નદીએ આવે નીર ૧૦૩

ત્યાં પાંઢવ દેશ મુલક સરવે હારીઆ-અને હારીઆ હસ્તી ઘોડા અર્થગર્થ ભંડાર
તેણે કોરવે તાલા કુંચી સર્વે કબજ કરી-અને ચીર કાઢ્યાં પંચાવલી નાર. ૧૦૪

ત્યાં દેવે પુરણ હારે પુરીઆ—તે ભગત પાંડવાના કીધાં કાજ
તે સંસાર સરવે દેખતાં—દેવે આપે રાખી લાજ. ૧૦૫

ત્યાં દષ્ટંત દુશાપણે ચીર એક કર શાહીને અળગો કરીઓ—તે સતી કેરો ચીર
ત્યાં બીજો દેવે પુરીઓ—જગદીશ તે સર્વે હીર. ૧૦૬

ત્યાં કોરવ કહે એ બાઇએ કપટ કરીઓ—જે બીજો અંગ ન દેખે જાત
તે વલી કાઢીને જોઇ લીઆ—તો ત્રન વરણ છે રંગી જાત. ૧૦૭

ત્યાં ચોથો ચતુરભુજે પુરીઓ—પાંચમું પુરીઓ શ્રી બ્રહ્મ જાણ
છઠો દયાળજીએ દયા કરી—સાતમું પુરીઓ સારંગ પ્રાણ. ૧૦૮

તેના વર્ણન સુફેદ લાલ લીલા પીલા પાંદડીઆ—ત્યાં શ્રી કરશનજી શામ
પુરીઆ સાર.
ત્યાં દેવે પુરીઆ અનેક પટકોલ અણગણ્યા—તેનું વર્ણ કંથતા ન આવે પાર. ૧૦૯

ત્યારે પ્રભુ પૃથ્વી માંહે પ્રગટ થયા—ત્યાં સર્વે દેવ દાણવ જોવા જાય
ત્યાં નવ ખંડના ભુપાલ આવી મલીઆ—તે કહે એ દેવ ચઉદ ભવણનું રાય. ૧૧૦

ત્યારે હીર તે હરજી થયા તે જાણજો—અને વણકર તે વાસદેવજ જાણ
ત્યાં વસ્ત્ર સર્વે એક તારના રૂપવંતા—તેની વાત વાગી નવખંડ માંહે જાણ. ૧૧૧

ત્યાં દેવે નવસો નવાણું ચીર સતી પાસે ખરા કર્યા—તે સતીએ પહેર્યા સાર
આ સતગુર વિદુરવ્યાસ એમ બોલીઆ—જે સતીની સુક્રિતે ઉતર્યા પાર. ૧૧૨

તે દેવ સતીને તારવા પટકોલ પુરીઆ—તે પોતે પુરીઆ ગુરનર જેહ
એક ત્રાગડાના પટકોલ પુરીઆ—તે નવસો નવાણું પુરીઆ ચીર તેહ. ૧૧૩

તે પટકોળ પહેર્યા કામની તે—પોતે પુર્યા ગુરનર જાત
આ ગુર કહે અમે થોડા વર્ણ કહેઆ—પણ પટકોળના વર્ણ બહુ રંગી ભાત. ૧૧૪

ત્યાં ભિષ્મ દ્રોણાચારને કીર્પાચાર—અશ્વતથામાં જોધ
એ કોરવની સભાનું ઉંધો વળ્યો—જ્યારે પાંડવોનો કીધો વિરોધ. ૧૧૫

ભાઇએ પાંડવાનું સમર્થ પાસે શેક છે—તે કેના ગાંજ્યા નવ જાય
જેણે દેવે નવસો નવાણું ચીર ગંભીર પુર્યા—પુર્યા વઇકુંઠ કેરે રાય. ૧૧૬

તે વઇકુંઠ નાથે ચીર પુરીઆ—તે નાર પંચાવલીની રાખી લાજ
તે દેવ અંતે આવી ઉભા રહ્યા—તે ભગતોના કરવા કાજ. ૧૧૭

ત્યારે રાજા દુરજોધન એમ બોલીઆ—એ બાઇ અમે છું અંધા અજ્ઞાન
હવે સતી તમે અમારો તલ વચન મ સંચજો—અમે માગું એ વરદાન. ૧૧૮

હાજી તમે સાસરાને અમે વવારૂ છું—તમે એવડી શું કરો છો વાત
એ લખ્યું થયું અમારા કર્મનું—તે અમે કોને ન દઇએ ઉપગાત. ૧૧૯

એ રમત હારજીત ખત્રીવટ પાળવા—અમે રાજાનો પટકેલ દાસી નાર
અમે પાંડવા ભગતની સેવા કરવા વન ચાલશું—જ્યાંથી પામું વઇકુંઠ દેવ મુરાર. ૧૨૦

જો અહીં નવસો નવાણું ચાર દેવે પુર્યા–તે અહીં જાણે જુગ સંસાર
ત્યાં પાંઢવાને વન ચલાવીઆ–દુરજોધન જઇ બેઠો રાજપર. ૧૨૧
તે પંઢવ સતગુરને વચને વન ચાલીઆ–સાચા સતપંથ પ્રમાણે થયાં છે નીર
તોએ પગ પાછો નહિ માંડીઓ–જો દઇંત દુશાપણે નાર પંચાવલીના કાઢયાં ચીર. ૧૨૨
ત્યારે પાંઢવતો વન ચાલીઆ–ત્યાં કોરવ કહે અમે રાજ કરશું બહુ કાજ
બાર વરસ લગણ વન ભોગવશે–ત્યારે પછે અમે આપશું રાજ. ૧૨૩
એ પાંઢવ બાર વરસ વન માંહે રહ્યા–ત્યાં સેવીઆ શ્રી માહારાજ સાર
ત્યાં એક મને દેવને આરાધીઆ–ત્યાં વન પાનનાં કીધાં આહાર. ૧૨૪
ત્યારે દુરજોધનને દુવાર્સા રૂખી મોકલ્યા–તેના સાથે વિદ્યાર્થી શાસ્ત્રી દીસે
દસ હજાર સાથ
ત્યારે પાંઢવ કષ્ટ કીધી એકઠી–પણ નાર પંચાવલી વીનતી કીધી જોડી હાથ. ૧૨૫
ત્યારે અબલા વીનતી કરીને વલવલે–શામી તમે પોતે પધારો આપ
દુર્વાસા વિદ્યાર્થી શાસ્ત્રી સાથે આશીર્વાદ દેહી ગયો–તે આવી દેશે શ્રાપ. ૧૨૬
શામીજી તમે પેલા ગુર બ્રહ્માજીના વેદ વારીઆ–તમે શાહેર મથીઆ જેહ
તમે ત્યાં ચઉદ રતન કાઢીને પ્રગટ થયા–અને ભગતોને અમૃત પાયા તેહ. ૧૨૭
શામી તમે ધરણી ધરીને ત્રુઠા હરી–તમે લોહા પંજાથી પ્રગટ થયા ભકતોને કાજ,
ત્યારે પાંચ કરોહડું પહેલાંજ તારીઆ–તેને દેવે આલ્યો અવિચળ રાજ. ૧૨૮
શામીજી તમે બલરાજા બાંધીને છલીઓ–તમે ઇંદ્રનું ઇંદ્રાસન રાખ્યો જેહ.
તમે પોતાનું બીરદ પાલી રાંન બેઠો કર્યો–અને સહસ્ત્ર અરજણ લોહા
પાંજરે દીધા તેહ. ૧૨૯
શામીજી તમે શહેરની પાજ બાંધીને પખાણ તાર્યા–અને દશ મુસ્તકનો
રાવણ રોળ્યો જેહ.
તમે હડમતને દ્રોણાગર પર્વતે જઇ પ્રગટ થયા–અને સતી સીતાને લાવ્યા તેહ. ૧૩૦
શામીજી તમે ભગત હરીચંદ્રને લોહા ખડંગ હેઠેથી ઉગારીઆ સતી તારા
રાણી–અને ત્યાં જઇ તતખણ કીધાં તેના કાજ.
તે સાત કરોડસું ભગત હરીચંદ્ર નીપના–તેને આલ્યો વૈકુંઠમાં અવિચળ રાજ. ૧૩૧
શામી તમે દુઆ દલપીને ગોકળ રાખીઓ–તમે કરે ગોવરધન ડુંગર તોર્યો જેહ,
તમે પયારેથી પેશીને નાગ નાથીને કમળ લાવીઆ-આજ મુજ અબલાના
પુર્યા પટકોલ તેહ. ૧૩૨
શામીજી ત્યાં તમે તમારા ભગતની વીનતી સાંભળી–ત્યાં અનંત બહુ મળ્યા જાત,
હવે પંઢવે તે કષ્ટ કીધા એકઠા–તે દુર્વાસા ભોજન તે કોણ માત્ર. ૧૩૩
ત્યારે સતીએ દેવને એસી વીનંતી મોકલી–જ્યારે રૂક્ષમણીએ થાલ પીરસ્યા જ્યાં.
ત્યાંથી શામી મન વેગે પોતે પધારીઆ–તે દુર્વાસાના ભોજન કારણે આવ્યા ત્યાં. ૧૩૪
એમ ભુખ્યો બની આજ છું કાંઇક ભોજન હોવે :તો આલો તતકાર–ત્યાં
દેવે પાંદડો પીરસી સહુને ભાતભાતના આલ્યા આહાર. ૧૩૫

ત્યારે ત્યાં પાંડવુંને બાર વરસ પુરાં થયા–ત્યાં વરી ગયા છે બોહોળે વન જ્યાં
તે સમે ગુરનર પોતે પધારીઆ–તે સમે ધરમરાય હોતા ત્યાં. ૧૩૬

ત્યારે ત્યાં કાયા કટી છે અતિ ઘણી–અને વનપાનના કીધા છે ભોગ
આ ગુરનરને સાત દીવસ એણીપેર રાખ્યા–ત્યાં થયા છે દર્શન સાંહેઆ જોગ. ૧૩૭

ત્યાં ભગતે પંઢવે દેવને કાજે નીશાની કલ્પવૃક્ષની લાવેઆ–ત્યારે તેના પાસે
કાંઈ ન હતું અંન.

ભાઈ જો વનફળ આવા આરોગ્યા–તો શ્રી કરશનજી કહે બાર વરસના
બમણાં ભોગવીએ વન. ૧૩૮

ત્યારે દેવ હરી કહે ભાઇ પાંઢવો તમે ધીરજ ધરો–અને આપે રહો આધિન
જો રોપા આંબ ફળ પુરા ફળે–તો ત્યાં ભાજે બીન. ૧૩૯

ત્યારે સાત સેવકને ધીરજ આલી–તે લેવા અમરાપુરી કાજ
તેણે એણી તરે ગુરનરને પુજીઆ–તેની ક્ષણ એકમાં રાખી લાજ. ૧૪૦

ત્યાં દેવની વિનતી કરી દુર્જોધન પાંઢવાને ઘરે તેડી લાવ્યા–તેને જઇ ઉતારા
દીધા લાખાનાં મીંદર માંહે જ્યાં

ત્યારે પાંઢવાને વિખ ભોજન પીરસ્યા–પણ સતી સત ન ચુકયા ત્યાં. ૧૪૧

ત્યારે દુર્યોધન લાખાના મંદીર અગ્નિ લેગાડેઆ–અને કીધું વિશ્વાસઘાતનું કર્મ
ત્યાં પાંઢવ લાગા ધ્રુજવા–ત્યારે જોશી સોહેદેવને પુછયો મર્મ. ૧૪૨

ત્યારે પાંઢવ સુરંગે ચાલીઆ–તે જઇ પોતા વૈરાટ નગરી મીંજાર
તેણે ત્યાં એણીપરે આપજ ગાળીઆ–ત્યાં સેવક થઇને કર્યા કાજ. ૧૪૩

ત્યારે ભગત રાજદ્વારે જઈ ઉભા રહ્યા–એ રાજા વેરાટ અમે તમસું એમજ કહું
ભાઇ અમને તો વેલા વિખમ આજ છે–અમે પાંઢવોના વિર્તાગરા છું. ૧૪૪

એણે પાપી કોરવે પોતાની ભુલ નિષેધ કરી–અને જુગમાં ખોયો પોતાનું નામ
એણે લાખાના મીંદર માંહે પર લાખીને હોમીઆ–અમે તાસું કરતા કામ. ૧૪૫

ત્યારે રાજા વેરાટની પાસે રાજા જુજેસઠળને બેસાડીઆ–ત્યાં સર્વે ભાઇ
પ્રણામ કરીને દેવે માન

ત્યાં જોશી સોહેદેવ શાસ્ત્ર વાંચીઆ–ભીમ મધસુંદન રાંધે ધાન. ૧૪૬

ત્યારે રાજા વૈરાટને ઘેર પાંચે પાંઢવે સેવા કરી–ત્યાં નકુળને છોડયા દરવાજે સહી
અરજણ અભિમાન ગાળી કરી–છાગર લીધી જઇ. ૧૪૭

ત્યારે રાજા વૈરાટ પાંઢવાને પુછે વિચાર–ભાઇ તમારી સ્ત્રીને મોકલો મેહેલમાં
જ્યાં છે અમારી નાર. ૧૪૮

જ્યારે દ્રોપદી આવી મીંદર અવાસ–તે તો જઇ ઉભી પટરાણીને પાસ. ૧૪૯

ત્યારે રાણી દ્રોપદીને દેખી કરે વિચાર–ભાઇ એવી સુંદરી અમે કોઇ ન દીઠી નાર. ૧૫૦

ત્યારે આવો બાઇ સહુ રાણી ઉપર દયા કરે અપાર–હવે બાઈ તમને અમે
પહેરાવશું સોળ શણગાર. ૧૫૧

ત્યાં કણે કચક રાણીનું બધવ આવ્યો તેણે ઠાર–તેણે દ્રોપદીનું રૂપ દીઠું
તેણીજ વાર. ૧૫૨

તે એમ બોલ્યો જે સતી દ્રોપદી તું અમ સામું જોય–હાંરે દાસી તું
મુજ પાસે આવો જોય. ૧૫૩

હું તો તને તેડાવશું દેરામાં સુણ નાર–કહ્યો કચક બોલ્યો તેણે ઠાર. ૧૫૪

ત્યારે સતીએ આવા કઠણ વચન સુણી ગયા પંઢવાને દ્વાર–ત્યાં જઇ ઉભા
રહ્યા પંચાવલી નાર. ૧૫૫

ત્યાં સતીએ દઇંતનો ભાવ સર્વે કહ્યો આય–જે દઇંત કહ્યાએ અમને
બોલાવી છે દેરાં માંય. ૧૫૬

તે પાંઢવો તમે તમારા કરજો કાજ નહિ–તો પાંઢવ કુળની જાશે લાજ. ૧૫૭

ત્યારે પાંચ પાંઢવ મળીને ભીમસું વિચાર કર્યા–ત્યારે ભીમસેને નારીનું રૂપ
ધરીને દેરાં માંહે સંચરીઆ. ૧૫૮

ત્યાં ભીમે દઇંત કચકને લીધો બોલાય–તે બેહુ જણા ચાલ્યા દેરાં માંહે. ૧૫૯

ત્યાં દેરાં માંહે બેઠા જઇ બેહુ જણા–ત્યારે દઇંતે ખેલ હસરત માંડયા ઘણા. ૧૬૦

ત્યાં ભીમસેનના મનમાં ઉઠી છે ઝાળ–ત્યાં ભીમે કચક દઇંત માર્યો માહા વિકાળ. ૧૬૧

તે દઇંતને ભીમે દેરાંની કુંભી તળે ચાંપી ધર્યો–ત્યાં લખી અક્ષર ભીમ બહાર નીસર્યો. ૧૬૨

ત્યાં વહાણે વાયો લોક જાગ્યા સર્વ કોય–ત્યાં રાજા વેરાટની સભામાં ચર્ચા હોયે. ૧૬૩

ત્યાં સર્વે સભાના મનમાં ઉપનું ક્રોધ–જે સ્ત્રી સારૂ મુઓ મોટો જોધ. ૧૬૪

ત્યારે જે કોઇ રાજા વેરાટ પાસે ઉભો રહે–તે મેં માર્યો મેં માર્યો સહુ કોય કહે. ૧૬૫

ત્યારે અગ્નિદાગ દેવાને જોધાને કાઢયો ત્તિર્થ માંહેથી બહાર–ત્યારે ભીમસેનને
સાથે તેડયો તેણીજવાર. ૧૬૬

ત્યારે દઇંતને દાગ દેવા સારૂ ભીમને લીધો તેણેજ કાજ–ત્યારે ભીમે બાર
વનના લાકડાં લાવ્યાં ક્ષણ એકમાં ત્યાંજ. ૧૬૭

તે કાષ્ટ લગાડી ઉઠી મોટી ઝાળ–ત્યારે ભીમે સો (૧૦૦) ભાઇ સમેત કહ્યો
દીધો અગ્નિ માંહે ઘાલ. ૧૬૮

ત્યાં સર્વે એક સો ભાઇ પરવારી–તે સહુનો ભીમે વાર્યો સંઘાર. ૧૬૯

ત્યારે ભીમે કાયો કચક માર્યો સો ભાઇ સમેત–ત્યાં જીભ કાઢી અનામત
રાખ્યો એક અચેત. ૧૭૦

ત્યારે ભગત પાંઢવ બાર વરસ ગુપ્ત રહ્યા–તે દાસપણામાં હોએ,
ત્યારે દુર્યોધને જે મતલબ મોકલ્યા–ભીમ ત્યારે છતા થયા સોએ. ૧૭૧

ત્યારે ભીમ ભોજન માગીઆ–અલુ ઢગલા જેહ,
ત્યારે સતીએ સમર્યા શ્રી કરશનજીને–ત્યાં ભોજન પુરીઆં તેહ. ૧૭૨

ત્યારે જે મતલબ તે સર્વે દેશના રાજા જીતીઆ-તે વૈરાટ નગરે આવ્યા જેહ
ત્યારે ભીમે ભોજન પીરસીને આકાશે ઉડાડીઆ-જે મતલબ જોધાને તેહ. ૧૭૩
ત્યારે જેમત વસેતા ત્રણ દાડે આવીઓ-તેની ખબર ગઇ દુર્યોધન હતો જ્યાં
આપણે ફેકટ લાખના મીંદર લગાડેઆ-પાંઢવ જીવતા છે ત્યાં. ૧૭૪
ત્યારે દુર્યોધનના આથમણેથી દળ આવીઆ-ત્યારે રાજા વેરાટ પાસે
હાલી બોંભ જેહ.
એક ઉતરા કુંવર ઘરે અળગો રહીઓ-બાકી સર્વે દળ સાથે તેહ. ૧૭૫
ત્યારે સમર દળ વારેઆ-અને ઉગમણા ગયા જેહ
ત્યારે અરજણે ઉતરા કુંવરને-ઉઠાડી રથે બેસાડીઆ તેહ. ૧૭૫
ત્યારે અરજણ બોલ્યા સતસુ-ભાઇ આપણો ક્ષત્રીય ધર્મ તે જાય
ત્યારે ઉતરા કુંવર બોલીઆ-અણમના ભાઈ મુજથી તે કાંઇ નવ થાય. ૧૭૬
ત્યારે અરજણે ઉતરા કુંવરને બાંધ્યા છે અંગસું-અને સમરીને ઝાડેથી
હથીઆર લીધા હાથ
ત્યારે અરજણે વેગે રથ પલાણીઆ-સમર્યા શ્રી કરશનને લીધા સાથ. ૧૭૭
ત્યારે જેમ દીન ઉગેને સુરજ ચડે-તેમ બાંણ એકના સહસ્ત્ર લાખજ હોય
ગામ ઘેને એમ થઇ દળ વારીઓ-તે રાજા વેરાટ પુરીઆ સોએ. ૧૭૮
ત્યારે ઉતરા કુંવર ધણ વારીને લાવીઆ-ત્યાં દુર્જોધન પટુંતરો જોય.
ત્યારે પંઢવે રાજા વૈરાટને ઘરે બાર વરસ સેવા કરી-ત્યારે સંઘ સર્વે
પુરી હોય. ૧૭૯
ત્યારે તે સંઘે પાંઢવ પ્રગટ થયા-તે શામી અમથી બહુ અપરાધ થયા આહે
ત્યારે રાજા વેરાટ એક પગસે ઉભા રહ્યા-તે અમને માફ કરજો રાય. ૧૮૦
ભાઇ એ ક્ષત્રીવટ ધર્મ પાળવું-અમને દૈવે લખ્યો હતો જેહ
તે અમે તમારો અન પાણી આરોગ્યો-તે પેલાં અમોને માફ કરજો તેહ. ૧૮૧
ત્યારે રાજા યુધિષ્ટરને બાર વર્ષ પુરા થયા ત્યારે ગયા હસ્નાપુરી હોતી જ્યાં
એક રાતમાં આવી મળ્યા-ભાઇ સોત ક્ષોણ દળજોવા ત્યાં ૧૮૨
ત્યારે તે સાંભળીને શ્રી કરશનજી-અને પોતે પધાર્યા છે ત્યાં
ભાઇઓ પાસે રહીને તમે શું આરોગશો-એ પાંઢવ પોતે ભુખ્યા આવ્યો હ્યા. ૧૮૩
ત્યારે શ્રી કરશનજી બોલીઆ ભાઇ કૌરવો-આ પાંઢવ ભાઇ તમારા સોએ
તે પાંઢવે રાજપાટ સર્વે મુકીઆ-તમે એને પાંચ ગામ આપો જોએ. ૧૮૪
જો અમે સો ભાઇ જીવતા-તો સોયના નાકા જેટલા ન આલીએ અમે
પણ અમે જાણતા જે તમે ડાયા છો-પણ ભોળા ભરવાડ છો તમે. ૧૮૫
જે જુજે જુધ કરતા જીતશે-ભાઇ તે ત્યાં લેશે રાજ
ચોવીસ વર્ષ સુધી સુખ ભોગવ્યા-વળી તે શું લહી આવ્યો છે આજ. ૧૮૬

અમે અઢાર ક્ષોણુ દળને સો ભાઇ છું—અને એના તે પાંચાઇ વીર
એની તે શુરાતન ત્યારે પરખ્યા—જ્યારે પંચાવલીના કાઢયા ચીર. ૧૮૭

એ ભાઇ પંઢવો તમે બળીઆ હોતો આવજો અમ સામુ—તે યુદ્ધ કરવાને કાજ
અમે સો ભાઈ અઢાર ક્ષોણુ દળ આવીશું—ત્યારે પછે લેજો રાજ. ૧૮૮

ત્યારે જોશી સોહેદેવ શાસ્ત્ર વાંચીઆ—ભાઇ એસા શામવેદ કહે જેહ
આજ વેદના માંડયા તે પુરા પડયા—આજ જુધ કરન પાસે છેહ. ૧૮૯

અમે ત્યાં સાથે પાંચ પ્રાણી ચાલશું—ત્યાં શ્રી કરશનજીને લેશું સાથ
જેણે દેવે દીવાકરથી ગોવર્ધન તોળીઓ—તો અઢાર ક્ષોણુ કોણજ માત્ર. ૧૯૦

ત્યાં શ્રી ગુર વિદુર વ્યાસે મુર્હુત જોઇને આલીયો—ત્યારે કુરૂક્ષેત્ર જોવા
ગયા તતખેવ

ત્યાં ટીટોડીના ઈંડા આપ દ્રષ્ટે પડયાં—તે તમે રાખજો હો દેવ. ૧૯૧

ભાઇ અઢાર ક્ષોણુ દલ એ આવટશે—અનેક રાજા ગોત્ર
ત્યાં હસ્તીના તો લાખો ટોળાં પડે—ઇ ટીટોડીનાં ઈંડાં તે કોણુ માત્ર. ૧૯૨

ત્યાં દેવે લખ્યો હશે તે થાશે—પણ ટીટોડીનાં ઈંડાં ઉપર કેવો મેટ વીર
તે શામીજી ઈંડા રાખજો—ભાઇ પંઢવો તમે જુધ કરજો ધીર. ૧૯૩

ત્યારે કુરૂક્ષેત્ર જોઇને ઘર આવીઆ—ત્યારે ગુર વિદુર વ્યાસે શાસ્ત્ર વાંચ્યા જેહ
જે રણથંભ આગળથી રોપશે—ભાઇ જુધ જીતશે તેહ. ૧૯૪

ત્યારે કોરવે આગળથી રણથંભ રોપીઓ—અને ચોકી મેલી જ્યાં
તે રણથંભ ભીમે વાંકો કર્યો—તે કુલ ક્ષેત્રમાં ત્યાં. ૧૯૫

ત્યારે કુંવર ગણી ગટકો આવીઓ—હું તો કુરૂક્ષેત્ર જોવાને જાઉં.
જે જુધ કરતાં હારશે—હું તેના પાસે થાઉં. ૧૯૬

ત્યારે તે કુંવરના હાથમાં ત્રણ તીરને એક કામઠો—તેના પાસે બીજો ન દીસે કોય
એક આળખીને બીજો મારશે—ભાઇ સંગરામ જીતશે સોય. ૧૯૭

ત્યારે દેવે જાણ્યો જે કુંવર તો લક્ષણો છે—તે કહે શામી મુજને જુધ જોવાનું કોદ,
તો તેને દેવે અરધો મસ્તક છેદાવ્યો—તો ત્યાં બેઠા જોય હોદ. ૧૯૮

ત્યારે રાજા જુજેસઠળ કહે શામી તમે રથે બેસજો—જે જુધ કરવાને કાજ
તો શું પંઢવો મુજ સાર જીતશો—તમે રથેથી નીસરી જાઓ આજ. ૨૦૨

ત્યારે ગુર વિદુર વ્યાસે શાસ્ત્ર વાંચીયા—અને શાસ્ત્ર બોલ્યાં તતખેવ
તે વેદના માંઢીયા શામી તમે પુરા પાડયા—હવે શામી તમે પ્રગટ થાવની દેવ. ૨૦૩

શામીજી તમે પહેલાં આઠ દાણુવ પરલે કર્યા—સર્વે દેવોના સાર્યા કાજ
હવે અમે પ્રાણું ઝાલીને પાસે ઉભા રહેશું—શામીજી તમે રથે બેસજો આજ. ૨૦૪

ભાઇ હું તો હવે ગરઢો વૃદ્ધ થયો—હવે મને મોહો કન થાજો નિર્વાણ
પહેલા આઠ દઇંત અમે મારીઆ—ત્યારે હું હતો જુવાન. ૨૦૫

ત્યારે સામા દળ આવી આથડીઆ—ત્યારે ભીમ દુશાપણ હોએ
ત્યારે ભીમે દુશાપણના દસ સહસ્ત્ર હસ્તી ગગનમાં ઉડાડીઆ—ભાઇ પહેલા
ઝઘડો જીત્યા સોએ. ૨૦૬

ત્યારે દેવની રજા લઇને અરજણે બાણ પુરીઆ—તેના એકના દસ સહસ્ત્ર
લાખજ થાય
ત્યારે અઢાર ક્ષોણ દળ ઉડી ગયા—ત્યારે દઇત દુર્યોધન નાશી જાય. ૨૦૭
ત્યારે ભીમે દઇત દુશાપણને મારીયા—અને પાંઢવ ઝઘડો જીત્યા આય
દુશાપણ જેણે હાથે ચીર કાઢીયાં—તે હાથ ભીમે છોડી કાઢ્યા ત્યાંએ. ૨૦૮
ત્યારે દુર્યોધન માન સરોવરમાં જઇ નાશીયો—ત્યાં ભીમે જઇ કહ્યો ભાઈ
આતે શું કીધો કાજ
તેં સો ભાઇ અઢાર ક્ષોણ દળ મરાવીઆ—તોએ તુને ન આવી લાજ. ૨૦૯
ભાઇ ભીમ દીસે છે એકલો—હવે હું બહાર નીસરૂં છેક
અમારો વેર સઘળો તો વળે—જો ભીમને મારૂં એક. ૨૧૦
ત્યારે ભીમે ભુજ ધરીને રાખીઓ—અને પાટું દીધી જ્યાં
ત્યાં દેવે શ્રી બુધ રૂપ ધરીને બળ મુકીયો—ભાઇ તેનું મસ્તક લપ્યો ત્યાં ૨૧૧
ત્યારે ગાંધારીએ સોગ પાળીઓ—જે મારી દેહી કરૂં ત્યાગ
જો સો પુત્ર મારા ગયા—તો અંન પાણી શું લેઉં આજ. ૨૧૨
ત્યારે દેવે જીંદગી મુકી ખુદ્યાતણી—અને સોહો પુત્રને ચેહેમાં સીંચાવ્યાં જ્યાં
ત્યારે દેવે કારમું આંબો પેદા કર્યો—અને ભુખની ચાનગી મુકી ત્યાં. ૨૧૩
ત્યારે રાજા જુજેસઠળ પુછીઆ—હવે શામી અઢાર ક્ષોણ દળનું પાપ ઉતાર
હવે ભાઇ જગત માંહેથી દેવ ઉઠીયા—તેણે લીધો બુધ અવતાર. ૨૧૪
ત્યારે પાંઢવ પ્રગટ થયા—ભાઇ રાજકુળ બહુ ગોત્ર
જે આપણા પાસે શ્રી કરશનજી આવી બેસતા—તે થયા ગુપ્ત અવતાર. ૨૧૫
ત્યારે રાજા જુજેસઠળ વેગે વખાણ્યા—તેણે માથે લીધો કરમ
ત્યાં ગુર કહે પંઢવો તમે બાર વરસ વનમાં રહ્યા—ત્યાં શેતું સમરીઓ ધર્મ. ૨૧૬
ત્યાં ગુર વિદુર વ્યાસે વેળા ઓળખી—અને ખુધાર્થી બે જીવ મોકલ્યા જેહ
ત્યારે રાજા જુજેસઠળ માહાદન ભગા નાસતા—હવે આગળ થઇ છે તેહ. ૨૧૭
ભાઇ એતો કુદરતી જીવ છે—રાજા તમ પાસે રાખજો તેહ
જે વેળાએ શ્રી નારાયણ દેવ માગશે—ભાઇ ત્યારે હજુર કરજો એહ. ૨૧૮
ત્યારે રાજા જુજેસઠળ છ માસ સુધી જીવ બે રાખીઆ—ત્યારે દેવે લીધો ઇવ
તે માહા કષ્ટ કરી ભોગવ્યા—ત્યારે પાર કીધી જીવ. ૨૧૯
ત્યારે રાજા જુજેસઠળે બ્રાહ્મણને તેડાવીઆ—ભાઈ અમારે અઢાર ક્ષોણ
દળમાર્યાનું કેમ ઉતરે પાપ

રાજા તમે જગન રચાવો બ્રાહ્મણ વેરા-જગન મોટો મંડાવો આપ. ૨૨૦
ત્યારે પુન તે પાપને છેદશે-ઘણીક બ્રાહ્મણની સેવા કરજો જેહ
એવા સુવર્ણના થાળ બ્રાહ્મણને પુરજો-બ્રાહ્મણ સહુને નોતરજો તેહ. ૨૨૧
ત્યારે રાજા જુજેસઠળે જગનજ માંઠીયો-અને સહુ સંતોખ્યા જેહ
તે વેળાએ બ્રાહ્મણનું કહ્યું કર્યો-પણ જોશી સોહેદેવને ન પુછયો તેહ. ૨૨૨
હાંરે રાજા તમે પરોળે ભીમને મોકલજો-કોઇ ચંડાળ આવશે સીધ
તેની આભડછોત જગનમાં ઉપજશે-તેથી જગન થાશે રદ. ૨૨૩
ત્યારે ત્યાં દેવે આઠમું રૂપ શ્રી કરશનજી સંપુર્ણ કીધો શુધ-ત્યારે પછી
જગનમાં પ્રગટ થયા શ્રી બુદ્ધ. ૨૨૪
ત્યારે શ્રી કરશનજીએ ધર્યો બુદ્ધ અવતાર-ત્યારે પેલો શ્રી કરશનજીએ દઇત
કંસાસર માર્યો જેહ
ત્યારે પછે શ્રી બુધ રૂપ ધરી ગુપ્ત-દુર્જોધન સંગારીઓ તેહ. ૨૨૫
ત્યારે આઠમું રૂપ હરી દેવ મુરાર-ત્યાં શ્રી હરીએ ધર્યો શ્રી કૃષ્નજી રૂપે અવતાર ૨૨૬
ત્યારે દઇંત કંસાસરને માર્યો જોણીવાર-પછી સંસારમાં પ્રગટ થયા મુરાર. ૨૨૭
ત્યારે આઠમે શ્રી કરશનજી રૂપે દઇંત કંશાસરને માર્યાં-ત્યારે ભગત
સોહેદેવને (જરાસંદ રાજાનો પુત્ર) માર્યો. ૨૨૮
ત્યારે પછે સંસારમાં પ્રગટ થયા મુરાર-ત્યારે સર્વે સંસારે ઓળખ્યો જાણ. ૨૨૯
ત્યારે શ્રી કરશનજીની માતાતો દેવકી કહીએ-અને પીતાતો વાસુદેવજ તહીએ. ૨૩૦
ત્યારે ગુરતો વિદુર વ્યાસજ જાણ-અને સખતી તો રાણી રૂખમણી પ્રમાણ. ૨૩૧
ત્યારે સ્વસ્થાનતો ગોકળપુર નગરી જાણ-ક્ષેત્ર તો મથુરાપુર નગરી પ્રમાણ. ૨૩૨
ત્યારે નરે દાર્યો દાવણ તો મામું કંશાસર જાણ-ત્યારે ભગત સોહેદેવ
ઉધાર્યો નિર્વાણ. ૨૩૩
ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શ્રી કરશનજી રૂપે જાણ-ત્યારે શામવેદ
હોતા પ્રમાણ. ૨૩૪
જ્યારે આઠમું અવતાર શ્રી કરશનજી રૂપ સંપુર્ણ સહી-એવી ગુર બ્રહ્માજી
ઇમામશાહા વાણી કહી. ૨૩૫

અવતાર નવમો.

શ્રી સતગુર બ્રહ્માજી વાચા સાચીરે સાચ-એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧
જ્યારે નવમું અવતાર હરીએ ધરીઓ સહી-ત્યારે શ્રી બુદ્ધ રૂપે દેવે ફારસી
વાણી કહી. ૨

ત્યારે શ્રી બુધ રૂપે ફારસી બોલ્યા ગીર–તે હેવે કેડે બાંધી તલવારને તીર. ૩
ત્યારે મુખ ચંચા પગ વંકા જાણ–પગે કોશ પેહરે દીવાન. ૪
ત્યારે ફારસી મુખે શ્રી હરી કહે–તેના પાસે કોઇ ઉભો નવ રહે. ૫
જ્યારે માહા વિકટ રૂપ હરીનું દીઠો છે આપે–તે પાંડવાને દ્વારે ઉભા છે જાયે. ૬
ત્યારે દ્વારમાં ભીમ ઉભો છે આગેવાન–તે દ્વારમાં ભલો બુરો કોય ન
પામે ઠામ. ૭
ત્યારે માહા વિક્રાળરૂપ ભીમે દીઠો છે નારાયણ–ત્યારે ભીમસેન બોલ્યો વાણ. ૮
ત્યારે ત્યાં ભીમે સત બોલીને વાણી કહી–ભાઇ ક્રીયા પાળે તે ધરમી સહી. ૯
ત્યારે તુજ કાયા મધે જીવ છે તે કોણ મરમ–તમને કયા પાપનું લાગ્યો
છે કરમ. ૧૦
ભાઈ તારા જગનમાં આશા કરી આવ્યો છું હું–માહા ખુધાર્થી ભુખ્યો છું હું. ૧૧
ભાઇ તમારે હાજર હોય આપો જેહ–ત્યાં શ્રી હરી કહે મુજબ દુબળાને
આપો તેહ. ૧૨
ત્યારે ભીમ કહે ભાઇ હું અહીં રખવાળી પરોળે છું–તે સત કહું છું
સહી માનજો તું. ૧૩
ભાઇ ભોજન વેલા થઇ છે આગે–ભાઇ સુતક કરમ એણે જાયે. ૧૪
ત્યારે હરી કહે મારે ભોજનનુ નહિ કામ–મને જવાદે જ્યાં રાજા જુજે
સકળ કામ. ૨૫
જે આવા રૂપની શંકા આણે છે તું–તો તારી શંકા ટાળવા આવ્યો છું હું ૧૬
ત્યારે ભીમ કહે ચંડાળ વચન સુણ તું મોએ–અને આગે જાણે કો રજા
નહિ તોએ. ૧૭
જ્યાં રાજા યુધિષ્ટિર હોમ જગનજ કરે–ત્યાં બેઠા બ્રાહ્મણ વેદ ઉચરે. ૧૮
ત્યાં હોમ જગત તણો આરંભજ હોય–ત્યાં ચંડાલ તારો મુખ ન દેખે કોય. ૧૯
ત્યારે હરી કહે ભીમ સરવે વચન સુણો મોએ–તો ચંડાળની વાત કહું છું તોએ. ૨૦
અહીં બ્રાહ્મણ સર્વે છે અશુદ્ધ–તે આજ અવતાર પાત્રકી ન જાણે શુધ. ૨૧
તે આજ સર્વે પેટને કારણે વાંચે કાલા વેદ–તેણે કરી આજ તે અમને
કરે નિષેધ. ૨૨
હવે બ્રાહ્મણ માંહેથી બ્રહ્મજ ગયા–તે ગુરબ્રહ્માજીકા રૂપ તે નબી મહંમદ લીયા. ૨૩
હાંરે ભાઇ બ્રાહ્મણ આગળ એસા હોએ–તે માહા લપટી કપટી સોએ. ૨૪
તેનું હરી ઉપર હેતજ આણે નહિ–તે અથરવેદને ન માને સહી. ૨૫
તે ગયા વેદની જાણે વાણ–તેને તું સહી ચંડાળ કરીને જાણ. ૨૬
જે બોહોત વેદ વાંચેને અડસઠ તીર્થ જાએ–નીત નીત સ્નાન ગંગાનું નહાએ. ૨૭

આજ પથ્થર મૂર્તની પુજા કરે જો જાયે–તે ચંડાળ પાક કેમ થાય. ૨૮

ત્યારે સુણોરે ચંડાળ ભીમ કહે છે આયે–જગનને ઠારે ભલા બ્રાહ્મણ ક્ષત્રી
બેઠા છે આયે. ૨૯

તે ત્યાં અચરતવાન દીસે છે ઘણું–તે ત્યાં વેદ સુણે છે બ્રાહ્મણ તણું. ૩૦

ત્યાં સર્વે વેદની રચના સુણે છે એક મનજ હોયે–ત્યાં તારો ચંડાળ મુખ
ન દેખે કોયે. ૩૧

હરે ભીમ હરીકહે છે સુણ તું વચન મોયે–સર્વે ચંડાળ તણી વાત કહું તોયે. ૩૨

જે ક્ષત્રી માઝન બ્રાહ્મણ હોઇને દયા નવ ધરે–અને ઉપર આવી બ્રહ્મજ્ઞાનની
નીંદા કરે. ૩૩

તે વાછડા વોડી વારે ગાય–તેપર પ્રાણ મારતા દયા નવ ખાયે. ૩૪

જે આપણા જીવને કારણે પરજીવની હીંસા કરે–તે આવા બ્રહ્મજ્ઞાનને દીલ
માંહે નહિ ધરે. ૩૫

જે લોક મનમાં કુડકપટી ક્રોધીજ હોયે–તે તમે ભીમ ચંડાળ કરી લેજો જોયે. ૩૬

જે બોહોત નાયે ધોયે આચાર વિચાર કરી અડસઠ તીર્થે નાવે જઇ–આજ
નારાયણ દેવ દશમાં અવતારને ઓળખે નહિ. ૩૭

તેનું જન્મ જન્મ એરે જાયે–તે ચંડાળ ભીમ તે પાખંડમાં જાયે. ૩૮

બીજા સતપંથમાં હોઇ જે નહિ પારે સત ધર્મ–અને ઉપર ચોર દઇતુંના
કરશે કરમ. ૩૯

દસોંદ ન આલે અને બ્રહ્મકુળનું ખાયે–તે હાલ નહિ ગુજારે ગતમાંએ ન જાયે. ૪૦

અમીરસ ન પીવે ન શાખે આવા બ્રહ્મ જ્ઞાનની વાણ–ભીમ તેને તું ચંડાળ
તે સહી કરી જાણ. ૪૧

આવા સતધર્મ લઇને પર હરી જાયે–ઉપર મુખી ગતની નીંદા કરીને
ઘેર દસોંદજ ખાય, ૪૨

વરી નીશાની વેલા હાજર નહિ થાયે–તે ચંડાળ ભીમ પાક નહિ થાયે. ૪૩

એસા વચન સુણી ભીમ અચંબો થાયે–એ તો અવતાર પાત્ર દીસે છે આયે. ૪૪

તેતો કહે છે સર્વે અગમ નિગમની વાત–એની કાયા એવી દીસે છે પણ
કોઇ માહા વિખ્યાત. ૪૫

ત્યારે ભીમ કહે શામી તમે અહી ઉભા રહો સહી–જે હું રાજા યુધિષ્ટરને પુછું જઇ. ૪૬

ત્યારે ગયા ભીમને લાગી વાર–પીરોજે દેવ શ્રી બુધ રૂપે ઉભા છે બાહાર. ૪૭

ત્યારે ભીમ કહે સુણો રાજા કહુ અચરત વાત–દ્વારે એક ઉભા છે પૂર્ણ
માહા વિખ્યાત. ૪૮

એતો સર્વે વાત અગમ નિગમની કરે છે આહે– એવો માહા પાત્ર દ્વારે

ઉભા છે હો રાયે. ૪૯

ત્યારે રાજા યુધિષ્ટર સાથે પાંચે વીર વિચારે જ્યાં—એ કોણ સ્વરૂપ છે કહોને હો ભીમ ત્યાં. ૫૦

શામીજી તે પાત્રના પગ વાંકા મુખ ચંચા ગળત કોડ શરીરે વહે છે જ્યાં તે પાત્ર વાણી અમૃત ઉચરે તે પોતે બેઠા છે ત્યાં. ૫૧

ત્યારે રાજા યુધિષ્ટર ભાઇઓને પુછે ભેવ—એ કોણ પાત્ર છે હો સોહેદેવ. ૫૨

ત્યારે વાંચી વેદને સોહેદેવજ કહ્યા—આજ શ્રી બુધ અવતાર તે શ્રી કરશનજી થયા. ૫૩

તમે મુકી જગન હરીને મળવા જાઓ—આવો પ્રસંગ હવે ફરી નહિ પાઓ. ૫૪

ત્યારે સઘળા બ્રાહ્મણ રાજા યુધિષ્ટરને કહે છે આયે—હારે રાજા એ ચંડાળનું મુખ કેમ જોવાયે. ૫૫

ત્યારે બ્રાહ્મણે જગનમાં ગલીના પડદા બંધાવ્યા સાત—તેણે તો માંહે માંહે ખાધી છે ઘાત. ૫૬

જયારે બ્રાહ્મણે વચન બોલ્યા છે જ્યાંએ—ત્યારે દેવે શ્રાપ દઇને ઉથાવ્યા ત્યાંએ. ૫૭

ત્યારે પાંઢવ દેવનું દર્શન કરવા પોતે ચાલ્યા જાએ—ત્યારે ભીમે કાંડા ઝાલી બ્રાહ્મણોને કાઢયા ત્યાંએ. ૫૮

ત્યારે ગળીના પડદા બંધાવી બ્રાહ્મણને વચને રાજા ગયા—ત્યારે હરીને દ્રષ્ટે ગળીના પડદા ઉજળા થયા. ૫૯

ત્યારે ભુલા બ્રાહ્મણ ઉત્તમ દેવનું દર્શન ઓળખ્યો નહિ જેહ—હવે કલજુગ માંહે તમે ભીખ માગી ખાજો તેહ. ૬૦

હવે સર્વે ભુલા બ્રાહ્મણ જોશી સોહેદેવ કહે—આવા અવતાર પાત્રની ખબર નવ લહે. ૬૧

ત્યારે પાંચે પાંઢવ હરી પાસે દર્શન કરવા જાયે—તે જઇને લાગા પાયે. ૪૨

ત્યારે રાજા જુજે સહળ દેવસું વીનતી કરે મનમાં હર્ષજ ધરી—આજ અમ ઉપર ભલે કૃપા કરી શ્રી હરી. ૬૩

આજ સર્વે જુગકા પાપ હમારા ગયા—જબ જંબુ દીપકું નેયણે દેખીયા. ૬૪

હવે શામી હમારો જગન પુરો થયો આજ—જ્યારે ઘેર પધાર્યા શ્રી મહારાજ ૬૫

ત્યારે પાંચ પાંઢવ કર જોડી રહ્યા—જે શામીજી તમારા આણી ગમે ચર્ણ ભલે પધાર્યા. ૬૬

એ પાંઢવો તમે જગન મંડાવ્યો કાંયે—જો હું તમોને વારી ગયો હતો હો રાયે ૬૭

એ શામી અમે બ્રાહ્મણોને વચને ભુલ્યા જોયે—અમે દેવનું વચન લુપ્યો સોએ ૬૮

એ ભાઇ જો તમે વેધો ગાયને રાખો ઇમાન—તો વૈકુંઠમાં પામો ઠામ. ૬૯

શામીજી અમે તમારો કહ્યો કરશું દેવ કીર્તાર–પણ એ ગાય વિરોધ્યાનું
કોણ વિચાર. ૭૦

ત્યારે ભગત પંઢવા સું શ્રી બુધ બોલ્યા ધરીને હેત–સુણોને પંઢવા તેમ
અઢાર ક્ષોણુ માર્યા રણક્ષેત્ર. ૭૧

ત્યારે તેનું પાપ તમસીર ઉપર છે સહી–તે પાપ નીંદા કરાવ્યા વિના
કંઇ ઉતરે નહિ. ૭૨

જેમ જેમ લોક તમારી નીંદા કરે–તેમ તેમ આવા માહા પાપ ઉતરે. ૭૩

ત્યાં એસા વચન શ્રી બુધજી બોલ્યા ભગત કરે વિચાર–ત્યારે જગનમાં
કામધેન આણી તેણીવાર. ૭૪

ત્યારે શ્રી બુધજીનું વિકટરૂપ દેખીને કામધેન એમ ઉચરે–એ ચંડાળનું વચન
તે પાપી પાંઢવ કરે. ૭૫

ભાઇ આજ ગાય બ્રાહ્મણને ઘેર પુજે છે સબ કોયે–પણ એ ચંડાળને વચને
પાપી પંઢવ મારે છે મોએ. ૭૬

ત્યારે શ્રી બુધજીનો રૂપ જોઇને ગાય કામધેન કરી અભિમાન–ત્યારે શ્રી બુધજી
ફારસી બોલ્યા નિર્વાણ. ૭૭

ત્યારે શ્રી બુધજી ફારસી બોલ્યા કામધેન ગાયને કીધો ભાંડ–હવે તું કલજુગમાં
ગલો કપાવીને વિષ્ટા ખાજો હો રાંડ. ૭૮

ત્યારે પાંઢવે હરીના વચન સીર ચડાવ્યાને વિરોધી ગાય–ત્યારે તેનું મુસ્તક
રાજા યુધિષ્ટરે લીધો સીર ચડાએ. ૭૯

ત્યારે ચાર ચરણ બંધવે સીર ચઢાવીઆ–ત્યાં ચામ દ્રોપદીએ ઓઢયા ત્યાં. ૮૦

ત્યારે શ્રી બુધજી કહે ભાઈ પંઢવો જો તમે કહ્યો અમારો કરો–તો હસ્નાપુરીની
બજાર વચેથી ગાય મુસ્તકે લઇને નીસરો. ૮૧

ત્યારે ભગત પાંઢવોને ચોતરફથી રગત ઉતરે–સહુ કોય જાપ સુખેથી જાપ
શ્રી બુધજીનું ઉચરે. ૮૨

ત્યારે હસ્નાપુરીના ચોવાટમાંથી પાંઢવા ચાલ્યા જેણીવાર–ત્યાં સર્વે નગર
માંહે પડી પુકાર. ૮૩

ત્યારે સર્વે નગરના લોક ભગત પાંઢવાની નીંદા કરી જેણીવાર–તત્ખણુ
પાપ ઉતર્યા તેણીજવાર. ૮૪

ત્યાં નગરના લોક સર્વે જોવાને જાયે–ભાઇ આ ચંડાળને વચને પાપી પંઢવે
મારી ગાય. ૮૫

એ પાંઢવે કહ્યું કચક સો ભાઇ સમેત માર્યો–અને અનાહુત કીધો આજ
અઢાર ક્ષોણુ દલ સો ભાઇ સંગાર્યા–હવે પાંઢવ કુળનું ભુંડો રાજ. ૮૬

ત્યારે સર્વે લોક પાંઢવાની નીંદા કરવા મળ્યા કાજ–ભાઇ હવે પાંઢવાનું સુખ

શું જોઇએ આજ. ૮૭

જેમ જેમ સર્વે લોક મળીને નીંદા ઘણી ઘણી કરે–તેમ તેમ પાંઢવાનું પાપ ઉતરે. ૮૮

ત્યારે સર્વે પાપ ઉતારીને દોયે દીશ જાયે–ત્યારે ભગત પાંઢવ વર પામ્યા
તેણે ઠાયે. ૮૯

ભગત પાંઢવ વર પામ્યા લોક નીંદા કરે સંસારજ તણા–તેને મુસ્તકે મુગત
સોવન હીરા રતન ઝળકે છે ઘણા ૯૦

ત્યારે ભગત વળતા ફરી આવ્યા હસ્નાપુરીના ચૌટા ચોકજ માંયે–ત્યારે
ભગત પંઢવે શ્રી હરી બુધરૂપે વર પામ્યા ત્યાંએ. ૯૧

ત્યારે ભગત પાંઢવાનું રૂપ ફેર્યો છે જાદવરાય–ત્યારે સર્વે લોક મનમાં અચંબે થાય. ૯૨

એ ભાઈ પાંઢવ જોતા ગઉ મુસ્તક ચડાવી લઇને ગયા–તેના વલતા સુવર્ણના
મુંગત માથે ચડતા રહ્યા. ૯૩

તે ભગતુંને સંસાર દેખતાં શ્રી બુધરૂપે વર આપ્યા–ત્યાં સર્વે લોક જ્યાં
વરોધી ગાય ત્યાં પેલા બ્રાહ્મણ ગયા. ૯૪

જ્યાં પડી ગાયની આંતરડી દીઠી તે બ્રાહ્મણે–આંતરડી લાગ્યા ગામ
તે બ્રાહ્મણે આંતરડીની જનોઇ–ગળામાં ઘાલી તેણે ઠામ. ૯૫

તે કલજુગ માંહે બ્રાહ્મણની જનોઇ આંતરડાની જાણો સહી–હવે બ્રાહ્મણ
દર્શનની વેળા તો આજ વહી ગઇ. ૯૬

ત્યાં સર્વે જોગી દોડયા મનને ભાયે–તેને શીંગડા હાથે લાગ્યા તેણે ઠાયે. ૯૭

ત્યાં આજ કલજુગ માંહે જોગીની વેલા વહી ગઇ–તે ફોકટ: શીંગી ગળામાં
નાંખી સહી. ૯૮

ત્યાં દોડયા અબદાલ તેને લાગી વાર–તેને ગઉ ચામ હાથ લાગ્યો તેણે ઠાર. ૯૯

ત્યાં સર્વે અબદાલની બુધિધ જો ગઇ–તે આજ ફોકટ ચામ કેડે બાંધે સહી ૧૦૦

ત્યાં દોડયા વૃત્યા મનકે ભાયે–તેને પુંછડી આંચળ હાથ લાગા તેણે ઠાયે. ૧૦૧

ભાઇ આજ સર્વે વૃત્યાના વ્રતની વેલા વહી ગઇ–તે આજ ફોકટ ગાયનું
પુંછડો આંચળ દેવરાવે સહી. ૧૦૨

ત્યાં સર્વે લોક બ્રાહ્મણ કણબીની એટી દોડી જાયે–તેને ગાયનું ગોબર હાથ
લાગ્યો તેણે ઠામ. ૧૦૩

તે આજ ગોતરાણની વેલા તો વહી ગઇ–તે નીંષ્ટે આજ ફોકટ ભુખ મરે
છે સહી. ૧૦૪

ત્યાં દોડયા વૈસ્ય ક્ષત્રી સહુ લોક જેહ–તે આજ ફોકટ ગાયની પુજા કરે
છે સંસારજ જેહ. ૧૦૫

જે આજ ગાયની પુજા કરે છે તે આજ પાછલાને ભરમે ભુલે છે સોંસાર–
જો તમે આજ અથર વેદમાં ખોળો તો મળે દેવ દસમો અવતાર. ૧૦૬

જ્યારે દુઆ પર ઉતર્યો ભગત પઢવાને કરોડ નવસો વર થયા–ત્યાં ભગત
સર્વે દેવની વિનંતી કરે છે સહુ કર જોડીને રહ્યા. ૧૦૭

ત્યારે દેવને કર જોડીને રાજા યુધિષ્ટર વિનવે છે સેવ–હવે શામીજી કાંઇ
આગળ ચરિત્ર અમને સંભળાવો હો દેવ. ૧૦૮

ત્યારે ત્યાં શ્રી બુધજી ફારસી બોલ્યા વાણ–ભાઇ પાંડવો અમે તમોને દેવા
આવ્યો છું એક રજા જાણ. ૧૦૯

હવે ભાઇ વિત્યો દુઆ પરને કલજુગ બેઠો છે આયે–હવે તમે હેમાળજે
સીજે જાયે. ૧૧૦

ત્યારે એવા વચન સુણી ભીમ કાન દેહી રહ્યા–હો શામીજી અમને તમે
આગળ કેમ ન કહ્યા. ૧૧૧

જ્યારે અમે માર્યો ગુરૂ દ્રોણને ને ગંગેવ જેહ–તેના બળતું નહિ કોઈ છેહ ૧૧૨

અમે માર્યા મામેરા દુશાપણના ભાંગ્યા દંત–તેના બળતું નહિ આવે અંત. ૧૧૩

તે સર્વે (૧૦૦) સો બંધવને અઢાર ક્ષોણ દળ મારીને લીધો રાજ–તો
શામીજી તમે કલજુગ કેમ આણ્યો આજ. ૧૧૪

જો દેવ તમે અમસું આગળ કરતા શુધ–તો અમે કુરૂક્ષેત્ર નહિ કરતા જુધ. ૧૧૫

ત્યારે રાજા જુજેસઠળ કહે તમે સુણો ભીમસેન રાય–તમસું હરી સામું
ઉત્તર દેયો કેમ જાય ૧૧૬

જે દેવ કહે છે તે તમે વિશ્વાસજ કરો–અને વચન હરીના સીર ઉપર ધરો. ૧૧૭

ત્યારે કહે શ્રી નારાયણ દેવ સુણો જુજેસઠળ રાય–જે હું કહું આગળ
તમને કળજુગના સુભાય. ૧૧૮

જે કલજુગમાં સાડા ઓગણીસ વીસ્વા પાપ વર્તે સોયે–અને અરધો વીસ્વો
સત ધરમનો હોય. ૧૧૯

કલજુગમાં વૃક્ષો ઘટેરા જોયે–શ્રી ગુરનરના ધરમે ધરતી પાકે સોએ. ૧૨૦

ત્યાં કલજુગના રાજા કપટી હોએ–ત્યાં સર્વે લોક રૈયત ધુતારી સોએ. ૧૨૧

તેમાં કોઇક ધુતારાતું કરમજ કરે–આવા બ્રહ્મજ્ઞાનને મનમાંહે નવ ધરે. ૧૨૨

જે હરીના નામ મેલીને ઉર માને પથરને બુત–ત્યાં માબાપને નહિ માને દુત ૧૨૩

તે કલજુગના ભુલ્યા લોક બ્રાહ્મણ વાંચે હાલા વેદ–તે અથરવેદને કરે નિષેધ. ૧૨૪

કલજુગના બ્રાહ્મણને લાલચ ઘણી–તેની ગઇ છે બુધ સહી,
તે આજ સતગુર સોહોદેવને નહિ ઓળખે–દસમાં અવતારની ન જાણે શુધ. ૧૨૫

તે કલજુગમાં ગાય કામધેન કરરતી ખાયે તે તો સાધના ધરે પુજાયે–તે
ગાય કામધેન ગલો કપાવી જાય. ૧૨૬

તે કલજુગના લોક તે મનમાં દયા નવ ધરે–તે જીવહીંસા તેતો બહુજ કરે. ૧૨૭

જે કલજુગ માંહે સહુ લોક કપટનું કરે કાજ—તો પાંડવો તમે ત્યાં કેમ કરશો રાજ. ૧૨૮

સુણો યુધિષ્ટિર હું તમસું કહું—અને હું તો કલજુગ માંહે પ્રગટ નહિ રહું. ૧૨૯

ત્યારે પછે રાજા યુધિષ્ટિર કહે સુણો મુરાર—પણ શામીજી તમ વિન્યા
કેમ ચાલે સંસાર. ૧૩૦

ત્યારે કહે શ્રી નારાયણદેવ હું તમસું રાજા યુધિષ્ટિર કહું—હું તેણે ઠામે ગુપ્ત હોઇ રહું. ૧૩૧

ત્યારે રાજા યુધિષ્ટર કહે શામી અમને કહો તમારા ગુપ્તનો ઠાર—જે સર્વે
દેવ રીકીસર પુજે તમારો દીદાર. ૧૩૨

ત્યારે શ્રી નારાયણ દેવ કહે તમે સુણો યુધિષ્ટર રાય—તે હું કહું છું
કલજુગ માંહે અમારા ગુપ્તનું ઠામ. ૧૩૩

જ્યાં પશ્ચિમ દીશામાં આરબ દેશ—ત્યાં દસમો અવતાર ધરૂં માનખા વેશ. ૧૩૪

ત્યાં નારાયણ દેવ કહે સેતરદીપમાં ઠામ અમારો કહે—તે કુળ તમારીમાં
ગુર બ્રહ્માજી રહે. ૧૩૫

ત્યારે રાજા યુધિષ્ટર પુછે છે પ્રણામ—એ શામીજી કહો અમને ગુર બ્રહ્માજીકો ઠામ. ૧૩૬

ત્યારે શ્રી નારાયણ દેવે કહ્યા કલજુગના ગુર બ્રહ્માજીના ઠાયે—તમે વચન
અમારા સુણજો સતજ ભાયે. ૧૩૭

ત્યારે જંબુદીપમાં ભરતખંડ જે નામ—અને કુઆરકા ક્ષેત્રમાં ઉત્તમ ઠામ. ૧૩૮

જે ઇમામપુરી નગરીમાં ગુર બ્રહ્માજી રહે—તે કલજુગ માંહે ગુર બ્રહ્માજી
અથરવેદની વાણી કહે. ૧૩૯

તે કલજુગમાં ગુર બ્રહ્માજીનું નામ નબી મહંમદ હોયે—તે ગુરને ગાફલ
દુનિયા લોક ન જાણે કોયે. ૧૪૦

ત્યારે ગુર બ્રહ્મા વિષ્નુ મહિષ એ ત્રન કલા લઇ ગુર ફરશે સહી—તે ગુરનરને
ગાફલ દુનિયા ન જાણે કોઇ. ૧૪૧

જ્યારે હરીએ કહ્યા ગુરનરના ઠામ—ત્યારે પાંચે પાંડવ હરીને કર્યા પ્રણામ ૧૪૨

તમે રાજા યુધિષ્ટર વચન સુણજો મોએ—તો ત્રીજો ઠામ અમારો કહું છું તોએ. ૧૪૩

જ્યાં મલે ગત એકાંતજ હોય—નીત નીત અમી પીવે સબ કોયે ૧૪૪

જે એકમન જીકર કરે પાલે આતા બ્રહ્મજ્ઞાનની વાણ—તે ઘર વાસો
અમારો સહી કરી જાણ. ૧૪૫

જે મુનીવર પાળે બ્રહ્મજ્ઞાન ગ્રહસ્થ બંધનમાં રહે—તે ઘર વાસો યુધિષ્ટર છેહ. ૧૪૬

તમે સુણો યુધિષ્ટર હું તમસુ કહું—એણી પેરે કલજુગમાં ગુપ્ત હોઇ રહું. ૧૪૭

ત્યારે પાંડવ વીનતી કરીને વીનવે છે શેવ—હવે શામી અમને કેસી રજા
દીયો છો હો દેવ. ૧૪૮

ત્યારે હરીએ કહ્યા એવા મોક્ષ મુગત ઠામ—પણ પાંડવો હેમાળળ સીજ્યાં
વિના નહિ થાય તમારો કામ. ૧૪૯

જ્યારે એવો વચન હરીએ બોલ્યા—ત્યારે પાંચે પાંડવે સીર ચડાવ્યા ૧૫૦

શામીજી આજ તમે કહો તે નીષ્ટે કરૂં—તો તમારો સ્મર્ણ કેમ વીસરૂં. ૧૫૧

સુણો યુધિષ્ટર હું તમસું કહું—ત્યાં હું તમ પાસે રહું. ૧૫૨

ભગતો મન નિષ્ટે કરી રાખજો વિશ્વાસ— તમે જ્યાં સમરણ કરશો હું ત્યાં
છું તમારા પાસ. ૧૫૩

જ્યારે એવા વચન કહી હરી બેઠા આયે—ત્યારે પાંચે પાંઢવ હરીને લાગ્યા પાયે. ૧૫૪

ત્યારે હરી આગળ વીનતી કરી રહ્યા પાંચે વીર—હવે શામી તમે અમારો
સત રાખજો હો ધીર. ૧૫૫

હવે શામી બોલું વીનતી તે સુણજો હમજ તણી—અમને અંતકાલે
મ વીસરજો હો ધણી. ૧૫૬

ત્યાં ધણીક વીનતી કરી ભગત હરીને પોંચાડવા ગયા—ત્યાં પાંઢવ વળી
આપણે થાનકે આવ્યા. ૧૫૭

ત્યારે ભગત પાંઢવાને વર આપી હરી જાયે—ત્યાં અડસઠ તીર્થ હરીને
મળ્યા છે આયે. ૧૫૮

જયારે તીર્થને હરીએ આગળ આવતા દીઠા સહી—ત્યારે ગંગાજીએ ભેદ
સર્વે તીર્થોને કહી. ૧૫૯

ત્યારે તીર્થોને ભેદ સર્વે ગંગાજીએ કહ્યા—જે બુધ અવતાર તે શ્રી કરશનજી થયા. ૧૬૦

તમ લગી શ્રી બુધજી પોતા છે આયે—ત્યારે અડસઠ તીર્થ જઇ લાગ્યા હરીને પાયે. ૧૬૧

ત્યાં બોહોત વીનતી કરીને વિનવે છે સેવ—હવે અમને રજા કેસી દયો છો હો દેવ. ૧૬૨

ત્યારે શ્રી બુધજી વચન બોલ્યા એમ—કહો ગંગાજી તમે તમારા ઠામ છોડયા કેમ. ૧૬૩

ત્યારે અડસઠ તીર્થ શ્રી બુધજીને કહ્યા છે આયે—શામીજી હવે અમથી
કલજુગમાં રહ્યો નવ જાયે. ૧૬૪

શામીજી હવે વીત્યો દુઆપર કલજુગ બેઠાનું સુણ્યો નામ—ત્યારે સર્વે
રખીસરે છોડયો ઠામ. ૧૬૫

ત્યારે ગંગાજીએ શ્રી બુધજીસું એસો કહ્યો—શામીજી અમે તો રહીએં જો
તમે કલજુગમાં પ્રગટ હોઇ રહો. ૧૬૬

જો દેવ તમેં કલજુગમાં પ્રગટ થઇ ફીરો નિર્વાણ—તો દેવ અમે ન છોડીએ
અમારા ઠામ. ૧૬૭

જયારે એવા વચન શ્રી નારાયણ દેવને સર્વે તીર્થે કહ્યા—ત્યારે શ્રી બુધજી
ચીંત કઇને રહ્યા. ૧૬૮

ત્યારે શ્રી નારાયણદેવ કહે સુણો ગંગાજી હું તમસું કહું—હવે કલજુગ માંહે
હું પ્રગટ નહિ રહું. ૧૬૯

શામીજી અમે તમને પુછીએ દેશ મુલક તમારો ગામ-તે તમે કહો અમોને
તમારો ઠામ. ૧૭૦

તો અમે પશ્ચિમ દીશ એરાકખંડ કહું-ત્યાં અમે દસમું અવતાર માનખા
રૂપે ગુપ્ત હોઇ રહું. ૧૭૧

ત્યારે અડસઠ તીર્થ શામીજીને પુછે ત્યાંએ-શામી અમથી કલજુગમાં ગુરનર
વિના રહ્યો નવ જાય. ૧૭૨

એ કલજુગના લોક જીવ હીંસા કરીને કપટસું કરે કામ-તે કુડકપટસું જોડે દામ. ૧૭૩

તે દામ લઇને પુજા અમારી કરે-તેનું પાપ તે અમ સીર ચડે. ૧૭૪

તે લોકો માહા વીકમ કરીને અમ માંહે નાયે-એવા માહા પાપીનું મુખ
દેખ્યો નવ જાયે. ૧૭૫

હવે શામીજી માહા પાપ કલજુગ માંહે થાયે-તો હવે શામીજી અમથી
કલજુગમાં તમ ગુરનર વિના રહ્યો નવ જાયે. ૧૭૬

ત્યારે શ્રી નારાયણ એસા વચન સર્વે તીર્થને કહ્યા-તો સુણો ગંગાજી તમે
ગુર બ્રહ્માજીના કુળ માંહેથી પેદા થયા. ૧૭૭

તમે શ્રી બ્રહ્માજીના થાપ્યા અડસઠ તીર્થ આયે-હવે તમે શ્રી ગુર બ્રહ્માજીના
કલામાંહે રહેજો જાયે. ૧૭૮

જ્યારે એસા વચન શ્રી નારાયણ દેવજ કહ્યા-ત્યારે સકળ તીર્થના મનમાં
હર્ષજ થયા. ૧૭૯

ત્યારે અડસઠ તીર્થ નારાયણ દેવને કહ્યો સીરનામ-તો શામી કહો અમને
કલજુગમાં ગુર બ્રહ્માજીકો ઠામ. ૧૮૦

ત્યારે શ્રી નારાયણ દેવ કલજુગમાંએ ગુર બ્રહ્માજીકા ઠામજ કહ્યા-ત્યારે
સકળ તીર્થ ચીંત દઇ રહ્યા. ૧૮૧

જ્યાં જંપુદીપ નગરી કહીએ ગામ-ત્યાં પ્રગટ બેઠા ગુર બ્રહ્માજી તેણે ઠામ. ૧૮૨

તે જંપુદીપ નગરીમાં ગુર હસનશાહા રહે-તે ગુરનું નામ અંતે નબી
મહંમદ કહે. ૧૮૩

જે ગુરના ઘરમાં તપસી ફકીરી તે ગુરને લેજો જોયે-તે ગુરને કલજુગમાં
ગાફલ દુનીઆં ન જાણે કોએ. ૧૮૪

જ્યારે કહ્યા શ્રી નારાયણ દેવ ગુર બ્રહ્માજીકા ઠામ-ત્યારે સકળ તીર્થ તે
દીશને કરે પ્રણામ. ૧૮૫

ત્યારે સકળ તીર્થ હરીને કરે પ્રણામ-શામી કહો અમને કલજુગમાં તમારા ઠામ. ૧૮૬

ત્યારે શ્રી નારાયણ દેવે ગંગાજીને કહ્યો અનંત-તે પશ્ચિમ દીશ સેંતરદીપ
એરાકખંડમાં અવતાર ધરૂં અલી માહા બળવંત. ૧૮૭

જ્યારે એસા વચન બુધજીએ કહ્યા છે આયે-ત્યારે સકળ તીર્થના મનમાં
હર્ષ ન માયે. ૧૮૮

જ્યારે શ્રી બુધજીએ એસો ભેદ કહી અડસઠ તીર્થને દીયા પરઠાયે-ત્યારે સર્વે
તીર્થ નબી મહંમદની કલામાંહે બેઠા છે જાયે. ૧૮૯

કલજુગમાં નબી મહંમદ પાસે અડસઠ તીર્થ ઉઠી ગયા-તે તીર્થના ઘર
સર્વે ઠાલા થયા. ૧૯૦

તે ત્રન વેદને અડસઠ તીર્થનું મહિમા ત્રન જુગમાં જેહ-તે કલજુગના
ભુલા લોક ઠાલા વેદ ભણે અડસઠ તીર્થમાં માથું કુટીને મરે તેહ. ૧૯૧

તે કલજુગના ભુલા લોક ઠાલા ઘરસું લાવે ચીંત-તે ભાઇ માંહે હોવે તો
લાવે વીત. ૧૯૨

ત્યારે શ્રી ગુર બ્રહ્મા પાસે અડસઠ તીર્થને વોળાવી શામીજી વળ્યા-ત્યાં ભૈરવ
ભુતપ્રેત આવી શામીજીને પાયે પડયા. ૧૯૩

ત્યારે હરીને પાયે લાગી સર્વે ભૈરવ ભુત વીનતી કરી-હવે અમને કેસી
રજા દીયો છો હો શ્રી હરી. ૧૯૪

શામીજી જો તમે બ્રહ્મા વિષ્નું મહેશ્વર જુગમાં પ્રગટ નહિ રહો દયાળ-તો
તમ વિના અમારી કોણ કરસે પ્રતીપાળ. ૧૯૫

જ્યારે દેવને એસા વચન ભૈરવ ભુત પ્રેતે કહ્યા-ત્યારે શ્રી નારાયણ દેવ
ચીત દેહીને રહ્યા. ૧૯૬

ત્યારે શ્રી નારાયણ દેવે સકળ ભૈરવ ભુત પ્રેતને કહ્યો વિચાર-ભાઇ તમે તો
મત છોડો આ સંસાર. ૧૯૭

આ કળજુગનું મધ માંસ તે આહાર છે તમ તણો-તે કલજુગના ભુલા
લોક તમને માનશે ઘણો. ૧૯૮

ત્યારે ત્યાં એવા વચન શ્રી હરીએ કહ્યા-ત્યારે સકળ ભૈરવ ભુત પ્રેતના
મનમાં હર્ષજ થયા. ૧૯૯

ત્યારે ભૈરવ ભુત પ્રેત કર જોડીને કહે છે સીરનામ-શામીજી અમે કલજુગમાં
રહીએ તે કેણે ઠામ. ૨૦૦

હવે શામીજી તમે જ્યાં રાખો ત્યાં રહીએ જાયે-એવો ભૈરવ ભુત પ્રેત
કહ્યો છે ત્યાંએ. ૨૦૧

ત્યારે કલજુગમાં ઠામ નારાયણ દેવ ભૈરવ ભુત પ્રેતને કહ્યા છે આયે-આજ
અડસઠ તીર્થના ઘર ઠાલા છે તેમાં રહેજો જાયે. ૨૦૨

તે સર્વે તીર્થ ઉઠી ગયા ગુર બ્રહ્માજીને ઠાર-તે તીર્થોના ઘરમાં તમે
રેહેજો નિરધાર. ૨૦૩

ત્યાં તમે જઇને કરજો ચરિત્ર દેખાડજો પ્રતાપ–તો કલજુગના ભુલા લોક
તમને માનશે ખાશે સંતાપ. ૨૦૪

જેમ જેમ ચલિત્ર ઘણા કરશો તેમ તેમ તીર્થે લોક ઘણા જાય–તેની પુજા
સર્વે ભૈરવ ભુત પ્રેત લઇ જાય. ૨૦૫

ત્યાં કલજુગના ભુલ્યાં લોક સર્વે તીર્થે જાય–તે લોક દંડ, મુંઢ દેવરાવી
ઠાલા ઘરમાં જઈ આવે ત્યાંએ. ૨૦૬

ત્યારે જયાં લગી કલજુગમાં પથર મુર્તિની દેવળ દેરામાં પુજા થાયે–તે
સર્વે સ્થાને ભૈરવ ભુત પ્રેત રહેજો જાયે, ૨૦૭

તમે ત્યાં જઈ કરજો ચરિત્ર તો કલજુગના ભુલા લોકોને પ્રતિતજ પડે–તો
તમોને નીત નીત પુજા તેમ ઘણેરી ચડે. ૨૦૮

જે અડસડ તીર્થના સુના ઘર તે હરીએ ભૈરવ ભુત પ્રેતને આલ્યો ઠામ
ત્યારે સર્વે ભૈરવ ભુત પ્રેત કર્યો છે પ્રણામ. ૨૦૯

ત્યાં હરી કહે મુલક ચોવીશ નવખંડ ત્યાં તમે વ્યાપક સર્વેથાને રહેજો–ભૈરવ
પ્રેત ભુત ત્યાં સર્વે ગાફલ દુનીઆને ખાજો ધુત. ૨૧૦

કલજુગ માંહે જે અથરવેદની રચના વિના જે પુજા થાયે–તે સર્વે પુજા
ભૈરવ ભુત પ્રેત લઈ ખાય. ૨૧૧

આજ કલજુગમાં ગુર નખી મહંમદ હાજર છમામને ગાફલ દુનિયા નવ
જાણે કોયે–આજ કલમાંહે દસમાં અવતારની પુજા નવ કરેસોએ. ૨૧૨

આજ કલજુગમાં અથરવેદની પુજા સોહે–તે પુજા ગુર નખી મહંમદ ગુર
સોહદેવના ઘરમાંહે હોય. ૨૧૩

ત્યાં હરીએ એસો કહીને સર્વે ભૈરવ ભુત પ્રેતને દીધી તે ઠાયે–ત્યારે સકળ
પૃથ્વીમાં દેવળ દેરાં પથરની મુર્ત માંહે બેઠા છે જાયે. ૨૧૪

ત્યાં કલજુગમાં સકળ ઠામે વ્યાપક તમે રહેજો ભૈરવ ભુત–ત્યાં તમે છલ
કરી દુનિયાને ખાજો ધુત. ૨૧૫

તે કલજુગ માંહે પથર મુર્તના ઘર તીર્થ માંહે જે પુજા થાયે–તે સર્વ ખેલ
ભૈરવ ભુત પ્રેતના ચલિત્ર આયે. ૨૧૬

આજ સર્વે ગાફલ દુનિયા નહિ જાણે સતગુર દેવના ઠાય–તે સર્વે લોક
પથર મુર્તને જઇ લાગે પાય. ૨૧૭

ત્યાં જઇ રાચ્યા સર્વે સંસાર–તે આજ કોઇ ન જાણે સતગુરના ઘરનું દ્વાર. ૨૧૮

ત્યારે એસો ભૈરવ ભુત પ્રેતને કહી શ્રી નારાયણ દેવ ચાલ્યા જાયે–ત્યારે
પથર પાથરીઆ શામીજીને મળ્યા છે આહે. ૨૧૯

તેણે ત્યાં હરીને પાય લાગીને વીનતી કરી–શામી અમોને કેસી રજા દીયો
છો શ્રી હરી. ૨૨૦

ત્યારે પથર પાથરીઆને હરી પુછે છે આહે–તમે અહીં આવ્યા તે કારણ કાહે. ૨૨૧

શામીજી અમને વિણ અપરાધે ચુટે કુંટે પુજે શ્રી હરી કરી–તે લોકોનો
અમારો ન્યાય કરો શ્રી હરી. ૨૨૨

એ શામીજી તમારો નામ પુજા અમારી કરે–તેનું પાપ તે અમ સીર
ઉપર ચડે. ૨૨૩

તે પુજા ચડે તે સરવે ભેરવ ભુત પ્રેત છળ કરીને ખાયે–તે સર્વે ચડાવે
પાથરીયાને ચોખા પુજે અમારા પાય. ૨૨૪

તમે સુણો પથર પાથરીઆ એમ હરી બોલ્યા તત્ખણા–તે તમને સર્વે
કલજુગના લોક ચટી કુટી દુખ દેશે ઘણો. ૨૨૫

તે તમોને ચુટે કુટે તેની રોશ મ કરશો કોયે–અમે પુછશું જ્યારે ગુરનર
તખ્તે બેસશે સોયે. ૨૨૬

ત્યાં દુનિયા સર્વે આદ અંતના લોક એકઠા થાયે–ત્યાં પાથરીઆ પથર
અમે તમારો ન્યાય કરશું આહેં. ૨૨૭

ત્યાં અમે અદલ ન્યાય કરી તેને પુછશું આયે–જે તમને ચુટી કુટી માહા
દુખ દેહી લાગે છે તમારે પાયે. ૨૨૮

તે તમારો ન્યાય લોદી અમરાપુરીમાં કરશું સોયે સુણો–તમે પાથરીઆ
પથર વચન માનો અમ તણો. ૨૨૯

ત્યારે શ્રી નારાયણ દેવ એસા વચન પથર પાથરીયાને કહ્યા–ત્યારે શ્રી
બુધજીના વચને કલજુગમાં આવાં દુખજે સહ્યાં. ૨૩૦

ભાઇ એ દેવની ખેલ રમત સવા પહોરની જેહ–ત્યાં શ્રી બુધજીએ આગમ
કંથી સૌને સંભળાવ્યા તેહ. ૨૩૧

તમે શ્રી ગુરનરના વચન સહી કરી પ્રમાણુજો જેહ– તે શ્રી બુધજીના વચન
સહી કરી માનજો તેહ. ૨૩૨

ત્યારે જુગ દુઆપુરમાં નવમું રૂપ ધર્યો મોરાર–ત્યાં દેવે ધર્યો શ્રી બુધ અવતાર. ૨૩૩

ત્યારે દેવે દૈત્ય દુર્યોધનને માર્યો જેણીવાર--પછી સંસારમાં પ્રગટ થયા મોરાર. ૨૩૪

ત્યારે લ્હાવ લીધો ભગત પાંઢવે જેહા–આપે ગયા બોહોળે વનજ ત્યાં. ૨૩૫

ત્યારે શ્રી નારાયણ દેવ પોતે પધાર્યા જ્યાં–જઇ પાંઢવોને કુશળ પુછ્યો છે ત્યાં. ૨૩૬

ત્યારે પંઢવે કાયા કસી અતિ ઘણી–ત્યાં વનપાનનો લીધો ભોગ
શ્રી ગુર છ માસ લગણ એણીપરે રાખ્યા–ત્યાં દર્શન થયા સાંહીયા જોગા. ૨૩૭

ત્યારે પાંઢવે હેમાજલે સીજ્યાં ત્યારે રાજા યુધિષ્ટરની દેહી નહિ ગલી જેહ
તે રાજા જન્મમધે જુઠો બોલ્યો–અસત ભાખ્યો જે નરા કુંજરા તેહ. ૨૩૮

તે ભગત પંઢવ હેમાજલમાં સીજ્યાં–તે જઇ પોતા સત્તાવીશ ક્રોડ હતીયું જ્યાં,
તેમાંથી નવ કરોડ જીવ નીપના–તે અમરાપુરી લીધા ત્યાં ૨૩૯

જ્યારે નવમું રૂપ હરી અવતરીઆ—તેણે દેવે ધર્યો શ્રી બુધ અવતાર.
જ્યારે દેવે દઇત્ય દુર્યોધનને મારી ભગત પંઢવાને તાર્યા—પછી સંસારમાં
પ્રગટ થયાં મોરાર. ૨૪૦

તે દુઆપુર જુગ માંહે હરીએ દોયે રૂપ ધર્યા—ત્યાં અનંત રચ્યો માંઢવ,
તે જુગમાંહે દેવે દોયે દાણવ સંધાર્યા—ત્યારે તાર્યા ભગત પાંઢવ. ૨૪૧

તે ભગતે પાંઢવે સતપંથ ધીયાઇયા—તેણે બહુ કસકસીને મેલ્યા અન,
તે પંઢવ રાજપાટ સર્વે છોડકર—સતગુરના વચને ચાલ્યા વન. ૨૪૨

તે ભગત પાંઢવે સતગુર વિદુર વ્યાસને પુરા સેવીયા—તેણે ગુરનર ઉપર
પુરો આણ્યો નેહ,
તે બાર વરસ વનમાં રહ્યા—ત્યાં સીર ઉપર સહીયા વેહ. ૨૪૩

ત્યારે દુઆપુર જુગમાં ગુર વિદુર વ્યાસે સત્તાવીશ કરોડ નીમ્યા—તેમાંથી
શ્રી કૃષ્ણ બુધદેવ નવ કરોડ કર્યો પ્રમાણ,
તેમાંથી નવ કરોડસું વિશ્વાસ ઓછો આણ્યો—તે ફીરી ફીરી પડયા ચારેહિ ખાણ. ૨૪૪

તે માંહેથી નવ કરોડ પરલે ગયા—જેણે આ ગુરનર ઉપર પુરો નહિ આણ્યો નેહ.
તે જાણી કરી ભુલા ગાફલા—ભાઇ દોજખે ગયા તેહ. ૨૪૫

તે પાંઢવે સતપંથ પુરા સેવીયા—તેણે સતગુરની વાચા પારી સાચ.
તે નવ કરોડસું નીપના—તેની જુગમાં ચાલી સાચી સાંખ. ૨૪૬

તો મુનીવર ભાઇ આજ એસા સતગુર કીજીએ—જેસા સત દયાબ્યા પાંઢવ તોલ
ભાઈ તન મન ધન તેણે સર્વે સોંપીયા—તે સતગુર શામીજીને બોલ. ૨૪૭

ત્યારે પૂર્ણ પેમસું પાંઢવ ચાલીયા—અને જો શ્રી બુધ દેવ રૂપ પ્રમાણ કીધો ત્યા
અહીંથી દેવના નવ રૂપ ધીયાવીને રાખ્યા—ભાઇ તે અમરાપુરી લીધી ત્યા. ૨૪૮

ત્યારે નવસું રૂપ હરી દેવ મુરાર—ત્યાં દેવે લીધો શ્રી બુધ અવતાર. ૨૪૯

ત્યારે દૈંત્ય દુર્યોધનને માર્યો તેણીવાર—પછી સંસારમાં પ્રગટ થયા મુરાર. ૨૫૦

જયારે નવમે શ્રી બુધરૂપે દઇંત દુર્યોધનને માર્યો—ત્યારે ભગત પાંઢવાને ઉધાર્યો. ૨૫૧

ત્યારે પછે સંસારમાં પ્રગટ થયા મુરાર—ત્યારે સર્વે સંસારે ઓળખ્યો જાણ. ૨૫૨

ત્યારે શ્રી બુધની માતા તો કરણાવતી કહીએ—અને પીતા તો વીણ વછરાજ તહીંએ ૨૫૩

ત્યારે ગુરતો હંસરાજ જાણ—સખતા તો હીસાદેવા પ્રમાણા. ૨૫૪

ત્યારે સ્વસ્થાન તો ઉજેણપુર નગરી જાણ—ક્ષેત્રતો કુરૂક્ષેત્ર દીલ્લી પ્રમાણ. ૨૫૫

ત્યારે નરે દાર્યો દાણવ તો દઇત દુર્યોધન જાણ—ત્યારે નવે કરોડસું ભગત
ઉધર્યા નિર્વાણ. ૨૫૬

ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શ્રી બુધરૂપે જાણ—ત્યારે શામવેદ હોતા પ્રમાણ. ૨૫૭

ત્યારે આઠ લાખને ચોસઠ સહસ્ત્ર જુગ દુઆપુરનું પ્રમાણ—ત્યારે ભગત પાંઢવ

વૈકુંઠમાં નિવાર્ણ. ૨૫૮

તેણે ગુપ્તપંથ આરાધ્યા જાણુ–તેતો સહી અમરાપુરી પોતા નિવાર્ણ. ૨૫૯

ત્યારે શ્રી બુધ અવતાર સંપુર્ણ સાચ–એવી ગુર બ્રહ્મા પીર ઇમામશાહા બોલ્યા વાચ. ૨૬૦

અવતાર દસમો.

શ્રી સતગુર બ્રહ્મા હો વાચા સાચીરે સાચ–એવી ગુરજીએ બોલી વાચ. ૧

શ્રી સતગુર નબી મહંમદ હો વાચા સાચીરે સાચ–એવી ગુર હસનશાહા સુત બોલ્યા પીર ઇમામ શાહા વાચ. ૨

જ્યારે કલજુગ બેઠો ને દુઆપુર ઉતર્યો–ત્યારે દઈંત કાલીંગો ચીણુ માહા ચીણુ અવતર્યો. ૩

તે ચીણુ માહા ચીણુ બેઠો આજ–તે દઇંત કાળીંગો કલજુગ લંગતે બેઠો રાજ. ૪

તે દઇંત આજ નવખંડમાં ભરપુર વ્યાપક રહી કરે છે કામ–તે કાશી વિનાશીનાથ જપાવે છે નામ. ૫

તો મુનીવરભાઈ આજ કલજુગમાં તમે સહી કરો અથરવેદ પ્રમાણુ–આજ બ્રહ્માજી તે સહી નબી મહંમદ ધરાવ્યા નામ. ૬

આજ ઇશ્વર તે આદમ કલજુગ મહિસાર–આજ કલજુગમાં હરીતું દસમુ અવતાર ૭

તે આજ દસમે હરી પાત્ર નકલંકી અવતાર–તે આજ બેઠા છે આરબ દેશ મીંજાર ૮

તે કેટલાક ચરિત્ર હરીના કહું–તે દેવ આજ કલજુગ માંહે ગુપ્ત હોઇને રહું. ૯

આજ કલજુગમાં ગુર બ્રહ્મા પીર શમશ અવતાર–તે ગુર ફકીરી વેશ કર્યા મુલક ચોવીશ મીંજાર. ૧૦

તે ચોવીશ મુલક પીર શમશ પ્રત બોધી રહ્યા–તે ફરતા ફરતા પીર શમશ ચીણુ માહા ચીણુ આવ્યા. ૧૧

તે ગુર પોતે દઇંત કાલીંગાને દ્વારે જઈ ઉભા રહ્યા–તે પોપટ રૂપે પીર શમશ થયા. ૧૨

તે પોપટ રૂપે પીર શમશ થયા ત્યાં–સુરજારાણી હતી તતખણુ જઇ બેઠા છે ત્યાં. ૧૩

જ્યાં સુરજારાણી બેઠા છે તતખણુ–ત્યાં પોપટ રૂપે પીર સમશ ભણ્યા. ૧૪

તમો સુણોરે સુરજારાણી આજ અથરવેદને બ્રહ્મ જ્ઞાન–જેથી આગળ તમે પામો અમરાપુરીનું ઠામ. ૧૫

આજ તું રાણી રાજદ્વારે દઇંત ઘર આહે–પણ હવે રાણી તારો જન્મ અવરાથે જાશે. ૧૬

એસા વચન સુણી સુરજારાણી અચંબે થાયે-રાણી પોપટ રૂપે પીર સમશને જઇ લાગ્યા પાયે. ૧૭

ત્યારે પીર શમશ બોલ્યા વિખ્યાત-તમે સુણોરે સુરજારાણી આજ અથરવેદની વાત. ૧૮

એ રાણી અમારા કરતા જુગમાંએ રીગ વેદના વિસ્તાર-ત્યાં પાંચે કરોડી સું સીધા ભગત પેલા ન સાર. ૧૯

તે જુગમાંએ ચાર રૂપતો હરીએ ધર્યા-ત્યાં ચાર દેવે દાણવ આપે સંધાર્યા. ૨૦

રાણી તું બીજા ત્રેતા જુગનું સૈન્યજ જાણુ-ત્યારે યુજરવેદ હોતા પ્રમાણુ. ૨૧

ત્યારે સાત કરોડ સું ભગત હરિચંદ્ર ઉધર્યા-તે જુગમાંહે ત્રણ દાનવ દેવે આપે સંધાર્યા. ૨૨

એ રાણી તું ત્રીજા દુવાપર જુગનું સૈન્યજ જાણુ-ત્યારે શ્યામ વેદ હોતા પ્રમાણુ. ૨૩

ત્યારે નવે કરોડ સું સીધા યુધીષ્ટર રાએ-તે જુગમાંહે દોય દાણવ સંધાર્યા શાહે. ૨૪

ત્યારે નવે કરોડી સું સીધા પાંડવ રાએ,-તેતો પામ્યા અમરાપુરીનું ઠાએ. ૨૫

આજ કલજુગ માંહે હરિનું અથરવેદ માંહે દાર,-આજ કલજુગ માંહે હરિનું દસમુ અવતાર. ૨૬

તે વલિ નકલંકી રૂપ ધર્યો મોરાર,-તે તુજ ભરથારને મારશે હો નાર. ૨૭

જે અથર વેદમાં દેવનું એસો વિચાર,-તે તુજ આગળ ભાખણે આવ્યો છું હો નાર. ૨૮

પણ રાણી તમે તો ન જાણો અમારા સ્વભાવજ સાર-અમે તો ગુરૂ બ્રહ્મા પીર શમશ અવતાર. ૨૯

એ રાણી તું જે સતવંતી અમે જાણી નાર,-ત્યારે હું પોપટ રૂપે થઇ આવ્યો તમારે દ્વાર. ૩૦

ત્યારે તે ગુરને છેડા છોડી રાણી લાગ્યાં પાએ,-હવે સ્વામીજી અમને મોક્ષ મુગતના દેખાડો ઠાએ. ૩૧

તમે સુણોરે સુરજારાણી પીર શમશ કહે વિચાર,-જે તમે આજ જુગમાંહે સત વધાવો સાર ૩૨

તો આગળ સતપંથ વિના સિધા નવ કોએ-તેમ આજ સતગુર વિના મોક્ષ મુગત ન હોએ. ૩૩

એ રાણી તમે આજ જુગમાંહે સત વધાવો સાર,-તો તમો સુરજારાણી ઉતરો પેલે પાર. ૩૪

એ રાણી તમે પાળજો જેમ સતપંથ ગુપ્તજ હોઇ,-જેમ દૈત્ય દાણવ નવ જાણે કોઇ. ૩૫

ત્યારે સુરજારાણી પીર શમશને હજુર-તમે વચનો મારા સુણો સતગુર. ૩૬

જો અમો એક ઘરમાં આઠ પ્રાણી મીલી બેસીએ એક-વિચાર તો સ્વામીજી
અમને સતપંથ દેખાડજો સાર. ૩૭

સ્વામી અમો આઠ જણુ મળીએ એકાંત-ત્યાં અમે સુણશું સતપંથની વાત. ૩૮

ત્યારે સુરજા રાણી કમલાકુંવર ઉભા કરજોડ-અવલચવલ ઉભા ;તેની જોડ. ૩૯

ત્યારે અજીયાને વજીઆ વિનતિ કરે છે ઘણી,-સ્વામી તમે છો સ્રષ્ટિના ધણી. ૪૦

ત્યારે સુરજારાણી કમલાકુંવર ઉભા કરજોડ-ત્યારે પીર સમશ બોલ્યા બોલ. ૪૧

તમે સુણો સુરજારાણી કમલા કુંવર નિરવાણ,-આગલ મહાદન સહી આવશે
હો જાણુ. ૪૨

જ્યારે આસમાન નવ નેજા ઉપર આવે સહી-ત્યારે સહસ્ત્ર કલાસું તપશે તહી. ૪૩

ત્યારે ત્રાંબા વરણી ધરતી તપશે તતખણાં, જેણે અહીં સતપંથ પુરા ન સેવ્યાં
હશે તે ત્યાં બળશે ઘણાં. ૪૪

આજ જેણે સતપંથ ધ્યાવ્યા સાચશું-તેને મહાદન નહિ લોપે લગાર, પણ
જુઠાને શિર પડશે ઘણુ કેરી માર. ૪૫

ભાઇ એવી મહાદનમાં થાશે ઠોકા ઠોક-એવો જાણી તમે સતપંથ ધ્યાવો
સતિ લોક. ૪૬

જ્યારે મહાદનની વાત કમલા કુંવર સુરજા રાણીકુ કહી-ત્યારે સુરજા રાણી
કમલા કુવર વિનતી કરે સતજ ભાઇ. ૪૭

તમે અરજ અમારી સાંભળો હરિ પીતાય-શામી અમથી મહાદનમાં રહ્યો
નવ જાય. ૪૮

શામી તમે આપો સતપંથ તમે સૃષ્ટિના ધણી-અમે અપરાધી જીવ શફાયત
કરો તમતણી. ૪૯

શામીજી અમો હોતા નાદાન તમારા પ્રાણુ-તો તમો દોડી આવ્યા દૈત્યના દુવાર ૫૦

જેમ તમે સ્વામી બત્રીશ દાંત વચ્ચે જીભ રાખી સાર,-તેમ સ્વામી અમને
લેજો ઉગાર. ૫૧

જો શામી પૂર્વ જન્મની સેવા અમથી રહી,-તો અમે દઇત્ય દાણુવ ઘેર
: આવ્યા સહી. ૫૨

હારે ભાઇ દઇત્ય દુષ્ટિ કાલીંગો જાણુ,-હવે એને હરિ સહી મારશે નિરવાણુ ૫૩

તો શામીજી તે ઘેર જન્મ અમારા ભયા,-હવે સત ગુરજી અમૃત થયા. ૫૪

તો શામીજી જો જીવત મારા હતા તે તમે લીયા ઉગાર,-તો તમે દોડી
આવ્યા દઇત્ય દાણુવને દુવાર. ૫૫

એસો સુરજારાણી કમલા કુવર બોલ્યા તેને ઠાએ-ત્યારે આઠ જણા ગુર
ગુરનરને લાગ્યા પાએ. ૫૬

ત્યારે પીર શમશ ગુર એસો કહ્યો, ત્યારે આઠ જણુાને નિયમ ધર્મ પ્રીત બોલજ દીયો. ૫૭

જો સુરજારાણી તમે પાળજો સત ધરમ ચાલજો આણે અથરવેદ—જેમ દઇત્ય દાણુવ ન જાણે ભેદ ૫૮

ત્યાં સદગુર શમશ પાછી સાત કરોડને નિયમ ધરમ પ્રબોધજ દીયા, તે ગુર નર પીરશાહનું જાપ જપાવ્યા. ૫૯

સુરજારાણી કમલાકુંવર તમે પાળજો સત ધરમ—ખરી દસોંદ આપશો સહી, તેમને પહોંચે તે પેટીમાં ઘાલી દરિયા મુસાફરને સોંપજો જઇ. ૬૦

એસી ગુર શમશ બોલ્યા છે વાચ,—ત્યારે કમલા કુંવર શિર દીધો છે હાથ. ૬૧

એસો પીર સમશ ચાલ્યા કહી—કે ભગત તુજ શીર ભરણુ ભરાવશું સહી. ૬૨

ત્યાં સુરજારાણી કમલા કુંવર સર્વે દેવ લોક કરે વીચાર, જબ ચડે સૈન્ય તબ દેજો દીદાર. ૬૩

એ રાણી અમે તમ પાસે છઉં અને દિદાર દેણેકુ આવસુ સહી, ત્યાં એસો ગુર સમશ કહી ચાલ્યા તહીં. ૬૪

ત્યાંથી પીર સમશ ભગત સુ વિદાય થઇને સધાર્યા, તે દરવેશી વેશે ચોવીશ મુલક બોધી જંપુ દ્વીપમાંહી આવ્યા. ૬૫

ત્યારે પીર શમશ ચોટના પીર નસીરદીન જાણુ, તેના પીર સાહેબ દિન હુવા પ્રમાણુ. ૬૬

તેના ગુરતો પીર સદરદિન થયા—તે ગુરે કલજુગમાંહે એસા કામજ કીયા. ૬૭

તે ગુર કલજુગમાંહે ભગત તારવાના કામજ કર્યા, ત્યારે બત્રીશ કરોડને નિયમ ધર્મ પ્રીત બોધજ દીયા. ૬૮

તે માંહેથી બાર કરોડ સહી સાચા આહે, તેમાંથી ચોવીશ કરોડ દોજખે જાએ. ૬૯

તે માંહેથી બાર કરોડયુ પુરા મુનીવર ભયા, તે પીરસદરદીન સાથે દરગાએ ગયા. ૭૦

તે ગુર સાથે પીર કબીરદિન તે ગુરે કહ્યાં નાના બાળ, તો શામીજી વજરની ભીંત ઉઠાડી તત્કાળ. ૭૧

તે ગુરે કુઘુક મનમાં આણી મોટ—તે કારણુ શાહના દીદારની આવી છે ખોટ. ૭૨

ત્યાં છ માસ લગી પીર શમશ તપજ કરે, ત્યાં વજરની ભીંત તબરકા હોઇને પડે. ૭૩

ત્યાં છ માસ લગી પીર સદરદિન તોક પેરી પુરો કરો, ત્યારે પીર હસન કબીર દીન પાંચશો ગજની પાગ વણીને ધરે. ૭૪

ત્યારે પીર હસન કબીરદિન પાંચસો ગજની પાગવણી કરી શાહ આગળ ધરે, ત્યારે ગજ ગજ પ્રમાણે શાહની શરાયત કરે. ૭૫

ત્યારે તે ગુરૂ છ માસ લગી તો કપેરી પુરો કરે, તમ લગી શાહ પાસે
આવી સંચરે. ૭૬

ત્યારે પીર સદરદિન ઉભા એકજ પાએ–ત્યારે ગુરે શફાઅત કરી ભલે
આવ્યા શાએ. ૭૭

સ્વામીજી અમે ઉણીયાચારી તમે બક્ષણ હાર, હવે શામીજી એગત તમારીને
તમે દેજો દીદાર. ૭૮

શામીજી એગત તમારી ઉપર તમે ચીતજ ધરો, શામીજી તમે ખાક માહીથી
જીવ પૈદા કરો. ૭૯

શામીજી અમે ના કુછ તમે ત્રિભુવર કિરતાર, શામીજી તમથી અનંત કરોડ
જીવ ઉતરે પાર. ૮૦

એ શામીજી તમે ભગત સખાયા સદા છો કૃપાળ–શામીજી તમે ધરણી ધર
છો દીન દયાળ. ૮૧

તે ગુરે વીનતી એસી કરી શાહાનું ચીંતજ દઇ–શામીજી તમે પીતાને
અમે બાળક સહી. ૮૨

શામીજી અમે ગુનેગાર તમે બક્ષણહાર–એ ના કુછ ગત તમારીને તમે
દેજો દીદાર. ૮૩

ત્યારે એસો વચન સુણી શાહાજી બોલ્યા સોહે–પીર હમ તમ એક નહિ
કુછ દોયે. ૮૪

એ પીર હમતમ મલી એકજ દેહ–તમે ઇતના કાહેકું ધરો છો સ્નેહ. ૮૫

એસો બોલ્યા શાહાજી પીરસું હેત મન કરી–તે પોતાનું સીરબંધ લઇને
ગુરના મુસ્તક ઉપર ધરી. ૮૬

તે પોતાનું મુસ્તક શાહાજી ઉઘાડો કરે–ત્યારે પીર હસન કબીરદીન સીર
બંધનું છેડો લઇ શાહા આગળ ધરે. ૮૭

ત્યારે ગુરે સીરબંધનું છેડો કાઢી દીધો શાહાજીને હાથ–ત્યાં ગુરે ગજ
ગજ પ્રમાણે વાંચી શાહાની શફાયેત. ૮૮

ત્યારે શાહે સીરબંધ પાગ બાંધી નવ છુગા સમેત–ત્યારે શાહાજીના
મનમાં ઉપનું હેત. ૮૯

ત્યારે શાહે હેત ધરી પીર કબીરદીનને બોલાવી લીયા–ત્યારે અનંત કરો-
ડનું શાહે વરજ દીયા. ૯૦

ત્યારે નવ છુગાની પાગ ગુર ઉપર શાહે મુકીં તંહી–શાહે ગુર હસન શા-
હાને થાપ્યો સહી. ૯૧

આજ હુસેની આલમાં હસનશાહા ધર્યો પીર કબીરદીનનું નામ–તે ગુર
કલજુગમા અનંત કરોડ જીવોના કરજો કામ. ૯૨

ત્યારે પીર કબીરદીન ધણીક વિનતી કરી શાહાસું સહી–શામીજી અમથી
કલજુગના લોકોનો ભાર ઉપડશે નહિ. ૯૩

શામીજી આજ કલજુગમાં પાપ વર્તે સબ કોય–તો અમથી અનંત કરો,
કની નીપજ કેમ હોય. ૯૪

સુણો પીર હસન શાહા અમે તમને કહું વાત–અમે ભગતોને કાજે રહેશું
તમારે સાથ. ૯૫

ગુરજી તમે આગળ થઇને દેખાડજો અમારો ઠામ–પછી તે કરશું અમે
ભગતોના કામ. ૯૬

ત્યાંથી અનંત કરોડના વર લઇ પીર હસનશાહા વર્યા સહી–ત્યારે ગુરે
પીર શાહાનું જાપ જપાવ્યા તહીં. ૯૭

જે પીરશાહા જાપ જપશે નામ–તે આજ અમરાપુરી પામશે ઠામ. ૯૮

જે કલજુગ લંગતે સંઘ લગી પીરશાહા જપશે નામ–તે આજ સહી વઇકુંઠ
પામશે ઠામ. ૯૯

તે પીર શાહા વિના કોય અવર દુજા જાપ જપશે નામ–તે કલજુગમાં દઈત
કાલીંગાના ચાલા ચર્બટ સહી કરી માન. ૧૦૦

ત્યારે અનંત કરોડના વર લઇ પીર હસનશાહા વળ્યા–તે ગુર જંબુદીપ
માંહે આવી સંચર્યા. ૧૦૧

તે ગુર આજ નવખંડમાં પીર હસનશાહા જાણ–તે ગુરના પીર ઇમામશાહા
હુવા પ્રમાણ. ૧૦૨

તે પીર હસનસાહા પીર ઇમામ શાહાકું પટા દીયા–તે પીર ઇમામશાહા
મુલક હીંદુસ્તાનમાં પ્રીત બોધ્યા. ૧૦૩

તે ગુરના પીર માહામદશાહા હુઆ સહી જાણ–પીર માહામદ શાહાને વર
આપ્યો પ્રમાણ. ૧૦૪

અહીં લગી ગુરજીએ આપ દેખાર્યો રાજજ કર્યા–તે પીર માહામદ શાહાના
સુતથી પીર સુરતશા કલમાં અવતર્યા. ૧૦૫

તે ગુર તન તપસી પીર નુરમાહમદ હુઆ પ્રમાણ–ભાઇ તે આજ કલમાં
કાયમ ત્યાં આવશે સહી કરી જાણ. ૧૦૬

તે ગુર તપસીને થાનકે માહા મંગળ વર્તશે સોય–ભાઇ તે આજકલમાં
કાયમ પ્રગટ પધારશે ત્યારે સહુ નીશાની પુરી હોય. ૧૦૭

ત્યારે દુનીઆનું પાપને મુનીવરનું પુન પુરૂં હોયે–ત્યારે એ નીશાની લેજો જોયે. ૧૦૮

ત્યારે દરીયા લીયા લુપશે–અને બેડી બુડશે નિર્વાણ
ત્યારે મહીમા માખણ નહિ તરે–સ્ત્રી રોતા મેલે નાના બાળ. ૧૦૯

ત્યારે પાતાળના પાણી ખુટશે–અને ધરતી પાપે નહિ ઝાલે ભાર
ત્યારે બ્રાહ્મણ શુદ્ર ઘર પરણશે–અને પુરૂષ મેલશે નાર. ૧૧૦

ત્યારે દોનું બંધવ લડશે–તેના હૃદય દયા નહિ નિર્વાણ
ત્યારે એવા કુડકપટ કલમાંહે વાપરશે–ત્યારે રાજા બોલશે આળ. ૧૧૧
ત્યારે બારે બેટી પરવરશે–અને ગવા દોહો હોય
એક નારી ત્રન બાળક જણશે–ત્યારે એ નીશાની લેજો જોય. ૧૧૨
ત્યારે કલ માંહે અંન ઓછું પાકશે–ત્યારે વર્ષા ઘટશે નિરધાર
ત્યારે પુત્ર પીતાસું વઢશે–ત્યારે બે બંધવ બોલશે આળ. ૧૧૩
ત્યારે બ્રાહ્મણોના ત્રાગડા તુટશે–ત્યારે ક્ષત્રીના ક્ષયવટ જાશે રાજ
ત્યારે દાસી પુત્ર રાજ કરશે–ત્યારે કુટમ્બમાં વિણસશે કાજ. ૧૧૪
ત્યારે સર્વે લોક પાપે પાખંડે રાચશે–ત્યારે દઈત કાલીંગાના ચેલા ચારા
ચબટ કરશે નિરધાર
ત્યારે એવા માહા પાપ પ્રગટ થઇને વ્યાપશે–ત્યારે વાશીંગ છોડશે ભાર. ૧૧૫
ત્યારે આવરદા ઓછી ઉપજશે–ત્યારે જુઠે જાયશે સોયે
ત્યારે લોભ કપટ કલજુગમાં વ્યાપશે–ત્યારે રાજા વાચા દીધી નહિ પાળે કોય. ૧૧૬
ત્યારે લોક વિશ્વાસઘાત ઘણી કરશે–તેને હૃદયે દયા નહિ નિર્વાણ
તે લોક જીવ હીંસા બહુ કરે–તે કુડ કપટ કરી જોડશે દામ. ૧૧૭
તે દામ જોડીને ધરતી પર ધરે–તે ઉપર ફીરે ફણધર જાણ
એવા કુડ કપટ કરી કલ માંહે અવતરે–તે સર્પ રૂપે સીર કુટે નિર્વાણ. ૧૧૮
તે ચરબટ ચારા કરે દાણવા–જે અમે તિર્થવાસી છું દામ
તે પુરજ થઇને પરમા બોલશે–તે રાન્યા અઝા ઝીલના કામ. ૧૧૯
એવા ચરમટ ચારા કલજુગમાંહે વ્યાપશે અને જુઠા ચરબટ કરશે જોઇ
અનેક આચારે કાલીંગો લુટશે–બહુ જુઠા કર્મ કરી દેખાડશે સોઈ ૧૨૦
ત્યારે જે મોમનના પુન્ય પણ તર હશે–તે ચીત ચાળા કરે નિરવાણ
તે અંધારે ગર્જના ઉઠશે–તેનું હરિ ઉપર હેત નહિ નિરવાણ. ૧૨૧
તે માસ છમાસે ગત માંહે આવશે, તે દેવ ક્રિયા વેણા જાશે દેવ
તે ગુરની ફરમાસ વેળા ફીરી પડે, એ નિશાની વેલી આવો તતખેવ. ૧૨૨
ત્યારે મોમનના મેળા ભાંગશે, ત્યારે તે મોમનનુ મન મોટું કરી જાણ
તે ગુરનુ ઇલમ ઓછુ પત કરશે, તેનુ ગત ઉપર હેત નહિ નિરવાણ. ૧૨૩
તેના પાસે સુખી મુસાફર માગે હાલ તાલ–ત્યારે દેવના દરશનથી જાએ
એવા રોબ્યા રાન્યા અતિ ઘણા, બ્રાહ્મણ શુદ્રનું ખાએ. ૧૨૪
ત્યારે મોમનના મન આગમથી ઉઠશે, ત્યારે મોમનના મનમાં ખોફજ ખાએ
ત્યારે કાલીંગો ચારા ચરબટ કરશે, ગુર કહે અન્તે લઈ જાય સોએ ૧૨૫
ત્યારે ગુર કહે કુરતીઆ ફળ આવશે, ત્યારે વનફળ કલજુગમાં હે ઓછુ હોયે
ત્યારે સિંહ હરણ એક આરે ચરશે, ગુર કહે સો ગત પુરી હોએ. ૧૨૬

એ સર્વે નબી મહમ્મદ ભાખીઆ–ભાઇ તમે આગળ નિશાની લેજો જોય
જે તંબાકુ પીવે તે દોજખી, તેનું ભેદ ન જાણે કોઇ. ૧૨૭

શાહજી એ હુકમ એસા પરદાવીઆ–તમે સુણોરે દોજખ આંચ જોઇ
દોજખના લોહા ભેજી આ ઇસજુગમાં,–તેને સતિ ખાએ પીએ સોએ. ૧૨૮

તબ દોજખને તો કીયા કર્યા, જો એક ટાંક ધુંવાં દીયા ઉડાએ
તે ચીણ મહાચીણમાં આવીઓ, ત્રણ દિવસ કાલીગાના પેટમાં રહ્યો છે જાએ. ૧૨૯

ત્યાંથી કાલીંગો કુદામેં વાસરીયો, તેણે દોજખનો ધુવો નાખ્યો કાડ
તે ધુંઓ દીલ્હી ખુરાસાનમાં આવીઓ, તેમાંથી ઉગ્યો તંબાકુનો છોડ. ૧૩૦

તેના પાપે દેવ કલજુગ પુરો કરે, ત્યારે વરસ દશ દાડસે જાવે સાર
ત્યારે સંઘ સઘળી આવી મળે, ત્યારે હોઇશે એકાકાર. ૧૩૧

જ્યારે એવી કષ્ટ વેળા આવશે, ત્યારે કલજુગ માંહેથી જાશે ધર્મ
ત્યારે એક અવીચળ સતપંથ જાણજો, ભાઇ સહુ માથે લેશે કર્મ. ૧૩૨

ત્યારે શુદ્ર નહિ માને બ્રાહ્મણોને, અને ગંગાનું નીર જાશે સુક
જ્યારે એવો પાપ પ્રગટ થઇને વાપરશે, ત્યારે અઢાર વર્ણ થાશે એક ૧૩૩

તેણે પાપે નબી મહમ્મદની મહેર ઉઠશે, ત્યારે ધર્મશાળા માંહેથી પાપ
નહિ ઉતરે લગાર

ત્યારે અનંત વનસ્પતિ નહિ ફળે, સ્ત્રી નહિ પ્રસવે બાળ. ૧૩૪

ત્યારે કલમાં કાયમ પ્રગટ પધારશે, જયારે એ નિશાની પુરી પડે નિરવાણ
ત્યારે મોમનને ઘેર ઓચ્છવ મંગળ વરતશે, અને દુનીયામાં ત્રાશે તુટશે પ્રાણ. ૧૩૫

એ નિશાની જે હસ્તીને દુધ આવશે, નહિ દરીયાનું નીર મીઠુ નિરવાણ
પીપરપાન નાગર વેલ જેવા પરઠશે, અને પશ્ચિમથી ઉગમશે ભાણ. ૧૩૬

જ્યારે એ નિશાની સર્વે પુરી પડે, ત્યારે તુ શાહને સહી આવ્યો જાણ
પીર ઇમામશાહ સત બોલીઆ ભાઇ, એ છે છેલ્લુ એંધાંણ. ૧૩૭

ત્યારે એક શાહનો મીર ઇસ્માઇલ આવશે, તેની સાથે બાણું લાખ કોતલ હોએ
તેતો દોહાઇ શાહની ફેરાવશે, શેતા સમરકંદ બેશશે સોએ. ૧૩૮

જ્યારે કલજુગમાં પાપ વરતે સબ કોઈ, ત્યારે શામીજીના ઘરે સૈન્ય મેલાવા હોએ. ૧૩૯

તે કલજુગમાં હરિનું સેતર દ્વિપમાં રહેવાનું ઠામ, તે ગુર હસનશાહ સુત
પીર ઇમામશાહ કથીને સુણાવ્યા જ્ઞાન. ૧૪૦

તે વીરચા શહેરમાં બેઠો સોએ–તેને રાજા રૈયત નવ જાણે કોયે. ૧૩૧

શાહને અખંડે દેહીને રખાકાર–શાહને અખંડ વાઘો પહેણ હાર. ૧૪૨

તે સ્વામી સૈન્ય સેલાવા કરે,–તે દેવ જંબુદ્વિપ માંહી આવી સંચરે. ૧૪૩

તેની સાથે બાણું લાખ કોંતલ હોવે સહી–તે દેવ શાહની દોહાઇ ફેરવશે
નવ ખંડ માંહી જઇ. ૧૪૪

ત્યારે જે સાચા મુનીવર હશે તે મળશે ત્યાં, ત્યારે પેલા જુડાને શીર ગાહા
દેશે તાંહાં. ૧૪૫

ત્યારે પહેલા મીર ઇસ્માઇલ જાશે મહાચીણ મીંજાર, તે જઇ ઉભા રહેશે
પશ્ચિમને દ્વાર. ૧૪૬

ત્યારે હાંક મારે મીર ઇસ્માઇલ તતકાર, હવે તુ કેમ સુતો કાલીંગો ગેંમાર. ૧૪૭
હવે આવે અભંગને તુજ કાટે શીશ, એમ બોલે દેવ ક્રોધ કરી મહારીસ. ૧૪૮
ત્યારે દેવની હાંક સુણીને દઇંત ખડ વડે–ત્યારે પહેલા કોટના કાંગરા પડે. ૧૪૯
ત્યારે સર્વે નગરમાંહી થાશે હલહલકાર, ત્યાંએ એસી દેવે ફરી છે પુકાર. ૧૫૦
ત્યારે મીર ઇસ્માઇલ પાછા કરી શાહ પાસે જાય, ત્યારે દઇંતના મનમાં
ક્રોધ ન માય. ૧૫૧

ત્યારે-દઇંતના યોદ્ધા મળી સરવે એકઠા થાય, ભાઇ હવે મારે દુશમન
જીવતો કેમ જાએ. ૧૫૨

ત્યારે અતિ ક્રોધ કરીને છુટી કસણી–કે આજ હું છઉં છાસઠ ક્રોડ.
જોધાનો ધણી. ૧૫૩

તેનું કુલ્યું અંગને ચડી સસોલ આહે, તેને બે સહસ્ત્ર યોધા વળગ્યા બાંહે. ૧૫૪
તે એક માસને દિન સોળ બખતર ઉત્તમ પેરે સાર, ત્યારે દૈત્ય જોધા બાંધે હથીઆર. ૧૫૫
ત્યારે સર્વ પહેરે સીસે બખતર સાલ જે, દૈત્ય સપટ કરીને પાનના બીડાં
ચાવે તેહ. ૧૫૬

તમે સુણોરે યોધા કાલીંગો કહેરે નિશંક, તમે રણ માહે ઝુજતાં ન આણો
રે શંક. ૧૫૭

ત્યારે દઇંત મલકેશ્વર કહે હુતો પાંચ પાંડવસું લહું, બીજા અવર યોધ્ધા તો
હું નહિ ગણું. ૧૫૮

ત્યારે દઇંત ગજકેશ્વર કહે તતકાળ, હું ક્રોડ જીન ભુતોનો છઉં વીકરાળ. ૧૫૯
ત્યારે દઇંત રણકેશ્વર બોલ્યો તેણીવાર, હુંતો બાણું લાખ પિચાશ મારૂં નિરધાર. ૧૬૦
ત્યારે દઇંત રણુંકેશ્વર બોલ્યા બળવાઇ, હુંતો વાશીંગ નાગનું સૈન્ય મારૂં ઉડાઇ. ૧૬૧
ત્યારે દઇંત કાલીંગો બોલે બોલ, હુંતો અભંગ સરિખા મારૂં કરોડા કરોડ. ૧૬૨
ત્યારે કમલાકુંવર બોલ્યા દઇંતની સભામાંહી જઇ, ભાઇ આપણે રાજ
ખત્રીવટ પાળવું સહી. ૧૬૩

પણ યોધ્ધા હશે તે છુપ્યા નહિ રહે–પણ ધણકા ગાહા તો એરણ સહે. ૧૬૪
ધ્રણ કેરા ઘાહા તેતો પાકે ભુપાળ–તમારો લખ્યો હશે તે થાશે કર્મ નિરાળ. ૧૬૫
પણ તેતો બાપ ભોગવશે એમ કમલાકુંવર કહે–પણ તમરા ક્ષત્રી હશે તે
છુપ્યા નહિ રહે. ૧૬૬

ત્યારે દઈંત તુરીંગ ચંચલ પલાણે તેણીવાર–તે દઈંતના હાથમાં સાડાબાર
મણની કમાન પ્રમાણ. ૧૬૭

તેનું સાડી બાવીશ શેરનું એક તરકશનું તીર–જેથી પડે વજરની ભીંત. ૧૬૮

તે પાંચ છુરી કટારી બાંધે હથીયાર મદગર તલવાર–તે દઈંત છ માસ લગણ
બાંધે હથીઆર. ૧૬૯

ત્યારે ઘોડે પથર બાંધી એવ–ત્યારે દઈંત થઇ તઇયારને ચાલે તતખેવ. ૧૭૦

ત્યારે દઈંત કાલીંગો ઘરમાંહેથી ચાલ્યો થઈ અસવાર–ત્યારે સામી એક રોઈ
ઉઠી વિધવા નાર. ૧૭૧

તે દઈંતને સુકે કાંઠે કાગ કળકળે–ત્યાં નાક વાઢી નાર એક સામી મળે. ૧૭૨

જે હવે ત્યાં બોહોત કઠણ શકન દઈંતને થાય–પણ ક્રોધ કરીને મન
બોલ્યો રાય. ૧૭૩

ભાઇ મારૂં બહુ સૈન્ય તેનું પાર ન પાયે–પણ હવે મુજ સામું અભંગ
જીવતો કેમ જાય. ૧૭૪

ભાઇ મારી સાથે યોધ્ધા છે મહા અતિ બળીયા રાય–ત્યારે અભંગનું સૈન્ય
તે મારૂં દળ મેલાય. ૧૭૫

તે એવો માંહા ગર્વ કરી નીસરે–તે ઉતરને દરવાજે જઇ સંચરે. ૧૭૬

તે ઉત્તરની દીશે એકવીશ દરવાજા ઉતમજ સાર–તે ગાઉ ગાઉ પહોળા
છે વીસ્તાર. ૧૭૭

તે દઇતના સૈન્યનું પાર ન લેવાય. તે દળ એકવીશ દરવાજે સપટ ચાલ્યો જાય. ૧૭૮

ત્યારે છાસઠ પહોર લગી દળ એકવીશ દરવાજે નીસરે–તે ભાઈ પશ્ચિમ દીશે
પીઆણા કરે. ૧૭૯

ત્યારે દઇંત કાલીંગો કમલાકુંવરને રાજે બેસાડીને નીસરે–ત્યારે કમલાકુંવરને
સુરજારાણી ગુરનરની વિનંતી કરે. ૧૮૦

ત્યારે સુખી કમલાકુંવર સર્વે લોકોને હાથે સ્મર્ણિ લઇને જીક્રજ કરાયે–તો
હમકું દીદાર દેણેકુ આવજો પીતાયે. ૧૮૧

એસી શફાયેત કરે સર્વે દેવ–ત્યારે મન વેગે આવી પીર સમશ પ્રગટ
થાય તતખેવ. ૧૮૨

તે દેવ પશ્ચિમને દરવાજે ઉભશે આહે–ત્યારે સુરજા રાણી કમલાકુંવર સર્વના
મનમાં હર્ષ ન માયે. ૧૮૩

ત્યારે દેવને કરી સલામ સર્વે દેવ ઉભા કર જોડ–ત્યારે કમલા કુંવર વીનતી
કરે કર જોડ. ૧૮૪

તમે સુણો ગુર પીતા વીનતી અમ તણી–તમે મહાદન અમને નજરે મ
દેખાડજો હો ધણી. ૧૮૫

શામીજી અમે નાકુછ ગત તમારી આહે—અમે ગુનેગાર જીવ લાગું તમારે પાપ. ૧૮૬

શામીજી અમે ઉણીયાચારી તમે બક્ષણહાર—શામી અમે ગુનેગાર છીયે
અનંત અપાર. ૧૮૭

ત્યારે ગુર શમશ સર્વે ભગતોને એમજ કહી—એ કમલા કુંવર તમસીર
ભરણ ભરાવશું સહી. ૧૮૮

હવે તમે સર્વે રખીસર ચીણ છોડી નીસરો—તે જંપુદીપમાં જઇ સંચરો. ૧૮૯

તમે દેવ રખીસર નારાયણ દેવના સૈન્યમાંહે મલજો જાયે—હવે ચીણ માહાચીણ
પાણી માંહે ડુબાવશે શાહ. ૧૯૦

ત્યારે એસો કહી પીર શમશ ચાલશે સહી—ત્યારે સર્વે દેવ રખીસર પાયે
લાગશે તહીં. ૧૯૧

ત્યારે સુરજારાણી કમલાકુંવર વીનતી કરે છે ઘણી—શામી અમને અંતકાળે
મ વીસારજો હો ધણી. ૧૯૨

ત્યારે સર્વે રખીસર ચીણ છોડી નીસરે—જઇ જંપુદીપ માંહે સંચરે. ૧૯૩

ત્યારે સર્વે રખીસર શાહા પાસે જઇ ઉભા રહે—ત્યારે સર્વે દેવસું
શાહા વાત કહે. ૧૯૪

ત્યારે સર્વે દેવ રખીસર કહેશે સુણો દીન દયાળ—હવે શામીજી સૈન્ય મેલાવો
કરો પ્રતિપાળ- ૧૯૫

ત્યારે શાહાજી દૈંત્ય મારવાનું કરે વિચાર—ત્યારે બહુ સૈન્ય મલે એક મીંજાર ૧૯૬

ત્યારે શાહાજી દુલ દુલ ઘોડો પલાણે તતખણાં—ત્યારે શાહાજીના ઘોડાને
રતન જડીત સુવર્ણ તણા. ૧૯૭

ત્યારે શાહાજીના ઘોડાને લગામ પાટી સોવનના ઘડયા—તેને બહુ હીરા રતન
માણેક મોતી જડયા. ૧૯૮

તે ઘોડાને કોટે હીરા રતનની માળ ઝણકાર—તે ઘોડાને મોતી પરોવ્યા
વારોવાર. ૧૯૯

તેને સોવન સહસ્ત્ર બાંધ્યા ફુદડાં—ગુર કહે તેની શોભા અતી ઘણા. ૨૦૦

ત્યારે દુલદુલ ઘોડો શણગાર્યો ભરપુર—જેવો સહસ્ત્ર કલાસું ઉગ્યો સુર. ૨૦૧

ત્યારે હસી કહી શાહાજી બોલે જોગ—શાહાને રતન પહેરણ સંજોગ. ૨૦૨

શાહાની પગની મોજડી સુવર્ણની ઝળકતી અપાર—શાહાને પહેરણ કજાર બહુ
રંગી સાર. ૨૦૩

તે કેડનો પટકો બાંધ્યો યાદવરાયે—ગુર કહે બહુ અમુલ્ય કેડે કસ્યો નવ જાય. ૨૦૪

ત્યારે શાહાજી મુખ તંબોળ ખાશે જીબ્રાઇલ પાનના બીડા દીયે જાણ—ત્યારે
શાહાજીને કોટે માણેક હીરા રતનની માળ. ૨૦૫

શાહાનો અમુલખ ચહેરો ઝળકે અપાર-શાહાના તેજ સામું ન જોવાયે સાર. ૨૦૬
શાહાજી છુરી કટારી બાંધે હથીયાર—ત્યાં ખણુંગ ત્રીધારો હાથે લેશે મુરાર. ૨૦૭
ભાઇ જ્યારે દુલદુલ ઘોડે શાહા મારો થાયે અસ્વાર—ત્યારે ત્રણુ ભમણમાં પડશે પુકાર. ૨૦૮
ત્યારે હસી કરી શાહા બોલશે વાત—શાહાને હાથે ચાબકો બહુ રંગી ભાત. ૨૦૯
ત્યારે શાહાજી પાસે ચોસઠ લાખ જોગણીયું આવે તેણીવાર—હાથમાં ડમરૂ વજાવે બોલે જૈ જૈકાર. ૨૧૦
ત્યારે ગુર હસનશાહા સાથે જે અનંત કરોડ જીવ ઉધરે—તે શાહાજી પાસે આવી સંચરે. ૨૧૧
જે દેવ નવાણું કરોડ જખેશર રાય—તે પણ આવે શાહના પાસે ત્યાંયે ૨૧૨
જે છપન કરોડીઉં મેગા દેવ વિખ્યાત—તે પણ આવે શાહાકે સાથ. ૨૧૩
જે બત્રીશ કરોડ કીનર દેવ—તે પણ આવી કરે શાહાજીની સેવ. ૨૧૪
જે તેત્રીસ કરોડ દેવતા મુનીવર ભાઇ—તે પણ શાહા પાસે આવે ધાઇ. ૨૧૬
તે સાતે કરોડ શું રાજા હરીચંદ્ર તારારાણી કુંવર રોહીદાસ—તે પણ આવે શાહાજીને પાસ. ૨૧૭
જે ભગત રાજા યુધિષ્ટર માહા સુજાણ—તે નવે કરોડસું આવે શાહા પાસે સહી જાણ. ૨૧૮
જે બાર કરોડ પીર સદરદીન સાથે છુટા સહી જાણ—તે પણ આવે શાહા પાસે નિર્વાણ. ૨૧૯
જે સોહેદેવ અરજુન નકુળ રાયે—તે ભીમસેનનું દળ કાંઇ કહ્યો નવ જાય. ૨૨૦
તે યોદ્ધાને હાથે ગદાને માહા બળીયા વીર—તે ચાળીશ લાખ કુંદા ધારીસું ચડેરે સુધીર. ૨૨૧
ત્યાં નકુળના દળનું અંત ન પાર—તે પાંત્રીશ લાખ નેજાધારી થાયે આસ્વાર. ૨૨૨
જે સોહેદેવનું દળ માહા બળીયાવીર—તે ચઉદ લાખ ચક્રાધારી ચડેરે સુધીર. ૨૨૩
તે અરજુનના દળનું અંત ન પાર—તે છત્રીશ લાખ ધનકાધારી થાયે અસ્વાર. ૨૨૪
તે પાંઢવાનું દળ સર્વે મળ્યો એક કાય—તેના અબલક ઘોડા કાંઇ કહ્યા નવ જાય. ૨૨૫
તે ઘોડા હરણા હંસલા આરબી સાર—ત્યાં તેજી તુરકીને તુખાર ૨૨૬
ત્યાં કટારીઆ કાહેરીઆ કાબરા સાર—લીલા જટરીઆ અબલખ તુખાર. ૨૨૭
અવર તેજીનું અંત ન પાર—ત્યાં ચડયા સર્વે યોદ્ધા માહા જુંજાર. ૨૨૮
તે પાંઢવાનું સૈન્ય ચાલતાં લુપે સુર—જેમ સમુદ્ર નદીએ આવે પુર. ૨૨૯
તે દળ આવી પોતો જ્યાં હતા શ્રીહરી—તે દેવને પાયે લાગી વીનતી કરી. ૨૩૦
ત્યાં હસી કરી શાહાજી બોલ્યા સુજાણ—હવે પાંઢવોના દળને કરશું આગેવાન, ૨૩૧

જે વાસંગ નાગ વસે પઇયાર–તે પણ શાહાના સૈન્યમાં આવી મળશે તત્કાળ. ૨૩૨
જે નવકુળ નાગ દીવાધારી વીર–તે નાગોના દળ ચડેરે સુધીર. ૨૩૩
તે સાથે અષ્ટ કરોડ જીન ભુત તે સાચ–તે બાણું લાખ ચડે પિશાચ. ૨૩૪
જે ગોરખનાથ માહા મુનીવર વીર–તે પાંચ લાખશું ચડે સુધીર. ૨૩૫
તે આવે ગોરખ શાહાને સાથ–તે શીંગડીએ પુરાવે નાદ. ૨૩૬
તે માંહે સવા કરોડ તણો ઝણકાર–તે દીન દેવ જોવા આવે અપાર. ૨૩૭
એક લાખને ચોવીશ હજાર પૈકાંબર દેવ–તે શાહાજીના સૈન્યમાં આવી
મળશે તત્ખેવ. ૨૩૮
તે માંહે સીંતેર સહસ્ત્ર હુસેની સતજ ભાયે––તે પહેલાં શાહાના સૈન્યમાંહે
મળશે આયે. ૨૩૯
તે સાત ફીરસ્તા મુજરક આહે–તે તો શાહાને છત્ર ઢરાયે. ૨૪૦
જે અઢાર ભાર વનસ્પતિ બહુ રંગી ભાત–તે પણ આવે શાહાજીને સાથ. ૨૪૧
તે સાત સમુદ્ર ભલા સતજ ભાઇ–તે તો શાહાના સૈન્યમાં મળશે ભાઇ. ૨૪૨
જે નદી નવસો નવાણું નિર્વાણુ–તે શાહાના સૈન્યમાં આવી મળશે
સહી જાણુ. ૨૪૩
જે પાણી પવન માહા મોટા બહુ બળીયા જાણુ–તેનું બળ કહ્યું નવ જાય. ૨૪૪
જે કોઇ ચાલશે અહીં શાહાજીકે ફરમાન–તે શાહાના સૈન્યમાં આવી
મળશે નિર્વાણુ. ૨૪૫
ત્યાં મળે દેવ મુનીવર વીર–ત્યાં અનંત કરોડ પીર હસનશાહા સાથે
ચડે સુધીર. ૨૪૬
જે આજ કલજુગમાંહે સર્વે મુનીવર વીર સતજ ભાઈ–તે તો સર્વે લાગે
સતગુરને પાયે. ૨૪૭
તે માંહે જે સાચા હશે આહે–તે તો શાહાના સૈન્યમાં મળશે જાયે. ૨૪૮
જે આદે અંતે સીધા મુનીવર દેવ–તે પણ આવે શાહાજીની કરવા સેવ. ૨૪૯
જે સતપંથે મુનીવર ચાલશે સહી–તે તો શાહાજીના સૈન્ય માંહે મળશે જઇ ૨૫૦
ત્યાં આવે હડમત વીર રાય–તે તો પર્વત માથે લેશે ઉઠાયે. ૨૫૧
તે સુંદર જોધા માહા બળીયા આયે–તે સર્વે આવી મળે જ્યાં છે
શ્રી જાદવરાયે. ૨૫૨
તે સર્વે પાય લાગીને ઉભા રહે–ત્યારે સહુ કોને રયે બેસો એમ
શાહાજી કહે. ૨૫૩
ત્યારે એક મુનીવર સાથે એસીં લાખ ઉંઠ સમર લેસે સાથ–તેને ચાર
લાખ દોરા ધારી હાથ. ૨૫૪

તે એક એક મુનીવર સાથે એવા દળ ચાલશે સહી જાણુ—એક એક મુનીવર પુઠે સાત લાખ જુજે નિશાન. ૨૫૫

તે સર્વે શાહાજી આગળે નીશાન બહુ બજાવે સુર—બીજા ક્ષોણુ અઢાર વાજે રણુતુર. ૨૫૬

ત્યાં વાજે દધામાં ભેરીયું ગડહરે—ત્યાં બહુ નાદ નીશાને ધરતી થરથરે. ૨૫૭

ત્યાં વાજે અનંત દીંદ રણુ સંગ સાર—ત્યાં વાજે માહાદળ થાગે ધમધમકાર. ૨૫૮

ત્યાં વાજે ચંગ ઉર વાસળીયું વેણુ—ત્યાં અવધુતકી નારી વજાવે વેણુ. ૨૫૯

ત્યાં બીજા વાજીંત્ર વાજે અનોપમ વાણુ—બીજા અવર વાજે સત્રનું પાર ન જાણુ. ૨૬૦

શાહાજીનું મળ્યું સૈન્ય કાંઇ કહ્યો નવ જાયે—પાહે દળતો ધરતીએ નહિ સમાયે. ૨૬૧

ત્યારે ઇશ્વર બ્રહ્મા શાહા પાસે હાજર હોયે—તે શાહાજી કે પાસે રથે બેસે જોયે. ૨૬૨

ત્યાં સર્વે મલે મુનીવર દેવ વિખ્યાત—ત્યાં નવગ્રહ ચાલે શાહાજીકે સાથ. ૨૬૩

જ્યાં ઉત્તર દક્ષિણુ પુર્વ પશ્ચિમ જે કોઇ હોવે મુનીવર દેવ—તે જ્યારે શાહાજીનું સૈન્ય મળશે ત્યારે દોડી આવે તત્તખેવ. ૨૬૪

જો શાહાજીનું મળે સૈન્ય અનોપમ સાર—ત્યાં ધજા નેજાનું અંત નહિ પાર. ૨૬૫

તે શાહાના સૈન્ય દીઠે આનંદ થાયે—એક એક મુનીવર કાંહી વખાણ્યો નવ જાય. ૨૬૬

તે સર્વે જોધાને સીલે સાથર જલકે ઘણી—સીલે બગતર પેરી બેસે ગુરનર ઘણી. ૨૬૭

તે દેવનો સેહેરો અમુલખ બહુ રંગી ભાત—તે દેવને દસ મણુની કમાન હાથ. ૨૬૮

તેનું અઢાર શેરનું એક તરગસનું તીર—જેથી પાડે દઇંત દાણુવાનું સીર. ૨૬૯

શાહાજીને કેડે કટારી છુરી મંદગર તરવાર—ત્યારે સર્વે દેવ ત્યાં બાંધે હથીયાર. ૨૭૦

તે ગાજે ગરજે જેમ કાટે શીષ—તેથી મારી દઇંતાને કરે નિરાશ. ૨૭૧

તે સર્વે યોદ્ધા બાંધી હથીઆર સર્વે એકઠા થાયે—તે આવી લાગે ગુરનરને પાયે, ૨૭૨

ત્યારે શાહાનું ચાર દીશનું સૈન્ય એકઠું થાયે—તે મુનીવર બહુ રૂપવંતા કાંઇ કહ્યો નવ જાયે. ૨૭૩

કૃર્તા જુગના મુનીવર હુવા સજાણુ—તેનું સરદ સૈન્ય હુઓ વખાણુ. ૨૭૪

તે દેવનું સરદ ઘોડા સરદ રૂપ અપાર—તેના સરદ વસ્ત્ર પેરણુ સાર. ૨૭૫

તેનું સરદ વાગો સરદ સીરબંદ જાણુ—તેનું કેડનું પટકો સરદ વખાણુ. ૨૭૬

એતા કૃર્તા જુગના મુનીવર જાણુ—તેનું સરદ સૈન્ય હુવા પ્રમાણુ. ૨૭૭

કરતા જીુગમાં રૂગવેદ સરદજ જાણુ–તેથી સરદ સૈન્ય હુઆ પ્રમાણુ. ૨૭૮
ત્રેતા જીુગના જે મુનીવર ભયા–તેના જરદ રંગજ થયા. ૨૭૯
તેના જરદ ઘોડાને પલાંણુ–તેના જરદ ધજા પોતાનું નીશાન. ૨૮૦
તેનું જરદ વાગો સરવેકો આહે–તેને જરદ મોજડી પેરણુ પાયે. ૨૮૧
તેના જરદ સીરબંધને વસ્ત્ર જાણુ–તેના જરદ કેડના પટકા વખાણુ. ૨૮૨
એતા સર્વે ત્રેતા જીુગના મુનીવર જાણુ–તેનો જરદ સૈન્ય હુએ પ્રમાણુ. ૨૮૩
જે ત્રેતા જીુગમાં યજીુર વેદ જરદજ જાણુ–તેથી સર્વે સૈન્ય જરદ હુએ નિર્વાણુ. ૨૮૪
જે દુઆપર યુગમાં મુનીવર હુઆ સુજાણુ–તેનું શામ વેદ હુએ પ્રમાણુ. ૨૮૫
તેના ઘોડાને શામ પલાણુ–તેના શામ ધજા પોતાનું નીશાન. ૨૮૬
તેના શામ પેરણુ સાર–તેની શામ મોજડી પેરે ઝણુકાર. ૨૮૭
તેના શામ સીરબંધ વસ્ત્ર જાણુ–તેના કેડના પટકા શામ વખાણુ. ૨૮૮
જ્યારે દુઆપર જીુગમાં શામ વેદજ જાણુ–તેથી શામવેદ હુઆ પ્રમાણુ. ૨૮૯
આજ કલજીુગ માંહે મુનીવર હુઆ સુજાણુ–આજ સહસ્ત્ર અનંત કરોડ સુજાણુ. ૨૯૦
તેના સેતર ઘોડા શાહા દુલ દુલ અસવાર–તે વાધ્વા શાહાને પેરણુહાર. ૨૯૧
તેની સેતર તરવાર ને સેતર કમાન–તેને સેતર ધજા પોતાનું નીશાન. ૨૯૨
તે સેતા શીરબંધને વસ્ત્ર જાણુ–તેના પગની મોજડી સેતર વખાણુ. ૨૯૩
તે સેતર સૈન્ય શાહાનું આયે–મેધા ડમર છત્ર શાહા મારો સીરપર ઢરાયે. ૨૯૪
આજ કલજીુગમાં સેતર અથરવેદજ સાર–તેથી સેતર સૈન્ય હુઆ વખાણુ. ૨૯૫
તે ચાર જીુગના ચોવર્ણા સૈન્ય ઉતમજ સાર–ગુર કહે બાકી અવર રંગનું અંત ન પાર. ૨૯૬
જ્યારે સર્વે સૈન્યને શાહાજી નયણે દેખે જાણુ–ત્યારે હસી હરખી શાહાજી બોલે વાણુ. ૨૯૭
તે સર્વે દેવો ને કહે શાહાજી તમે ચાલો સુજાણુ–હવે તમે સર્વે જંબુદીપમાં કરો મેલાણુ. ૨૯૮
જે દેવ છમછર ચીલોતર · ચઇત્રને ગુરૂવાર–તે દીન શાહા મારો ચડાવી સૈન્ય થાયે અસવાર ૨૯૯
એ ઘરથી સઘળા ચાર શાહાજી ચાલી નીસરે–તેને નાર સામે એક આવી સંચરે. ૩૦૦
તે પહેરી આભુષણ સોળ શણગાર–તેણે કુંભ બે નીરના ભર્યા સાર. ૩૦૧
તે ઉપરે એક સોવર્ણો થાળ–તે માંહે છે પાંચે અમૃત ભોજન સાર. ૩૦૨
એસા સકન શાહાજીને પાયે સહી–ત્યારે ગુર બ્રહ્માજી બોલ્યા તહીં. ૩૦૩
શાહાજી બોહોત સકન માહા બળીઆ આહે–શામી સર્વે દઇતોનું સૈન્ય ખુરીમાં જાયે. ૩૦૪

ત્યાંથી શાહાજીનું સૈન્ય સર્વે ચાલ્યું જંપુદીપે આહે-ત્યારે શાહાજી ગઢ પર્વત સર્વે ફૂંકે ઉડાયે. ૩૦૫

જ્યારે એવા દળ ખુરાસાની ઉલટયા માહા સુધીર-ત્યારે નદી સમુદર નહી પાવે નીર. ૪૦૬

શાહાજીનું ચાલ્યું સૈન્ય બહુ ઘોડા ઉંટજ આહે-ત્યારે પાણી પહેલી ફોજને એક ઘુંટજ કરાયે- ૩૦૭

ત્યારે પાછલી ફોજને રેહમત થાયે-ત્યારે સર્વે સૈન્ય ચાલ્યો જાયે. ૩૦૮

તે અનંત સૈન્ય તેનું પાર ન આહે-તે સૈન્ય મેર શીખર વચ્ચે નહિ સમાયે. ૩૧૦

એ સૈન્ય ચાલતાં બહું ખેહ ઉડે-ત્યારે રાત દિવસની માલમ નહિ પડે. ૩૧૧

લુપે સુરજ જેમ ભાદરવાની રાત અંધાર-ત્યારે ધરતી માંહે ન ઝાલે ભાર. ૩૧૩

ત્યારે શાહાજી ખડંગ ત્રીધારો હાથે ધરે-જેમ સહસ્ત્ર કલાસું સુરજ પરવરે. ૩૧૩

ત્યારે ખડંગને અજવાળે સર્વે સૈન્ય ચાલ્યો જાયે-ત્યારે શાહાજી આવી પહોંચે જંપુદીપજ માંહે. ૩૧૪

ત્યારે દેવ દાણુવ નીશાન બજાવે સુર-ત્યારે અનેક નીશાન બજાવે રણતુર. ૩૧૫

તે સૈન્ય ચાલતાં ધરતી કંપે અપાર-દેવ ધમડા ધારી સીર થંબે ભાર. ૩૧૬

એ પશ્ચિમથી દળ આવે જાણુ-ભરતખંડ જંપુદીપ ઉત્તમ નિર્વાણ. ૩૧૭

જંપુદીપ ભરતખંડ કુઆરકા ક્ષેત્ર જાણુ-ગુરજીના થાનક શાહાજી મારોકરે મેલાણ. ૩૧૮

જ્યારે જંપુદીપ માંહે શાહાજી દેશે પાયે-ત્યારે ગુર ઇમામશાહાનો રોજો સુવર્ણનો થાયે. ૩૧૯

જ્યાં ગુર ઇમામશાહા બેઠા છે આહે-ત્યાં સાચા મુનીવરોની બક્ષામણી થાયે. ૩૨૦

ત્યારે તખ્ત સીંહાસણ બેસે શાહે-ત્યારે ગુર ઇમામશાહા સાથે વાત કરાયે. ૩૨૧

જે જંપુદીપ માંહે શાહાજી વજડાવે તુર-બાકી બીજા નગર સર્વે સુરાસુર. ૩૨૨

ત્યારે સર્વે રીખીસર ઉભા સાહેબજી કે શરણે આહે-ત્યારે શાહાના દળ વચ્ચે નદી સરસ્વતી જાયે. ૩૨૩

ત્યારે ગુરનરનું દળ એકઠું થાયે-ત્યાં દઇંત કાળીંગાનું દળ પોંહચે આહે. ૩૨૪

ત્યારે સૈન્ય ચાલતાં ધરતી વાજે ધમધમકાર-પાહે દળનું તો અંત નહિ પાર. ૩૨૫

ત્યારે દઇંત ચરભટ કરતો આવે સહી-આસણપુરી અન્ત્રીક્ષથી આવે તહી. ૩૨૬

તે આસણપુરી ચાલશે આકાશ-એસા ચરબટ દૈંત્ય કરશે પ્રકાશ. ૩૨૭

તે દઇંત અંન તણાતો પરબ નિપાવે-પાણી મંત્રીને ક્ષુત ઉપાવે. ૩૨૮

તે દઇંત વેળુ મંત્રીને ખાંડ નીપાવે સહી-તે કલમાંહે માહી બાપ દેખાડે તંહી. ૩૨૯

તે કાઠના ઘોડાને ખવરાવે ખાણ-એવો દઇંત ચરબટ કરતો આવે નિર્વાણ. ૩૩૦

ત્યાં બે ઇમાની જીવ મળશે જાણુ-ત્યાં ઉલટી નદી દઇંત વેહવરાવશે આણ. ૩૩૧

તે દઇંતને આવતાં ન લાગે વાર—તે ચાલી આવે નદી સરસ્વતીને પાર. ૩૩૨
તે દઈંત પાણીના આરે ઉતરે જાયે—તેનો અણગણ્યો સૌન્ય કાંઈ કહ્યો નવ જાયે. ૩૩૩
તે સર્વે દળ યોધ્ધા ઉતર્યા છે આહે—તે દઇંતોનો દળ કાંઈ ગણ્યો નવ જાયે. ૩૩૪
તેને બોહોંતેર દીન આપને થાહે—તે આવી ઉતરે તેણે ઠાયે. ૩૩૫
તે દઈંત પાવરીઆને કોરે ઉતરશે આહે—તે દઈંતનું દળ કાંઇ કહ્યો નવ જાયે. ૩૩૬
તે દઇંતના દળ માંહે અંન ન ખાયે કોયે—શાહાના દળમાંહે તો સોના
મોહરે રોટી હોયે. ૩૩૭
તે બે સૌન્ય દ્રષ્ટે દ્રષ્ટે મળે—તે વચ્ચે મુની નારદ ચારા ચરબટ કરે—તે દોયે
દળને જુજવાયે તે નહિ રાખે મણા. ૩૩૮
ત્યાં આવે હડમત ધજાધારી કરે કલોલ અપાર—તેની હાંક સુણી કંપે સંસાર. ૩૩૯
ત્યાં ચોસઠ લાખ જોગણીઉં શાહાને પુછે વીચાર—કહો તો શામી દઈંતના
દળને સોંશી કરૂં સંગાર. ૩૪૦
ત્યારે પૂછે પવન શામી અમને રજા દીયો સહી—તો દઇંતના દળને મારૂં ઉઠાઇ. ૩૪૧
જ્યારે ભીમસેન બોલે શાહાજી અમે વીનતી કરૂં—તમે રજા દીયો તો
અમે રણમાં લડું. ૩૪૨
શામીજી કહો તો સ્વર્ગ મંડળ ફેરાવીને ધરણ ઉલટ કરૂં—કહો તો કાણાં
દજાલને લઇ તમ આગળ ધરૂં. ૩૪૩
ત્યારે શાહાંજી બોલે ભીમસું સતજ ભાયે—તમે પાંચે પુત્ર માહા બળીઆ રાયે. ૩૪૪
ત્યારે એસી વાત શાહાજી ભીમસું કરે સહી—ત્યારે સુરજા રાણી કમલા
કુંવર આવે તંહી. ૩૪૫
જ્યાં શ્રી ગુરનર નારાયણ બેઠા એકઠા આહે—ત્યાં સુરજા રાણી કમલા કુંવર
પ્રણામ કરીને લાગે પાયે. ૩૪૬
ત્યારે સુરજા રાણી કમલા કુંવર વીનતી કરે આપ—સ્વામીજી અમારા પૂર્વ
જન્મના બક્ષો પાપ. ૩૪૭
એ શામીજી પૂર્વ જન્મના પાપ અમારા ગયાં—જ્યારે અમોને ગુરનરના
ચર્ણના દર્શન થયા. ૩૪૮
શામીજી અમે મધ્યમ માંહેથી ઉતમજ થયા આજ—સર્વે દુખ દારિદ્ર ગયા ભાંજ. ૩૪૯
ત્યાં હેત ધરીને શાહજી બોલે વિખ્યાત—સુણો સૂરજા રાણી કહું એક વાત. ૩૫૦
આજ કલજુગમાં દઈંત કાળીંગો આહે—હવે સઘળી સંઘ પોતી તમે એને
મારો જાયે. ૩૫૧
ત્યારે શાહાજીના દળમાંહેથી સુરજા રાણી કમલા કુંવર રજા લઇને નીસરે—તે
દઈંત કાળીંગાના દળમાં જઇ સંચરે. ૩૫૨
ત્યારે દઈંત આવતાં દેખે પુત્રને નાર—ત્યારે દઇંત કાળીંગો બોલે પુકાર. ૩૫૩
તમે સુણો કમલા કુંવર સતજ ભાયે—તમે અહીં આવ્યા તે કારણ કાહે. ૩૫૪
તો અમે તમને સોંપ્યો ચીણબ નગરીનું રાજ્ય—તે દેશ છોડી કેમ આવ્યા આજ. ૩૫૫
ત્યારે બોલે સુરજા રાણી કમલા કુંવર સતજ ભાયે—જે અભંગ શું યુદ્ધ કાંઇ
કર્યો નવ જાયે. ૩૫૬

એ દેવ ત્રણ બ્રમંડનું સીરજણહાર સૃષ્ટિનો ધણી આહે—તે અભંગ શું
યુધ્ધ કેમ કરશો હો રાયે. ૩૫૭

એ દેવે ત્યારે શ્રી રામ રાવણ માર્યો પરીવાર સમેત—ત્યારે ભગત વિભિક્ષણને
રાજ સોંપ્યો મન આણી હેત. ૩૫૮

એ દેવે કાન રૂપે બહુ ચરિત્ર કર્યા—ચઉદ ભુવન તે મુખ માંહે ધર્યા. ૩૫૯
એ દેવે કંસ માર્યો તે કાનુડે અવતાર— ત્યારે યાદવ કુળનો કીધો સંઘાર. ૩૬૦
એ દેવે શ્રી બુધરૂપે દઇંત દુર્યોધન હણી ધર્યા—તે પાંઢવાને દ્વારે જઇ ઉભા રહ્યા. ૩૬૧
એ દેવ ભગત શખાયા સદા કીરપાળ—એ દેવ ધરણીધર છે દીન દયાળ. ૩૬૨
તે દેવ આજ કલજુગમાં દસમું નકલંકી અભંગ અવતાર—તેનું આજ
ભરથાર કેમ ન ચેતે ગેમાર. ૩૬૩

ત્યારે દેવના દસ અવતારના ગુણ રાણીએ કહ્યા છે આહે—ત્યારે દઇંત
કાળીંગાના મનમાં ક્રોધ ન માય. ૩૬૪

હારે રાણી તું અંત પાણી ખાયે અમારો અને વખાણો શ્રી હરી—તે તું અમ
ઘર નાર કેસી ઇસ્તરી. ૩૬૫

એ રાણી તું જેના સેવે છે પાયે—તે અભંગને હું મારૂં ઉઠાયે. ૩૬૬
જેનું તું સ્મરણ કરે છે રાતને દીવસ—તે અભંગનું હું કાપી લાવું શીપ. ૩૬૭
હવે તેનું સૈન્ય મારી દેખાડું સઉ—તો દઇંત કાલીંગો માહા બળવંત તંહીં. ૩૬૮
ત્યારે બોલ્યા સુરજા રાણી કોપ્યા તત્કાળ—હાથે દંડો રાણી લીધો સંભાર. ૩૬૯
તે જન્મ મેધ સતીના મુખમાં માર ન નીસર્યો ત્યારે દંડો લઇને દઇંતની
ગચ્છ માથે ધર્યો. ૩૭૦

જ્યારે તે સતીના મુખમાંહેથી મારજ નીસરે—ત્યારે દઇંતનું મુસ્તક ધરણીએ
તુટી પડે ૩૭૧

ત્યારે સર્વે સૈન્યમાં પડી પુકાર—જે સુરજારાણીએ માર્યો પોતાનો ભરથાર. ૩૭૨
ત્યારે સર્વે યોદ્ધા ઉઠ્યા માહા રીસજ કરી-હવે એનું સૈન્ય મારૂં કયાં
જાય શ્રી હરી ૩૭૪

એ રાણી તમે શા માટે માર્યો પોતાનો ભરથાર—તે અભંગનું શીપ કાઢી
લાવું તતકાળ ૩૭૪

ત્યારે હલહલકાર એ દળ માંહે હોયે—રણક્ષેત્ર સામસામા આવી જોયે. ૩૭૫
જેમ પ્રભાતે ઉગ્યા સુર—તેમ સામ સામા નીશાન વજાવે રણતુર. ૩૭૬
તે દોયે દળમાં યોદ્ધા ઉપર જેમ ભણે ચાર—તે દોયે દળમાં એક ન આવે હાર ૩૭૭
તે દઇંત ગલકેશ્વરસું લડે ભીમ જો રાયે—તે મારે ગદાને કાઢે પ્રાણ આયે. ૩૭૮
તે ગજકેશ્વર દઇંતસું લડે નકુળ રાય—તેના બળનું અંત પાર ન પાયે ૩૭૯
જે રણકેશ્વર દઇંતસું લડે ભુત પિશાચ—તે લડે યોદ્ધા ન બોલે વાચ ૩૮૦
તે દઇંત ગજકેશ્વર માહા બળવંત—તાસું લડે વીર હડમત. ૩૮૧
તે હડમત વીર પર્વત લેશે ઉઠાયે—તે દઇંત ગજકેશ્વરજ રથમાથે દેશે ધાયે. ૩૮૨
તે દઇંત આવતો પર્વત લેશે સંભાળ—તે કટકા વચ્ચેથી કરશે નિરધાર. ૩૮૩
તે હડમત વીર પર્વત લેશે ઉઠાય—તે દઇંત ગજકેશ્વરને મારે સાયે. ૩૮૪

તે માહા યોદ્ધા ક્રોધ કરીને મારે જેહ–તે દઈત ગજકેશ્વરસું યુદ્ધ કરે તેહ ૩૮૫
ત્યાં લડે બીજા યોધ્ધા ઉતર ભણી ચાર–તે દોયે દળમાં એક ન આવે હાર. ૩૮૬
તેને છેડે છુરી કટારી જેમ ફાસ–ત્યાં વરસે તીરને પડે રણ ત્રાસ. ૩૮૭
તે યોધ્ધા ગાજે ગરજે લડે અપાર–ત્યાં દોએ દળમાં એક ન આવે હાર. ૭૮૮
ત્યાં હસી કરી શાહાજી બોલે કીર્તાર–ત્યાં ખડગ ત્રીધારો શાહાજી લેશે સંભાર. ૩૮૯
ત્યારે પાછું મન વિચારી લીધો યાદવરાય– તે દઈતનું દળ માંરે તેણે ઠાયે ૩૯૦
ત્યારે નદી સરસ્વતી દઈતના રક્તે પુરજો વહે–ત્યારે રક્ત ચાલ્યો એમ
સૌ કોઇ કહે. ૨૯૧
તે ચાર જુગની સંધ બંગતે નદી સરસ્વતી પુર વિના એમજ રહી–તે દઈત
કાલીંગાના રક્તેથી પુરેજ વહી. ૩૯૨
તે દેવ લડે સર્વે શાહજીને હેત–ત્યારે દઈંત કાલીંગાનું સૈન્ય માર્યો રણક્ષેત્ર ૩૯૩
ત્યારે શાહાજીનું સૈન્ય ચાલ્યો સર્વે એકઠો આયે–ત્યારે દઈતનું સીર
ખરીએ ચડાવ્યો જાય. ૩૯૪
એ દુલ દુલ ઘોડાની ખુડીએ દઈંતનું સીર ચડાએ–તે લઇ નાખે ચીણુસ નગરીમાંહે. ૩૯૫
તે ચીણુ માહા ચીણુ દઈંતનું નગર સોયે–તે નગર પાણી માંહે શાહા
ડુબાવશે સોયે. ૩૬૯
ત્યારે સર્વે દાણવ મારી નિરવંશજ કરે–ત્યારે કમલાકુંવર સીર ભરણુજ ભરે. ૩૯૭
ભગતને સીર ભરણુ ભરાવી શાહાજી મારો બોલે વાણુ–ત્યારે અઝરાઇલ
ફીરસ્તા દેશે ફરમાન. ૩૯૮
જે નવખંડમાં ચોર્યાશી લાખ જીવા જોડ છે જાત–તે સર્વેના રૂહ કબઝ
કરી રાખો તમારે હાથ. ૪૯૯
તે સર્વે જીવ અઝરાઇલ કબજ કરે–ત્યારે શાહા પાસે આવી સંચરે. ૪૦૦
હવે શાહાજી તમે ફરમાન દીયો તે અમે કરૂં–શ્રી પ્રીત રાહે જીવ કબજ
કરી તમ આગળ ધરૂં. ૪૦૧
ત્યારે શાહાજી બોલ્યા સતજ ભાવે–તમે સહુના જીવ કબજ કરજો જાયે. ૪૦૨
ત્યારે શાહાજી ફરમાને ફીરસ્તો અઝરાઇલ એમજ કરે–નવખંડ માંહે જે
જેના પ્રાણ તે લઇને ધરે ૪૦૩
ત્યારે અસરાફીલ ફીરસ્તો સુર દેશે આયે–ત્યારે જે સતપંથી હશે તે અખંડ
ઉઠી બેઠા થાયે. ૪૦૪
મુનીવર ભાઇ જેણે સતપંથ સેવ્યા સાચસું સાર–તેને માહાદન નહિ લૂપે લગાર. ૪૦૫
ત્યાર પછી શાહાજી સૃષ્ટિ સંજોગ રચના કરાયે–ત્યારે સર્વે રખીઆને શાહા
પુરો રાજ કરાય. ૪૦૬
ત્યારે શાહાજી મહેલે બેસશે સહી–ત્યારે ગુર નબી મહંમદ મુસ્તફા શાહા
પાસે વજીર થાશે તહી. ૪૦૭
ત્યારે ત્રણ બ્રમંડનું રાજ્ય કરાવે વીર–ત્યારે સર્વે રખીઆને રાજ કરાવે સુધીર. ૪૦૮
જે આદ દેવ અનંદ કરોડીઉં નીપના આહે–તે સર્વે રખીઆને શાહા રાજ કરાયે. ૪૦૯

ત્યારે લોઢી અમરાપુરીના મહેલ વખાણ્યા નવ જાય–તે ક્ષણ એકમાં ગુરનર
રચના કરાવા શાયે. ૪૧૦

ત્યાં કંકુના ગારા સોના રૂપાંની ઇંટ–ત્યાં બહોત અનુપમ ઉઠાડી ભીંત ૪૧૧
તે દીશે ઉંચા મેહેલ અનુપમ સાર–ત્યાં સુવર્ણ કડાં બહુ શોભીતા અપાર. ૪૧૨
તેના કમાડ બાર સાંખ કહ્યા નવ જાયે–તેને બહુ રતન હીરા જડીયા માંહે. ૪૧૩
ત્યા મોતી અસુલખ પલંગે ઝળકે તતખણા–ત્યાં એસા પલંગ બીછાવ્યા છે ઘણા. ૪૧૪
ત્યાં કંકુની રેતી સર્વે મુનીવરને ઘેર દ્વાર–ત્યાં બાળક નાનાં ખેલે અપાર. ૪૧૫
સર્વે મુનીવરોને વસ્ત્ર મન ગમતા જાણ–તેની શોભા અનોપમ શું કરૂં વખાણ. ૪૧૬
તે મુનીવરને વાઘો સુવર્ણની જાત–તેને પેરણ ઇજાર બહુ રંગી ભાત. ૪૧૭
તેને સૂવર્ણ મોજડી પેરણ પાયે–તેનું કેડનું પટકો કાંઇ કહ્યો નવ જાય. ૪૧૮
તેને સૂવર્ણ પાઘડી બાંધી સાર–તેને ઓઢણી પાંભડી સૂવર્ણની જણકાર. ૪૧૯
તે સર્વે મુનીવરને વાગો છુટેક બંદ–તે મુનીવર રાજ લેશે જેવા પુનમચંદ. ૪૨૦
તે મુનીવર દેવ પહેરે એવા શણગાર–તે મુનીવર એકને ઘેર સતીઓ પચાસ નાર. ૪૨૧
તે રૂપવંતીયું દીસે સર્વે નાર–તે પહેરે આભુષણ તે સોળ શણગાર. ૪૨૨
તે સતીઉં પહેરે કાંચળી શીઘોણી ભાત–તે પહેરે પટોળી નવરંગી જાત. ૪૨૩
તે પહેરે ચડા રતન જડીત્ર શાલ–પાંચ હીરા રતન માંહે ઝળકે લાલ. ૪૨૪
તેના ઓઢણી ચીર અનુપમ સાર–પગના નેવર વાજે ઝમ ઝમકાર. ૪૨૫
તે સર્વે સતીયું કરે એવા શણગાર–તે સર્વે મુનીવરને ઘેર સતવંતીયું નાર. ૪૨૬
તે સર્વે મુનીવરને મન વાંછીંત ફલ હોયે–તે મન વાંછીંત ફલ ખાયે સબ કોયે. ૪૨૭
ત્યાં ધુપ ટાઢ મોમેનુંને નહિ હોયે–જેને જેવા ભાવે તેવા ખાહે સોયે. ૪૨૮
ત્યાં રાત્રે કસ્તુરીના વાહાજ વાયે–ત્યાં દીવસે અંબર જરાવે શાહે. ૪૨૯
તે મુનીવર એસા સુખ ભોગવશે સહી–ત્યાં લીણા લાડ કરશે તંહી. ૪૩૦
તે પાછળ ફરે ઘોડા તુખાર–તે મુનીવરભાઇ સુખ પામશે અપાર. ૪૩૧
જેણે પંજભુ વાર્યા મન–જેણે મુનીવરે સતપંથ પુરા સેવ્યા જન. ૪૩૨
જે રખીસરોને શાહા એવા રાજ કરાવે બળવંત–સવા લાખ વરસ લગી
રાજ કરાવે નવ ખંડ. ૪૩૩
જ્યારે નવ ખંડમાં રાજ્ય રખીઆનું હોવે સાર–ત્યારે શાહાજી પરણે
વિશ્વ કુંવારી નાર. ૪૩૪
ત્યારે ગુરનર તખતે બેસે શાહાનું નુર–જેમ સહસ્ત્ર કલાસું ઉગ્યા સૂર, ૪૩૫
ત્યાં પુરો રાજ કરાવે શાહા સતીઓને જેહ–જે નીત નીત હાલ ગુજારે
દસોંદ સુક્રીત પુરી દેય. ૪૩૬
જે મુનીવર નીત નીત અમીં પીવે હાલ ગુજારે તતખણા–તે મુનીવર સુખ
ભોગવશે ઘણા. ૪૩૭
જે પુરી દસોંદ ન આલે ધર્મશાળામાં જતાં આળસ કરે–તે પાયેદળમાં
પીયાદો થઇને ફરે. ૪૩૮
જે અહીં દસોંદ સુક્રીત નવ કરે અને આળસુ અપાર–તે ત્યાં કાઠીયું ઘાસ
વેચે માથે બેસે ભાર. ૪૩૯

જે ખરા દસોંદી મુનીવર આજ–તે સહી અમરાપુરીમાં કરશે રાજ. ૪૪૦
ગુર કહે જેણે સતપંથ પુરો કમાવ્યો આજ–તે મોમન સહી ત્યાં કરશે રાજ. ૪૪૧
જે દુનીઆં માંહે સત ધર્મની નીંદા કરે–તે તેણે દીન માથું કુટીને મરે. ૪૪૨
જે રખીસરોનું રાજ દુનીઆ નૈયણે દેખે તતખણા–તે છાતી કુટી મરશે ઘણા. ૪૪૩
જેણે અહીં પથરની પુજા કરી છે આયે–તે તો ત્યાં બહુ પાખંડમાં જાયે. ૪૪૪
જે કોઇ દુનીઆ માંહે બહુ પથ્થર પુજ્યા આયે– તે તેણે દીન તેસા ફલ પાયે. ૪૪૫
જે કોઈ અહીં જેસા બીજ બોયશે જાણ–તે તેસા ફલ પાવે નિર્વાણ. ૪૪૬
જે કોઇ અહીં જુદા પથ્થર પાથરીઆની પુજા કરે–તે તેણે દીન છાતી
ઉપર લઇને ફરે. ૪૪૭
જે કોઇ પાણી પથ્થરની જાત્રા તીર્થે જાય જાણ–તેને તેણે દીન સવા પહોર
લગી પાણીમાં શાહ ડુબાવશે નિર્વાણ. ૪૪૮
જે કોઇ અહીં બ્રાહ્મણ જોગી શીવડા છ દર્શનના ગુરની પુજા કરે–તે તેણે
દીન નીત નીત સવા પહોર લગી કાંધ લાધે ફીરે. ૪૪૯
જે કોઇ ગાય પીપળાની પુજા કરશે જાણ–તે તેણે દીન :નીત નીત સવા
પહોર લગી કાંધે લેશે નિર્વાણ. ૪૫૦
જે કોઇ વ્રત વરતુલીઆ ઉપવાસ કરે–તે તેણે દીન દેહી રૂડી પામશે પણ
કાડીયું ઘાસ વેચીને ભુખે મરે. ૪૫૧
જે સર્વે દુનીઆ બીજા દેવની જપ તપ પુજા કરે સાર–તેને રાન્યા અઝાઝીલને
હાથે દેશે નિરધાર. ૪૫૨
જે કલજુગમાં બ્રાહ્મણ જોગીને જમાડે જાણ–તેને અહીંનું ધર્મ અહીં
આપે સહી નિર્વાણ. ૪૫૩
તે સરવે લોક અહીંની કમાઇ અહીં ખાઇ રહ્યા–તે નિદાન વડ વેળાએ
ઠાલે હાથે હરી પાસે ગયા. ૪૫૪
જે કોઇ અહીં જેસી પુજા કરે–તે તેણે દીન સવા પહોર કાંધે લઇને ફરે. ૪૫૫
જે વણવેરામાં અદલ દાન કરશે જાણ–જેણે અહીં જેસી પુજા કરી હશે
તે તેણે દીન તેસા ફલ પામે નિર્વાણ. ૪૫૬
જે સંતપંથ ધીયાવશે ગુર મુખ જાયે–જે અહીં દસમા અવતારના પુજશે પાયે. ૪૫૭
જે પુરો પાળે સતપંથ જ્યાં ન જાણે કાય–તે પ્રાણીને સહી અમરાપુરી હોય. ૪૫૮
ત્યારે સવા લાખ વર્ષ લગી રખીઆને રાજ કરાવે શાહે–પછે ફેરાવીને
સૃષ્ટિને સંગારી ધરાયે. ૪૫૯
તે સરવે સૃષ્ટિ સંધારી સંસાર સપટ કરાયે–નવ ધ્રોણી ગાજે દેવ સુશંળને
ધારે મેઘ વરસાયે. ૪૬૦
ત્યારે અસરાફીલ સુર દેશે આહે–ત્યારે સરવે પ્રાણી અખંડ ઉઠી બેઠા થાયે. ૪૬૧
ત્યારે સરવે ગુન્હેગાર દુનીઆને દોજકે ઘાલવા જાહે–ત્યારે આરબી રૂપ
કરીને બેસશે શાહે. ૪૬૨
ત્યારે આસમાન નવનેજા ઉપર આવે સુધીર–ત્યારે સહસ્ત્ર કલાસું ઉગશે સુર. ૪૬૩
ત્યારે અગનની ઝાળ પડશે ધરતી ઉપર આહે–ત્યારે ત્રાંબા વર્ણી તે ધરતી થાહે. ૪૬૪
તે વેળા શામી મારો એસો કરે–જે મેઘાડમ્મર છત્ર શામી મારો ધરતી ઉપર ધરે. ૪૬૫

ત્યારે આરબી રૂપ શાહાનું કહ્યો ન જાવે જણ–ત્યારે શાહાજી કેની અરજ ૪૬૬
મોર નહિ માને ફરમાન. ૪૬૭

ત્યારે સહસ્ત્ર મણની હેઠે એરણુ જાણુ–ત્યારે સહસ્ત્ર મણનું ઉપર ઘણ પ્રમાણ. ૪૬૭

જે મુનીવર અહીં માલ બીજાનું ખાયે–નહિ હાલ ગુજારે નહિ ગતમાંહે જાહે. ૪૬૮

તેને માથે ગુનાહ રહેશે તતખણા–તેને ઘણ કેરી માર દેવરાવશે ઘણા. ૪૬૯

ત્યારે તીલ તીલનું લેખો શાહા મારો પુછશે સહી શાહે–જે જેના કાગળ
હશે તે તેના હાથે દેશે તાંહે. ૪૭૦

તે અષ્ટ કરોડ રૂમ રાહે એના કર્તવ્ય જોયે–તે ત્યાં તેની ગવાહી પુરાવશે સોએ. ૪૭૧

તેતો આઠ કરોડ રોમ લોઢાના થઇ–જે જુઠો બોલે તેના અંગે પાછો
ફરી ખુંચે સહી. ૪૭૨

તે ઉપર દેશે અગનની ઝાળ–અને ધરતીને જાણે નીર વહેશે લોહી નેત્રની ધાર. ૪૭૩

ત્યાં ઉંધે મુસ્તક જીવને અગન દાગ ધગાયે–તેના માથાનાં ભેજાં તે કાને
નીસરી જાય. ૪૭૪

તે રોશે ગુનેગાર કરશે બહુ શોર–જેણે ગુનાહ નહિ બક્ષાવ્યા તે ત્યાં થાશે ચોર. ૪૭૫

ત્યાં શાહાજી આરબી રૂપે નજરે ફરાયે–ત્યાં ગુરબ્રહ્માની મોર ન માને શાહે. ૪૭૬

ત્યાં નહિ વૃક્ષ નહિ વાસ છાંયા સાર–ત્યાં નહી અંન પાણી તેણે ઠાર. ૪૭૭

ત્યારે ત્યાં નહિ બાપ માહી બંધવ વીર–આ આપણા કર્તવ્ય ભોગવે શરીર. ૪૭૮

ત્યાં નહિ સ્ત્રી પુરૂષ એકલો આપ–તે આપ આપણા કર્તવ્ય ભોગવશે પાપ. ૪૭૯

ત્યાં રોવે ગુનેગાર ધુંબજે દેહ–અગ્નિની ઝાળે બહુ દાઝે તેની દેહ. ૪૮૦

ત્યાં બળી દેહ સર્વ ખાક હોઇ જાયે–ફરી પાવળ છંટાવી બેઠી કરાવે શાહે. ૪૮૧

એવી સો વાર એક દેહી ભાગે છોડ જાણ–ત્યારે એક ગુનાહ શાહા માહાદનમાં
ઉતારે નિર્વાણ. ૪૮૨

ત્યાં એસી તરે શાહાજી ગુનાહ માહાદનમાં ઉતારે તતખણા આયે–ત્યારે પચાસ
હજાર વરસનું એક દીન કરશે શાહે. ૪૮૩

ત્યારે પચાસ હજાર વરસનું રોજ કીયામત કાંઇ કહ્યો નવ જાય–જેમ વાઘે
ઝાલી છે ગાય. ૪૮૪

ત્યાં એવે જીવોનો હીસાબ માહાદનમાં થાયે–તેમાં સાચા મુનીવર હશે તે
ઉતરી અમરાપુરીમાં જાયે. ૪૮૫

પણ ગુનેહગાર હશે તે નહિ ઉતરશે દુજીવાર–જે સાચા મુનીવર હશે તે પોતા
બહીસ્ત મીંજાર. ૪૮૬

એ સતગુરે બહીસ્તની વાટે મુનીવર ચલાવ્યા સાર–તે જઈ પોતા વૈકુંઠ મીંજાર. ૪૮૭

જે અદલના કોલ પુરણ પાળે–તે મુનીવર જઇ વઇકુંઠ માંહે સંચરે. ૪૮૮

તે મુનીવરને ગુરનર બહીસ્તમાં લેશે બોલાયે–ત્યારે મુનીવરના મનમાં હર્ષ ન માય. ૪૮૯

તે મુનીવર દેખે બહીસ્ત અનુપમ સાર–તે સુવર્ણ ફળા ઝળકે અપાર. ૪૯૦

તે મુનીવરના મંદીર કસ્તુરીના ગારા સોનારૂપાનીં ઇંટો શોભીત–ત્યાં બહુ
ગુરનરે ઉઠાડી છે ભીંત. ૪૯૧

તેના કમાડ બાર સાખ સુવર્ણના ઘડયા–તેને રતન પદાર્થ હીરા માણેક જડયા. ૪૯૨

ત્યાં સુવર્ણ મેહેલ ઝળકે તેજ અપાર–ત્યાં સહસ્ત્ર સૂરજ તેણે ઘરબાર. ૪૯૩

એક એક મોમનના મંદિર સોનાના ઘડયા—એક એક મંદિરને હીરા માણુક આંગણે જડયા. ૪૯૪

એક એક સુમનના મંદિરને મોતી જડયા આહે—તે મોમનનું રૂપ કાંઇ વખાણ્યો નવ જાય. ૪૯૫

તે મંદિર પર દીસે સાત ખંડ કલા બરપુર—જેસા સહસ્ત્ર કલાસું ઉગ્યા સુર. ૪૯૬

ત્યાં સતરંગી પલંગ મુકયા બીછાયે—હીરા રતન જડીત હીંડોળા ખાટ આહે. ૪૯૭

તે મુનીવરો એસા સુખ ભોગવશો સાર—ત્યાં સુરજા રંગનીઉં નાર સતરસાર. ૩૯૮

ત્યાં ચંદ્રવર્ણીઉં નાર સતર સાર—ત્યાં ચાર ચાર દેવ કન્યા નાર. ૪૯૯

જે કલજુગની અર્ધા અંગની ધણી સાથે ધર્મ કમાયે—તે સહુના ઉપર પટરાણી થાયે. ૫૦૦

તે મુનીવરને ઘેર સર્વે સતવંતી નાર—તેને પાંચસો પુત્ર નુરાની ખેલે ઘરને બહાર. ૫૦૧

તે રત્નજડિત છુટુડે અપાર—હાથમાં ગેડી સુવર્ણની અનુપમ સાર. ૫૦૨

તે સરવે મુનીવરની દેહી નુરાની હોયે—તે દેવ નુરાની વસ્ત્ર પહેરે સખ કોયે. ૫૦૩

એવી રચના ગુરનરે બહીસ્તમાં રચાવી સહી—ત્યાં સાત સરોવર ગુરનરે અમીના ભર્યા છે તંહી. ૫૦૪

તે સરોવરની સૂવર્ણની ઇંટ કસ્તુરીને ગારે બાંધી સાર—તેને માણેક મોતી દેવે જડયા છે અપાર. ૫૦૫

તે સરોવરમાં માણેક મોતીની વેળુ ઘણી—તે સાત સરોવરમાં અમૃત ભર્યા છે ઘણી. ૫૦૬

તે સરોવરની સામે પાળે એક મહા કલ્પવૃક્ષ છેહે—તે ગુરનર નીપાવ્યો તે સઘળી અમરાપુરી છાંહી રહ્યો તેહ. ૫૦૭

તે સરોવરની પાળે ગુરનર વૃક્ષ નીપાવ્યો આહે—તે બહુ ઘેરી રહ્યો કાંઈ કહ્યો નવ જાય. ૫૦૮

તે અનંત પંખી પોપટ રંગે રમે મળે જ્યાં—તેણે વૃક્ષે બેસી કલોલ કરે છે ત્યાં. ૫૦૯

એ સર્વે બહીસ્તના રચના ગુરનર કહી નવ જાયે—તે ઘરે રતન પદાર્થ ગુરનર જડયા ત્યાંએ. ૫૧૦

જે છે ચાંદો સુરજ જુગમાંએ સાર—એવા અનંત શાહાજીએ જડયા અપાર. ૫૧૧

તો મુનીવર ભાઇ અમરાપુરીમાં વાસો તમારો—ઉપર કલ્પવૃક્ષની છાય. ૫૧૨

સવા ભારતું અહાર ભોગવશો—મુનીવરો મન વંછીત ફલ ખાયે. ૫૧૩

તો મુનીવર ભાઈ જે સાચો સતપંથ પુરો કમાવશે—અને સાચો ઇમાન આહે. ૫૧૪

તેના એકાતેર માહીના પુરીયા—એકાતેર બાપના પુરીઆ. ૫૧૫

સાત પુરી સસરાની—તે લઇને અમરાપુરીમાં જાયે. ૫૧૬

ત્યાં એવો બહીસ્તમાં સુખ ભોગવશો સાર—વારોવાર પામશો શાહનું દીદાર. ૫૧૭

તો મુનીવર ભાઈપ્રથમ આઠ લાખ કરણુ શામીજીએ સરજ્યાં—તે સતગુરને ફરમાન. ૫૧૮

તે શામીજીને મનમાંહેથી અનંત કરોડી જીવ ઉધર્યો—તેણે શામીજીનું રાખ્યો અવિચળ ધ્યાન પાસ. ૫૧૯

તે મુનીવર જખ મેઘ કીનર સરજ્યા—દેવ તેત્રીસ અનંત કરોડ. ૫૨૦

એટલા સર્વે જીવ ઉંધર્યા—તે સતગુરના ફરમાન. ૫૨૧

તે ગુરતું અથરવેદ પ્રમાણ–તે અથરવેદનો કહ્યો કરશો જાણ. ૫૨૨
એસો વચન છે તે આગળ ભાખ્યા સાચ–એવી ગુર ઇમામશાહા બોલ્યા વાચ. ૫૨૩
એવા ગુર ઇમામશાહા દસમું અવતાર ભાખ્યા વેદ–દસમાં અવતારની દસ્તુરી
સહી પાળશે તેના પાતક જાશે છેદ. ૫૨૪
જે કોઇ દસમા અવતારની દસ્તુરી પ્રમાણે ચાલશે નરને નાર–તેને આવાગમણ
નહિરે સંસાર. ૫૨૫
જે કોઇ એક મત નારાયણ દેવનું દસમું અવતાર ભણેને સાંભળે સાર–તે
ભગતની નર નારાયણ કરે સાર તેને માહાદન નહિ લુપે લગાર. ૫૨૬
જે કોઇ મુનીવર દસમા અવતારનું હરફે હરફે પુરો પાળશે જોયે–તેને એક
એક હરફના કરોડ કરોડ હસ્તી આપ્યાનું ફળ હોએ. ૫૨૭
ત્યારે દસમું રૂપ ત્યાં નકલંકી નારાયણ રૂપ સાર–ત્યાં દેવે ધર્યો શ્રી મૌલા
મુરતજા અલીનું અવતાર. ૫૨૮
ત્યારે દેવ દઇંત કાળીંગાને મારશે જેણીવાર–પઢે સંસારમાં પ્રગટ થશે મોરાર. ૫૨૯
ત્યારે દસમે કાળીંગાને મારશે નીરધાર–તે દેવ બાર કરોડ સું પીર
સદરદીનને તાર્યો સાર. ૫૩૦
જ્યારે સંસારમાં પ્રગટ થાશે દેવ મોરાર–ત્યારે સંસાર સર્વે ઓળખશે સહી નિરધાર. ૫૩૧
ત્યારે શ્રી દસમાંહે મૌલા મુરતજાઅલી રૂપે નામ ભણાવ્યા સહી જાણ–ત્યારે
અનંત કરોડીસું પીર હસન કબીર દીનને તારશે નિર્વાણ. ૫૩૨
શાહા મૌલા મુરતજાઅલીની માતા તો બીબી જલેખા કહીએ–પીતાતો હાશમી
અબુતાલબ તહીંએ. ૫૩૩
ત્યારે ગુરતો નબી મહમદ મુસ્તફા સલલ્લા અલેહે વસલમ જાણુ–અને
સખતાના માતા બીબી ફાતમત પ્રમાણ. ૫૩૪
ત્યારે સ્વસ્થાનતો કેહકપુર નગરી જાણ–અને ક્ષેત્રતો સીધપુર દુઆરકા
નગરી પ્રમાણ. ૫૩૫
ત્યારે નર દારશે દાણવ દઇંત કાળીંગો ઉણીયાચારી જાણ–બાર કરોડીસું
પીર સદરદીન ઉધર્યા નિર્વાણ. ૫૩૬
ત્યારે ચાર લાખને બત્રીશ સહસ્ત્ર શાહા મૌલા મુરતજાઅલી રૂપે જાણ–ત્યારે
અથરવેદ હુઆ પ્રમાણ. ૫૩૭
ચાર લાખને બત્રીશ સહસ્ત્ર કલજુગનું પ્રમાણ જાણ–બાર કરોડીસું પીર
સદરદીન અમરાપુરીમાં પોતા નિર્વાણ. ૫૩૮
તેણે તો ગુપ્તપંથ આરાધ્યા જાણ–તેણે તો સહી અમરાપુરીનો વાસો
પામ્યા નિર્વાણ. ૫૩૯
ત્યારે શ્રી નકલંકીના દસમો અવતાર સંપૂર્ણ થયો સહી–એવી ગુર
બ્રહ્માજીએ વાણી કહી. ૫૪૦
અહીંથી શ્રી નારાયણ દેવના દસમા અવતારની દસ્તુરી સંપૂર્ણ સાચ–એવી
ગુર હસનશાહા સુતપીર ઇમામશાહા બોલ્યા વાચ. ૫૪૧

સમાપ્ત.